
# ધર્મરક્ષા

## પ્રવચન શ્રેણી (ભાગ-૧)




પ્રવચનકર્તા

પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબ (પંડિત મહારાજ)

॥ શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-રામચંદ્ર-મોહજિત-સદ્ગુરુભ્યો નમઃ ॥

# ધર્મરક્ષા

## પ્રવચન શ્રેણી (ભાગ-૧)

* આશીર્વાદદાતા *

ષડ્દર્શનવિશારદ, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
**શ્રી મોહજિતવિજયજી** મહારાજા (મોટા પંડિત મહારાજ)

* પ્રવચનકાર *

**સિદ્ધાંતમહોદધિ,** કર્મસાહિત્યનિષ્ણાત સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ,
સુવિશાલગચ્છાધિપતિ સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય
**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન સન્માર્ગદેશનાદક્ષ, યોગમાર્ગમર્મજ્ઞ
**પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી** મ.સા. **(નાના પંડિત મહારાજ)**


પ્રવિણ સેવકજી ગો...
૮૦૫, નવીન આશા,
દાદાસાહેબ ફાળકે રોડ
દાદર (ઈ.), મું.-૧૪. ફોન: ૨૪



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ધર્મરક્ષા પ્રવચન શ્રેણી (ભાગ-૧)

❖ પ્રવચનકાર ❖
સન્માર્ગદેશનાદક્ષ, યોગમાર્ગમર્મજ્ઞ, ધર્મતીર્થરક્ષક
પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા. (નાના પંડિત મહારાજ)

વીર સં. : ૨૫૩૩ ❖ વિ. સં. : ૨૦૬૩

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦૦

મૂલ્ય : રૂા. ૩૫-૦૦

એક સાધર્મિક સદ્‌ગૃહસ્થ તરફથી

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૫૫

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

∗ ટાઈટલ ડીઝાઈન ∗
જિજ્ઞેશ પટેલ
ICON : ૦૯૮૩૩૧૯૩૩૨૦, ૦૯૯૨૦૦૬૫૦૬૭

∗ મુદ્રક ∗
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**"ગીતાર્થ ગંગા"**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ડી-૮૦૪, સમર્પણ ટાવર્સ, ઘરડા ઘર પાસે,
૧૩૨ ફૂટ રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨
(મો.) ૯૩૨૮૨૮૭૦૫૦

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

*** મુંબઈ :**

**નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** પૂના :**

**Shri Maheshbhai C. Patwa**
1/14, Vrindavan Society,
B/h. Mira Society,
Nr. Anand Marg,
Off. Shankar Sheth Road,
Pune-411037.
☎ (020) 6436265

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૦૧૩૨૪૪

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ. સા.**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. યોગદષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા. સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વ્યાખ્યાનના ગ્રંથો

### हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.**

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

# ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન

(૧)

# આમુખ

શ્રી જૈનધર્મના હાર્દ સમા આપણા શ્રી સમેતશિખરજી મહાતીર્થને કે જેની ગિરિમાળાઓ પર વર્તમાન ચોવીશીના વીશ-વીશ તીર્થંકરોના જીવનનાં સર્વોત્કૃષ્ટ અંતિમ સાધનારૂપ નિર્વાણકલ્યાણકો થયેલાં છે, તેવા અજોડ, આ ધરાતલ પરના શ્રેષ્ઠ, પવિત્ર તીર્થ કે જેની પરાપૂર્વથી માલિકી, સંચાલન અને કબજો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો હસ્તક હતાં, તે શ્રી સમેતશિખરજી તીર્થને સરકારે અન્યાયી કાયદાઓ કરી હસ્તગત કર્યું છે, તેની સામે ચાલતા litigationsમાં (અદાલતી દાવાઓમાં) આપણી કારમી હાર થઈ છે અને તેને આપણે સર્વોચ્ચ અદાલતમાં પડકારી છે. તે case matter (દાવાની બાબત) શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી અને જૈન સંઘના મોભી શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાલગચ્છાધિપતિ સ્વ. **પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના** વિદ્વાન શિષ્યરત્ન અને ષડ્દર્શનવિશારદ, પ્રાવચનિકપ્રભાવક સ્વ. **પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ.સા.ના** (મોટા પંડિત મ.સા.ના) લઘુગુરુભ્રાતા શુદ્ધમાર્ગપ્રરૂપક, સૂક્ષ્મતત્ત્વવિવેચક, યોગમાર્ગમર્મજ્ઞ, અધ્યાત્મવિદ્ **પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.ને** (નાના પંડિત મ.સા.ને) refer કરી (મોકલી), અને અભ્યાસ કરી અભિપ્રાય આપવા જણાવ્યું. પૂ. નાના પંડિત મહારાજ કાશી, અનંતપુર આદિ સ્થળોએ જઈ પદ્ધતિસરના વિશિષ્ટ શાસ્ત્રાભ્યાસ કરવા ઉપરાંત Modern Science, (આધુનિક વિજ્ઞાન), Politics (રાજકારણ), Economics (અર્થશાસ્ત્ર) તથા દેશ-પરદેશમાં પ્રચલિત અનેક Philosophyના (ફિલસૂફીઓના) ઊંડા અભ્યાસુ અને જ્ઞાતા છે. તેમણે આ કેસનાં ૭૦૦૦ થી વધારે પાનાંના કેસ-મટીરીયલનો, તેને લગતી બંધારણીય જોગવાઈઓ, કાયદાઓ, સરકારના નીતિનિયમો, સ્વરાજ્ય આવ્યું ત્યારથી માંડીને અત્યાર સુધીમાં વિવિધ ધર્મવાળાઓએ કરેલા કેસોના હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના અનેક ચુકાદાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને, તે બાબતે બંધારણ નિષ્ણાતો, પ્રખર ધારાશાસ્ત્રીઓ, નિવૃત્ત જજો (ન્યાયાધીશો) આદિ સાથે ચર્ચાઓ કરી અથાગ પરિશ્રમ લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો, જેના નિચોડમાં પૂજ્યશ્રીને કેટલીક ચિંતાજનક બાબતો realise થઈ (જણાઈ), જે માત્ર જૈનધર્મને જ નહીં, પણ ભારતનાં તમામ ધર્મોના અસ્તિત્વ સામે જ

પડકારજનક છે. તે બાબતો સર્વ ધર્મો અને તીર્થો, તેની મિલકતો વગેરે પર આપત્તિરૂપ અને ખતરાજનક છે, ધર્મ સ્વાતંત્ર્ય વાસ્તવિક એક હાથે શબ્દોમાં આપી બંધારણ અને કાયદાઓની ચુંગાલથી બીજા હાથે ખેંચી લીધું છે. તેવી અનેક ગંભીર બાબતો આ ધર્મરક્ષા પ્રવચનશ્રેણીના માધ્યમે રજૂ કરી પૂ. નાના પંડિત મહારાજાએ સૌને જાગ્રત કરવા પ્રયત્ન કર્યો છે, અને આ ધર્મતીર્થરક્ષાના કાર્યમાં જોડાઈ જવા આહ્વાન કર્યું છે.

**સદર પ્રવચનોમાં પૂજ્યશ્રીએ પ્રસ્તુત કરેલ અનેક ચોંકાવનારાં તારણોમાંના આ રહ્યા કેટલાક અંશો :**

(૧) બંધારણ દ્વારા ગાજીવાજીને અપાયેલ કહેવાતું ધાર્મિક સ્વાતંત્ર્ય વાસ્તવમાં તો ધર્મપ્રેમી પ્રજાની મશ્કરીતુલ્ય જ છે.

(૨) ધર્મને as a whole (સમગ્રતયા) કાયદામાં ક્યાંય સ્વીકારાયો જ નથી, તેને cut to pieces (વિભાજિત) કરી તેનાં મહત્ત્વનાં અવિભાજ્ય અંગોને વિખૂટાં પાડી તેને સ્વાતંત્ર્યના અધિકારમાંથી બાકાત કરી દીધાં.

(૩) ધર્મની વ્યાખ્યા કાયદામાં તો ક્યાંય કરી જ નથી, અને કોર્ટો ધર્મશાસ્ત્ર અનુસાર નહીં, પણ પોતાના discretion (પોતાની સૂઝ) મુજબ ધર્મની ખૂબ સંકુચિત વ્યાખ્યા કરી ધર્મોને ખૂબ નુકસાન પહોંચાડ્યું છે.

(૪) સરકાર અને કોર્ટોએ ધર્મને તમારી અંતરંગ માન્યતા અને ક્રિયાકાંડ આદિમાં સીમિત કરી બાકીની તમામ ચીજો જેવી કે મંદિર, મૂર્તિ, ધર્મને અર્પણ કરાતું ધન, ધાર્મિક પવિત્ર સ્થાનો, તીર્થભૂમિઓ, ધર્મનાં સાધનો, ઉપકરણો, ધર્મનાં પ્રતીકો, આલંબનો તથા ધર્મદ્રવ્ય અને ધર્મસ્થાનોનાં વહીવટ કે જે શાસ્ત્રદૃષ્ટિએ ધર્મનાં જ અવિભાજ્ય અંગો છે, તેને secular (બિનધાર્મિક-બિનસાંપ્રદાયિક), ભૌતિક, મિલકત, જંગલ કે જમીન આદિનાં label (મહોર) લગાડી ધર્મમાંથી બાકાત કરી અનેક ધર્મસ્થળો ઉપર પોતાનો પંજો લંબાવ્યો છે. કેટલાક મંદિરો હસ્તગત કર્યાં છે, તો કેટલાકના વહીવટ પોતાને હસ્તક લઈ લીધા છે, તો કેટલાય ધર્મોમાં બિનજરૂરી વધારે પડતી દખલગીરી કરી ધર્મસ્થાનોની પવિત્રતાને ખંડિત કરવાનું કામ કરી રહી છે.

(૫) ધર્મની property (મિલકત) એ ધર્મ નથી કે ધર્મ તેનો માલિક નથી, તે વાત સેંકડો વાર કોર્ટોમાં કહેવાઈ છે, અને રાજ્યે પણ એ જ રીતે પગલાં લીધાં છે.

(૬) કાયદાની દૃષ્ટિએ ધર્મ કોઈ અસ્તિત્વ ધરાવતી હસ્તી (entity) જ નથી, ધર્મના નામથી કોઈ પણ વ્યક્તિ એક પણ રૂપિયાનું દાન (donation) ન લઈ શકે. દાન લેવાય ધર્મના નામથી, છતાં તેમાં ધર્મનું નામ જ નહીં. દાનની રકમ ફરજિયાતપણે તમારે ટ્રસ્ટમાં જમા કરાવવી પડે અને પછી તે ટ્રસ્ટનો વહીવટ ધર્મશાસ્ત્ર અનુસાર નહીં, પણ સરકારના અન્યાયી કાયદાઓ અનુસાર કરવો પડે. ધર્મની તે દ્રવ્ય પરથી માલિકી તૂટે માટે જ સરકાર પૈસા ટ્રસ્ટમાં લેવરાવે છે.

(૭) સરકાર ધર્મનાં નાણાંનું દબાણપૂર્વક પાપના ધંધાઓમાં રોકાણ કરાવે છે. અન્ય રીતે વધારે વળતર મેળવી શકાય તેમ હોવા છતાં ત્યાં નહીં પણ ફરજિયાતપણે સરકારે નિર્ધારિત કરેલ જગાઓએ જ રોકાણો કરાવી આપણી મૂડીઓ સાફ કરાવી નાંખી. સરકારની આ એક જ policyના કારણે we have lost trillions of rupees. (નીતિના કારણે આપણે અબજો ને અબજો રૂપિયા ગુમાવ્યા છે.)

(૮) ટ્રસ્ટ એ ધર્મ નથી, ટ્રસ્ટના નામથી ધર્મના ટુકડા કર્યા છે.

(૯) માત્ર મર્યાદિત માનવસમૂહના અધિકારોની રક્ષાના ટૂંકા ધ્યેયવાળી રાજ્યસત્તા જીવમાત્રના અધિકારોની રક્ષાના વિશાળ ધ્યેયવાળી ધર્મસત્તા ઉપર હકૂમત જમાવી બેસી ગઈ છે.

(૧૦) સદીઓથી પુરવાર થયેલ રાજનીતિથી વિરુદ્ધ જઈ સરકાર ધર્મ પાસેથી વેરો-tax વસૂલ કરે છે.

(૧૧) Sovereign Stateના (સાર્વભૌમ રાજ્યના) નામે રાજનીતિ-શાસ્ત્રથી વિરુદ્ધ જઈ સંસદને ઇતિહાસમાં ક્યારેય ન અપાઈ હોય તેવી અમર્યાદ સત્તાઓ અપાઈ છે.

(૧૨) આપણા આ ધર્મપ્રધાન દેશમાં આજે ધર્મનું ભારે અવમૂલ્યન થઈ રહ્યું છે.

(૧૩) શિખરજીના કેસમાં સરકારે આપણી સાથે લેખિત કરાર કરી ફરી જઈ જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે. સરકાર તરફથી આપણી સાથે ભારોભાર અન્યાય થયો છે.

(૧૪) આખો ચતુર્વિધ શ્રીસંઘ ભેગો થાય તોપણ શિખરજી જેવી કલ્યાણકભૂમિનું સર્જન ન કરી શકે, તે તીર્થ અત્યારે crisisમાં (ખતરામાં) છે. સરકાર જો આ તીર્થ લઈ લેશે તો જૈનશાસનનાં પાયાનાં સ્થાવર તીર્થરૂપ આલંબનોનો ધ્વંસ થયો કહેવાશે.

ધર્મ એ સમગ્ર જીવસૃષ્ટિને કલ્યાણ, ન્યાય, સુરક્ષા અને શાંતિ બક્ષવાની પ્રવૃત્તિ અને ઉદ્દેશો ધરાવે છે. લોકકલ્યાણનું સૌથી સ્થૂલ કાર્ય પણ જે રાજ્યને કરતાં દમ નીકળે છે તે ધર્મ સહેલાઈથી કરે છે. ધર્મ હૃદયપરિવર્તન દ્વારા લોકોની અપરાધવૃત્તિનું શમન કરી પ્રજામાં સુલેહ અને શાંતિ સ્થાપવાનું કામ કરે છે. આજે જ્યારે આપણો દેશ આંતરરાષ્ટ્રિય સ્તરે ગૌરવ પ્રાપ્ત કરી રહ્યો છે, એક આર્થિક સત્તા તરીકે ઊભરી રહ્યો છે, ત્યારે સર્વ સંતો કહે છે તેમ પ્રજામાં ધર્મ પણ સાથે મજબૂત રીતે ટકે-વધે તો જ તે દેશની આબાદી સાચી આબાદી અને પ્રજાના કલ્યાણનું કારણ બને. પણ વર્તમાનમાં ધર્મો પર જ્યારે આવી આફત આવી પડી છે કે જેનાથી અનેક જીવોનું કલ્યાણ જોખમાયું છે, ત્યારે આપણને જાગ્રત થવા પૂજ્યશ્રી સાદ પાડી ફરમાવી રહ્યા છે, જાગો ! ભગવાન મહાવીરે આપણને offensive (આક્રમક) થવાનું નથી કહ્યું, પણ defensive (સંરક્ષક) થવાનું તો ચોક્કસ કહ્યું છે. સમગ્ર શાસન, સર્વ ધર્મો અને તેમના અસ્તિત્વને સ્પર્શતા પ્રશ્નોમાં અન્ય કોઈ જ બાબતો, મત-મતાંતરો વચ્ચે લાવ્યા વગર સંકુચિતતા છોડી broad-mindedly (વિશાળ દૃષ્ટિકોણથી) વિચારી તમામે પોતાની તમામ શક્તિઓને કામે લગાડી આ ધર્મતીર્થરક્ષાના કાર્યમાં જોડાવું જોઈએ. તમામ ગચ્છોને અરે ! અન્ય ધર્મવાળાઓને પણ એક કરે તેવો આ મુદ્દો છે. અપેક્ષાએ શાસનરક્ષા તે આરાધના અને પ્રભાવના કરતાં પણ મહાન કાર્ય છે.

વિશાળ જનસમુદાય ધર્મ પર તોળાઈ રહેલા સંકટોને સારી રીતે જાણી જાગ્રત થાય અને ધર્મતીર્થરક્ષાના કાર્યમાં પોતપોતાની શક્તિ પ્રમાણે પ્રવૃત્ત થાય અને તે દ્વારા સૌ સાથે મળી અનંતકલ્યાણકર એવા ધર્મશાસનને મજબૂત કરે તેવા શુભ આશયથી ગીતાર્થ ગંગા સંસ્થા દ્વારા આ પુસ્તકનું બે વિભાગમાં પ્રકાશન થઈ રહ્યું છે.

આપ સૌ ધર્મરક્ષાના કાર્યમાં જોડાઈ ધર્મના આપણા માથે રહેલા ઋણમાંથી આંશિક પણ મુક્ત થવા યત્ન કરશો, એ જ અભ્યર્થના.

અંતમાં સદર સંકલન, સંશોધન તથા પ્રકાશનના કાર્યમાં જે જે ભવ્યાત્માઓનો સહયોગ સાંપડ્યો છે તે તમામના પ્રયત્નોની અનુમોદના સહ વિરમું છું.

**વિ. સં. ૨૦૬૩, પોષ વદ દશમ,**
**તા. ૧૪-૦૧-૨૦૦૭.**

**– ગિરીશભાઈ રમણલાલ શાહ**
**૬૬/૩૯૩, વિજયનગર હાઉસીંગ**
**કોલોની, નારણપુરા, અમદાવાદ.**

# મુખપૃષ્ઠ પરિચય

શાશ્વતકાળથી મોક્ષ અને તેના સાધન રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ ચાલ્યો આવે છે, જેનું ચિત્રાંકન સિદ્ધશિલા, રત્નત્રયી અને રત્નત્રયીના અવિભાજ્ય અંગોનાં વિધવિધ પ્રતીકો દ્વારા કર્યું છે.

અહીં મોક્ષમાર્ગરૂપી ત્રિસેરો હાર છે અને તેનાથી પ્રાપ્તવ્ય એવું પરમપદ ઊંચે સિદ્ધશિલાના પ્રતીક દ્વારા બતાવેલ છે.

હારની પહેલી સેરની મધ્યમાં તેજોવર્તુળમય સમ્યગ્જ્ઞાનનું પ્રતીક, અને તેની આજુબાજુ તેના અવિભાજ્ય વિભાગરૂપે કેવલજ્ઞાનકલ્યાણકભૂમિ અને પુસ્તકો સહિતનું જ્ઞાનમંદિર બતાવેલ છે.

હારની મધ્યની સેરની મધ્યમાં સમ્યગ્દર્શનના પ્રતીકરૂપે ચક્ષુ અને તેની આજુબાજુ તેના અવિચ્છિન્ન ઘટકરૂપે જિનમંદિર, જિનપ્રતિમા, કલ્યાણકભૂમિરૂપ તીર્થસ્થાનો અને પ્રભુની ચરણપાદુકાઓ દર્શાવેલ છે.

હારની અંતિમ સેરની મધ્યમાં સ્ફટિકરત્ન દ્વારા ચારિત્રને પ્રતિબિંબિત કરી તેની આજુબાજુ તેના અવિભક્ત અંગરૂપે ગુરુપ્રતિમા, ગુરુમંદિર, ગુરુનિર્વાણભૂમિ-અગ્નિસંસ્કારભૂમિ અને ગુરુચરણ દેખાડેલ છે.

ત્રણે સેરોમાં ઉપર રત્નત્રયીરૂપ ધર્મનું સંચિત થયેલ ધર્મદ્રવ્ય અને તેનો વહીવટ પણ ધર્મનું અભિન્ન અંગ છે તેનો નિર્દેશ કરાયેલ છે.

પરંતુ કમનસીબ ઘટના કહી શકાય કે ભારત સ્વતંત્ર થયું ત્યારથી બંધારણ દ્વારા અમાપ સત્તાને વરેલી સરકાર, ધાર્મિક સ્વતંત્રતાના નકાબ-આંચળાને ધારણ કરનાર બંધારણની કલમ ૨૫ અને ૨૬ દ્વારા ધર્મના અવિભાજિત અંગસ્વરૂપ સ્થાવર અને જંગમ તમામ અંગોને બિનધાર્મિક (secular) કહી ધર્મથી તેને સદંતર અલગ કરી દે છે. ધર્મ અને તેના એકીભૂત અંગોનું fragmentation (વિભાગીકરણ) કરી, તેને અધર્મ કહી ધર્મને કેવો પાંગળો બનાવવા પ્રયત્ન કરે છે તેનું આબેહૂબ ચિત્રીકરણ ધર્મનાં અંગો પર આંગળીચીંધણું કરતા સરકારી officer(અધિકારી)ના પ્રતીક દ્વારા દર્શાવેલ છે.

# ૧

**વિ. સં. ૨૦૬૧, પોષ વદ ૧, તા. ૨૬-૦૧-૨૦૦૫, બુધવાર.**
**સ્થળ : શ્રી ઘાટકોપર શ્વે. મૂ. પૂ. તપગચ્છ જૈન સંઘ, નવરોજી લેન, મુંબઈ.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ પરમાત્માએ આ ભારતભૂમિમાં પ્રથમ ધર્મતીર્થની સ્થાપના કરી.

તીર્થંકરો ધર્મશાસન તો સ્થાપે જ છે, પરંતુ ઋષભદેવ ભગવાને પોતાના જીવનમાં રાજ્યશાસન પણ સ્થાપ્યું. ગૃહસ્થજીવનમાં માનવ સમૂહ માટે રાજ્યશાસન સ્થાપ્યું. ત્યારબાદ સર્વજીવો માટે ધર્મશાસન સ્થાપ્યું. બંને શાસન ઋષભદેવનાં સમયથી ચાલ્યા આવે છે.

બધાં જ બુદ્ધિજીવી જાણે છે કે માનવજીવનમાં સદાચારને સુરક્ષિત રાખવા તથા ન્યાયનીતિ-મર્યાદા ટકાવવા રાજ્યશાસન કોઈને કોઈ રીતે જરૂરી છે. યુગલિક કાળમાં જનસમૂહ અત્યંત મંદકષાયવાળો હોવાથી વગર પ્રશાસને તેઓ મર્યાદામાં રહેતાં હતાં, જ્યારે અત્યારે તો માનવસમૂહને પ્રશાસન વિના મર્યાદામાં રાખી ન શકાય તેવું સારા-સારા વિચારકો પણ સ્વીકારે છે.

પ્રજામાં ચક્રવર્તીરાજ્ય સિવાય એક રાજ્ય હોતું નથી. ભારતભૂમિમાં રાજ્ય તરીકે અનેક રાજ્યો ભૂતકાળમાં હતાં. અત્યારે પણ દુનિયામાં Nation-State (રાષ્ટ્ર-રાજ્ય) તરીકે ઘણાં રાજ્યો છે જ. માત્ર પોતાનાં નાગરિકને ન્યાય, સુરક્ષા, સલામતી, welfare (કલ્યાણ) વગેરે પુરું પાડવું એ રાજ્યના ધ્યેય છે. તેની સામે ધર્મશાસનનાં ધ્યેય ઘણાં વિશાળ અને વ્યાપક છે.

**ધર્મ અને ધર્મનાં statusને (દરજ્જાને કે મોભાને) સમજવું એ એક ગંભીર મુદ્દો છે. ધર્મનાં ધ્યેય રાજ્યનાં ધ્યેય કરતાં વિરોધી નથી, પરંતુ પરસ્પર પૂરક છે. રાજ્ય માત્ર મર્યાદિત માનવસમૂહને જ ન્યાય-સુરક્ષા આદિ પૂરું પાડે છે, જ્યારે ધર્મ સમગ્ર જીવસૃષ્ટિનાં કલ્યાણ, સુરક્ષા, ન્યાય માટેની પ્રવૃત્તિ અને ઉદ્દેશો ધરાવનાર છે.**

**બન્ને એક જ દિશામાં કામ કરવાં છતાં પણ રાજ્યના ધ્યેય narrow (મર્યાદિત) અને ધર્મના ધ્યેય broad (વિશાળ) છે.**

**સભા :** રાજ્ય તે ધર્મનો જ એક ભાગ છે ને ?

**સાહેબજી :** ધર્મનાં અનેક ધ્યેયમાંથી particular objectનું (અમુક ચોક્કસ ધ્યેયનું) રાજ્ય અમલીકરણ કરે છે. તે અપેક્ષાએ તેને ધર્મનું અંગ કહી શકાય. ભારતની આર્યપરંપરામાં રાજ્ય અને ધર્મના ધ્યેયમાં ક્યારેય પણ વિરોધ નહોતો, જ્યારે વર્તમાનમાં રાજ્ય, પોતાના કરતાં વિશાળ ધ્યેયવાળા ધર્મને પણ narrow (સંકુચિત) માને છે, તેથી ધર્મ ઉપર પોતાની હકુમતનો દાવો કરે છે. અરે ! democratic state (લોકશાહી રાજ્ય) કહેવાતા વર્તમાન રાજ્યમાં પણ કેન્દ્રસરકારનું regulation state government (નિયમન રાજ્ય સરકાર) કરે કે state governmentનું domination district કચેરી (જિલ્લા કચેરી રાજ્ય સરકાર પર પ્રભુત્વ કે ઉપરીપણું) કરે અથવા municipality (મ્યુનિસિપાલિટી) કે ગ્રામપંચાયતો district officeને (જિલ્લા કચેરીને) નિયંત્રિત કરે તેવું બનતું નથી; કારણ કે વ્યાપક ધ્યેય અને વિશાળ કાર્યક્ષેત્રવાળી સંસ્થા ઉપર narrow baseવાળા (મર્યાદિત કાર્યક્ષેત્રવાળા) હકુમત કરે તે common senseથી (સામાન્ય દૃષ્ટિથી) જ વ્યાજબી ગણાતું નથી. આ જ દૃષ્ટિકોણથી રાજ્યે ધર્મનો દરજ્જો પણ સમજવા જેવો છે. ધર્મનાં ઉદ્દેશો વિશ્વનાં જીવ માત્રનાં યોગ્ય હકોને વિચારનારા હોવાથી તેની ઉપર રાજ્યની હકૂમત કદી ન હોય.

થોડા દિવસો પહેલા જ tsunami (સુનામી) થઈ. ઘણાં N.G.O.ઓએ (Non Government Organisations- બિનસરકારી સંસ્થાઓએ) રાહતકાર્યમાં સહાય કરી. રાજ્ય પણ તેને પોતાની જવાબદારી માની સહકારી બન્યું. રાજ્ય માને છે કે Social work (સામાજિક કાર્યો) કરનારા અમારાં કાર્યક્ષેત્રમાં supplementary-complementary (સહાયક અને પૂરક) છે, They are not against the state object. (તેઓ રાજ્યના ધ્યેયની વિરુદ્ધ નથી.) તેથી તેવી સંસ્થાઓને સગવડ કે પ્રોત્સાહન આપવું જોઈએ. તેવું રાજ્ય પણ માને છે. ધર્મ પણ લોકહિતનાં જ કાર્ય કરતું હોવાથી ધર્મને પણ રાજ્યે સહાયક સેવા જ આપવાની હોય છે. **લોકકલ્યાણનું સૌથી મોટું કાર્ય જે રાજ્યને કરતાં દમ નીકળે છે તે કાર્ય ધર્મ સહેલાઈથી કરે છે.** જેમ સમાજમાં અપરાધને ડામવા રાજ્યે પોલીસતંત્ર, કેદખાના, ન્યાયાલયો આદિ expensive systems (ખર્ચાળ વ્યવસ્થાઓ) ગોઠવવી પડે છે.

તે છતાં રાજ્યને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સખત મુશ્કેલી પડે છે. જ્યારે ધર્મ, ઉપદેશ દ્વારા વ્યક્તિની અપરાધ વૃત્તિને અંદરથી જ ડામવાનું કામ કરે છે. કારણ કે સર્વ આર્ય ધર્મો પાપમાં માને છે. પાપથી પાછાં હટવું તેને સદ્ગુણ તરીકે સ્વીકારે છે. તેથી દરેક વ્યક્તિનાં માનસમાં અનાદિકાળથી રહેલી અપરાધી મનોવૃત્તિને ડામવાનું કામ જે રીતે સરળતાથી ધર્મ કરે છે, તે રીતે બીજાં કોઈ નહીં કરી શકે. વગર ખર્ચે માત્ર ઉપદેશ દ્વારા, હૃદય પરિવર્તનથી બહુ સારી રીતે ધર્મ અપરાધ વૃત્તિને નાબૂદ કરી શકે છે.

અત્યારે પણ ગામડાની અભણ પ્રજામાં લાખો લોકો તે તે ધર્મમાં માનનારા છે. તેથી તેમને પાપનો ડર છે. તે કારણે જ તેઓ કાયદાની ચોકીદારી વિના પણ અપરાધ કરતાં અટકે છે. જો તેમનાં જીવનમાંથી ધર્મ નીકળી જાય તો અપરાધ વૃત્તિની કેટલી વૃદ્ધિ થાય? તે અંદાજ માંડવો જરૂરી છે. તેથી માત્ર જૈન ધર્મ જ નહીં પરંતુ સર્વ ધર્મો લોકહિતનાં કામ અવશ્ય કરે છે. આ વાત રાજ્યે માનવી જોઈએ અને તેનું appreciation પણ કરવું (તેની કદર પણ કરવી) જોઈએ.

અત્યારે બુદ્ધિજીવી વર્ગનાં મનમાં એવી છાપ છે કે ધર્મ અને ધર્મસંસ્થાઓ ઉપર રાજ્યનું નિયંત્રણ હોવું જરૂરી છે. કારણ કે તમે દાયકાઓથી તે જોતાં આવ્યા છો. પરંતુ ભારતની રાજનીતિના ઇતિહાસમાં એવો કોઈ પુરાવો નથી કે જે આ પ્રસ્થાપિત કરે. Indian Politicsમાં (ભારતીય રાજનીતિમાં) ચાણક્યનું નામ founder father (પિતામહ) તરીકે મનાય છે. તેના masterpiece (શ્રેષ્ઠ નમૂનારૂપ) ગણાતા ગ્રંથ અર્થશાસ્ત્રમાં પણ રાજ્યે ધર્મ ઉપર direct (સીધું) નિયંત્રણ કરવું જોઈએ એવું ક્યાંય લખ્યું નથી. કારણ કે ભારતની રાજનીતિ આ હતી જ નહીં. બીજે પણ નહોતી તેનાં પણ પુરાવા છે. છતાં આપણે જન્મ્યા ત્યારથી રાજ્યનું ધર્મ ઉપર નિયંત્રણ જોતા આવ્યા છીએ. તે આજથી નહીં પરંતુ British colonyના (બ્રિટીશ કોલોનીના) સમયથી છે. તેથી તમારા મનમાં આમ જ હોય તેવું રૂઢ થયું છે. એક બાજું જોર-શોરથી એમ કહેવાય છે કે ભારતના બંધારણમાં ધર્મોને સ્વતંત્રતા અપાઈ છે જ્યારે વાસ્તવમાં ધર્મનું controlling state (નિયંત્રણ રાજ્ય) કરે છે. જે મૂળભૂત અધિકારની વિરુદ્ધ છે. હકીકતમાં રાજ્ય ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર આપે છે તે બોલવું પણ વ્યાજબી નથી.

જેમ Independence (સ્વાતંત્ર્યતા) પહેલા લોકમાન્ય તિલક બોલતાં કે સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે. તે કોઈ આપે અને લઉં તેવી વસ્તુ નથી.

આનો અર્થ એ કે બ્રિટિશરોએ સ્વરાજ આપ્યું અને ભારતનાં નેતાઓએ તે લીધું એમ જો માનીએ તો હકીકતમાં તે અધિકાર તમારો હતો જ નહીં એમ સાબિત થાય. **જેમ સ્વરાજ તમારો જન્મસિદ્ધ હક છે તેમ ધાર્મિક સ્વાતંત્ર્યતા પણ જન્મસિદ્ધ હક છે.** તેને કાંઈ માંગવા ન જવાય. અત્યારનાં બંધારણમાં ધાર્મિક સ્વતંત્રતાનો હક માત્ર શબ્દોથી માન્ય કરવામાં આવ્યો છે. વાસ્તવમાં બંધારણ દ્વારા તે હક આપવાનો કોઈ right (હક) રાજ્યને નથી જ. અને જો એવું ન માનીએ તો આડકતરી રીતે ધર્મ રાજ્યને પરતંત્ર છે એવું સ્વીકારવું પડે. **ધર્મ ઉપર રાજ્ય હકુમત કરે તે કદાપિ મંજૂર કરવા જેવું નથી.**

Union Of Indiaને (યુનિયન ઓફ ઈન્ડિયાને) હજી ૫૬-૫૭ વર્ષ જ થયા છે, જ્યારે ધર્મ તો લાખો કરોડો વર્ષોથી ચાલ્યો આવે છે, જે સ્વબળથી પ્રભાવ પાડી લોકમાં ટકેલ છે. **ધર્મ રાજ્યાશ્રય લે તેનો પણ અમને વિરોધ છે.. કારણ રાજ્યનો આશ્રિત જે ધર્મ બનશે તે ધર્મ પાંગળો બનશે.** Indiaનું constitution જ secular (ભારતનું બંધારણ જ બિનસાંપ્રદાયિક) હોવાથી કોઈપણ ધર્મને રાજ્ય તરફથી સહાય આપવાનું કાયદાની દૃષ્ટિએ નિષિદ્ધ છે. કોઈ બહાના હેઠળ રાજકારણીઓ સહાય આપે તો પણ બંધારણને તે મંજૂર નથી. જૈન ધર્મ તો સરકાર પાસે કોઈ grant કે subsidy (સહાય કે રાહત) માંગતો જ નથી. મોટા ભાગનાં ધર્મો non-aided, non-subsidised અને non-grantથી independently (મદદ, રાહત કે સહાય વિના સ્વતંત્ર રીતે) સ્વબળે જીવે છે, સમાજમાં ટકે છે. તે બધાં Indian Government (ભારત સરકાર) આવ્યા પહેલાં પણ હતાં અને અત્યારે પણ છે.

વર્તમાન સરકારના regulation કે watchdog (નિયંત્રણ કે નિરીક્ષણ) વિના ધર્મો પોતાનું વ્યવસ્થાતંત્ર નહીં જાળવી શકે તેવું કહેવું તે વર્ષોથી પેઢી ચલાવનાર પ્રૌઢ અનુભવી માણસને બે-પાંચ વર્ષનાં બાળકની સહાય વિના પેઢી નહીં ચલાવી શકો તેવું કહેવા બરાબર બેહુદું છે. તમને પ્રશ્ન થશે કે ૫૬ વર્ષ પસાર થયા પછી આ point (મુદ્દો) અત્યારે કેમ raise (ઊભો) કરો છો ? અરે ! જૈન વહીવટદારોના મનમાં પણ એવો ખ્યાલ છે કે બધું બરાબર ચાલે છે. પરંતુ જ્યાં જ્યાં ધર્મસ્થાનકોમાં રાજ્ય દ્વારા અતિક્રમણ કરાયું છે તેવા તીર્થસ્થાન શિખરજીના નિમિત્તે ઊંડાણથી અભ્યાસ કરતાં ખ્યાલ આવ્યો કે બંધારણમાં ધર્મનાં અધૂરા અર્થઘટન દ્વારા આ પ્રશ્ન સર્જાયો છે અને દરેક ધર્મોનાં ધર્મસ્થાનકો કે વહીવટ

અંગેના પ્રશ્નોનું નિરાકરણ સાચા અર્થઘટનમાં છે. તે સિવાય ગણરાજ્ય કહેવાતું ભારત બંધારણ દ્વારા સાચા મૂળભૂત અધિકારોનું રક્ષક ન બની શકે.

ભારતનાં તમામ ધર્મોના સર્વ પેટા અંગોને ખૂબ ચાલાકીથી છૂટાં પાડી દેવામાં આવ્યા છે. ધર્મનું fragmentation (અપૂર્ણ ટૂકડાઓમાં ખંડન કે વિભાજન) કરી દીધું છે. તેમાં તો ભલભલા counsellor (કાનૂની સલાહકારો) પણ થાપ ખાઈ ગયા છે. આ બાબતે Supreme Courtના (સુપ્રિમ કોર્ટના) એક નિવૃત્ત જજે મને એવો opinion (અભિપ્રાય) આપ્યો કે જે સાંભળીને મને થયું કે he is giving opinion based on wrong information. (તેઓ ખોટી માહિતીના આધારે અભિપ્રાય આપી રહ્યા છે.) પરંતુ જ્યારે મેં counter question (સામો સવાલ) કર્યો ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે મારી વાત સાચી છે. ધર્મને એક institution (સંસ્થા) તરીકેનો દરજ્જો બંધારણમાં સ્વીકારવામાં નથી આવ્યો. તેથી ધર્મના નામે courtમાં (કોર્ટમાં) પણ કોઈ કાયદાકીય વ્યવહાર કરી શકાતો નથી. ધુરંધર lawyer (વકીલ) કે eminent counselને (પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રીને) કબૂલ કરવું જ પડે કે ભારતનાં બંધારણમાં ધર્મનાં અર્થઘટન દ્વારા આ મોટી ગૂંચ ઊભી કરવામાં આવી છે. જેનાથી ધર્મોને ઘણું જ નુકશાન થયું છે. જેમ જીવતાં માણસનાં હાથ, પગ આદિ મહત્ત્વનાં અંગો કાપી નાંખવા છતાં જીવતો રહે તે મોટું આશ્ચર્ય છે. તેમ ધર્મનાં મૂળભૂત અંગોને cut to pieces (કાપીને ટૂકડા) કર્યા છતાં પણ ધર્મ ટક્યો છે તે જ મોટું wonder (આશ્ચર્ય) છે.

ધર્મ અને ધર્મનાં અંગોનું separation કરી (છૂટા પાડી) ધર્મનાં અંગો ઉપર ધર્મની માલિકી કાઢી નાંખી છે. જેમ ઉપાશ્રય એક ધર્મસ્થાનક છે. તેની કિંમત કરોડો રૂપિયાની છે. તેને ઊભો કરવા માટે ધર્મનાં નામે donation (દાન) લેવાયું છે. આ premises (સ્થાન) ધર્મનાં નામે ઊભી કર્યા છતાં કાયદાની ભાષામાં તેની ownership (માલિકી) ધર્મની નથી; અરે ! સંઘની પણ નથી; કારણ કે તે બંને કાયદાની ભાષામાં તો non-entity (અસ્તિત્વ રહિત) છે.

તમે પાંચસો રૂપિયાનું દાન પણ સંઘનાં નામથી નહીં લઈ શકો અને જો લો તો ગુનેગાર કહેવાશો. વર્તમાન બંધારણમાં ધર્મ કે સંઘના નામે એક પણ કામ કરવાનો અધિકાર નથી.

**સભા :** એક સંઘ બીજા સંઘને દાન આપે છે ને ?

આ બાબત પર ધ્યાન આપ્યું નથી, અથવા આપ્યું હોય તો કોઈએ સાંભળ્યું નથી.

પંડિત પ્રભુદાસભાઈ બેચરદાસ પારેખ આ જ વાતને મારા જન્મ પહેલા લખી ગયા છે. He was a visionary person. (એઓ એક દીર્ઘદૃષ્ટિવાળા વ્યક્તિ હતાં.) છતાં એમની ઘણી વાતો કાને ધરવામાં ન આવી. અત્યારે મને પણ ઘણાં લોકો ગાંડો ગણશે, પરંતુ realમાં (હકીકતમાં) એમની વાત સાચી હતી. એમણે જે મુદ્દા highlight કર્યા હતાં, (પર ભાર આપ્યો હતો) તેનો અમલ ત્યારે ન કરાયો પરંતુ હવે કરવા જેવો અવસર છે. કારણ અત્યારે international level ઉપર sea-changes (આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ મોટા ફેરફારો) આવી રહ્યાં છે. જે આમ જનતા માટે beyond the range છે. (સમજશક્તિની બહાર છે.) છેક U.N.O.નું structure (સંયુક્ત રાષ્ટ્રસંઘનું વહીવટીય માળખું) બદલાવાની વાત છે. Indiaને (ભારતને) પણ security councilમાં (સુરક્ષા સમિતિમાં) permanent seat (કાયમી સ્થાન) આપવાની વાત છે. ભારતનાં ધર્મોને પણ જો સ્વાયત્ત દરજ્જો આપવામાં આવે તો U.N.O.માં (સંયુક્ત રાષ્ટ્રસંઘમાં) તેને પણ observer seat, (નિરીક્ષક તરીકેનું સ્થાન) જે Vaticanને (ક્રિશ્ચિયનોના પોપની સરકારને) વર્ષો પહેલાં અપાયેલી છે તે મળી શકે. Equal representationના (સમાન પ્રતિનિધિત્વના) નામથી આ તક ઝડપી લેવા જેવી છે.

સંક્ષેપમાં એટલું કહીશ કે institutionsને (સંસ્થાઓને) જેવી treatment (જેવો મોભો) રાજ્ય આપે છે તેવી treatment (તેવો મોભો) ધર્મને પણ અવશ્ય આપવી જોઈએ. આ minimum (લઘુત્તમ) વાત છે. **ધર્મના અંગોને ધર્મ તરીકે ન સ્વીકારો તો ધર્મ વ્યવહારમાં રહેશે જ નહીં.** આ તો છેતરવાની વાત થઈ. જેમ મંદિર એ immovable assets (સ્થાવર અસ્ક્યામત) છે. તે પવિત્ર ધર્મસ્થાનક તરીકે ધર્મનું અવિભાજ્ય અંગ છે. તેથી તે ધર્મ જ છે, તેવો સ્વીકાર નથી. અરે ! ઈશ્વરની પ્રતિમા એ પણ ધર્મમય પ્રતીક જ છે તેવું ન સ્વીકારવાથી religious symbols are no-mans property છે. (ધર્મના પ્રતીકોની માલિકી કોઈને નથી રહેતી.) જેને મન થાય તે વાપરે. ધર્મ પ્રત્યે આ કેટલું discrimination (ભેદભાવભર્યું વર્તન) છે. આજે કોઈ corporateની brandને (કોર્પોરેટની બ્રાન્ડને) પણ જો તમે without permission (મંજૂરી વગર) વાપરો તો ગુનો ગણાય છે.

**સભા :** તેઓ તેને register (નોંધણી) કરાવે છે.

**સાહેબજી :** ધર્મ અને ધર્મનાં પ્રતીકો તો હજારો વર્ષોથી લોકમાનસમાં પ્રતિષ્ઠિત-registered જ છે. બાકી તો global level પર intellectual property rights કે patentની (આંતરરાષ્ટ્રીય સ્તરે બૌદ્ધિક સંપત્તિના અધિકારો કે કોઈ નવીન શોધ કે યુક્તિ અથવા બનાવટને સનદથી સુરક્ષિત કરવાની) વાત આવે ત્યારે traditional knowledge documented નથી, registered નથી (પારંપરિક જ્ઞાન આ કાયદામાં પૂરાવા તરીકે સ્વીકારી શકાય તે રીતે આલેખાયેલ નથી કે નોંધાયેલ નથી) તેવા બહાના હેઠળ જેમ ત્રીજા વિશ્વના દેશોની પ્રજાનું શોષણ કરાય છે તેવો જ આ ધર્મ સાથે પણ અન્યાયી વ્યવહાર કરાય છે.

**સભા :** ધર્મનું registration (નોંધણી) કેમ નહીં ?

**સાહેબજી :** ધર્મનું registration (નોંધણી) કદી ન હોય. આ તો એવી વાત થઈ કે *Gujarat State Government Central Government*ને (ગુજરાત રાજ્યની સરકાર કેન્દ્ર સરકારને) એમ કહે કે અમારે ત્યાં તમારે registration કરાવવું (નોંધણી કરાવવી) જોઈએ તો તે અત્યંત ridiculous (વિચિત્ર) વાત છે. તેમ રાજ્ય કરતા વિશાળ અને વ્યાપક ઉદ્દેશવાળા ધર્મને stateના registrationની (રાજ્ય પાસે નોંધણી કરાવવાની) વાત કરવી તે નરી મૂર્ખતા છે. કારણ કે religious ideals are very wide, whereas state ideals are very narrow. Nations have boundary, Religion has no boundary. Religions are multinational. **(ધર્મના આદર્શ ઘણાં વ્યાપક છે જ્યારે રાજ્યના આદર્શ ઘણાં મર્યાદિત-સિમિત છે. દેશને સીમાઓ છે. ધર્મને કોઈ સીમા નથી. ધર્મ એ બહુરાષ્ટ્રીય છે.)** જો તમે જૈનધર્મને Indiaમાં (ભારતમાં) register (નોંધણી) કરાવો તો U.S. (અમેરિકા) વગેરે અન્ય દેશોમાં રહેલા જૈનો બાકાત થઈ જશે.

મારો અત્યારે point (મુદ્દો) ધર્મનાં ownership right (માલિકીના હકો) અંગે છે. બધું study (અભ્યાસ) કર્યા પછી તટસ્થતાથી કહું છું કે આપણે શિખરજી કેસમાં અબજો રૂપિયા ખર્ચી કદાચ કેસ જીતીને આવીએ તે છતાં બીજા આવા ૧૦ તીર્થોનાં કેસ ઊભા જ રહેશે. કરોડો ખર્ચાવા છતાં જ્યાં સુધી ધર્મને સ્વાયત્ત દરજ્જો નહીં મળે ત્યાં સુધી આરો નહીં આવે. ધર્મનાં માલિકીયત હકો સ્વીકારશે નહીં ત્યાં સુધી આવા પ્રશ્ન all time hanging (કાયમ માટે લટકતા જ) રહેવાના.

ધર્મની મૂળભૂત વ્યાખ્યાઓ જે હજારો વર્ષોથી નિશ્ચિત છે. તેને અમે

અરે ! ઝનૂની અને આક્રમક ગણાતી મોગલ સલ્તનતના સમ્રાટ અકબરે પણ સંમેતશિખરજી આદિ જૈન તીર્થો વિષયકના ફરમાનમાં આ ધર્મસ્થાનકો જૈનોનાં જ છે એવું તપાસથી નક્કી કર્યા બાદ, "રાજ્ય જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીને સોંપે છે, અર્થાત્ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની માલિકીયત સ્વીકારે છે." તેવું સ્પષ્ટતા યુક્ત લખાણ કરીને ધર્મસ્થાનકો તો ધર્મનાં જ ગણાય તે નીતિ સ્વીકારેલ છે. જ્યારે અત્યારે પ્રજાસત્તાક ગણાતું ભારત રાજ્ય કે બંધારણ આ સર્વમાન્ય નીતિ સ્વીકારવા તૈયાર નથી.

State has no right to acquire. (રાજ્યને હસ્તગત-સંપાદન કરવાનો કોઈ અધિકાર નથી.) આ નિયમને બદલે રાજ્ય પોતે જ એમ કહે છે કે બંધારણે અમને ધર્મ ઉપર હકુમત કરવાનો અધિકાર આપ્યો છે. તો ત્યાં પ્રશ્ન થાય કે આવું બંધારણીય ચોકઠું આવ્યું ક્યાંથી ? તે માટે થોડા દિવસો પહેલા most quoted `Newsweek' નામના International news magazineમાં Henry Kissingerએ લખ્યું છે કે Europeans have developed `Nation-State theory' in Sixteenth Century. After civil war they discarded feudal systems and its monarchs. (થોડા દિવસો પહેલાં 'ન્યુઝવીક' નામના આંતરરાષ્ટ્રીય સમાચારોને લગતા એક ગણનાપાત્ર સામયિકમાં હેનરી કીસીંજરે લખ્યું છે કે યુરોપિયનોએ સોળમી સદીમાં 'રાષ્ટ્ર-રાજ્યની વિચારધારા' વિકસાવી. સિવીલ વોર (આંતરવિગ્રહ) પછી તેઓએ ઇતિહાસના મધ્યયુગની સામંતશાહી જાગીરપ્રથા કાઢી નાંખી અને રાજા મહારાજાઓને પદભ્રષ્ટ કર્યા.) અને સમગ્ર Europeમાં British Monarchyને (આખા યુરોપમાં બ્રિટીશ રાજતંત્રને) જાળવી રાખી બીજા રાજાઓને પદભ્રષ્ટ કરી nation-state ઊભા કર્યા. અને તેનો દુનિયા આખીમાં ફેલાવો કર્યો. જેમાં stateને unlimited powers અર્થાત્ temporal power (દુન્યવી સત્તા) અને church power combined કરી (ખ્રિસ્તી દેવળ કે ધર્મસંસ્થાની સત્તાઓ એકમાં ભેગી પ્રસ્થાપિત કરી) દુનિયામાં નવો world order (વિશ્વ વ્યવસ્થા) લાવ્યા. પરંતુ ખ્રિસ્તી ધર્મનાં અધિકારો અબાધિત રાખવા, Vaticanને (રોમમાં આવેલ ક્રિશ્ચિયનોના પોપની વડી કચેરીને) પણ within Italy (ઇટાલી દેશમાં) હોવા છતાં એક Stateનો સ્વતંત્ર દરજ્જો આપી ધર્મગુરુ Popeને રાજ્યસત્તા અને ધર્મસત્તા બંનેના અધિકારો સુપ્રત કરાયા છે. તેથી અત્યારે Vatican રાજ્યસત્તા અને ધર્મસત્તા બંનેના unprecedented (અભૂતપૂર્વ) અધિકારો enjoy કરે (ભોગવે)

છે. જે રાજનીતિ તેમ જ ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ છે. વળી, U.N.O.એ (રાષ્ટ્રસંઘે) પણ nation-state assemblyમાં (રાષ્ટ્રો-રાજ્યોની સંસદમાં) observer seatરૂપે representation (નિરીક્ષકના સ્થાને પ્રતિનિધિત્વ) આપેલ છે. અહીં ચોંકી જવાય તેવી ગૂઢ વાત એ છે કે nation-state system (રાષ્ટ્ર-રાજ્ય પદ્ધતિ) દ્વારા બીજા ધર્મોનાં અધિકારો દુનિયામાં રાજ્યને હસ્તગત કરાયા અને તે જ systemના (પદ્ધતિના) આધારે ખ્રિસ્તીધર્મને રાજ્યશાસન અને ધર્મશાસનના બંને અધિકારો અબાધિત સોંપાયા. વાસ્તવમાં ધર્મશાસનના અધિકાર રાજ્યશાસન ભોગવે તે કદાપિ મંજૂર ન કરાય. રાજ્યનું પ્રશાસન રાજ્યનાં ક્ષેત્રમાં હોય, અને ધર્મનું પ્રશાસન ધર્મનાં ક્ષેત્રમાં હોય. આપણે ત્યાં શાસ્ત્રમાં આવે છે કે રાજસિંહાસન ઉપર રાજા બેસે અને ધર્મસિંહાસન ઉપર ધર્મગુરુ બેસે. જો રાજા મર્યાદા કે કર્તવ્યો ચૂકે તો ધર્મગુરુ રાજાને સલાહ આપી શકે. પરંતુ શક્તિ, પ્રતિભા હોવા છતાં ક્યારે પણ ધર્મગુરુ રાજસિંહાસન ઉપર ન બેસે. આ boundaryને (મર્યાદાને) તે દેશોએ સ્વાર્થથી બંને રીતે તોડી છે.

છેલ્લે મૂળ વાત કરીએ. હાલના સંયોગોમાં પ્રાથમિક તબક્કે ધર્મોને autonomous institutional status મળવું (સ્વાયત્ત સંસ્થાકીય દરજ્જો મળવો) જ જોઈએ. ખરેખર તમે ધર્મના કે સંઘના નામે કોઈ કાર્ય કરો અને state (સરકાર-રાજ્ય) શું action (પગલાં) લે છે તે જોવું જોઈએ. પણ તે કરવાની તમારી તૈયારી નથી. courtમાં એટલું જ કહેવાનું કે જો election commission, enquiry commission, educational institution - university, school (ચૂંટણીપંચ, તપાસપંચ, શૈક્ષણિક સંસ્થા-યુનિવર્સિટી, સ્કૂલ) વગેરે તથા political institution-Congress, B.J.P. વગેરે partyને (રાજકીય સંસ્થા-કોંગ્રેસ, ભાજપ વગેરે પક્ષોને) આ status (દરજ્જો) મળે તો ધર્મને આ status (દરજ્જો) કેમ નહીં ? આ માટે એક જૈન ધર્મ જ નહીં બધાં ધર્મો united (સંગઠિત) થઈ શકે. આ વિચાર હમણાં હું બીજરૂપે રજૂ કરું છું. કોઈને મુદ્દાવાર વિસ્તારથી સમજવું હોય તો groupમાં (સમૂહમાં) આવો તો તેને અવશ્ય સમજાવીશ. શિક્ષિત વર્ગમાં જાગૃતિ આવે, કાયદાકીય યોગ્ય પ્રયત્ન થાય તો ભારતનાં ધર્મોને પોતાના માલિકીયત હક અવશ્ય મળે. દરેકે સક્રિય થવાની જરૂર છે.

આખો ધર્મ આજ્ઞાશબ્દમાં સમાય છે. તીર્થંકરે સ્થાપેલા ધર્મશાસનથી જગતમાં ધર્મ સાચા અર્થમાં વહેતો રહે છે. **આજ્ઞા અને શાસન જૈનધર્મનાં પ્રાણભૂત તત્ત્વો છે.** શાસનને બરાબર ચલાવવા અનુયાયીવર્ગને માત્ર ફરજપાલન નહિ, પરંતુ અધિકારો પણ સુપરત કરવા પડે. વર્તમાન રાજ્યવ્યવસ્થામાં ભારતની પ્રજા પર જેટલી duty (ફરજ) બંધારણ હેઠળ મૂકી છે તેટલી duty (ફરજ) પળાવવાની પણ રાજ્ય બધે ફરજ નથી પાડતું. અરે! ઘણી fundamental duties (મૂળભૂત ફરજો) માત્ર duty (ફરજ) તરીકે લખી છે, તેનું implementation (અમલીકરણ) રાજ્ય કરાવતું નથી, તે રાજ્યની નબળાઈ છે, ખામી છે. In real sense, fundamental duties must be enforced. (વાસ્તવમાં મૂળભૂત ફરજોનો અમલ કરાવવો જ જોઈએ.) તે જ રીતે રાજ્ય દરેક નાગરિકને અનેક પ્રકારના અધિકારો પણ આપે છે, જેમાં સામાન્ય અધિકારો, માનવ અધિકારો અને મૂળભૂત અધિકારો આદિનો સમાવેશ થાય છે. મૂળભૂત અધિકારોને (fundamental rightsને) તો વિશેષ રક્ષણ આપવાની આજના બંધારણમાં પણ જોગવાઈઓ છે. અહીં શાસ્ત્રો એમ કહે છે કે ફરજો અને અધિકારોનું balance (સંતુલન) પણ રાખવું જોઈએ. જો રાજ્ય પ્રજાજન ઉપર ફરજો મૂકે તો સાથે અધિકારો પણ રાજ્યે આપવા જ પડે, નહીંતર કોઈપણ વ્યક્તિ એકલી ફરજોને ચરિતાર્થ ન કરી શકે.

જેમ સામાજિક ક્ષેત્રે કુટુંબના વડીલ પર કુટુંબના નિયંત્રણ માટે કોઈ ફરજ લાદો તો તે ફરજના implementation-(અમલીકરણ) માટેના અધિકાર પણ તેને અવશ્ય આપવા જ પડે, તેમ.ધર્મક્ષેત્રે સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા સૌને ધાર્મિક ફરજોની સાથે ધાર્મિક અધિકારો પણ ભગવાને આપ્યા છે. તીર્થંકરોએ ધર્મશાસ્ત્ર દ્વારા પ્રત્યેક જૈન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને જે અમુક religious powers empower કર્યા છે, (ધાર્મિક અધિકારો આપ્યા છે,) તેમાંથી વર્તમાન રાજ્ય સરકારને અમુક આરાધનાના અધિકારોમાં બહુ વાંધો નથી. દા.ત. ભાવથી નવકાર ગણવા, પંચ પરમેષ્ઠિને શ્રદ્ધાથી નમસ્કાર કરવો, સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, તપ-ત્યાગ વિ. કરવાં, દાન આપવું વગેરે. તદુપરાંત જૈન ધર્મનાં બીજાં પણ સત્કાર્યો ભાવનાથી કરવામાં રાજ્યને બહુ વાંધો નથી, કારણ કે personal lifeમાં (અંગત જીવનમાં) કોણ શું માને છે, શું આચરે છે તેમાં રાજ્યને બહુ લેવા-દેવા નથી. અરે ! આરાધના કરવામાં રાજ્યે કોઈ support પણ આપવાનો નથી, (ટેકો પણ કરવાનો નથી,) કારણ કે secularના (બિનસાંપ્રદાયિકતાના) નામથી આજનું રાજ્ય સારી પ્રવૃત્તિને પણ support ન આપી શકે. (ટેકો ન કરી શકે.) ધર્મની આરાધનાને

શ્રદ્ધાથી સ્વીકારી તેની આચરણા કરવામાં રાજ્યને બહુ આડખીલી ન લાગતાં રાજ્ય આરાધકના તે ધાર્મિક સ્વાતંત્ર્યને મંજૂર કરે છે; પરંતુ આરાધના ઉપરાંત પ્રભાવના અને રક્ષા માટેના પણ ધાર્મિક અધિકારો છે, જે ધર્મશાસ્ત્રોમાં આલેખાયેલા છે, અને via Lord Mahaviraથી empower કરાયેલા (ભગવાન મહાવીર દ્વારા અપાયેલા) છે. આ અધિકારોમાં રાજ્યને બહુ વાંધો છે, કારણ કે તે અધિકારો ધાર્મિક સંપત્તિ સાથે સંકળાયેલા છે.

ધર્મદ્રવ્યથી ઊભી થયેલી movable કે immovable (જંગમ કે સ્થાવર) જેટલી પણ religious property છે (ધાર્મિક મિલકતો છે) તેમાં તથા તેના વહીવટમાં રાજ્યને ઘણો રસ છે. અમુક આરાધનાના અધિકારોમાં રાજ્યને આડખીલી નથી કરવી, કારણ કે તેમાં રાજ્યને કાંઈ મળવાનું નથી. તે માટે રાજ્ય કહે છે કે "હરેક ધર્મને આ અધિકારો તેના પરાપૂર્વથી મળતા આવે છે. તેને તમે ભોગવો કે બીજા ધર્મના અનુયાયી ભોગવે તેમાં માથું મારવામાં અમને રસ નથી, પરંતુ ધર્મદ્રવ્યની બાબતમાં અમને ઘણો રસ છે." અહીં એટલું સમજી રાખજો કે **દુનિયાનો કોઈપણ ધર્મ પોતાના ધર્મનું પ્રવર્તન, સંચાલન કે પ્રસારણ ધર્મસ્થાનકો કે ધાર્મિક સંપત્તિ વિના કરી જ ન શકે.**

No religion can propagate without movable & immovable property. Each religion must have religious property & through that the religion can withstand or survive in society. (કોઈપણ ધર્મ સ્થાવર અને જંગમ મિલકત વિના પોતાની વૃદ્ધિ કે પ્રચાર કરી શકે નહિ. દરેક ધર્મને મિલકત હોવી જોઈએ કે જેનાથી તે ધર્મ ટકી શકે અથવા પોતાનું અસ્તિત્વ સમાજમાં ટકાવી શકે.) ટૂંકમાં, **ધર્મદ્રવ્ય એ ધર્મનું લોકવ્યવહારમાં અસ્તિત્વ ટકાવવા પ્રાણસ્વરૂપ છે. તેનો રાજ્ય દ્વારા કબજો કરી ધર્મોને પાયામાંથી પાંગળા બનાવવા બંધારણમાં ગોઠવણ કરાઈ છે.** તેથી ધાર્મિક સ્વાતંત્ર્યની બંધારણીય કલમમાં ધર્મની economical, financial અને other religious activityને secular ગણી (ધર્મની આર્થિક, નાણાંકીય અને બીજી ધાર્મિક પ્રવૃત્તિઓને બિનસાંપ્રદાયિક ગણી) તેને ધર્મપ્રવૃત્તિમાંથી રદબાતલ કરી છે, જે ખૂબ ઊંડી અર્થઘટનની રમતથી કરવામાં આવ્યું છે.

બંધારણના Fundamental rightsના chapterમાં (મૂળભૂત અધિકારોના પ્રકરણમાં) આવતી ૨૫મી કલમમાં લખ્યું છે કે "All persons are equally

રક્ષણ કરવાનો અધિકાર છે." કારણ કે આ બધા અધિકારો પણ ભગવાને જ આપ્યા છે અને તે ધર્મપ્રવૃત્તિમાં જ આવે, secular activityમાં (બિનસાંપ્રદાયિક પ્રવૃત્તિમાં) નહીં. **આપણા ધાર્મિક અધિકારોને રાજ્ય દ્વારા ન્યાયી કારણ વિના છળકપટ દ્વારા ધર્મથી વિભક્ત કરવામા આવ્યા છે.** વળી તમે એમ કહો છો કે "ધર્મનો વહીવટ કરનારાઓમાં પરસ્પર ઝઘડા થાય છે તે માટે રાજ્યને માથું મારવું પડે છે." આ તો અન્યાયના બચાવની સુફિયાણી વાત થઈ. જેમ કે કોઈના ઘરે બે ભાઈઓમાં મિલકત અંગે ઝઘડો થાય ત્યારે સરકાર વચ્ચે પડી તે મિલકત જપ્ત કરી તેની માલિક બની બેસી જાય તે યોગ્ય છે ? હા, રાજ્યને અપરાધીને સજા કરવાનો અને બંને વચ્ચે ન્યાય તોળવાનો અધિકાર ચોક્કસ છે, પરંતુ ઝઘડામાત્રથી તેને તે મિલકત તેના માલિક પાસેથી આંચકી લેવાનો અધિકાર મળતો નથી. ઝઘડાના નામે ધાર્મિક સંપત્તિનો વહીવટ કે માલિકી તેના માલિક પાસેથી પડાવી લેવી તે અન્યાય જ છે. ટૂંકમાં social offence (સામાજિક ગુનો) જેણે કર્યો હોય તેને રાજ્ય દંડ કરી શકે, અને બીજાને પક્ષે ન્યાય તોળી શકે.

**સભા :** Social offenceમાં (સામાજિક ગુનામાં) પણ જો ફરિયાદ કરીએ તો જ સરકાર દખલગીરી કરે.

**સાહેબજી :** કોઈએ ગુનો કર્યો, તેની જ્યાં સુધી ફરિયાદ ન થાય ત્યાં સુધી રાજ્ય પ્રજાને એમ ને એમ રક્ષણ આપવા તૈયાર ન થાય તે પણ રાજ્યનો એક drawback (ખામી) છે. રાજ્યને social offenceમાં (સામાજિક ગુનામાં) જાતે પગલાં લેવાનો પણ ચોક્કસ અધિકાર છે, ધર્મસ્થાનકમાં નાણાની ઉચાપત કરનારને સરકાર સજા કરી શકે છે, પરંતુ તે બહાના હેઠળ ધર્મસ્થાનકના administrative, managerial કે governing powers (વહીવટ, વ્યવસ્થા કે સંચાલનના અધિકારો) જ સરકાર સીધા પોતાના હાથમાં ન લઈ શકે. કારણ કે ધર્મનું સંચાલન ધર્મશાસ્ત્રો અનુસારે જ કરવું જોઈએ તેવું સુપ્રિમ કોર્ટે પણ ચુકાદાઓના statementમાં (વિધાનમાં) સ્વીકારેલું છે.

**સભા :** આ તો બે બિલાડીના ઝઘડામાં વાંદરાનો ન્યાય છે.

**સાહેબજી :** ન્યાયની ભાષામાં આને અન્યાય જ કહેવાય. જ્યાં ઝઘડા થાય ત્યાં રાજ્યે ન્યાય આપવાનો હોય કે acquire (સંપાદન) કરવાનું હોય ? ન્યાય

આપવાને બદલે acquire કરવું તે within the parameter of the powers of state નથી. (સંપાદન કરવું તે રાજ્યની સત્તાની મર્યાદામાં નથી.)

મૂળ વાત પર આવીએ. Right to professમાં Jaina Order (ધર્મસ્વીકારના હકમાં જૈનસંઘ) હેઠળ પ્રાપ્ત થતા અધિકારો મૂળભૂત ધાર્મિક અધિકારમાં જ ગણાય. તેથી Tenets (મત-સંપ્રદાય-ધર્મશાસ્ત્રો) આધારિત ધર્મદ્રવ્યના વહીવટનો અધિકાર પણ મૂળભૂત અધિકાર જ છે. Dictionary meaningથી (શબ્દકોશના અર્થથી) પણ આ જ અર્થ સ્વીકારવો પડે તેમ છે.

પરંતુ કોર્ટમાં આજ દિવસ સુધી એક પણ litigationમાં (દાવામાં) આ રીતે ચર્ચા થઈ નથી કે તેવો અર્થ થયો નથી. વળી, ઘણા એમ કહે છે કે "સરકાર સામે આપણાથી શું થઈ શકે?" તો આ ખોટું બહાનું છે. આ મુદ્દે રાજ્ય સામે fight (લડત) આપવાની ખાસ જરૂર છે.

જોકે બંધારણના ૨૬મા આર્ટિકલમાં ધર્મસ્થાનકોનો વહીવટ આપણે (જે તે ધર્મના અનુયાયીઓએ) કરવો તે અધિકાર રાજ્યે સ્વીકાર્યો છે, પરંતુ તેમાં ચાલાકી એ વાપરી કે તેને ધર્મ સાથે સંકળાયેલી secular activity (બિનસાંપ્રદાયિક પ્રવૃત્તિ) ગણી છે, પરંતુ તેને સીધી ધાર્મિક પ્રવૃત્તિ ગણી નથી. તેથી રાજ્ય તેમાં કાયદાઓ દ્વારા administration કે governing (વહીવટ કે વ્યવસ્થા) કરી શકે છે. તેથી મંદિરનો વહીવટ તમારા હાથમાં, પરંતુ તેના Governing Rules (નિયંત્રક કાયદાઓ-નિયમાવલી) ઘડવાનું સરકારના હાથમાં! આ ક્યાંનો ન્યાય છે એ જ સમજાતું નથી. **ધર્મને governing કરનારા rules (નિયંત્રણ કરનાર કાયદાઓ-નિયમાવલી) ધર્મશાસ્ત્ર અનુસારે હોય, નહીં કે રાજ્ય અનુસારે.** પરંતુ Constitutionમાં (બંધારણમાં) લખ્યું કે 'it should be administered in accordance with law,' that means governing powers are vested in the state. અર્થાત્ બંધારણમાં લખ્યું કે તેનો વહીવટ કાયદા અનુસાર થવો જોઈએ, એટલે કે નિયંત્રણની સત્તા સરકારના હાથમાં છે. આનો ગર્ભિતાર્થ સમજવો જરૂરી છે. આ planningપૂર્વકની (યુક્તિપૂર્વકની-યોજનાપૂર્વકની) ગોઠવણ છે. આનાથી તમે ધર્મના નામે ઊભા કરેલા ધર્મદ્રવ્યનો ઉપયોગ, તેનું investment (રોકાણ), તેની વૃદ્ધિ ધર્મશાસ્ત્રમાં દર્શાવેલા સ્પષ્ટ આદેશો પ્રમાણે નહીં, પરંતુ સરકાર કહે તે પ્રમાણે કરવા બંધાયેલા છો. અત્યારે ધાર્મિક ટ્રસ્ટો એક વર્ષમાં

આવક ન વાપરે તો તેના ઉપર સરકાર દંડરૂપે ભારે કર લાદે છે, જ્યારે **શાસ્ત્રમાં તો કહ્યું છે કે "ધર્મદ્રવ્ય જે જે ખાતાનું હોય ત્યાં જ તે તે ખાતામાં જરૂરિયાત હોય તો વાપરવું, નહીંતર તેનો નિધિ તરીકે સંચય કરી રાખવો."** It should be accumulated. (તેનો સંગ્રહ કરવો જોઈએ.) તેને નિધાન તરીકે સંગ્રહ કરવાનું પણ વિધાન છે. હવે જ્યાં સંગ્રહ કરવાની વાત આવી તો ત્યાં કોઈએ પ્રશ્ન કર્યો કે "ધર્મદ્રવ્યને તિજોરીમાં તાળાં મારી idle (બિનઉપજાઉ) મૂકી રાખવું કે ક્યાંક દાટી દેવું ?" તેના જવાબમાં ધર્મશાસ્ત્રોએ સાફ શબ્દોમાં ના પાડતાં કહ્યું કે 'જે શ્રાવક ધર્મદ્રવ્યને idle (બિનઉપજાઉ) મૂકી રાખે, તો તેના કારણે ધર્મદ્રવ્યની વૃદ્ધિ જેટલી અટકે તેનું પાપ તેને લાગે. તેથી તેનું યોગ્ય રીતે Maximum return (મહત્તમ વળતર) મળે તે રીતે investment (રોકાણ) કરવું જોઈએ.' આ આજ્ઞા ધર્મશાસ્ત્રોમાં અનેક ઉત્સર્ગ-અપવાદ સાથે વર્ણવેલ છે. તેથી વહીવટના rights (અધિકારો) તીર્થંકરોએ ખુદ સુપરત કર્યા છે. તેની સામે અત્યારની સરકાર ધર્મદ્રવ્યને પોતે નક્કી કરેલ જગાઓએ જ investment (રોકાણ) કરવા માટે આપણને ફરજ પાડે છે. "There are certain institutions, which are approved by the state & you are suppossed to invest only in those institutions, if you invest elsewhere it would become a criminal offence". (સરકારે મંજૂર કરેલ કેટલીક સંસ્થાઓ છે, તમારે તેમાં જ નાણાં રોકવાં તે ફરજિયાત છે. જો તમે નાણાં બીજે રોકો તો તે સજાપાત્ર ગુનો બને છે.) આનો અર્થ એ કે ધર્મદ્રવ્યની વ્યવસ્થા બાબતમાં જૈનોના જે rights, right to professમાં (જે અધિકારો ધર્મસ્વીકારના અધિકારમાં) આવે છે તે સર્વે મૂળભૂત અધિકારો રાજ્યે આંચકી લીધા.

**સભા :** બંધારણની આવી કલમો માત્ર આપણા પર જ આક્રમણ કરનારી છે ? જ્યારે અન્ય ધર્મવાળાને આવું કંઈ નથી ?

**સાહેબજી :** વર્તમાનમાં બીજા ધર્મવાળાને બંધારણની જુદી કલમો લાગુ પડે છે અને આપણને જુદી કલમો લાગુ પડે છે તેવું નથી. વાસ્તવમાં બંધારણની કલમો બધા ધર્મોને એકસરખી રીતે જ applicable છે (લાગુ પડે છે) પણ લોકશાહી રાજકારણમાં જે જે ધર્મનો અનુયાયીવર્ગ જાગૃત હોય, સક્રિય હોય, aggressive (આક્રમક) હોય, જેની vote bank united (મતબેંક સંગઠિત) અને મોટી હોય તેને politicians એ consider કરવી પડે (રાજકારણીઓએ ગણતરીમાં લેવી

પડે.) જ્યાં પ્રજાનો જુવાળ જુએ ત્યાં રાજકારણીઓ પણ ચૂપ થઈ જાય તેવી પરિસ્થિતિ છે. તેથી કદાચ તે તે ધર્મને તકલીફ ન પણ પડે, પરંતુ તેટલામાત્રથી તેમને બંધારણની દૃષ્ટિએ protection (સંરક્ષણ) છે, તેવું ન કહેવાય. તમે સક્રિય નથી માટે આ બધા પ્રશ્નો ઊભા થયા છે, અત્યારે તો રાજ્ય જેમ નચાવે તેમ તમારે નાચવાનું, નહીંતર ડફણાં પડે તેમ છે.

આપણાં શાસ્ત્રો એમ કહે છે કે જમીન, મકાન, જર-ઝવેરાતમાં maximum return (મહત્તમ વળતર) હોવાથી આપણે તેમાં નાણું રોકી શકીએ, પરંતુ રાજ્ય ત્યાં તમે નાણું ન રોકી શકો તેવી ફરજો માથે ઠોકી બેસાડે છે, અને જેમાં ગમે તેટલાં પાપ થતાં હોય છતાં તેમના vested interests (સ્થાપિત હિતો) સંતોષાતાં હોય તો ત્યાં નાણું રોકવાની આપણને ફરજ પાડે છે.

**સભા :** Governmentને (સરકારને) રાષ્ટ્રિય સ્તરે Economic Policy (આર્થિક નીતિ) ઘડવા investment (રોકાણ) જણાવવું પડે ને?

**સાહેબજી :** જુઓ ! સરકારને જાણવું હોય તો ભલે જાણે, ક્યાં invest (રોકાણ) થાય છે તેની સરકાર information (માહિતી) રાખે, તેમાં અમને વાંધો નથી. હા! અમારા દ્વારા નાણું રોકવાથી national securityને (રાષ્ટ્રિય સુરક્ષાને) નુકસાન થતું હોય તો સરકાર એને social offence (સામાજિક ગુનો) ગણીને પગલાં લે તોપણ અમને વાંધો નથી. કોઈ વહીવટદાર ધર્મદ્રવ્ય foreign exchange-currencyમાં (વિદેશી ચલણમાં) કે દાણચોરીના માલ આદિમાં રોકે, જે રાજ્યને નુકસાનકારક છે, તેવી રાષ્ટ્રહિતવિરોધી પ્રવૃત્તિ ધર્મ પણ કરે તો તે વાજબી નથી. પરંતુ અહીં તો આમજનતા પણ સોના-ચાંદી કે real estateમાં (જમીન-મકાન આદિમાં) પોતાની સંપત્તિનું રોકાણ કરે જ છે, છતાં **સરકારના vested interestsના (સ્થાપિત હિતોના) કારણે ધર્મ પર ખોટા કાયદા ઠોકી બેસાડ્યા છે.** ધર્મદ્રવ્યના વહીવટના અધિકારો તમે જાળવી ન શક્યા તેનું નુકસાન ભારતભરના તમામ ધર્મોને કેટલું થયું છે તેનો ક્યાસ કાઢો તો ખબર પડે. But you have not estimated it. (પરંતુ તમે તેનો અંદાજ કાઢ્યો નથી.)

જૈનધર્મ અનુયાયીઓની સંખ્યાની દૃષ્ટિએ ઘણો નાનો છે, છતાં સ્વરાજ્ય પહેલાંના કે પછીના જૈનધર્મના જેટલા પણ corpus (નિધિ) હતા તે બધા લગભગ Nil (ખલાસ) થઈ ગયા, because you are bound to invest your fund according to state policy. (કારણ કે તમે રાજ્યની નીતિ અનુસાર જ ધર્મનાં

નાણાં રોકવા બંધાયેલા છો.) તેનો નાનો સરખો દાખલો આપું. પાલિતાણામાં એવી ઘણી આંગીની યોજનાઓ છે કે જે જૂના જમાનામાં લખાયેલી હતી. તે પૈસાથી આજે દાદાની સાદી આંગી પણ થઈ શકે તેમ નથી, કારણ એક બાજુ price hike (કિંમતોમાં વધારો) અને બીજી બાજુ inflationના (ફૂગાવાના) કારણે થયેલું rupeesનું devaluation. (રૂપિયાનું અવલમૂલ્યન.) તેના પરિણામે ધર્મની મિલકતો આજે ઓગળીને સાફ થઈ ગઈ. આપણા અધિકારો પણ આપણે સાચવી ન શક્યા. જો ધાર્મિક સંપત્તિ સોનામાં કે જમીન આદિમાં રોકી હોત તો આજે બાવા ન થયા હોત. તમે જોઈ જ શકો છો કે અત્યારે સોના આદિના ભાવ કેટલા વધ્યા છે. પરંતુ **સરકારની આ એક જ policy (નીતિના) કારણે we have lost trillions of rupees.** (આપણે અબજોને અબજો રૂપિયા ગુમાવ્યા છે.) જેમ સરકારે અત્યારે interest rate (વ્યાજનો દર) ઘટાડીને ૬.૫% કરી દીધો, જ્યારે ગામમાં વધારે interst rate (વ્યાજનો દર) મળતો હોવા છતાં ધર્મદ્રવ્ય તમે ત્યાં ન રોકી શકો, you are bound to follow state policy. (તમે રાજ્યની નીતિને અનુસરવા માટે બંધાયેલા છો.) આનાથી જે loss (નુકસાન) આવે તે ધર્મે વેઠવાનો. ધર્મદ્રવ્યની જાળવણી ધર્મના અનુયાયીઓ free of charge (વળતર લીધા સિવાય) કરી રહ્યા હોવા છતાં તેના રોકાણનો લાભકારી નિર્ણય કરવાનો પણ right (હક) ધર્મના અનુયાયીઓને નહીં. આ ક્યાંનો ન્યાય છે?

**સભા :** સરકાર સારા intentionથી (ઇરાદાથી) જ કરે છે. કારણ વધારે વ્યાજના લોભમાં તમે ગમે તે party (વેપારી) પાસે રોકો અને એ party (વેપારી) ઊઠી જાય તો નુકસાન આવે. તેથી ultimately (છેવટે) ધર્મદ્રવ્યનું રક્ષણ કરે છે.

**સાહેબજી :** ધર્મદ્રવ્યનું રક્ષણ કરવા ધર્મના અનુયાયીઓ બેઠા છે, કાંઈ ઊંઘી નથી ગયા. ધર્મમાં પોતાની વ્યવસ્થા કરવાની તાકાત છે, ધર્મ પોતાનું રક્ષણ સ્વયં કરી શકે એમ છે, એમનામાં આવડત છે. તેમાં સરકારની મદદ કે regulationની (નિયંત્રણની) જરૂરીયાત નથી. સરકાર ન હોત તો બધા ધર્મો ખલાસ થઈ ગયા હોત તેવું માનવાની કોઈ જરૂર નથી. Religions are functioning since ages without State's help. (ધર્મો યુગોથી રાજ્યની મદદ વિના પ્રવર્તી રહ્યા છે.) **હજારો વર્ષોથી પ્રજામાં આપબળે ટકેલા ધર્મોને ભારત સરકાર આવી વણમાગી વહીવટી સહાય ન કરે તોપણ કાંઈ ધર્મોનો નાશ થવાનો નથી, ઊલટું હસ્તક્ષેપ અટકતાં ધર્મો વધુ સમૃદ્ધ થશે.**

**સભા :** ટ્રસ્ટના રક્ષણ માટે સરકાર કાયદા ઘડે છે.

**સાહેબજી : ટ્રસ્ટ એ ધર્મ નથી. ટ્રસ્ટમાં પૈસા સરકારે મુકાવ્યા તેમાં સરકારની લુચ્ચાઈ અને ચાલાકી છે. ધર્મની તે દ્રવ્ય પરથી માલિકી તૂટે તે માટે સરકારે પૈસા ટ્રસ્ટમાં લેવરાવ્યા છે.**

**સભા :** ટ્રસ્ટ અને બેંકોની વ્યવસ્થા આપણી સુવિધા માટે જ બનાવી છે. Co-operative (સહકારી) બેંકમાં વધારે interest (વ્યાજ) મળે છે.

**સાહેબજી :** Co-operative (સહકારી) બેંક બનાવવામાં પણ સરકારનું કારસ્તાન છે, એમાં ધર્મે કાંઈ નથી કર્યું. આટલા બધા loop-holesવાળી (છટકબારીઓવાળી-છીંડાવાળી) co-operative (સહકારી) બેંક સરકારે જ બનાવી છે. તેમાં પણ રોકાણ કરનારને cent percent guarantee-સો ટકા બાંહેધરી નથી. અરે! nationalised-રાષ્ટ્રિય કે scheduled શેડ્યુલ્ડ બેંકમાં પણ guarantee-બાંહેધરી તો ૩૦% ની જ છે. જે સરકાર પોતાની બેંકમાં નાણું મૂકનારને પણ ૧૦૦% સુરક્ષા-ગેરંટી આપવા તૈયાર નથી તે સરકાર પર આમને ખૂબ ભરોસો છે. આટલું ભ્રષ્ટાચારી તંત્ર હોવા છતાં આ એમ કહે છે કે આ સરકારની સહાય વિના આપણે ટકી નહીં શકીએ, સારો વહીવટ નહીં કરી શકીએ. સરકારના ભ્રષ્ટાચારી તંત્ર માટે મારે જાહેરાત કરવી પડે તેમ નથી. Because Indian bureaucracy is well-known for its corruption. (કારણ ભારતીય અમલદારશાહી તેના ભ્રષ્ટાચાર માટે જાણીતી છે.) નિસ્પૃહી ધર્માચાર્યો અને ધર્મના શ્રદ્ધાળુ અનુયાયીઓ કે જે આ તંત્ર સંભાળનારા છે તેમના કરતાં તમને સરકાર પર વધારે વિશ્વાસ છે ! માની સેવા સગો દીકરો વધારે સારી કરે, પારકો દીકરો નહીં. તેમ ધર્મની શ્રદ્ધાવાળા ધર્મનો વહીવટ સારો કરે, પગારદાર વ્યક્તિઓ નહીં. છતાં પણ તમે માનો છો કે સરકાર આપણા ભલા માટે, protection (રક્ષણ) માટે માથું મારે છે, પરંતુ સાચા અર્થમાં તે ખરેખર ભલું અને protection (રક્ષણ) છે કે નહીં તે તો વિચારતા જ નથી.

વાસ્તવમાં આપણા ધાર્મિક અધિકારો આપણે જાળવી ન શક્યા તેના ફળરૂપે ભૂતકાળની અબજોની સંપત્તિ ગુમાવીને આપણે ખાલીખમ થઈ ગયા. એક આપણે જ નહીં બધા ધર્મોની આવી હાલત છે. વર્તમાનમાં પણ પૈસાનું જોઈએ તેવું યોગ્ય વળતર તો ધર્મદ્રવ્યને મળતું જ નથી, વળી **ઘોર પાપનાં કાર્યોમાં સરકાર ધર્મના પૈસાનું બળજબરીથી રોકાણ કરાવે છે.** જૈનાગમોમાં તો સ્પષ્ટ લખ્યું કે 'જે અનુયાયીઓ

ધર્મસ્થાનકોનો, તીર્થ આદિનો યોગ્ય રીતે વહીવટ કરે, તેને માટે તન-મન-ધનથી ભોગ આપે, ધર્મદ્રવ્યની રક્ષામાં ધર્મની રક્ષા છે તેમ માની વિશુદ્ધ ભાવથી તેની રક્ષા કરે, તેને ઉત્કૃષ્ટથી તીર્થંકરનામકર્મના બંધરૂપ શ્રેષ્ઠ ફળ મળે છે.' It means management is one type of worship, not a secular activicty. (તેનો અર્થ એ કે **ધર્મસંસ્થાનો વહીવટ એક પ્રકારની ભક્તિ છે, પરંતુ બિનસાંપ્રદાયિક પ્રવૃત્તિ નથી.**) ભગવાનની પૂજાથી જે પુણ્ય બાંધી શકો તેના કરતાં તીર્થનો, ધર્મસ્થાનકનો યોગ્ય રીતે વહીવટ કરવાથી અસંખ્ય અસંખ્ય ગણું પુણ્ય બાંધી શકો અને કર્મનિર્જરા પણ કરી શકો. તે જ દર્શાવે છે કે આ ધર્મપ્રવૃત્તિ જ છે, દર્શનાચારનો જ એક પ્રકાર છે. આગમમાં પંચાચારમય ધર્મ બતાવ્યો છે. તેનો એક વિભાગ દર્શનાચાર છે. દર્શનાચારના એક પેટા વિભાગ તરીકે પ્રભાવના મૂકી છે. ધર્મનો કે તીર્થનો વહીવટ, રક્ષા આદિ તે ધાર્મિક પ્રવૃત્તિ જ છે. તેને બંધારણના મૂળભૂત અધિકારોમાંથી બાકાત કરી secularમાં (બિનસાંપ્રદાયિકમાં) ગણી જ ન શકાય.

બંધારણની ૨૬મી કલમ દ્વારા religious denominationsને (ધાર્મિક પંથોને) માત્ર પોતાની ધર્મની બાબતોના managementના (વહીવટના) વિશેષ rights (હકો) આપી તેની Movable & immovable propertyના administrationના rights ને in accordance with law (તેની જંગમ અને સ્થાવર મિલકતના વહીવટના અધિકારો કાયદાને આધીન) જણાવી તેના governing powers (વહીવટના અધિકારો) સરકારના હાથમાં રાખ્યા એ તેના ઘડવૈયાઓની malicious game (દ્વેષપૂર્ણ-ખરાબ ઇરાદાવાળી ચાલ) છે. આની સામે fight (લડત) આપી શકીએ તે માટે આપણી પાસે શાસ્ત્રોના આધાર, document. (દસ્તાવેજ) જૂના evidences (પુરાવાઓ) છે. અરે! શિલાલેખો પણ છે, જે આપણો અત્યંત strong base (મજબૂત પાયો) છે. એટલું જ નહીં મેં સ્વયં આ શિલાલેખો જોયેલા હોવાથી મને તેમાં લેશ માત્ર શંકા નથી.

આપણે આ અધિકારો અંગે જાગૃત થવાની જરૂર છે. જાગૃત થઈ, સરકાર સામે fight (લડત) આપી, બંધારણમાં સુધારો લવાય તો આપણા અધિકારો પરત થશે અને તો જ જૈન-જૈનેતર બધા જ ધર્મસ્થાનકો બાબત સરકાર સાથેના ઝઘડાઓનું solution-નિરાકરણ આવી જશે. તમે પૌષધ કરો, જાપ કરો, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયા કરો તેમાં રાજ્યને વાંધો નથી, પરંતુ જ્યાં ધાર્મિક સંપત્તિની વાત આવશે ત્યાં સરકાર લલચાઈ જાય છે. માત્ર પૈસા જ નહીં પણ movable & immovable (જંગમ-

સ્થાવર) બધી જ assets-માલમિલકત પર સરકારનો ડોળો છે. ધર્મસ્થાનકો, ધર્મદ્રવ્ય, ધર્મનાં આલંબનો બધા પર સરકારને પોતાનો કબજો કરવો છે. તે કરવા નવી નવી કેટલીય તરકીબો દ્વારા આપણા અધિકારો તોડવામાં આવ્યા છે. તેનું એક ઉદાહરણ આપું : આપણા પૂર્વજોએ આપણા વારસાને સાચવવા ઘણો સંઘર્ષ કર્યો છે. તેના preservation (સંરક્ષણ) માટે ઘણી જહેમત લઈ એવી system (પદ્ધતિ) જાળવી રાખી કે જેના કારણે આજે આખી દુનિયામાં કોઈની પાસે ન હોય તેટલું oldest material (સૌથી પ્રાચીન સામગ્રી) જૈન ધર્મ પાસે છે. Our heritage is very rich and oldest scriptures are only with Jainas. (આપણો વારસો ઘણો સમૃદ્ધ છે અને જૂનામાં જૂના ધર્મગ્રંથો માત્ર જૈનો પાસે જ છે.)

હવે માનો કે કોઈ ગામમાં જમીનનું ખોદકામ કર્યું. ત્યાં જમીનમાંથી મૂર્તિ કે manuscripts (હસ્તપ્રતો) નીકળી. આ વાતની પુરાતત્ત્વખાતાને ખબર પડે તો આવીને સીધું કબજે કરી લે. ખરેખર તો આ વસ્તુઓ હસ્તગત કરવાનો right (હક) તે તે ધર્મના અનુયાયીઓનો છે, છતાં સરકાર કબજો કરી લે છે. આનો અર્થ એ કે **"રાજ્ય ધર્મનાં પ્રતીકો પર પણ ધર્મની માલિકી માનવા તૈયાર નથી."** સરકારના મતે "religious symbols do not belong to religion." (ધર્મનાં પ્રતીકોની માલિકી ધર્મની નથી.) જ્યારે આપણે કહીએ કે "જો ખોદકામ કરતાં શંકરની મૂર્તિ નીકળે તો તેના પર શૈવમતવાળાઓનો અધિકાર, બુદ્ધની મૂર્તિ નીકળે તો તેના પર બૌદ્ધ ધર્મનો અધિકાર છે, એમાં કોઈ arbitration (લવાદ) નીમવાની કે contest (વિવાદ) કરવાની જરૂર નથી. It is a matter of common sense." (એ સામાન્ય સમજની વાત છે.)

આ માટે મને એક જૈન ભાઈ પૂછવા આવ્યા કે "આપણે ત્યાં આટલા બધા સંપ્રદાય છે, તો નીકળેલી મૂર્તિ કોને સોંપવાની?" ત્યારે મેં કહ્યું કે "બધા સંપ્રદાયવાળા પોતપોતાના આગવા symbol (પ્રતીક) રાખે છે. જેના symbol (પ્રતીક) સાથે મૂર્તિ match થતી (સામ્ય ધરાવતી) હોય તેને આપવાની." **Religious symbols belong to religion only, state must accept this. (રાજ્યે સ્વીકારવું જ જોઈએ કે ધર્મનાં પ્રતીકોની માલિકી માત્ર ધર્મની જ છે.)** જેની મૂર્તિ નીકળે તેના અનુયાયીને બોલાવી મૂર્તિ તેને આપવી પડે. કદાચ તેઓ ન લે તો પછી રાજ્ય custodian (સાચવનાર રક્ષક) તરીકે રાખી શકે. જ્યારે અત્યારે તો રાજ્ય જ લઈ લે છે. જેમ કે કોઈને ખોદતાં ખોદતાં કોઈ દેશનો national flag (રાષ્ટ્રધ્વજ) મળે તો તે flag (ધ્વજ) જે તે nation-

રાષ્ટ્રને જ આપવો પડે. જો ન આપો તો તે માટે તે nationને fight કરવાનો (તે રાષ્ટ્રને લડવાનો) અધિકાર છે. કારણ ભારતનો national flag-રાષ્ટ્રધ્વજ એ ભારતનો symbol-પ્રતીક છે અને તેની સાથે કોઈ છેડછાડ કરે તો Indian Govermentને (ભારત સરકારને) જેમ પગલાં લેવાનો અધિકાર છે, તેમ અહીં પણ religion's symbol છે (ધર્મનું પ્રતીક છે). How can the State acquire it ? (It cannot) Because religion's symbol is religion's property. (રાજ્ય તેને કઈ રીતે લઈ શકે ? [તે ન લઈ શકે] કારણ કે ધર્મનું પ્રતીક ધર્મની મિલકત છે.) આનો સ્વીકાર રાજ્ય દ્વારા થવો જ જોઈએ. જ્યારે અત્યારે તો ધર્મવાળા હવા ખાતા રહે અને પુરાતત્ત્વખાતાવાળા લઈ જાય, પછી તમે માથાં પછાડો તો પણ પાછું મળે નહીં. આવા એક નહીં પરંતુ ઘણા ધાર્મિક અધિકારો રાજ્યે encroach કર્યા છે. (અતિક્રમણ કર્યું છે.)

**સભા :** જમીનમાંથી નીકળેલ વસ્તુઓને રાજ્ય સાંસ્કૃતિક વારસો કહે છે.

**સાહેબજી :** I have to ask you that What is the definition of culture ? Religion & Culture are same or different ? We must have a crystal clear demarcation between religion & culture. Religion & culture ને એક ન કહેવાય. (હું તમને પૂછું છું કે સંસ્કૃતિની વ્યાખ્યા શું ? ધર્મ અને સંસ્કૃતિ એક જ છે કે જુદાં ? આપણી પાસે ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે સ્પષ્ટ ભેદરેખા છે. ધર્મ અને સંસ્કૃતિને એક ન કહેવાય.) સંસ્કૃતિનું પ્રતીક સાંસ્કૃતિક વારસો બને, જ્યારે ધર્મનું પ્રતીક ધાર્મિક વારસો બને.

**સભા :** નીકળેલ બધી વસ્તુઓ શું સંસ્કૃતિ સાથે સંકળાયેલી નથી?

**સાહેબજી :** ના, સ્પષ્ટ ધાર્મિક પ્રતીકો એ તે તે વિસ્તારની સંસ્કૃતિ કરતાં જુદાં જ છે, કારણ કે એક જ સંસ્કૃતિમાં જુદા-જુદા ધર્મો માનવસમૂહમાં પ્રવર્તતા હોઈ શકે છે; તેથી સંસ્કૃતિનાં પ્રતીકો અને ધર્મનાં પ્રતીકોને સંપૂર્ણ એક ન સ્વીકારી શકાય. વળી, સંસ્કૃતિ સાથે સંકળાયેલી વસ્તુ હોવાથી તેને જો સરકારને આપી દેવાતી હોય તો પછી India પણ U.N.O (સંયુક્ત રાષ્ટ્રસંઘ) સાથે સંકળાયેલું છે, તો શું India U.N.O.ને આપી દેશો ? ત્યાં તમે જ ના પાડશો.

પાલિતાણાને આપણે આપણું મહાન, પવિત્ર અને શાશ્વત તીર્થ માનીએ છીએ. જો જૈનસંઘના હાથમાં વહીવટ હોય તો, તેની advertisement (જાહેરાત) આપવા માટે સરકારે જૈનસંઘને પૂછવું પડે કે નહીં ? છતાં જૈનસંઘને પૂછ્યા વગર

જ 'Come to see this city of temples' (મંદિરોની આ નગરી જોવા માટે આવો) આવી advertisement tourist department (જાહેરાત પ્રવાસનખાતું) આપે છે, તે કાયદાની દૃષ્ટિએ ગુનો નહીં ? જેમ કે કોઈ companyના Brand names, symbols વગેરેની advertisement (કંપનીની બ્રાન્ડના નામ, તેનાં પ્રતીકો વગેરેની જાહેરાત) દ્વારા બીજા કોઈ તેનો લાભ ઉઠાવે તો કાયદામાં ગુનો ગણાય છે. It is one type of injustice. રાજ્ય corporates, educational institutions વિ.ના rights (આ એક પ્રકારનો અન્યાય છે. રાજ્ય ધંધાકીય કંપનીઓ, કેળવણીની સંસ્થાઓ વગેરેના અધિકાર) મંજૂર કરે છે, પરંતુ ધર્મના rightને (અધિકારને) મંજૂર કરવા તૈયાર નથી.

વાસ્તવમાં તો ધાર્મિક અધિકારોને વિશેષ રક્ષણ મળવું જોઈએ, પરંતુ અત્યારે આપણા અનેક ધાર્મિક અધિકારો લૂંટાઈ રહ્યા છે. આ વાત તમને જગાડવા ફરી ફરી કરું છું, તમને ભગવાને જે અધિકારો આપ્યા છે તે તમે સાવ ભૂલી જ ગયા છો. જૈન તરીકે પાયામાં જેમ તમારી અમુક ફરજો આવે તેમ અમુક અધિકારો પણ તમને ધર્મે આપેલા છે. You are entitled to enjoy those rights, because Lord Mahavira & Scriptures have empowered you.. (તમે તે અધિકારો ભોગવવા હકદાર છો; કેમ કે ભગવાન મહાવીરે શાસ્ત્રો દ્વારા તે માટે તમને અધિકૃત કર્યા છે.) ધર્મસ્થાનકો આપણી જ માલિકિયતનાં છે. તેના વહીવટમાં રાજ્ય કદી માથું ન મારી શકે કે ન તેમની માલિકિયતનો દાવો કરી શકે અને જો રાજ્ય તેની માલિકિયતનો દાવો કરે કે આપણા administrative powersને (સંચાલનના અધિકારોને) આંચકી લે તો તેનો અવશ્યમેવ વિરોધ કરવો જોઈએ, પરંતુ હજુ જોઈએ એવો જુવાળ ઊભો થયો નથી.

**સભા :** Tourist department (પ્રવાસન ખાતું) જાહેરાતમાં પાલિતાણાનો ફોટો આપે છે.

**સાહેબજી :** હા ! આપે જ છે, છતાં તમારી ઊંઘ ઊડે છે ખરી ? અડધા પાના ભરી લાખો રૂપિયાની જાહેરાત tourist department (પ્રવાસન ખાતું) આપે છે, અને તે જગ્યા મોટા ભાગે તે તે ધર્મની માલિકિયતની હોય છે. અહીં બીજા કોઈનો આવી રીતે ઉપયોગ કરવો હોય તો છેવટે કેટલીય royalty (રોયલ્ટી) ચૂકવવી પડે.

**સભા :** બાહુબલીની મૂર્તિ હોટલમાં રખાય છે !

**સાહેબજી :** જ્યાં સરકાર જ આવું કરે છે ત્યાં હોટલવાળાને આવું કરવામાં વાંધો ક્યાં આવવાનો ? **ધર્મપ્રધાન આ દેશમાં હવે ધર્મનું અવમૂલ્યન થઈ રહ્યું છે.** Today religious symbols are just like no man's property, (આજે ધર્મના પ્રતીકોનો જાણે કોઈ ધણી જ નથી) "જેને ફાવે તે વાપરે" એવું થઈ ગયું છે. રસ્તે ચાલતો માણસ પણ વાપરી શકે. પરંતુ આ યોગ્ય નથી. અરે ! U.K.માં (ઇંગ્લેન્ડમાં) વૈદિકધર્મના દેવી-દેવતાના symbolsને (પ્રતીકોને) ધંધાદારી તરીકે વાપર્યા (વસ્તુ ઉપર લગાવ્યા) તો ત્યાં ખૂબ જ વિરોધ થયો અને માર્કેટમાંથી તે વસ્તુને પાછી ખેંચવી પડી. ગુરુદ્વારાનો પણ ધંધાકીય ઉપયોગ થતાં ઘણો વિરોધ થયો. લોકજુવાળથી આવી વાતોને અટકાવવી પડે છે, પરંતુ કાયદાની દૃષ્ટિએ ધાર્મિક પ્રતીકોના દુરુપયોગ માટે કોઈ રક્ષણ ઉપલબ્ધ નથી; કારણ કે ધર્મના ઘણા અધિકારો જ ઝૂંટવી લેવાયા છે. Medical research, scientific research (દવાકીય શોધખોળ, વૈજ્ઞાનિક શોધખોળ) કે બીજી કોઈપણ નવી શોધખોળોના patents rights, intellectual property rights કે royalty વગેરે માન્ય; અરે ! corporatesના brand name rights, logo rights વગેરે પણ માન્ય; (નવીન શોધ, યુક્તિ કે બનાવટ પરના અધિકારો, બૌદ્ધિક સંપત્તિ યાને કે વિશિષ્ઠ જ્ઞાન કે જાણકારી પરના અધિકારો કે રોયલ્ટી માન્ય. અરે ! Corporetesની બ્રાન્ડ અને લોગો વગેરે પણ માન્ય) જ્યારે હજારો વર્ષોથી સ્થાપિત અને પ્રચલિત એવા ધાર્મિક પ્રતીકોના rights માન્ય નહીં. પવિત્ર ધાર્મિક પ્રતીકો કે જેના પર ધર્મનું સમગ્ર માળખું રચાયેલું છે તેના કોઈ rights (અધિકાર) નહીં ? રાજ્ય આપણા ધાર્મિક અધિકારો પર બળજબરીથી અતિક્રમણ કરી મનફાવે તેમ પ્રતીકોનો ભોગવટો કરે છે.

મારે એમ નથી કહેવું કે "બંધારણ તોડીને નવું બનાવો." At present we can't change the constitution, that we know. (અત્યારે આપણે બંધારણ બદલી શકીએ તેમ નથી, તે અમે જાણીએ છીએ.) પરંતુ બંધારણમાં જે લખ્યું છે તેનો પણ કાયદાની મર્યાદામાં શક્ય યોગ્ય અર્થ કરો. બંધારણમાં જે right to profess લખ્યું, તેમાં professનો dictionary meaning (profess શબ્દનો શબ્દકોશમાં આપેલ અર્થ) સ્વીકારીએ તો ધર્મશાસ્ત્ર અનુસારે તે તે ધર્મનું શાસન આવે, જેમાં આવા અધિકારો સમાવેશ પામે જ, એમ મારું કહેવું છે. Right to profess, right to practise & right to propagate (ધર્મસ્વીકારનો હક,

ધર્મપાલનનો હક અને ધર્મપ્રચારનો હક) આ ત્રણેયમાં પહેલાં right to professમાં (ધર્મસ્વીકારના હકમાં) જ આ બધું આવી જવાનું. જો જાહેરમાં દેશના કોઈપણ ખૂણે શીખધર્મીઓને કિરપાણ ધારણ કરવાનો ધાર્મિક અધિકાર right to professમાં જ (ધર્મસ્વીકારના હકમાં જ) આવે છે, તો પછી ધર્મતીર્થોની રક્ષા કરવાનો અને તેનો વહીવટ કરવાનો આપણને આપણા ભગવાને અને શાસ્ત્રોએ આપેલો અધિકાર ધર્મ સ્વીકારના હકમાં કેમ ન આવે ? તે આપણાં ધર્મિક કર્તવ્યો, ફરજો, અધિકારો પણ ધર્મ જ છે. તેને કદી પણ religionથી separate (ધર્મથી જુદો) ન કરી શકાય.

I am not demanding constitution to be changed. My demand is for its proper & real interpretation. જો interpretation proper કરે (હું બંધારણને બદલવાની માંગણી કરતો નથી. મારી માંગણી યોગ્ય અને વાસ્તવિક અર્થઘટનની છે. જો અર્થઘટન યોગ્ય કરે) તો ભારતના બધા ધર્મના પ્રશ્નો solve થઈ (ઉકેલાઈ) જાય. જૈન તરીકે જન્મ્યા ત્યારથી આપણને આ અધિકારો મળ્યા છે. તેની પર કોઈને તરાપ મારવાનો right (હક) નથી. **રાજ્યસત્તા ધર્મસત્તાની ઉપર નથી, કારણ કે રાજ્ય માત્ર જનસમૂહના અધિકારોની રક્ષા માટે છે જ્યારે ધર્મસત્તા જીવમાત્રના અધિકારોની રક્ષા માટે છે.** Broad objectiveવાળા કદી પણ narrow objectવાળાની underમાં ન હોય. (વિશાળ આશયવાળા કદી પણ સંકુચિત આશયવાળાના તાબેદાર ન હોય.) અત્યારે કોણ કોની ઉપર છે અને કોણ કોની નીચે છે તેની ચર્ચા નથી, કારણ કે કોર્ટ તેમાં પડવા તૈયાર નહીં થાય. પરંતુ મારે ભારપૂર્વક એટલું તો જરૂર કહેવું છે કે **"રાજ્યના આપેલા બીજા અધિકારો કરતાં ધર્મે આપેલા ધાર્મિક અધિકારો ઘણું ઊંચું મહત્ત્વ ધરાવે છે. તેને valuable (મૂલ્યવાન) ગણી સુરક્ષિત રાખવા જેવા, જાળવવા જેવા માનજો. તેમાં આડખીલી ઊભી થતી લાગે તો જાગૃત થઈ તેની સામે વિરોધ કરજો."**

**સભા :** હવે કોર્ટો પણ ઘણા Bold Judgements (હિંમતવાળા ચુકાદાઓ) આપે છે.

**સાહેબજી :** હા, અત્યારે ભારતમાં પણ judiciary-ન્યાયતંત્ર પણ pro-active (જાગ્રત) ગણાય છે. આપણે Judgeને (ન્યાયાધીશને) પણ કહેવું જોઈએ કે 'Nowadays Indian courts are well-known for their landmark & path-breaking judgements. They really deserve compliments

for it. They are proud Indians. You kindly preserve our religious rights. Our demand is legitimate, we are demanding justice and nothing more.' (હમણાં ભારતીય કોર્ટો તેના સીમાચિહ્નરૂપ અને માર્ગદર્શક ચુકાદાઓ આપવા જાણીતી છે. તે ખરેખર તેને માટે અભિનંદનને પાત્ર છે, અને ભારતીયો માટે ગૌરવરૂપ છે. આપ કૃપા કરીને અમારા ધાર્મિક હિતોનું રક્ષણ કરો. અમારી માંગણી કાયદેસર છે, અમે ન્યાય સિવાય વધુ કાંઈ માંગતા નથી.) આ વાત મેં ધાર્મિક અધિકારો માટે સંક્ષેપમાં કહી છે, છતાં હજુ ઘણું કહી શકાય તેમ છે.

બીજા ધર્મોના તીર્થોની જેમ આપણે ત્યાં પણ સમેતશિખરજી તીર્થ અને પાલિતાણા તીર્થમાં પાયાના પ્રશ્નો ઊભા થયા છે. તેમાં સળગતો અને તાત્કાલિક પ્રશ્ન સમેતશિખરજી તીર્થનો છે. જૈનો business community (વેપારી કોમ) તરીકે highly talented (ઘણા પ્રતિભાશાળી) છે, બુદ્ધિશાળી વર્ગ કહેવાય છે; પરંતુ સમેતશિખરજી તીર્થમાં આવી ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હોવા છતાં પણ શાંત બેઠા છે. વાસ્તવમાં ત્યાં શું બની રહ્યું છે તેની કાં તો તમને ખબર નથી અથવા દુનિયાના કોઈ ધર્મમાં ન હોય તેવી અજોડ સહનશીલતા તમારામાં છે. બીજા કોઈ ધર્મ સાથે સરકારે જો આવો વ્યવહાર કર્યો હોત તો તે ધર્મવાળા તમારી જેમ શાંતિથી બેસત નહીં. આપણને જેવી ખરાબ treatment અપાઈ છે (ખરાબ વ્યવહાર કરાયો છે) તેવી કોઈને અપાઈ નથી.

આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં આપણે આ કેસ માટે સુપ્રિમ કોર્ટમાં writ petition (રીટ અરજી) કરી હતી. ત્યાંથી રીટ પાછી ખેંચાઈ, સુપ્રિમ કોર્ટના આદેશથી તે રીટ હાઈકોર્ટમાં થવાની હતી. તે વખતે બિહાર રાજ્યે સામે ચાલીને આપણને negotiation table (વાટાઘાટના ટેબલ) પર આવી compromise (સમાધાન) કરવાની offer આપી. (દરખાસ્ત કરી.) આપણે પણ જૈન તરીકે આમેય peace loving community (શાંતિપ્રિય કોમ) હોવાથી એમ માનીએ કે જો વાતચીતથી કામ પતતું હોય તો વધારે સારું. તેથી negotiation table (વાટાઘાટના ટેબલ) પર આપણી તે સમયની leadershipએ (આગાવાનોએ) ઘણી મિટિંગો કરી. મિટિંગોમાં સરકારના તે તે deparrmentsના officers, even I.A.S. officers (તે તે ખાતાઓના અધિકારીઓ, અરે ! આઈ.એ.એસ. અધિકારીઓ) પણ હાજર હતા. In the presence of all, (બધાની હાજરીમાં,) મિટિંગો થયા પછી agreementની સર્વ કલમોને આખી cabinetએ approve કરી. (સમાધાનના

કરારની સર્વ કલમોને આખી કેબીનેટે મંજૂર કરી.) તેમાં Representative of Governmentએ પણ sign કરી. (તેમાં સરકારના પ્રતિનિધિએ પણ સહી કરી.) જેમ બે રાજ્ય વચ્ચે પરસ્પર કરાર થાય તેમ આપણી સાથે સરકારે એક agreement પર sign કરી. (એક કરાર પર સહી કરી.) ત્યાર પછી જ્યારે જ્યારે તે agreementને *(કરારને) ૨૫ વર્ષ સુધી કોર્ટમાં રજૂ કરાતો ત્યારે ત્યારે સરકાર કહેતી કે* 'આ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો સાથે અમે કરેલો કરાર છે, જે અમને મંજૂર છે. અમારો sign કરેલો છે અને અમલમાં પણ છે.' ઓચિંતા ૨૫ વર્ષ પછી રાજ્યે કોર્ટમાં ગુલાંટ મારી કે "આ કરાર અમને મંજૂર નથી તેમ અમે ગણીએ છીએ." આવું લેખિત statement (નિવેદન) રાજ્યે કોર્ટમાં આપ્યું, છતાં જૈનસંઘમાં કોઈ ખળભળાટ થયો નથી.

દુનિયામાં તે તે ધર્મનાં top levelનાં (ઉચ્ચ કક્ષાનાં) ધર્મસ્થાનકો છે. જેમ કે મુસલમાનોનું મક્કા, શીખોનું અમૃતસરનું Golden temple (સુવર્ણમંદિર), ખ્રિસ્તીઓનું વેટીકન છે, તેમ જૈનોમાં પાલિતાણા-સિદ્ધગિરિનો અને સમેતશિખરનો શ્રેષ્ઠતમ તીર્થોમાં નંબર છે. વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરોની કલ્યાણકભૂમિની અપેક્ષાએ top most (સર્વશ્રેષ્ઠ) નંબર સમેતશિખરજીનો છે. તીર્થંકરોની કલ્યાણકભૂમિનો મહિમા અપરંપાર છે. તે ભૂમિઓ invaluable (અમૂલ્ય) છે, કારણ કે ત્યાં ખુદ તીર્થંકરોએ પોતાના જીવનની કેવળજ્ઞાન પછીની પરાકાષ્ઠાની નિર્વાણપ્રાપ્તિની સાધના કરી છે. જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક અને કેવળજ્ઞાનકલ્યાણકની ભૂમિ કરતાં પણ નિર્વાણકલ્યાણકની ભૂમિ અતિપવિત્ર અને શ્રેષ્ઠ ગણાય છે. કલ્યાણકોમાં પણ સર્વશ્રેષ્ઠ કલ્યાણક નિર્વાણકલ્યાણક છે. વળી ત્યાં નિર્વાણ એક નહીં પણ ૨૦-૨૦ તીર્થંકરોનાં થયેલાં છે. આમ આ એક અતિપવિત્ર કલ્યાણક ભૂમિ છે. ત્યાંના વાતાવરણમાં તીર્થંકરોની અંતિમ ભાવવિશુદ્ધિથી વાસિત થયેલ મનોવર્ગણાનાં પુદ્ગલો હજુ પણ વિદ્યમાન છે. આવા પવિત્ર વાતાવરણનું આજે ભારતભરના બધા સંઘ ભેગા થાય તો પણ સર્જન ન કરી શકે. આપણને વારસામાં મળેલ આ પવિત્ર સ્થાનનું રક્ષણ કરવાની આપણી સૌની ફરજ આવે છે, છતાં તમારા પેટનું પાણીય હાલતું નથી. સમેતશિખરની બાબતમાં રાજ્ય તરફથી આપણી સાથે વિશ્વાસઘાત થયો છે. Authentic officersની (સત્તાધીશ-પ્રમાણભૂત અધિકારીઓની) હાજરીમાં કરાર પર સહી સિક્કા કરી, ૨૫-૨૫ વર્ષ સુધી કરારને valid (માન્ય) ગણનાર સરકાર હવે એમ કહે છે કે આ કરાર અમને મંજૂર નથી. જે રાજ્ય પોતે કાયદા કરે અને લોકો પાસે તેનું implementation (અમલીકરણ)

કરાવે તે જ રાજ્ય આ રીતના પોતે જ કરેલા કરારને મંજૂર ન કરે, null and void (કાયદાની દૃષ્ટિએ અસર વિનાનું, નિરર્થક, નકામું અને રદબાતલ) છે, એમ કહે છે તે જૈનસંઘ સાથે થયેલ breach of trust (વિશ્વાસભંગ) છે, દ્રોહ છે અને વિશ્વાસઘાત છે.

**સભા :** લોકોને આ વાતની જાણ નથી. There is no communication of this matter amongst Jain community. (આ બાબતની જૈનસમાજને જાણકારી નથી.)

**સાહેબજી :** That means there is a fault not only of leadership, but you people are also responsible. (આનો અર્થ એ કે આ માત્ર આગેવાનોની ભૂલ નથી, પણ તેમાં તમારી પણ જવાબદારી છે.) તેની સામે હું તમને પૂછું કે જૈન તરીકે તમારે આમાં રસ ધરાવવો તે શું તમારી ફરજ નથી? Leadershipવાળાને (આગેવાનોને) હું જવાબ જુદો આપીશ, પરંતુ તમારી ફરજ જૈન તરીકે શું ? આગેવાનોની ભૂલ હું જાણું છું અને તેઓને તેમની ભૂલ મેં face to face (મોઢામોઢ) કહી છે, છતાં તમારી પણ ફરજ ખરી કે નહીં ? બાકી તમે એમ કહો કે જૈનધર્મનાં તીર્થો અંગેની માહિતી ઘરે બેઠાં અમને provide કરો, (પૂરી પાડો,) પછી અમે વિચારીશું, તો ન ચાલે. આ બાબતમાં તો બધાએ જાગૃત થવા જેવું છે.

**સભા :** જેઓ આ કામ કરી રહ્યા છે તેઓ માટે ઘણાનું એમ કહેવું છે કે તેઓ જે કરે છે તે બરાબર નથી. તે અંગે અમે અમારું કર્તવ્ય અદા કરવા જઈએ તો તેમની સામે પડવા જેવું લાગે છે, તેમાં એમની સત્તાને challenge (પડકાર) થાય છે. તેથી તેઓ માટે એમ જ માનવું પડે કે તેઓ properly (યોગ્ય રીતે) વર્તી રહ્યા છે.

**સાહેબજી :** See, today we are at a very critical juncture. Our petition is filed in the Supreme Court. This is the last chance left with us. At that time, if we quarrel within, then will the result come in our favour or will it go against us ? (જુઓ, આજે આપણે અત્યંત કટોકટીના તબક્કામાં છીએ. આપણે સર્વોચ્ચ અદાલતમાં અરજી ફાઈલ કરી છે. આ આપણે માટે છેલ્લી તક છે. જો આ સમયે આપણે પરસ્પર લડીશું તો પરિણામ આપણી તરફેણમાં આવશે કે વિરુદ્ધમાં જશે ?) અમે આગેવાનોને

વ્યક્તિગત રીતે face to face (મોઢામોઢ) તેમનું કર્તવ્ય કહ્યું જ છે. આ સંજોગોમાં પણ તમે કહો કે તેમ કરવાથી તેમની સત્તા challenge (પડકાર) થઈ અને તેથી તેઓ કોઈ adverse reaction (પ્રતિકૂળ પ્રત્યાઘાત) આપી રહ્યા છે, તો don't worry about it. We are prepared for that also. (તો તેની ચિંતા ન કરો. આપણે તેને માટે પણ તૈયાર છીએ.)

આને માટે એક જજે મને કહ્યું કે "this is a representative suit and according to Order 1 Rule 8, you have no right to go for it independently." (આ એક પ્રતિનિધિત્વ કરવાવાળો કેસ છે અને હુકમ ૧ નિયમ ૮ પ્રમાણે તમને તેમાં સ્વતંત્ર કેસ કરવાનો કોઈ અધિકાર નથી.) ત્યારે મેં જવાબ આપતાં કહ્યું કે "આ ભલે representative suit (પ્રતિનિધિત્વવાળો કેસ) હોય, છતાં આમાં *proper* representation (યોગ્ય રજૂઆત) નથી થયું તેમ હું સાબિત કરી શકું તેમ છું. **In the time of crisis, when represeatative's representations are not satisfactory, then Lord Mahavira has empowered us to take the assignment or charge." (કટોકટીના સમયમાં જ્યારે પ્રતિનિધિઓની રજૂઆત સંતોષકારક ન હોય ત્યારે ભગવાન મહાવીરે અમને સાધુઓને પણ કાર્યભાળ અથવા જવાબદારી સંભાળી લેવાની સત્તા આપી છે.)** આ સાંભળી જજે મને પૂછ્યું કે આ માટેનાં શાસ્ત્રનાં statements (વિધાનો) જોવા મળશે ખરાં ? મારે વાંચવાં છે. ત્યારે મેં કહ્યું કે જરૂર મળશે. બીજે દિવસે તેમને તે statements (વિધાનો) કાઢી બતાવ્યાં. પછી તેમણે કહ્યું કે "તમારા નામથી પણ તમે આ litigation (દાવા-અરજી) કરી શકશો, so don't worry about litigation right." (તેથી લીટીગેશનના હક બાબતે કોઈ ચિંતા કરશો નહિ.)

મારી અત્યારે વાત એ છે કે આ સમયે આપણે ન્યાયની દૃષ્ટિથી આપણો કેસ અને આપણા અધિકારો properly represent (યોગ્ય રીતે રજૂ) કરવાની જરૂર છે. અત્યારના democratic stateમાં (લોકશાહી રાજ્યમાં) executive, judiciary & legislature (અમલદાર તંત્ર, ન્યાયતંત્ર અને ધારાસભા) એમ ત્રણ organs (અંગો) છે. In the current structure, ultimate powers are with legistlator & not with the judiciary. Judiciary has only interpretation rights. If Supreme Court passes a particular verdict

then parliament can change or cancel it by amending relevent laws. It means supreme powers are vested in the legislature. (વર્તમાન માળખામાં અંતિમ સત્તા ધારાસભા પાસે છે અને ન્યાયાલયો પાસે નહિ. ન્યાયાલયો પાસે માત્ર અર્થઘટનની સત્તા છે. સર્વોચ્ચ અદાલત કોઈ ચોક્કસ હુકમ કરે તો સંસદ સંબંધિત કાયદા સુધારી તેને બદલી શકે કે રદ પણ કરી શકે. તેનો અર્થ એ કે અંતિમ સત્તા ધારાસભા પાસે છે.) **Sovereign stateના (સાર્વભૌમ સત્તાવાળા રાજ્યના) નામથી સંસદને પ્રજાના તમામ વિષયોમાં કાયદાઓ કરવાની અમર્યાદિત સત્તા અપાઈ છે. ઈતિહાસમાં ક્યારેય પણ રાજ્યને આટલા અધિકારો નથી અપાયા, જે ખરેખર રાજનીતિશાસ્ત્રની પણ વિરુદ્ધ છે.**

સમેતશિખરતીર્થ માટે પણ એવું જ બન્યું છે. ૨૫ વર્ષ સુધી રાજ્યે માન્ય કરેલ agreementને (કરારને) પણ રાજ્યે withdraw કરી nulify (પાછો ખેંચી શૂન્યમય) કરી દીધો છે. **રાજ્યે ઘણાં ધર્મસ્થાનકો પર વિચાર્યા વિના, કાયદાની સીમામાં રહ્યા વગર, અતિક્રમણ જ કર્યું છે.** Bihar Land Reforms Act (બિહાર જમીન સુધારણા ધારો) સરકારે agrarian policy (ખેતી લાયક જમીનની સરખી વહેંચણી સંબંધી નીતિ) હેઠળ ઘડેલ છે, જે ખેતીવાડી લાયક જમીન ગરીબોને વહેંચવાના ઉદ્દેશથી છે. પરંતુ સમેતશિખરજી તીર્થ agricultural propertyમાં (ખેતી સંબંધી મિલકતમાં) આવતું નથી. માટે તેને Bihar Land Reforms Act (બિહાર જમીન સુધારણા ધારો) લાગુ ન પડે, કારણ, સમેતશિખર પર ખેતીની પ્રવૃત્તિ જ થતી ન હોવાથી તે ખેતીની જમીન જ નથી. તેથી આ કાયદો તેને લગાડવો જ ગેરવાજબી છે. છતાં આ કાયદો લગાડ્યો છે, જે તેમનો mal-intention (બદ ઈરાદો) સૂચવે છે. આ તીર્થની પવિત્રતાને સાચવવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે આજ દિવસ સુધીમાં અબજો ને અબજો રૂપિયા ખર્ચ્યા છે, તેની sanctity maintain કરવા (પવિત્રતા જાળવવા) પાણીની જેમ પૈસા વાપર્યા છે, અન્યાયની હારમાળા થઈ છતાં શ્વેતાંબર જૈનસંઘે તેને સાચવવામાં કચાશ રાખી નથી.

આનો ઇતિહાસ ટૂંકમાં વિચારીએ તો આજથી ૪૫૦ વર્ષ પહેલાં મોગલસલ્તનતમાં આપણને થોડી તકલીફ થઈ હતી, પરંતુ તેઓએ ફરમાનો દ્વારા આપણા religious rights (ધાર્મિક અધિકારો) મંજૂર કર્યા હતા, જ્યારે અંગ્રેજ સરકારે મોટો અન્યાય કર્યો છે. તેમણે land revenue recordના (જમીનોની

માલિકી અને જમીનદારો પાસેથી ઉઘરાવવામાં આવતી મહેસૂલની સરકારી દફતરે કરવામાં આવતી નોંધોના) ગૂંચવાડા ઊભા કરી આ તીર્થની આપણી માલિકી જ નામંજૂર કરી. તેઓએ આ તીર્થની માલિકીનો ખોટો revenue record-મહેસૂલી પુરાવો પાલગંજના રાજાને નામે કોઈપણ જાતના પુરાવા ન હોવા છતાં ઊભો કરી દીધો. આપણે તે માટે લડ્યા, પણ આપણી માલિકી સિદ્ધ કરવામાં આપણે અસફળ નીવડ્યા. થોડા સમય બાદ Mr. Boddam (બોદ્દામ) નામના એક બ્રિટીશરે ત્યાંની ૨૦૦૦ એકર જમીન રાજા પાસેથી લઈને ત્યાં ભૂંડનું કતલખાનું ચાલુ કર્યું. ભૂંડને breed કરી, grow કરી (ઉછેરી વિકસિત કરી) slaughter house (કતલખાનું) ખોલી, તેના માંસની નિકાસ કરવા માટે તે જગ્યાનો ઉપયોગ કર્યો. આવા પવિત્ર સ્થાનમાં જૈનોની ધાર્મિક લાગણીનો જરા પણ વિચાર કર્યા વિના આવું કામ કર્યું હોવાથી જૈનસંઘે સખત વિરોધ દર્શાવી કોર્ટમાં પડકાર ફેંક્યો. એ વખતે West Bengal-Calcuttaમાં William Fort Council (પશ્ચિમ બંગાળના કલકત્તા શહેરમાં વીલીયમ ફોર્ટની કાઉન્સિલ) ચાલતી હતી. તે હાઈકોર્ટમાં જઈ આપણે ચુકાદો મેળવ્યો. જોકે તે ચુકાદામાં રમત રમાઈ ગઈ છે. ચુકાદામાં એમ કહેવામાં આવ્યું કે "જૈનોની લાગણી દુભાય છે માટે piggery (ભૂંડખાનું) બંધ કરવામાં આવે, પરંતુ પહાડ પર થતી બીજી પ્રવૃત્તિને અટકાવવાનો right (અધિકાર) જૈનસંઘને નથી, કારણ આ જમીન પર અધિકાર રાજાનો છે, જૈનસંઘનો નહીં". આમ અહીં પણ આપણી માલિકી નામંજૂર કરી.

આ ચુકાદો એકપક્ષી અપાયો, તેથી જૈનો છેક વાઈસરોય સુધી ગયા. તેમણે સમેતશિખરજીની તળેટીમાં શ્વેતાંબરો-દિગંબરોની મિટિંગ કરી. તેમાં આપણને કહેવામાં આવ્યું કે "After considering the facts, Hill belongs to King. If you want to maintain sanctity of the Hill, then you have to purchase the hill from the King, there is no other option left with you." (હકીકતો જોયા પછી [એ નક્કી થાય છે કે] આ પર્વત રાજાની માલિકીનો છે. તમારે પર્વતની પવિત્રતા જાળવવી હોય તો આ પર્વત તમારે રાજા પાસેથી ખરીદી લેવો પડે. તેના વિના તમારી પાસે કોઈ વિકલ્પ નથી.) એક ધર્મની પ્રજા કે જેની પાસે આ પર્વત અમારો છે તેના પુરાવા છે, એને વર્ષોથી અમે સાચવતા આવ્યા છીએ, તેના ownershipના documents અને title (માલિકીના દસ્તાવેજો અને હકપત્રક) છે, છતાં તે ધર્મના અનુયાયીઓને મજબૂર કરવામાં આવે કે જો આ ધર્મસ્થાનકની પવિત્રતા જાળવવી હોય તો એક જ ઉપાય છે, આ

ધર્મસ્થાનકને પૈસા આપી વેચાતું લઈ લો. તે સિવાય તે પર્વત પર થતી અયોગ્ય પ્રવૃત્તિ અટકાવવાનો પણ તમને right (હક) નથી" તેવું આ થયું.

પાલિતાણાની વાતમાં પણ હસવું આવે તેવું થયું છે. પાલિતાણા સંબંધી જૂના documentમાં (દસ્તાવેજમાં) આનો ઉલ્લેખ છે. પાલિતાણાના પહાડ પર માલિકી કોની તે નક્કી કરવા માટે કોર્ટનું commission (તપાસપંચ) નિમાયું. આપણી પાસે દાવા તરીકેના જેટલા પુરાવા હતા તે આપણે રજૂ કર્યા. પાલિતાણાના ઠાકોર રાજા આપણી સામે ઊભા રહ્યા. તેણે કહ્યું કે આ પહાડ મારો છે. પરંતુ તેની પાસે પુરાવા નહોતા. બન્ને પક્ષની દલીલો સાંભળી, બધા points (મુદ્દાઓ) વિચારી, કમિશને reportમાં (અહેવાલમાં) લખ્યું કે 'પાલિતાણાના ઠાકોર પાસે આ પહાડ મારો છે' તેવા પુરાવા નથી. તે છતાં, 'આ પહાડ જૈન સંઘનો છે' તે મંજૂર કરી શકાય તેમ નથી, કારણ તેઓ મોગલ બાદશાહનું જે ફરમાન રજૂ કરે-છે તે જ આપણે consider (માન્ય) કરી શકીએ તેમ નથી.' તેઓએ બીજા પુરાવાને touch જ ન કર્યા. (અડ્યા જ નહીં.) આવો ચુકાદો આપ્યો પછી નિયમાવલી એ કરી કે 'આ પહાડ પર પાલિતાણાના ઠાકોરની માલિકિયત નથી, માટે જૈનોને આ પહાડ પર બીજી પ્રવૃત્તિ કરવી હોય તો રાજાને પૈસા ચૂકવવાની જરૂર નથી, પરંતુ આ પહાડ પર બીજી પ્રવૃત્તિ કરતાં પહેલાં જૈનોએ રાજ્યને જાણ કરવી અને નજરાણા તરીકે વારનો એક પૈસો જૈનોએ ભેટ તરીકે મૂકવો.' આ નિયમાવલી બનાવી હોવા છતાં આગળ જતાં કોર્ટે જાહેરાત કરી કે 'આ પહાડ રાજાનો છે' અને અંતે ભારત સરકારે પણ સ્વરાજ વખતે જાહેરાત કરી કે "આ પહાડ અમારો-સરકારનો છે."

બ્રિટિશ સરકારે સમેતશિખર માટે ઘણો અન્યાય કર્યો છે. તેના પર પણ કળશ ચઢાવે તેવો અન્યાય વર્તમાન રાજ્યનો છે. રાજ્ય પણ એક વાર કહ્યા પછી, લખ્યા પછી, પાછળથી ફરી જાય તો તે માટે રાજ્યને પૂછવું પડે કે વર્ષો સુધી agreement (કરાર) પાળ્યા પછી આ રીતે ફરી જાઓ તો જૈનસંઘ કે પ્રજા વિશ્વાસ કોના પર મૂકે ? રાજ્યની આ પ્રવૃત્તિમાં જૈનો પ્રત્યે breach of trust, breach of fundamental rights અને breach of law (વિશ્વાસભંગ, મૂળભૂત અધિકારોનો ભંગ અને કાયદાનો ભંગ) થયો છે. આટલો છડેચોક દ્રોહ થવા છતાં જૈનોએ કોઈ પ્રત્યાઘાત ન આપ્યો. આની જગ્યાએ કોઈ બીજા ધર્મવાળાઓનું કોઈ શ્રેષ્ઠ ધર્મકસ્થાનક આવી રીતે પડાવી લીધું હોય તો સરકારને જવાબ આપવો ભારે પડે. બીજા કોઈપણ ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મની રક્ષા કરે છે, જ્યારે તમે તો

ધીમે રહીને સરકી જાઓ તેવા છો, જે તમારી નિઃસાત્ત્વિકતા અને નમાલાપણું છતું કરે છે. પ્રત્યેકે પોતાના પ્રામાણિક અધિકારો માટે લડવું જ જોઈએ. આજે ઘણાને એવી impression (છાપ) છે કે **"ધર્મના નામે ઝઘડા ન હોય, કારણ કે ઝઘડવું તે પણ પાપ છે, સહનશીલતામાં જ ધર્મ છે." પરંતુ ભગવાન મહાવીરે બધા સાથે નથી તો સહિષ્ણુ રહેવાનું કહ્યું કે નથી ઝઘડો કરવાનું કહ્યું, પરંતુ કોઈ આક્રમક બની ઝઘડો કરવા આવે તો રક્ષણ કરવાનું અવશ્ય કહ્યું છે. એના વગર કોઈ ધર્મ ટકશે નહીં. ભગવાન મહાવીરે ઉપદેશમાં offensive attitude (આક્રમક વૃત્તિ) રાખવાની નથી કહી, પણ defensive attitude (સંરક્ષણાત્મક વૃત્તિ) રાખવાની તો કહી જ છે.**

જગતમાં પોતાના ધર્મની ઉત્તમ વસ્તુનું રક્ષણ શું ન કરવું જોઈએ ? રક્ષણ કરવું તે પણ ધર્મપ્રવૃત્તિ જ છે. અન્યાયથી ઝઘડા કરવા, મારામારી કરવી, આક્રમક થઈ કોઈનું લૂંટી લેવું, તેને ભગવાને અધર્મ કહ્યો છે. અમારે કોઈનું આંચકી નથી લેવું, બીજાનું પચાવી પાડવું નથી. અત્યારે ઘણાંને ગેરસમજ છે કે 'શ્વેતાંબર-દિગંબરોના ઝઘડા વચ્ચે સરકાર ફાવી ગઈ છે, માટે આપણા rights infringe (અધિકારભંગ) થયા છે.' મને તો મુંબઈમાં એવા પણ જૈનો મળ્યા છે, જે કહે કે 'દિગંબરો પણ આપણા ભાઈ છે. તેઓ પરમાત્મા મહાવીરના જ અનુયાયી છે. આપણે ભાઈ પ્રત્યે ઉદાર વર્તન રાખવું જોઈએ. જો ઘરના જ આ રીતે પરસ્પર ઝઘડશે તો બહારના બધું જમી જશે. Internal (આંતરિક) ઝઘડાથી તો એકતા નાશ પામશે અને સરકાર ફાવી જશે.'

પરંતુ આ વલણ ઉદારતાની, વ્યવસ્થાની અને ન્યાયની દૃષ્ટિએ પણ ઉચિત નથી. જો આ ધર્મસ્થાનક બીજાનું પુરવાર થાય તો આપણે તેમને આપવા તૈયાર છીએ. અમને તેમની પ્રત્યે prejudice (પૂર્વગ્રહ) નથી. આને માટે મને એક પત્રકારે કહ્યું કે 'તમે અત્યારે જે statement (વિધાન) કરો છો તેમાં ફરશો નહીં ને ?' ત્યારે મેં કહ્યું કે 'હું જૈન શ્વેતાંબર સાધુ છું. અમે પંચમહાવ્રતધારી સાધુ છીએ. એક વાર બોલીને કદી ફરીએ નહીં. જો અમે ફરી જઈએ તો અમને અસત્ય બોલ્યાનું પાપ લાગે.' મારું જાહેરમાં statement (વિધાન) છે કે 'હકની દૃષ્ટિએ, legitimate rightની (કાયદેસર હકની) દૃષ્ટિએ, જો આ સમેતશિખરતીર્થ દિગંબરોનું પુરવાર થાય તો દિગંબરોને સોંપી દેવું.' પરંતુ મેં સ્વયં જાતે ૨૦૦-૪૦૦ વર્ષનો જૂનો History & case study (ઇતિહાસ અને કેસનો અભ્યાસ) કર્યો છે. તે

વાંચીને એવું જ નક્કી થાય છે કે સમેતશિખરજી તીર્થ શ્વેતાંબરોનું જ છે. આ most complicated & lengthy case છે. (ઘણો જ ગૂંચવણભર્યો અને અત્યંત લાંબો કેસ છે.) આ caseનો study (કેસનો અભ્યાસ) કરવા માટે material (સામગ્રી) એક eminent counsellorને (અગ્રગણ્ય વકીલને) મોકલી આપ્યું તો તેણે મને આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે "સાહેબ ! પહેલાં મને હતું કે caseનાં ૨૦૦-૩૦૦ પાનાં હશે, જે વાંચીને મહારાજસાહેબને અભિપ્રાય આપી દઈશ, પરંતુ ૭૦૦૦ પાનાંનું case material (કેસની સામગ્રી) વાંચતાં મારો તો દમ નીકળી ગયો. આ કેસ પોતે જ deep historyવાળો અને independent case (ઊંડાણભર્યા ઇતિહાસવાળો અને સ્વતંત્ર કેસ) જેવો છે". વાસ્તવમાં તો આ કેસમાં મોટાભાગના પુરાવા પ્રામાણિકપણે શ્વેતાંબર જૈનના પક્ષે છે, તે હું પાકા વિશ્વાસથી કહું છું.

શ્વેતાંબર પક્ષ મારો છે માટે હું આ નથી બોલતો. મને ભગવાન મહાવીરનો પંથ જ્યાં હોય ત્યાં જવામાં રસ છે. મેં મહાવીરના ઉપદેશને સાંભળી દીક્ષા લીધી છે. બધા ધર્મનો comparative & conclusive (તુલનાત્મક અને નિષ્કર્ષપૂર્ણ) અભ્યાસ કર્યા પછી મહાવીરનો ઉપદેશ ઊંચો અને સાચો છે તેની ખાતરી થઈ, વળી તેમનો original (મૂળ) ઉપદેશ શ્વેતાંબરોના પક્ષમાં જળવાયો છે તેવી પણ ખાતરી થઈ હોવાથી જ અમે અહીં આવીને બેઠા છીએ. જો આ બાબતમાં દિગબંરોના પક્ષે ન્યાયી અધિકાર લાગે તો તેમને આઘાત પહોંચાડવાનો અમને કોઈ શોખ નથી, કે તેમના અધિકાર પર તરાપ મારવા અમે માંગતા નથી. આ બાબતમાં એક જૈનસંઘના ટ્રસ્ટીએ દલીલ કરતાં મને કહ્યું કે આપણે અને દિગંબરો બંને ચોવીસ તીર્થંકરોને માનીએ છે, તો તે ભૂમિ પર તેમનો સમાન હક કેમ નહીં ? At a glance (ઉપલક નજરે) તમને પણ એમ જ થાય કે તેઓ પણ મહાવીરના અનુયાયી હોવા છતાં તેમનો પણ હક શા માટે નહીં ? Why are you objecting their rights?' (તેમના હકોનો તમે કેમ વિરોધ કરો છો ?) તમને પણ આ દલીલ ફાવે તેવી છે. તેના જવાબમાં મેં કહ્યું કે "દિગંબરોનાં પણ ઘણાં તીર્થો છે, જેમ કે તેઓ ગોમટેશ્વરને પવિત્ર તીર્થ માને છે. હવે તમારી દલીલ પ્રમાણે આપણે અને દિગંબરો બંને મહાવીરના અનુયાયી છીએ તો ગોમટેશ્વરમાં દિગંબરો આપણને ૫૦-૫૦% right (હક) આપશે? જો મહાવીરના અનુયાયી તરીકે સમેતશિખરજી તીર્થમાં દિગંબરોને right મળવો જોઈએ, તો દિગંબરનાં exclusive (એકાકી) તીર્થ છે તેમાં આપણને પણ right (અધિકાર) મળવો જોઈએ." 'Everywhere there should be a balance.' (દરેક સ્થાને સંતુલન હોવું જોઈએ.) જોકે અમે

તો right (હક) માંગતા જ નથી, કારણ કે exclusively (એકાકીપણે) જે જેનું હોય અને જેમાં જેના legitimate right (કાયદેસર અધિકાર) પુરવાર થતા હોય તેમાં બીજાએ right (હક) માંગવો તે ધર્મવિરુદ્ધની વાત છે. પરંતુ દાખલા તરીકે આપણે હક માંગીએ તો તેઓ આપશે કે ના પાડશે? ના જ પાડશે; કેમ કે **જ્યાં જેના Religious symbol (ધાર્મિક પ્રતીક) હોય, જેના પરાપૂર્વથી ચાલ્યા આવતા Management, possession, ownership, administration (વ્યવસ્થાપન, કબજો, માલિકી, સંચાલન) હોય, અને તે માટેના પુરાવા હોય, તો તેના જ અધિકાર ત્યાં માનવા પડે, બીજાના નહીં.** પરંતુ આમે ય તમે ધર્મમાં જ બહુ ઉદાર છો, બરાબરને? સંસારમાં તમે આવું નથી કરતા. "જેમ તમે જાતે નવો ધંધો ઊભો કરો, પાંચ નવી કંપનીની સ્થાપના કરો, તે પછી તમારો ભાઈ ઝઘડીને તમારી કંપનીમાં ભાગ માંગે તો તમે તેને એક પણ કંપની આપો ? કે ઊલટું તેની સામે કોર્ટમાં જશો? જ્યારે અહીં ધર્મક્ષેત્રે કહો કે ભાઈનું ભાઈને ઉદારતાથી આપવું જોઈએ." શાસ્ત્રમાં તો ત્યાં સુધી લખ્યું કે "શ્વેતાંબરોમાંના એક ગચ્છ એવા ખરતરગચ્છનું એક દેરાસર હોય, અને તેમાં ખરતરગચ્છના exclusive (એકાકી) શિલાલેખો હોય, તો શ્વેતાંબરોમાંના જ બીજા ગચ્છ એવા તપગચ્છથી પણ તેનો દાવો ન કરી શકાય, અને દાવો કરે તો તે ખરતરગચ્છ પરનું આક્રમણ મનાય. જેનું હોય તે પ્રામાણિકતાથી તેના અધિકારો ભોગવે". તેથી જે ઉદારતા જૈનધર્મમાં છે તેવી ક્યાંય નથી. **Jain religion is broad-minded & most pragmatic. (જૈનધર્મ વિશાળ દષ્ટિવાળો અને વ્યવહારુ દષ્ટિવાળો છે.)** જૈનેતર પણ આપણા મંદિરમાં આવી discipline (વિધિ) સાથે ઉપાસના કરે તો we have no objection, (અમને વિરોધ નથી,) તો પછી દિગંબરો પણ મંદિરમાં આવી નીતિ-નિયમો અનુસાર ઉપાસના-ભક્તિ કરે તેમાં અમને કાંઈ વાંધો નથી. પરંતુ જૈનેતર કે દિગંબરો મંદિરમાં આવી ભક્તિ કરે, ૧૦ રૂપિયા ભંડારમાં પૂરે અને પછી કહે કે "મને આ વહીવટમાં અધિકાર આપો," તો તેને વહીવટમાં આટલો નાનો સરખોય અધિકાર ન મળે. એ કહે કે "make me partner in your ownership," (મને તમારી માલિકીમાં ભાગીદાર બનાવો) તો તે પણ ન મળે. અત્યારે wrong canvassing (ઊલટો પ્રચાર) કરવામાં આવ્યું છે કે "આપણે દિગંબરોના હકને તરછોડ્યા છે, યોગ્ય રીતે તેમને હક સોંપ્યા નથી, આપણે તેમને દુભાવ્યા છે, માટે બંને વચ્ચે ઝઘડા થયા અને તે ઝઘડાના કારણે સરકાર વચ્ચે ઘૂસી ગઈ." પરંતુ આ બધી વાહિયાત વાતો, દલીલો છે, જેને વાસ્તવિકતા સાથે કોઈ લેવાદેવા નથી.

અરે ! ન્યાય આપનારી કોર્ટમાં કહેવામાં આવ્યું કે 'તમે ભાઈ-ભાઈ છો. આપસમાં સમજી લો.' ત્યારે કોઈ સારા (આપણા એક પણ) વકીલે એમ ન કહ્યું કે 'આ કોર્ટ શેના માટે છે ? જેનો ન્યાયી હક હોય તેને ન્યાય આપવા માટે ? કે ઘરમેળે ભીનું સંકેલવા માટે ? જો આ તીર્થ અમારું ન હોય તો આપી દો દિગંબરોને, અમને એમાં વાંધો નથી.' જેમ તમારી (વ્યક્તિગત) અબજોની મિલકતમાંથી તમારો ભાઈ ભાગ માંગે ત્યારે તમે તેની વિરુદ્ધમાં કોર્ટમાં જાઓ તે વખતે કોર્ટ એમ કહે કે "અરે ! ઝઘડો કર્યા વગર ૨૫% ભાગ આપી પતાવી લ્યો ને !" ત્યારે તમે સ્વીકારવા તૈયાર થાઓ ખરા ? Court has to deliver the justice. (કોર્ટે તો ન્યાય આપવાનો છે.) તેણે આ રીતે કહેવાનું હોય જ નહીં. અત્યારે તો જેને કંઈ લેવાદેવા ન હોય તે પણ કહે કે "તમે વગર કારણે ભાઈ-ભાઈ પરસ્પર ઝઘડા કરો છો. થોડું આપીને પતાવટ કરી દો ને". જાણે આપણે ઝઘડાખોર ન હોઈએ તે રીતે કહી જાય. જો સરકાર કહે કે 'તમે બે પરસ્પર સમજી લો, નહીંતર તમારા બેના ઝઘડામાં અમે ઘૂસી જઈશું.' તો સરકાર વાંદરા જેવી થઈ કહેવાય, જે ન્યાય આપવાને બદલે પોતાનો પગદંડો જમાવી દે. સરકાર આમ કરે તો તે ન્યાય તોળાયો ન કહેવાય, ઊલટું મહાઅન્યાય થયો તેમ કહેવાય.

આપણે બધાએ સમેતશિખરજીના કેસમાં વિચારવા જેવું છે. માત્ર એક સમેતશિખરતીર્થનો જ પ્રશ્ન નથી, પરંતુ overall (સમગ્રતયા) વિચારો તો બધા ધર્મોનો પાયાનો પ્રશ્ન છે. આ એક વખતના લીટીગેશનમાં જો proper judgement આવે (યોગ્ય ન્યાય મળે) તો ૧૦૦ ઠેકાણાનાં solution થઈ જાય (નિરાકરણ આવી જાય) તેમ છે.

જો right to professનો (ધર્મસ્વીકારનો) અર્થ proper (યોગ્ય) થઈ જાય તો કામ થઈ જાય. તે કરાવવા બીજા ઘણા options (વિકલ્પો) છે. તેમાં જનઆંદોલન પણ જરૂરી છે. સામૂહિક વિરોધની જબરદસ્ત impact (અસર-પડઘો) પડશે. ચૂંટણી પૂરી થયા પછી નવી assembly (વિધાનસભા) આવશે ત્યારે શ્વેતાંબર જૈનોએ સમૂહમાં વિરોધ કરવાની જરૂર છે. આ સમયે સારા સારા leadersને (નેતાઓને) સાથે રાખી વધારે સંખ્યામાં જનવિરોધ નવી assemblyમાં (વિધાનસભામાં) જશે તો તેઓને ચોક્કસ વિચારવું પડશે. તેઓની પાસે judiciary (ન્યાયતંત્ર) કરતાં વધારે અધિકાર છે માટે આંદોલનની પણ જરૂર છે, પરંતુ આંદોલનમાં ધ્યાન એ રાખવાનું કે માત્ર ધર્મનું જ platform (મંચ) જોઈએ. તેને રાજકીય રંગ

આપીને તે platformને (મંચને) બદલવાનો પ્રયત્ન કદી ન કરવો. Politics & religion should not be mixed. (રાજકારણ અને ધર્મનું કદી મિશ્રણ ન કરવું.) ધર્મની વાત કરાવવા, ધર્મના આપણા અધિકારોને સુરક્ષિત કરાવવા, રાજનેતાઓને આમાં સામેલ કરવાના, પરંતુ આને રાજનીતિનો મંચ ન બનાવવો.

**સભા :** જૈનો પાસે vote bank (મતબેંક) નથી.

**સાહેબજી :** Vote bank (મતબેંક) જૈનો પાસે સંખ્યામાં નથી, કારણ કે આપણે સંખ્યામાં ઓછા છીએ અને migrationના (સ્થળાંતરના) કારણે જૈનો એક જગ્યામાં concentrated (એકત્ર) નથી; પરંતુ આજે પણ Jain community is a business community & highly educated & talented. (જૈન સમાજ એ વ્યાપારી કોમ છે, તથા ઉચ્ચશિક્ષણને પામેલી અને પ્રતિભાશાળી છે.) તેમના relations (સંબંધો) પણ ઘણા સાથે છે. ભારતની ઘણી marketsને (બજારોને) જૈનો dominate (પ્રભુત્વ) કરે છે. Even in Bombay, which is the commrecial capital of India, Stock Market અને Diamond Marketમાં leading personalitiesમાં (અરે ! મુંબઈમાં કે જે ભારતની વ્યાપારી રાજધાની છે, ત્યાંના શેરબજાર અને હીરાબજારમાં આગેવાન વ્યક્તિઓમાં) પણ જૈનો જ છે. Though we are less in population, but Jains have much relation leverages. (આપણે વસતિમાં ઓછા છીએ, પરંતુ આપણી પાસે સંબંધોનું બળ વિશાળ છે.) તે પોતાના contactsને (સંબંધોને) properly channelise (યોગ્ય રીતે એકત્ર) કરે તો તેમની પાસે બધું કરાવી શકે. જૈનો પાસે જેટલું બુદ્ધિબળ છે તેટલું કોઈની પાસે નથી, પરંતુ તે બધાનો ધર્મમાં જે ઉપયોગ થવો જોઈએ તે થતો નથી. કારણ જૈનોમાં પણ જેટલા aristocratic jain families છે, they are not dealing with jain religion because of their modern lifestyle. (ખાનદાન જૈન કુટુંબો છે, તેઓની આધુનિક જીવનશૈલીને કારણે તેમને જૈનધર્મ સાથે કોઈ નાતો રહ્યો નથી.) આજે sourcesવાળા, influencesવાળા (આજે સમૃદ્ધિ અને લાગવગવાળા) જૈનો ખાલી નામના જૈનો રહ્યા છે, વાસ્તવમાં ધર્મ સાથે હૃદયથી તેમનો નાતો રહ્યો નથી. આજે ભારતના royal families (પ્રતિષ્ઠિત કુટુંબો) નાશ પામ્યાં છે. પરાપૂર્વથી ચાલ્યા આવતા ગર્ભશ્રીમંત જૈનોના નામથી દેશમાં કામ થતાં. જેમ કે જગતશેઠના નામથી મોગલ સલ્તનતમાં કામ થતાં. અત્યારની તમારી આ બેંકો કરતાં જૈનો જ ભૂતકાળમાં હરતી ફરતી બેંક જેવા

હતા. રાજા કે રાજ્યને પૈસા જોઈએ તો જૈનો પાસે લેવા આવતા હતા. આણંદજી કલ્યાણજીની પેઢીમાં ચોપડા બતાવે છે કે રાજાના revenue (મહેસૂલ) ચોપડે જમા થતા. તે કાળમાં જૈનોનું લીવરેજ-લાગવગ હતું અને અત્યારે પણ જૈનોનું લીવરેજ-લાગવગ છે, છતાં aristocratic jain familiesને (ખાનદાન જૈન કુટુંબોને) ધર્મમાં interest (રસ) નથી. તેઓ માને કે "ધર્મ જેને ગમે તે કરે, જેને ન ગમે તે ન કરે." ધર્મ પ્રત્યે ભક્તિ-બહુમાન-સમર્પણ જૈન શ્રીમંતોમાં ટક્યું નથી તેને કારણે અત્યારે આવી સ્થિતિ આવીને ઊભી છે. બાકી જૈનો આખી સંસદને પણ હલાવી શકે તેમ છે. આપણી લડત અન્યાય સામે છે. આપણે ખોટું કામ જરા પણ નથી કરવું. જેમ અમુક corporates (કંપનીઓ) તેમના ધંધાકીય સ્વાર્થ માટે party (પક્ષ) કે parliamentની (સંસદની) પણ હેરાફેરી કરી આપતી હોય છે. તેવાં ખોટાં કામ આપણે નથી કરવાં, પરંતુ leverageનો (લાગવગનો) સારો ઉપયોગ કરીને ન્યાયી હક માંગવો છે. તે માટે અત્યારના શ્રીમંતોને જાગ્રત કરવા જરૂરી છે, પરંતુ સાધુઓ માટે તે કઠણ છે. કારણ કે તેવા શ્રીમંતો સાધુઓ સાથે linkમાં (સંબંધમાં) લગભગ છે જ નહીં. જૈન શ્રીમંતોને ધર્મ પમાડવા મારે તેમના ઘરે જવું પડે તેવી આજે સ્થિતિ છે. બાકી જનઆંદોલન જરૂરી છે. જનઆંદોલન માટે તમામ ધર્મો સામેલ થાય તેવા common (સર્વસાધારણ) મુદ્દા લેવા જોઈએ, કારણ કે સમેતશિખરજી તીર્થનો પ્રશ્ન તો શ્વેતાંબર જૈનોનો particular (ખાસ) પ્રશ્ન થવાનો, જોકે તે પ્રશ્ન ગંભીર તો છે જ, પણ તે એકલી આપણી જાગૃતિ માટે જરૂરી છે, પરંતુ "બંધારણનું સાચું અર્થઘટન ન થવાથી ધર્મ પર થતા સરકારના અતિક્રમણને દૂર કરો" તે platform (તખ્તા) પર બધા ધર્મોને જો સામેલ કરી શકાય તો ઘણા જોડાઈ શકે અને automatically vote bank (સહજતાથી જ મતબેંક) વધી જાય.

**સભા :** અન્ય ધર્મવાળાને સામેલ કરવામાં મિથ્યાત્વ ન લાગે ?

**સાહેબજી :** ના, અન્યધર્મમાં જેટલી સાચી અને સારી વાતો જે જૈનશાસનને સંમત છે તેને અનુલક્ષીને અન્ય ધર્મવાળા સાથે સંમત થવામાં મિથ્યાત્વ નથી કહ્યું. હા! એટલું ચોક્કસ છે કે બીજા ધર્મમાં કોઈ વાત જૈન ધર્મના સિદ્ધાંત અનુસાર ન લાગે તો તટસ્થતાથી right to differ (જુદા મતનો હક) પણ છે. Balance (સંતુલન) સાથે વાત છે કે અમને આ વાત આટલા કારણોથી નામંજૂર છે, તેમ તટસ્થતાથી કહી શકાય. પરંતુ બીજા ધર્મ પર આક્રમક બનવાનું કે બધાએ આપણી

વાત માની જ લેવી જોઈએ, તેવો આગ્રહ ભગવાને નથી બતાવ્યો.

બીજા ધર્મની સાચી વાતને support (સમર્થન) આપવાથી મિથ્યાત્વ ન લાગે તે માટે એક પ્રસંગ કહું છું. ભગવાન મહાવીરની ૨૫૦૦ વર્ષની ઉજવણીની વાત સરકાર કરતી હતી ત્યારે હું ૧૫ વર્ષનો હતો. ગુરુ મહારાજ (પ. પૂ. આ. ભ. વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.) સાથે ગૃહસ્થજીવનનું મારું પ્રથમ ચોમાસુ હતું. ભગવાન મહાવીરના નિર્વાણની ૨૫૦૦ વર્ષની પૂર્ણાહુતિની ઉજવણીમાં સરકાર દ્વારા થનારા programmesમાં (કાર્યક્રમોમાં) એવા કાર્યો હતા કે જે પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને મંજૂર ન થાય. આનો પૂ. આ. વિ. રામચંદ્રસૂરિ મ.સા.એ સખત વિરોધ કર્યો હતો. આ બાબત અંગે તે વખતના ભારતના વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી સાથે વાત થઈ હતી. તે કરાવવામાં અમારા સંસારી પિતાશ્રી વચ્ચે હતા. જ્યારે સરકાર તરફથી પૂછવામાં આવ્યું કે "તમારા ધર્મની પ્રવૃત્તિ જાહેરમાં આવવાથી લોકોમાં જૈનધર્મનો પ્રસાર થશે, તેમાં તમને આનંદ થવો જોઈએ, તો પછી તેનો વિરોધ શા માટે કરો છો ?" ત્યારે અમારા સંસારી પિતાશ્રીએ પૂ. રામચંદ્રસૂરિ મ.સા.એ જે પ્રમાણે સમજાવેલ તે પ્રમાણે તેમને જે સમજાવ્યું તેની અત્યારે ચર્ચા નથી કરતો, પરંતુ મારે તો તેમાંનો મહત્ત્વનો મુદ્દો જ કહેવો છે. સંસારી પિતાશ્રીની વાત સાંભળી વડાપ્રધાનના સેક્રેટરીએ (સચિવે) પૂછ્યું કે 'તમે ભગવાન મહાવીરની નિર્વાણ શતાબ્દી પ્રસંગે સરકાર પાસે શું કરાવવા માંગો છો ? સરકાર શું કરે તો તમારા ધર્મગુરુ રાજી થશે ?' આ પ્રશ્ન લઈને સંસારી પિતાશ્રી પૂ. રામચંદ્રસૂરિ મ.સા પાસે આવ્યા, ત્યારે પૂ. આ. રામચંદ્રસૂરિ મ.સા.એ કહ્યું કે 'જો સરકારને ભગવાન મહાવીર પ્રત્યે, ભગવાન મહાવીરના ઉપદેશ પ્રત્યે થોડું પણ બહુમાન હોય તો અમારી માંગણી એ છે કે આ દેશના તમામ ધર્મોને સરકાર taxtionમાંથી (કરવેરામાંથી) મુક્ત કરી દે, કારણ કે taxation (કરવેરા) લેવાની પ્રવૃત્તિ સરકાર ખોટી કરી રહી છે. ધર્મ પાસેથી રાજ્ય કદી કર ન લઈ શકે. આ વાત ધર્મશાસ્ત્રો અને રાજનીતિ બંને કહે છે.' છતાં સરકાર ખુલ્લેઆમ તેનો ભંગ કરે છે.

અત્યારે ધાર્મિક ટ્રસ્ટો પાસેથી જે ૨% tax-વેરો ઉઘરાવાય છે તેની સામે કાયદાકીય લડત આપી ત્યારે સુપ્રિમકોર્ટે ઠરાવ્યું કે "This is not a tax. It is a service charge. As a service charge state is taking money". (આ ટેક્ષ નથી, પણ સર્વિસ ચાર્જ છે. સર્વિસ ચાર્જ તરીકે રાજ્ય પૈસા લે છે.) આની પર કોઈએ comment (ટીકા) કરતાં પૂછ્યું કે "when service is not demanded

still you are imposing service & taking service charge?" (માંગ્યા વિના તમે સર્વિસ અને સર્વિસ ચાર્જ કેમ લાદો છો ?) વળી આ તો માત્ર પૈસા ખંખેરવાનું ઓઠું છે. કારણ કે સરકાર service charge (સર્વિસ ચાર્જ) ૨% લે છે. હકીકતમાં અત્યાર સુધીમાં તેમની પાસે આ રીતે ઉઘરાવેલા એટલા બધા પૈસા accumulate (ભેગા) થઈ ગયા છે કે તેમને તે પૈસા ક્યાં વાપરવા તે જ પ્રશ્ન છે. અરે ! તેના વ્યાજમાંથી જ Charity Commissionerના (ચેરીટી કમિશ્નરના) તંત્રના ખર્ચા નીકળી જાય તેમ છે. તેથી service charge (સર્વિસ ચાર્જ) લેવાની જ હવે જરૂર નથી. વળી સરકાર બીજા કાયદા પણ એવા કરે છે કે "આ વર્ષના પૈસા આટલા સમયમાં નહીં વાપરો તો આ પૈસા (ધર્મદ્રવ્ય) અમે કરરૂપે લઈ લેશું." તેથી service charge (સર્વિસ ચાર્જ) સિવાય કર પણ સરકાર મનફાવે તેમ ઠોકે છે.

પૂ. આ. વિ. રામચંદ્રસૂરિ મ.સા એ કહ્યું કે 'અમારે particular (ખાસ) જૈનધર્મ માટે નથી જોઈતું, કારણ કે state is secular.' (રાજ્ય બિનસાંપ્રદાયિક છે.) ઊલટું સરકારે કહ્યું કે 'ભગવાન મહાવીરની ૨૫૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે સરકાર આટલા કરોડ રૂપિયા આપશે.' ત્યારે પૂ. રામચંદ્રસૂરિ મ.સા એ કહ્યું કે 'અમને સરકાર પાસેથી નવો પૈસો પણ નથી જોઈતો. અમે ઉજવણી આપમેળે કરીશું, તે છતાં જો સરકારને પ્રભુ મહાવીર પ્રત્યે બહુમાન હોય તો બધા ધર્મોને tax free (કરમુક્ત) કરો, કારણ કે માત્ર જૈનધર્મને રાજ્ય tax exemption (કરરાહત) આપે તો તે secular stateની partiality (બિનસાંપ્રદાયિક રાજ્યનો પક્ષપાત) કહેવાય.'

બધા ધર્મો tax free (કરમુક્ત) થઈ જાય તેવી ભાવનામાં જો મિથ્યાત્વ લાગે તો પૂ. આ. વિ. રામચંદ્રસૂરિ મ.સા.ને મિથ્યાત્વ લાગવું જોઈએ, પરંતુ આવી મિથ્યાત્વની impractical (અવ્યવહારુ) વ્યાખ્યા જૈનધર્મમાં ક્યાંય નથી. જનઆંદોલનમાં બધા ધર્મોને સામેલ કરી શકાય તેવું આ common platform (સર્વસાધારણ મુદ્દો) છે.

❋

# 3

**વિ. સં. ૨૦૬૧, મહાવદ ૧૧, તા. ૬-૩-૨૦૦૫, રવિવાર,**
**સ્થળ : જૈન ઉપાશ્રય, જામલી ગલી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પાવાપુરી નગરીના મહસેનવન નામના ઉદ્યાનમાં દ્વિતીય સમવસરણમાં વર્તમાન ધર્મતીર્થની સ્થાપના કરી છે.

આ વર્તમાન શાસનનો જ્યારથી પ્રારંભ થયો ત્યારથી તે શાસનનાં બધાં જ અંગો પ્રભુની હાજરીમાં નિર્ધારિત થયાં છે. તે બધાં અંગોમાં પ્રધાન અંગ ધર્મશાસ્ત્રો છે. ધર્મશાસ્ત્રોના આધારે જ પરમાત્માએ સ્થાપેલ ચતુર્વિધ શ્રીસંઘ સ્વયં આરાધના કરે છે અને જગતમાં પણ કલ્યાણનો માર્ગ વહેતો રખાવે છે. આ ધર્મતીર્થ વહેતું વહેતું પરંપરાએ આપણા સુધી પહોંચ્યું છે, જેની ઉપાસના-ભક્તિ-બહુમાન-પ્રભાવના અને રક્ષા કરી નવી generation (પેઢી) સુધી તેને અસ્ખલિત રીતે પહોંચાડવું તે આપણા સૌનું એક પ્રધાન ધાર્મિક કર્તવ્ય છે અને તે બજાવવા પૂરેપૂરું માર્ગદર્શન આપણાં ધર્મશાસ્ત્રો આપણને પૂરું પાડે છે.

જગતમાં જેટલા પણ ધર્મો છે તે બધામાં જૈનધર્મ આગવી વિશેષતા ધરાવે છે. તેની peculiaritiesનો (વિશેષતાઓનો) જે વ્યક્તિ ઊંડો પરિચય અને અભ્યાસ કરે તેને અવશ્ય ખ્યાલ આવે કે ધર્મશાસ્ત્રો જ જૈનશાસનનું પ્રધાન અંગ છે, અને તે ધર્મશાસ્ત્રો સાફ શબ્દોમાં પાયાની વાત એ કહે છે કે **"ધર્મક્ષેત્રમાં નિર્ણય ધર્મશાસ્ત્રોના આધારે જ કરવો."**

વર્તમાન દેશકાળમાં જે રાજ્યવ્યવસ્થા સ્થપાઈ છે તેને પ્રજાસત્તાક રાજ્ય અર્થાત્ democratic state કહેવાય છે. તેમાં લોકોને સમજાવવામાં ને ભણાવવામાં આવે છે કે "આ દેશમાં આપણું રાજ છે, લોકોનું રાજ છે." પરંતુ તમારું કેટલું ચાલે છે ? આમજનતાનો voice (અવાજ) કેટલો (આમજનતાને કેટલી સંભળાય) છે,

તે તમે સુપેરે જાણો છો ! આ રાજ્યમાં પ્રજાને પોતાનો પ્રતિનિધિ ચૂંટીને મોકલવાનો right (હક) બંધારણ દ્વારા અપાયો છે. પ્રતિનિધિઓ રાજ્યમાંથી ચૂંટાઈને ધારાસભામાં જાય અને દેશમાંથી ચૂંટાઈને લોકસભામાં જાય છે. તેમના હાથમાં કાયદાઓ ઘડવાની અમર્યાદિત સત્તા બંધારણે મૂકી છે.

ભૂતકાળમાં પણ હજારો વર્ષોથી ચાલી આવતી આપણી રાજનીતિ હતી, જેની ઇતિહાસ સાક્ષી પૂરે છે. ઘણે ઠેકાણે રાજાશાહી રાજ્યવ્યવસ્થા હતી, તે autocracy-રાજાશાહી ભારતમાં અને બીજા દેશોમાં પણ પ્રચલિત હતી. તેને વખોડવા માટે આજે સ્કૂલ, કોલેજોમાં ભણાવવા દ્વારા ખોટો પ્રચાર થાય છે. તેમાં જણાવાય છે કે "In past, the Kings had unlimited powers," (ભૂતકાળમાં રાજાઓ પાસે અમર્યાદિત સત્તાઓ હતી,) અને એમ કહીને ભૂતકાળની રાજનીતિની ટીકા કરવામાં આવે છે, અત્યારે પણ એવો ખોટો પ્રચાર જોરશોરથી ફેલાવવામાં આવે છે; પરંતુ અહીં આપણે જુલ્મી રાજાઓની વાત નથી કરતા. જે રાજાઓએ રાજનીતિની મર્યાદા તોડી સત્તાનો દુરુપયોગ કર્યો, તેમને રાજનીતિએ officially (કાયદેસર) આવી સત્તા આપી હતી તેવું ન કહી શકાય. અરે ! ઘણા રાજાઓએ ખોટાં યુદ્ધ કરી પ્રજા પર ત્રાસ વર્તાવ્યો હોય, ખોટા-વધારે પડતા કર લીધા હોય તેવું પણ આટલા લાંબા ભૂતકાળમાં ક્યારેક ક્યારેક બન્યું છે. કોઈ જ રાજાઓએ રાજનીતિની ઉપરવટ જઈ રાજ કર્યું જ નથી, તેવું મારે કહેવું નથી. છતાં જે રાજાઓએ રાજનીતિની ઉપરવટ જઈ રાજ કર્યું તેમને લોકોમાં અત્યાચારી, આક્રમણખોર કે જુલ્મી જ કહેવામાં આવ્યા છે. રાજનીતિની મર્યાદામાં તો કોઈપણ રાજાને અમર્યાદિત સત્તા ક્યારેય હતી જ નહિ.

ભારતનાં રાજનીતિનાં શાસ્ત્રો particular (ખાસ) જૈનધર્મનાં જ છે તેવું નથી. ભારતીય પરંપરામાં ચાલ્યા આવતા politicsના (રાજનીતિના) ગ્રંથો હજારો વર્ષ જૂના હોવા છતાં worldમાં authentic (વિશ્વમાં પ્રમાણભૂત) ગણાય છે, અને પ્રસંગે તેના quotations, references (દૃષ્ટાંત કે સંદર્ભો) પણ અપાય છે; પછી તે ચાણક્યનું અર્થશાસ્ત્ર હોય, શુક્રાચાર્યનું નીતિશાસ્ત્ર હોય કે વ્યાસમુનિનું રાજનીતિપર્વ હોય. તે બધામાં રાજા માટે સત્તાની મર્યાદા સ્થાપિત કરી બતાવી છે, Kings were never been given unlimited powers. (રાજાઓને કદી અમર્યાદિત સત્તાઓ અપાઈ નથી.) આ સ્થાપિત કરેલ સત્તાની મર્યાદાથી રાજા આગળ વધી ન શકે, નહીં તો નૈતિક દૃષ્ટિએ રાજા સત્તાથી બહાર નીકળી વર્તન કરનારો કહેવાય.

જ્યારે આજે Union of India (ભારતીય રાષ્ટ્ર) સ્વરાજથી સ્થપાયું છે. ૧૪મી સદીમાં યુરોપમાં જે Nation/State Theory (રાષ્ટ્ર/રાજ્યની વિચારધારા) શોધાઈ તે ભારતે સ્વરાજ્ય આવ્યા બાદ અપનાવી છે. અત્યારની લોકશાહીમાં લોકોને પ્રતિનિધિ ચૂંટવાની સત્તા ભલે આપી, પરંતુ તમારા જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને નિયંત્રિત કરવાની અમર્યાદિત સત્તા કે અધિકારો રાજ્યને બંધારણ દ્વારા આપવામાં આવ્યા છે. આજે તમારા જીવનના કોઈપણ પાસામાં, પછી તે ધાર્મિક હોય, આર્થિક હોય કે સામાજિક હોય; તેમાં રાજ્ય ગમે તેટલું માથું મારે તો તે બધું official (કાયદેસર) ગણાય છે. ઊલટું જો તમે તેનો વિરોધ કરો તો તમે કાયદાથી વિરુદ્ધ ગયા તેમ કહેવાય. ભૂતકાળમાં જો રાજા ધર્મક્ષેત્રમાં અયોગ્ય કે અન્યાયી વર્તન કરે તો તે રાજનીતિની વિરુદ્ધનો રાજાનો અત્યાચાર ગણાતો, જ્યારે આજની સરકાર ધર્મક્ષેત્રમાં અમર્યાદિત રીતે માથું મારે છતાં પણ તે legal-કાયદેસર ગણાય છે; કારણ કે Constitution has given powers to parliament as a sovereign. (બંધારણે સંસદને સર્વોચ્ચ સત્તા આપી છે.) ભારતના બંધારણના માળખાનો base (પાયો) એ છે કે "Parliament is sovereign. Sovereign means Supreme authority. Parliament is empowered to make any law to regulate its own citizens." (સંસદ સોવરેન-સર્વોપરી છે. સોવરેન-સર્વોપરી એટલે સર્વોચ્ચ સત્તા. સંસદ પોતાના નાગરિકોને નિયંત્રિત કરવા કોઈપણ કાયદા બનાવી શકે છે.) જોકે બંધારણની બહાર જઈ કોઈપણ કાયદા ઘડી ન શકાય, પરંતુ under the present constitution, the state has unlimited powers to regulate each & every aspect of your life. (હાલના બંધારણમાં તમારા જીવનના પ્રત્યેક પાસાને નિયંત્રિત કરવાની અમર્યાદિત સત્તા રાજ્યને અપાઈ છે.) ભૂતકાળની રાજનીતિમાં ક્યારેય કોઈપણ દેશમાં રાજ્યને આટલી બધી અમર્યાદિત સત્તા નહોતી, જે અત્યારની રાજનીતિમાં છે, જે આયોજનપૂર્વક વ્યાપક કરવામાં આવી છે. તેના કારણે તમારે સંસારમાં આર્થિક ક્ષેત્રે, સામાજિકક્ષેત્રે ઘણું ઘણું સહન કરવું પડે છે, પરંતુ આપણે અત્યારે મુખ્યત્વે જે ધર્મક્ષેત્રમાં સહન કરવું પડે છે તેની વાત કરવી છે.

ધંધાકીય ક્ષેત્રમાં પણ રાજ્યસત્તા અત્યારે અમર્યાદિતપણે માથું મારે છે. તે માટે અત્યારના નિષ્ણાત લેખકોએ લખ્યું કે "business is not the business of Government. Government's bussiness is only governing." (વેપાર

કરવો તે સરકારનું કામ નથી, સરકારનું કામ માત્ર શાસન ચલાવવાનું છે.) સરકાર business (વેપાર) કેવો run કરી (ચલાવી) શકે છે તે તમે બધા સારી પેઠે જાણો જ છો. Public Sectorના (જાહેરક્ષેત્રના) ભોપાળા તો પ્રસિદ્ધ જ છે. આ તો અત્યારે થોડું privatisation (ખાનગીકરણ) આવ્યું, બાકી તો ઘણા ધંધાકીય ક્ષેત્રોમાં રાજ્ય અમર્યાદિતપણે માથું મારે જ છે. તેવી જ રીતે ધર્મક્ષેત્રે પણ "આ ધર્મ અને આ અધર્મ" તે નક્કી કરવાનો અધિકાર રાજ્યે પોતાના હાથમાં રાખ્યો છે. તેનો નિર્ણય પણ રાજ્યે સ્વયં કરીને બંધારણ અને કાયદા ઘડ્યા, પછી કોર્ટમાં તેનું interpretation (અર્થઘટન) પણ તે બંધારણ કે કાયદા પ્રમાણે જ કરાય છે; પરંતુ હકીકતમાં "ધર્મ-અધર્મ" નક્કી કરવાની subject matter (વિષયવસ્તુ) રાજ્યની નથી પણ ધર્મશાસ્ત્રોની છે.

જેમ historyના (ઇતિહાસના) વિષયમાં સરકારને અભિપ્રાય આપવો હોય તો historiansને consult કરવા પડે, (ઇતિહાસકારોના અભિપ્રાય લેવા પડે,) scienceના fieldમાં (વિજ્ઞાનના ક્ષેત્રમાં) નિર્ણય કરવો હોય તો scientistsના (વૈજ્ઞાનિકોના) અભિપ્રાય લેવા પડે, healthના fieldમાં (આરોગ્યના ક્ષેત્રમાં) અભિપ્રાય આપવો હોય તો medical scienceના (આરોગ્યવિજ્ઞાનના) આધારે આપવો પડે, તેમ **ધર્મક્ષેત્રમાં નિર્ણય કરવાનો right કે authority (હક કે સત્તા) ધર્મશાસ્ત્રની ગણાય, નહીં કે સરકાર, વહીવટીતંત્ર કે સંસદની.** આ point બહુ જ delicate છે, પરંતુ ખૂબ જ important છે. (આ મુદ્દો ખૂબ જ નાજુક છે, પરંતુ ખૂબ જ મહત્ત્વનો છે.) તેને consider નથી કરાતો (તેને વિચારવામાં નથી આવતો) માટે ધર્મના ક્ષેત્રને ધક્કો પહોંચે છે. ધર્માધર્મનો નિર્ણય કરવાનો અધિકાર રાજ્યે ધર્મશાસ્ત્ર પર જ મૂકવો પડે. જેમ જે તે fieldનાં (ક્ષેત્રનાં) શાસ્ત્રો અને નિષ્ણાતોના અભિપ્રાયના આધારે જ જે તે fieldમાં (ક્ષેત્રમાં) નિર્ણયો લેવાય છે, તેમ ધર્મક્ષેત્રમાં ધર્મશાસ્ત્રો અને તેના નિષ્ણાતો નિર્ણય આપે તે પ્રમાણે ધર્મ-અધર્મ નક્કી થાય, પરંતુ તે વાત આજે બંધારણમાં સ્વીકારવામાં આવી નથી. કોર્ટ પણ આ policyને (નીતિને) વિચારતી નથી. દા.ત. ઉપાશ્રય કે દેરાસર ધર્મ છે તેવું તેઓ માનતા નથી. "ધર્મસ્થાનક, ધર્મપ્રતીકો, ધાર્મિક તીર્થો, તીર્થભૂમિઓ, ધર્મશાસ્ત્રની પ્રાચીન હસ્તપ્રતો, જ્ઞાનભંડારો વિ. ધર્મ નથી" એવો નિર્ણય બંધારણે આપમેળે નક્કી કર્યો છે, તેવો નિર્ણય કરવામાં ધર્મશાસ્ત્રો અને તેના નિષ્ણાતોને બાજુમાં રખાયા છે.

સભા : તો પછી એ લોકોના મતે ધર્મ શું છે ?

સાહેબજી : According to them "Religion is your personal belief. (તેમના મતે ધર્મ એ તમારી અંગત માન્યતા છે.) તેમના મતે ધર્મ એ હરેકની અંગત શ્રદ્ધાનો વિષય છે. તમારી અંગત શ્રદ્ધા તે તમારો ધર્મ, મારી શ્રદ્ધા તે મારો ધર્મ." ત્યારબાદ કોર્ટમાં એટલું મંજૂર કરાયું કે "શ્રદ્ધા તો ધર્મ છે જ, સાથે સાથે શ્રદ્ધાને અભિવ્યક્ત કરવાની પ્રવૃત્તિ પણ ધર્મ છે." દા.ત. તમને મંદિરમાં શ્રદ્ધા છે, મંદિરમાં રહેલ મૂર્તિમાં તમને પવિત્ર તત્ત્વ તરીકેની શ્રદ્ધા છે, અને તેને તમે પગે લાગો, હાથ જોડો તો તે પણ ધર્મ છે, તેવું કોર્ટ મંજૂર કરશે; પરંતુ ભગવાનની પૂજા કરી તમે જે પૈસા ભંડારમાં મૂક્યા તે પૈસા પણ ધર્મ છે તે મંજૂર કરવા કોર્ટ તૈયાર નથી. ધાર્મિક સંપત્તિને તેઓ ધર્મ માનવા તૈયાર નથી. ધર્મના વિભાગને આપણે ધર્મ જ કહીએ છીએ, તેને એકાંતે જુદા નથી પાડતા, જેમ શરીરનું કોઈપણ અંગ એ પણ શરીર જ છે, તેમ ધર્મનાં કોઈપણ અંગ એ પણ ધર્મ જ છે, છતાં રાજ્યે પોતાના કાયદાઓથી કે કોર્ટે પોતાની વિચારધારાઓથી ધર્મને અને ધર્મના અંગને જુદા પાડી દીધા છે. તેમાં આપણાં-ધર્મશાસ્ત્રોનો અભિપ્રાય તેઓએ consider કર્યો (વિચાર્યો) નથી અને હજી પણ કરતા નથી.

આજે રાજ્ય એમ માને છે કે "Religion must be governed by the Government. Governing powers of religion are vested in the state, (રાજ્ય એમ માને છે કે ધર્મનું નિયંત્રણ-વહીવટ સરકાર જ કરે, ધર્મનું નિયંત્રણ-વહીવટ કરવાના અધિકારો સરકારને અપાયા છે.) જ્યારે આપણી માન્યતા પ્રમાણે ધાર્મિક વહીવટ કરવાનો અધિકાર ધર્મના અનુયાયીઓનો છે. **As per our religious rules you (its followers) have the powers to manage the affairs of religion and not anybody else. And for that purpose you have to strictly follow the rules prescribed in the scriptures and not otherwise. (આપણા ધર્મસિદ્ધાંતો પ્રમાણે ધર્મકાર્યોની વ્યવસ્થાના અધિકારો જે તે ધર્મનું પાલન કરનારાઓના હાથમાં છે, અને અન્ય કોઈના હાથમાં નથી, અને તે માટે તમારે ધર્મશાસ્ત્રોમાં બતાવેલા નિયમોના આધારે જ ચુસ્તતાથી ચાલવાનું છે, તેનાથી વિરુદ્ધ નહીં.)** આની સામે ધર્મના વહીવટ માટે રાજ્યે પોતાના કાયદા અને નિયમો બનાવી તેના Governing powers (શાસકીય-નિયંત્રક અધિકારો) પોતાના હાથમાં રાખ્યા છે, તે જ અત્યારે

ધર્મસ્થાનકો અને તીર્થોના પ્રશ્નોનું starting point (શરૂઆત) છે. "ધર્મનાં અવિભાજ્ય અંગો ધર્મ નથી," આવો નિર્ણય કરતાં પહેલાં રાજ્યે ધર્મગુરુ અને ધર્મશાસ્ત્રોનો અભિપ્રાય લેવો જ જોઈએ. વાસ્તવમાં તો આ નિર્ણય રાજ્યે કરવાનો હોતો જ નથી, તે છતાં કર્યો છે; તેમાં પણ ધર્મગુરુ કે ધર્મશાસ્ત્રોનો અભિપ્રાય લીધો નહીં, જેનાથી ધર્મગુરુ, ધર્મશાસ્ત્રો અને તે તે ધર્મને ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે. તેઓને તે માટે વારંવાર કોર્ટમાં ઢસડાવું પડ્યું છે. તેવા સેંકડો કેસો સ્વરાજ્ય પછી લડાયા છે. અરે! ઘણા કેસોમાં તો litigantsએ (પક્ષકારોએ) છેક સુપ્રિમ કોર્ટ સુધી fight (લડત) આપી છે. કપરી કસોટીઓમાંથી પસાર થયા છે, કારણ કે સુપ્રિમ કોર્ટ સુધી લડવું એ કાંઈ બચ્ચાંના ખેલ નથી. તેમાં લડનારે કેટલીય મથામણ કરવી પડે, ભગીરથ પુરુષાર્થ માંગે તેવું આ કામ છે. આ દેશમાં સ્વરાજ્ય આવ્યા પછી પ્રજા માટે ન્યાય કોઈ સસ્તી ચીજ નથી. મને એક સારા counsellorએ (વકીલે) આ માટે કહેલું કે "Justice is a very luxurious item." (ન્યાય એ ઘણી ખર્ચાળ વસ્તુ છે.) જે પૈસા ખર્ચે તેને માટે (ન્યાય) છે, કારણ કે એક કેસ Supreme Court સુધી લડવામાં કરોડો રૂપિયા જોઈએ. વળી, વર્ષો સુધી કેસ ચાલે. Modern system of litigation in India is very delaying. (ભારતમાં પ્રવર્તતી ન્યાય અંગેની આધુનિક પદ્ધતિ ઘણી લાંબી છે.) તેમાં ન્યાય મળતાં પણ વાર ઘણી લાગે, અને ન્યાય મેળવવા cost (ખર્ચો) એટલી બધી high (ઊંચો) આવે છે કે સામાન્ય પ્રજા તો તેને afford જ ન કરી શકે. (પોષાય જ નહિ) તેઓ તો અન્યાય સહન કરી લેવાનું પસંદ કરે પરંતુ ન્યાય મેળવવા કોર્ટમાં ન જાય.

Litigationsમાં (દાવાઓમાં) ૮૦% કેસો તો કંપનીઓના હોય છે, જેમાં ખર્ચા બધા કંપનીના માથે હોય અને સરકારના casesમાં public પર load હોય છે. (કેસોમાં લોકો પર ભાર હોય છે.) સામાન્ય publicને (લોકોને) લડવામાં તો ઘણાં problems (પ્રશ્નો) છે, તો પછી ધર્મનું નેતૃત્વ કરનારાઓને કાયદાકીય લડત આપવામાં કેટલી મુશ્કેલી પડી હશે ? આવી પરિસ્થિતિ હોવા છતાં ધર્મના અધિકારો માટે લડવા સેંકડો કેસો સુપ્રિમ કોર્ટમાં ગયા છે. જે ધર્મ શાંતિથી આખી પ્રજાને સતત સત્કાર્ય, સદાચાર, સદ્ગુણની પ્રેરણા આપે, ઉપદેશ આપીને અપરાધમાંથી પ્રાયશ્ચિત્ત દ્વારા મુક્ત કરાવે, તેવા ધર્મને પણ ન્યાય મેળવવાના નામથી સેંકડો કેસો લડવા જવું પડે છે તે અત્યંત ખેદજનક બાબત છે. પાછું આમાં પરસ્પર-અંદરોઅંદર ધર્મના ઝઘડાના કારણે નહીં, પરંતુ ધાર્મિક અધિકારો માટે રાજ્ય સામે લડવા ગયા

તેવા ઢગલાબંધ કેસો છે. દેરાસર, ઉપાશ્રય, ગુરુદ્વારા, મંદિર, મઠ વગેરે તથા ધાર્મિક સંપત્તિ માટેના કોઈપણ કેસો હોય, તેમાં કોર્ટે બંધારણના અર્થઘટન દ્વારા જે પણ અભિપ્રાય આપ્યા છે તે વાંચતાં થાય કે રાજ્ય ધર્મને સાવ નબળું તત્ત્વ માને છે, તેને non-entityની (અસ્તિત્વરહિત-શૂન્યની) જેમ જ ગણે છે.

સમેતશિખર તીર્થમાં આપણને રાજ્ય તરફથી ખૂબ જ અન્યાયી treatment (વ્યવહાર) અપાઈ છે. આ તીર્થભૂમિ માટે રાજ્ય અને કોર્ટ તરફથી જે જે statements અપાયાં (વિધાનો કરાયાં) છે તેમાં contradiction (પરસ્પર વિરોધી) ઘણું છે. જૈનસંઘે ૨૦૦ વર્ષથી શિખરજી માટે litigations (દાવાઓ) કર્યા હશે. શરૂઆતમાં તો બ્રિટિશ શાસનમાં આપણે કોર્ટમાં ગયા હતા. તેઓએ આ પહાડ માટે statements (વિધાનો) કર્યાં કે "આ આખો પહાડ જૈનોનું શ્રેષ્ઠ, પવિત્ર, પૂજનીય ધર્મસ્થાનક છે. તેના કણેકણ મંદિર જેટલા જ પવિત્ર છે. તેની જૈનો ખૂબ આદરભાવ સાથે ઉપાસના-ભક્તિ કરે છે. ખાલી મંદિરને નહીં પરંતુ સંપૂર્ણ પહાડને જૈનો તીર્થ માની પૂજે છે." આ વાત છેક privy council (પ્રીવી કાઉન્સિલ) સુધી મંજૂર થઈ. કારણ શાસ્ત્ર તથા તીર્થયાત્રાએ જનારા જૈનોનું વર્તન; આ બે પુરાવાનો કોર્ટ અસ્વીકાર ન કરી શકે તેવી સ્થિતિ હતી. Even (અરે !) ન્યાયાધીશોએ evidences verify કર્યા (પુરાવાઓ ચકાસ્યા) પછી કબૂલ કર્યું છે કે "આ તીર્થને જૈનો પવિત્ર સ્થાનક તરીકે માને છે અને પૂજે છે." છતાં છેલ્લે એક વાક્ય એમ પણ લખ્યું કે "કોઈ વસ્તુને તમે પવિત્ર ધર્મસ્થાનક કે પવિત્ર ધર્મનું પ્રતીક માની પૂજો તેટલા માત્રથી તે તમારી માલિકીનું થઈ જતું નથી." આ વાતની સામે આપણે માલિકી માટેના documents (દસ્તાવેજો) કોર્ટમાં રજૂ કર્યા. તો દલીલો દ્વારા એવાં ચીંથરાં ઉડાડ્યાં કે આપણને થાય કે ન્યાયની પદ્ધતિમાં કેટલી બધી નબળાઈ છે ! અકબરનાં ફરમાનો અને જૂના documents (દસ્તાવેજો) પુરાવા તરીકે મૂકતાં, કોર્ટમાં પ્રશ્ન એ પુછાયો કે "તમે આ documents (દસ્તાવેજો) આટલાં મોડાં કેમ મૂક્યાં ? આટલાં વર્ષો સુધી આ documents (દસ્તાવેજો) ક્યાં સચવાયાં તેનો સીલસીલાબંધ record (વિગત) આપો. જો record (વિગત) ન આપી શકો તો અમને આ documents (દસ્તાવેજો) મંજૂર નથી." આમાં તો એવું પણ બને કે કોઈ ૩૦૦ વર્ષનો record (વિગત) ન પણ આપી શકે; કારણ કે જૈન ધર્માચાર્યોનું જીવન અને આચાર એવા હોય છે કે તેઓ કદી એક ઠેકાણે લાંબો સમય રહેતા નથી. બીજા ધર્મના સંન્યાસીની જેમ અમારે મઠ નથી. "We have no particular

place of residence." (અમારે રહેવાનું કોઈ ચોક્કસ સ્થાન નથી.) હવે આવા ઐતિહાસિક documents (દસ્તાવેજો) કે જે આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ.સા.ના નામના હતા, તે એમની પાસે સચવાયા હતા. તેમના કાળધર્મ પામ્યા પછી બીજાને અપાયા. આમ, પરંપરાએ અત્યારે આટલું સચવાયું છે તે, પણ આશ્ચર્ય કહેવાય, છતાં તેઓ કહે છે કે સીલસીલાબંધ record (વિગત) આપો.

**સભા :** આચાર્ય મ.સા.એ આ ફરમાનો, documents (દસ્તાવેજો) સંઘને સોંપ્યા હશે ને ?

**સાહેબજી :** આપણે ત્યાં વ્યવસ્થા એવી હતી કે અમુક વસ્તુ ધર્માચાર્યના અધિકારમાં જ રહેતી. આચાર્ય મહારાજ તે વસ્તુ સંઘને ક્યારે સોંપે ? જ્યારે તેમને લાગે કે હવે આને આપણે સુરક્ષિત નહીં રાખી શકીએ તો નુકસાન થશે, ત્યારે જ સંઘને સોંપે. સંઘમાં પણ આપણે ત્યાં એક સંઘ નથી હોતો. Local (સ્થાનિક) સંઘ પણ ઘણા હોય છે. આવી પરિસ્થિતિમાં આ documents (દસ્તાવેજો) આટલા safe (સુરક્ષિત) છે તે મોટું આશ્ચર્ય છે. છતાં કોર્ટે તેને reject (નામંજૂર) કરી દીધા અને કહ્યું કે "આ પહાડને પવિત્ર માની તમે પૂજો તેટલા માત્રથી તે તમારી માલિકીનો નથી થઈ જતો."

માલિકી બાબતે ભારતના Vice-Roy (વાઇસરૉય) મધુબન આવ્યા. ત્યાં તેમણે (શ્વેતાંબર-દિગંબરની) મિટિંગ કરી કહ્યું કે "આ પહાડનો માલિક પાલગંજનો રાજા છે. તે અહીં શિકાર કરે, કતલખાનાં ખોલાવે કે બીજી કોઈપણ પ્રવૃત્તિ કરે તો તમને અટકાવવાનો right (અધિકાર) નથી. આ પહાડની પવિત્રતા જાળવવાની જો તમારી ઇચ્છા હોય તો તમે આ પહાડ ખરીદી લો." વાઇસરૉયના કહેવાથી આપણા પૂર્વજોએ રૂપિયા અઢીલાખ પાલગંજના રાજાને અને રૂપિયા એક લાખ નવાગઢના જમીનદારને, એમ કરી સાડાત્રણ લાખ રૂપિયા ચૂકવી પહાડના જે પણ કહેવાતા હકો રાજા પાસે હોય તે વેચાતા લઈ લીધા; જેની value (કિંમત) અત્યારે Goldના ભાવ (સોનાના ભાવ) પ્રમાણે ગણીએ તો more than 30 billion Rupees (રૂ. ૩૦ અબજ કરતાં વધારે) થાય. આ પહાડના જે જે અધિકારો જેની જેની પાસે હતા તે બધા અધિકાર હસ્તગત કરવા પૈસા ચૂકવી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની સંપૂર્ણ માલિકિયતનો પહાડ બનાવ્યો. સરકારે પહેલાં પર્વતની પવિત્રતા જાળવવા purchase કરવા (ખરીદવા) માટે compel કર્યા (દબાણ કર્યું), અને

હવે સરકાર કહે છે કે "આ પહાડ તમે ખરીદ્યો માટે તે એક પ્રકારની estate (મિલકત) છે. ભલે જમીન તમારી માલિકિયતની હોય, પરંતુ Land Reforms Act, (જમીન સુધારણા ધારો,) Land Ceiling Act (જમીન ટોચમર્યાદા ધારો) જેવા કોઈપણ land-જમીન સંબંધી Act-કાયદા હેઠળ સરકાર તે જમીનને લઈ શકે છે."

સરકાર આ પહાડને જમીન કે માટી-પથ્થરનો ઢગલો માને છે, જ્યારે આપણે તેને પવિત્ર તીર્થભૂમિ માનીએ છીએ. તીર્થભૂમિની value (કિંમત) કદી પૈસામાં ન મૂલવાય, કારણ કે આ ભૂમિનો દરેક કણીયે કણીયો મહાપવિત્ર છે. જે ભૂમિ ઉપર આ અવસર્પિણી કાળના ચોથા આરામાં ૨૦-૨૦ તીર્થંકરો ભાવતીર્થંકરની અવસ્થામાં વિચરતા વિચરતા આવ્યા, ત્યાં તેમનાં સમવસરણ મંડાયાં, ભગવાને દેશના આપી, હજારો નહીં પણ કરોડો મુનિઓ સાથે વીસે વીસ તીર્થંકરો અણસણ કરી ત્યાં પોતપોતાના કાળે નિર્વાણ પામ્યા છે. તે સિવાય પણ બીજા ઘણા મુનિવરો ત્યાં મોક્ષ પામ્યા છે. માટે આ ભૂમિને કોઈ સામાન્ય ભૂમિ ન ગણાય અને તે રીતે તેને ન મૂલવાય. આ ભૂમિમાં જે spiritual power (આધ્યાત્મિક શક્તિ) છે તે બીજે ક્યાંય create કરી (સર્જન કરી) શકાય તેમ નથી. **જૈન physics (પદાર્થવિજ્ઞાન) પ્રમાણે તીવ્ર શુભ મનોબળવાળી વ્યક્તિ જ્યાં રહે ત્યાંના વાતાવરણમાં તે વ્યક્તિના મનના જે vibrations (તરંગો) હોય તેની impact (અસર) વર્ષો સુધી રહે છે.** અરે! નબળા સત્ત્વવાળી વ્યક્તિ ત્યાં જાય અને તેનામાં જો થોડીક પણ receptivity (સંવેદના-ગ્રાહકતા) હોય તો તેના જીવનમાં turning point (વળાંક-બદલાવ) આવ્યા વિના ન રહે. તેથી જ આ ભૂમિ invaluable (અમૂલ્ય) બની જાય છે. રાજ્યે આ super sacred placeની compulsory (મહાપવિત્ર ભૂમિની ફરજિયાત) ખરીદી કરાવી, અબજો ને અબજો રૂપિયા જૈનસંઘે તેને માટે આપ્યા, છતાં જૈનોએ આજ દિવસ સુધીમાં આ પહાડના કોઈપણ areaનો (ભાગનો) ભૌતિક દૃષ્ટિએ કોઈ ઉપયોગ કર્યો નથી. તે ભૂમિ પર આપણે નથી કર્યો કોઈ વ્યવસાય, નથી કરી ખેતી કે નથી કરી મોજમજા; ત્યાંના એક પણ resourcesનો (સ્રોતોનો) ઉપયોગ જૈનોએ ભૌતિક દૃષ્ટિએ કર્યો તો નથી, પણ કરવાનો વિચાર સુદ્ધાં નથી કર્યો. જે ભૂમિને જૈનો આટલી પવિત્ર માની પૂજે છે, તે ભૂમિને સરકાર કહે છે કે "તમે તેને ખરીદ કરેલી છે માટે તે land/estate (જમીન/મિલકત) છે અને તેમ કરી acquire કરી (લઈ લીધી) છે. વળી દલીલ કરે છે કે અમે જેમ જમીનદારોની જમીનો લઈ

લીધી, રાજાઓનાં રાજ લઈ લીધાં, તેમ તમારી પાસેથી આ જમીન લેવાનો અમારો અધિકાર છે." આમ કહી રાજ્યે આ તીર્થ પાછું પડાવી લીધું છે. આની સામે જૈનોનો વિરોધ થયો. જૈનસંઘના નેતૃત્વ હેઠળ પગલાં લેવાયાં. આપણે સુપ્રિમ કોર્ટમાં ગયા. ત્યાંથી રીટ પાછી ખેંચી હાઈકોર્ટમાં જવાના હતા ત્યારે સરકારે compromise (સમાધાન) કરવાની તૈયારી બતાવી. જેમાં કહ્યું તમારી અને અમારી (જૈનોની અને સરકારની) અમુક વાત સચવાય અને તે માટે રાજ્યે agreement (કરાર) કરવાનું નક્કી કર્યું. તે અંગે ૧૦૦ જેટલી મિટિંગો થઈ હશે. સર્વમાન્ય નિર્ણયો પછી cabinetની (મંત્રીમંડળની) પણ તેમાં approval (મંજૂરી) લેવાઈ. Governmentના representativeએ (સરકારના પ્રતિનિધિએ) બધાની હાજરી વચ્ચે sign (સહી) કરી છે. ત્યારબાદ ૨૫ વર્ષ સુધી રાજ્યે આ કરારને મંજૂર રાખ્યો છે. આ કરાર operational (અમલમાં) છે તેમ લેખિતમાં પણ કોર્ટને રાજ્યે કહ્યું છે. તે જ રાજ્ય ૨૫ વર્ષ પછી હવે કહે છે કે "આ કરાર મૂળમાંથી ખોટો છે, invalid (અમાન્ય) છે, કાયદા અને public policyની againstમાં (જાહેર નીતિની વિરુદ્ધમાં) જાય છે. માટે રાજ્યે કરેલ આ કરારની zero value (શૂન્ય કિંમત) છે, તે null and void (શૂન્ય અને રદબાતલ ) થાય છે." તમે જો કોર્ટમાં એક statement (વિધાન) ફેરવો તો તમારી સામે કોર્ટ question raise (પ્રશ્ન ઊભો) કરે. જ્યારે રાજ્યે ફેરવેલ statementને (વિધાનને) કોર્ટમાં મંજૂર તો કરાયું, એટલું જ નહીં પરંતુ એના આધારે છેલ્લો ચુકાદો અપાયો કે "આ પહાડ સરકારનો છે, મંદિરની જગ્યા જે એક એકરથી પણ ઓછી થાય છે તેમાં અમે માથું નહીં મારીએ." આ અતિદુઃખદ અને આઘાતજનક બીના છે.

પહેલાં પવિત્રતા સાચવવાના એકમાત્ર વિકલ્પ તરીકે બતાવી આપણી પાસે તે પહાડ મજબૂર કરી ખરીદાવ્યો. ખરીદ્યા પછી કહ્યું કે "પહાડ ખરીદ્યો માટે તે estate (મિલકત) ગણાય અને સરકાર તેને લઈ શકે છે." આમ, ચારેબાજુથી આપણને સાણસામાં જકડ્યા છે. આ ગૂંચવાડાનું મૂળ એ છે કે ધર્મશાસ્ત્ર આધારિત વાતોને તેઓએ બાજુમાં મૂકી દીધી છે. ધર્મની propertyની (મિલકતની) બાબતમાં ધર્મશાસ્ત્ર પ્રમાણે ન વિચારતાં રાજ્યના કાયદા દ્વારા તેનું governing (શાસન) થાય, અને રાજ્યને તેનું regulation (વહીવટ) કરવાનો અધિકાર છે, આવું તેઓએ જાતે જ નક્કી કરી લીધું. તમારે માત્ર દેરાસર, ઉપાશ્રયમાં શ્રદ્ધા જાળવી ધર્મની પ્રવૃત્તિ કરવાની, પરંતુ ધાર્મિક સંપત્તિ પર અધિકાર રાજ્યનો જ છે.

**સભા :** આપણા અંદરના, પરસ્પરના ઝઘડાના કારણે આવું થયું છે.

**સાહેબજી :** આ વાત નિરાધાર છે, કારણ કે ભૂતકાળમાં પણ ભારતમાં હજારો વર્ષોના સમયગાળામાં ધર્મોમાં પરસ્પર ઝઘડા તો અનેકવાર થયા જ છે, છતાં રાજ્યે કોઈ ધર્મસ્થાનને સીધું acquire (ગ્રહણ) નહોતું કર્યું. તમારા ભાઈ-ભાઈના પરસ્પરના ઝઘડામાં જો સરકાર કહે કે "Property (મિલકત) અમને આપી દો. Now your property right has gone." (હવે તમારો મિલકતનો હક ગયો.) તો શું તમે તે property (મિલકત) જતી કરશો ?

**સભા :** ઝઘડાને કારણે અત્યારે property (મિલકત) આપી દેવી પડે તેવી પરિસ્થિતિ છે !

**સાહેબજી :** એવી પરિસ્થિતિ જો તમે માનતા હો તો તે તમારી ભૂલ છે. આવા કેસમાં તો કોર્ટમાં ચુકાદો એ આવે કે "આ ભાઈનો આટલો right (હક) છે અને આ ભાઈનો આટલો right (હક) છે." જ્યાં જેનો જેટલો હક હશે તેટલું તેને સોંપવા કોર્ટ order (હુકમ) કરશે, પરંતુ એવું નહીં કહે કે "તમે બે ઝઘડો છો, માટે અમે લઈ લઈએ." જો આવું થતું હોય તો તેને ન્યાય ન કહેવાય. અને જો આવો ન્યાય હોય તો "કોઈ એક અબજોપતિના બંગલા માટે રસ્તે ચાલતો માણસ બંગલામાં ઘૂસી જઈને ૧૦% હક માંગી, ઝઘડો કરી કોર્ટમાં જાય, ત્યારે સરકાર કહે કે તમે બે ઝઘડો છો માટે આ સંપત્તિ અમારી", એવી વાત થઈ જાય. પરંતુ આવું ક્યાંય હોય નહિ. ભારતના બંધારણમાં આવું ક્યાંય લખ્યું નથી કે "કોઈ બે પાર્ટી ઝઘડે તો રાજ્યે_તેમની પાસેથી વસ્તુઓ લઈ લેવી." અરે ! આવો અધિકાર રાજ્યને પણ નથી અને આવું interpretation (અર્થઘટન) કોર્ટમાં પણ નથી કરાતું.

**સભા :** એક party powerful (પક્ષ મજબૂત) હોય અને સરકારને impress (પ્રભાવિત) કરી શકે તો તેની તરફેણમાં કેસ જાય.

**સાહેબજી :** ન્યાય રાજ્ય સરકારે આપવાનો નથી, પરંતુ ન્યાયતંત્રે આપવાનો છે. લોકશાહીમાં judiciary has particular powers & executive has particular powers. (ન્યાયતંત્રને અમુક સત્તા છે અને સરકારને અમુક સત્તા છે.) Democratic stateમાં ત્રણ wings છે. (લોકતાંત્રિક રાજ્યમાં વહીવટ માટે ત્રણ પાંખ હોય છે.) અને ત્રણેની સત્તા સ્વતંત્ર છે.

**સભા :** પરંતુ અત્યારે ભ્રષ્ટાચાર છે, તેનું શું ?

**સાહેબજી :** તમે corruptionનો point raise (ભ્રષ્ટાચારનો મુદ્દો ઊભો) કરો છો, તેમાં વધારે નાણાં ખરચી કામ કરાવી શકાય છે, જ્યારે અહીં corruptionનો (ભ્રષ્ટાચારનો) પ્રશ્ન નથી. અહીં તો આપણું લઈ લેતી વખતે પણ તેને કાયદેસર બતાવી લઈ લેવામાં આવ્યું છે.

**સભા :** સરકારે હસ્તક્ષેપ ક્યારે કર્યો ?

**સાહેબજી :** આપણા અને દિગંબરો વચ્ચે ઝઘડો નહોતો ત્યારે સરકારે હસ્તક્ષેપ કર્યો છે.

**સભા :** સરકારે આ તીર્થભૂમિ શા માટે માંગી ?

**સાહેબજી :** રાજ્યે Socialismના (સમાજવાદના) નામથી રાજાઓનાં રાજ, જમીનદારોની જમીન અને તે સિવાય પ્રજા પાસેથી પણ ઘણું ઘણું acquire કર્યું (લઈ લીધું) છે. અરે ! તેમને કાયદાનાં આવાં આવાં અર્થઘટન કરીને ધર્મનું પડાવી લેવામાં પણ વાંધો નથી.

આજે કેટલાય શ્વેતાંબર જૈનોના માનસમાં એક છાપ એવી ઊભી થઈ ગઈ છે કે "આપણા અને દિગંબરો વચ્ચે પરસ્પર ઝઘડો ઊભો થયો માટે આ તીર્થ ગયું." પરંતુ વાસ્તવિકતા આનાથી વેગળી છે. આ તીર્થ માટે સ્વરાજ પહેલાં ઈ.સ. ૧૯૩૩માં છેલ્લું Privy Councilનું judgement (પ્રીવી કાઉન્સિલનો ચુકાદો) આવેલું, જ્યારે અત્યારનો દિગંબરો સામે ચાલી રહેલો આ case તો ઈ.સ. ૧૯૬૭નો છે. અર્થાત્ કે તે ૩૪ વર્ષ દરમ્યાન આપણા અને દિગંબરો વચ્ચે કોઈ ઝઘડો, મતભેદ કે litigations (દાવાઓ) થયાં નથી. બધું જ સમુસૂતરું ચાલતું હતું ત્યારે ગરીબોને જમીન વહેંચણીના ઉદ્દેશથી સરકાર Bihar Land Reforms Act (બિહાર જમીન સુધારણા ધારો) ઈ.સ. ૧૯૫૨માં લાવી. તેની સાથે પણ આપણને સીધો વાંધો ન હતો, પરંતુ આ કાયદા નીચે આપણા શ્રેષ્ઠ પવિત્ર ધર્મક્ષેત્રને લઈ લેવાના ઇરાદાથી સરકારે ૧૯૫૩માં એક special notification (ખાસ જાહેરનામું) બહાર પાડ્યું, જે બતાવે છે કે સરકારે શાંત જળમાં પથરો નાંખીને ડહોળવાનું કામ કર્યું છે, કારણ કે જ્યારે કોઈ બે જણા શાંત હોય, તેમની રીતે બધું ચલાવતા હોય ત્યારે ત્રીજો વચ્ચે ટપકીને સીધું હડપ કરવાનું ચાલુ કરે તો એમ કદી ન

કહેવાય કે તે બંનેનો ઝઘડો હતો, માટે સરકારે લીધું છે. આપણી સામે દિગંબરોએ પાછળથી suit કર્યો (દાવો માંડ્યો) છે, જ્યારે સરકારે પહેલાં માથું માર્યું છે, રાજ્ય સરકારે Land Reforms Act, (જમીન સુધારણા ધારો,) કે જેને આ ગિરિમય તીર્થભૂમિ સાથે કોઈ નિસ્બત નથી, તેના નામે આ મહાન તીર્થને હસ્તગત કરવાનો પ્રયત્ન કર્યો છે.

**સભા :** આપે રોગનું નિદાન સાચું કર્યું, પરંતુ હવે આનો ઉકેલ લાવવા શું કરવું ?

**સાહેબજી :** કોર્ટ પાસે ધર્મશાસ્ત્ર પ્રમાણે કાયદાકીય અર્થઘટન કરાવવાની જરૂર છે. તે માટે Legal fight (કાયદેસર લડત) આવશ્યક છે અને તેની જ હું તૈયારી કરી રહ્યો છું. તેમાંના બધા points (મુદ્દા) તમે સમજી શકો તેમ નથી, છતાં એટલું ચોક્કસ છે કે બંધારણનું proper (યોગ્ય) અર્થઘટન કરાવવામાં બધા ધર્મોને ઘણો જ લાભ થાય તેમ છે. "આ ધર્મસ્થાનક હોવાથી તે તેના અનુયાયીઓની માલિકીનું છે, સરકારનું નહિ," આ વાત કોર્ટ directly (સીધેસીધી) સ્વીકારશે નહીં. જેમ કે એક ઉપાશ્રય છે અને સરકારને એમ લાગે કે આ ઉપાશ્રય road (રસ્તો) બનાવવામાં આડખીલી કરે છે, તો બંધારણના અર્થઘટન દ્વારા રાજ્યને અપાયેલા અધિકારો વડે road (રસ્તો) બનાવવા માટે રાજ્ય ઉપાશ્રય લઈ શકે છે. કારણ કે કોર્ટે "આ વસ્તુ ધર્મ નથી, Religious places are not religion, but they are secular parts of religion." (ધાર્મિક સ્થળો એ ધર્મ નથી, પરંતુ તેઓ ધર્મના બિનસાંપ્રદાયિક વિભાગો છે.) એવો અર્થ કર્યો છે, જે બુદ્ધિમાં ન બેસે તેવી વાત છે. "ભગવાનની પ્રતિમા તે ધર્મ નથી" એમ સરકાર કહે છે, પરંતુ જેઓ ધર્મશાસ્ત્રને થોડા પણ સમજેલા હશે તેમને આ વાત અજુગતી લાગશે. "ધર્મસ્થાનકો, ધર્મનાં પ્રતીકો, ધાર્મિક સંપત્તિ તે ધર્મ નથી; તેનો વહીવટ કરવો તે પણ ધર્મ નથી; લખેલાં ધર્મશાસ્ત્રો, જ્ઞાનભંડાર, પ્રાચીન હસ્તપ્રતો પણ ધર્મ નથી; તેનાથી આગળ વધીને બંધારણના અર્થઘટનથી તો આ બધું ધર્મ નથી, પરંતુ ધર્મનો છૂટો વિભાગ કે અવિભાજ્ય અંગ પણ નથી, તેમ કહે છે. બંધારણ પ્રમાણે તો The object which is integral part of religion, can only be considered as religion. (જે વસ્તુ ધર્મ સાથે એકરૂપ, અંતર્ગત ભાગ તરીકે હોય તેને જ ધર્મ તરીકે ગણી શકાય.) જે વસ્તુ ધર્મ સાથે એકરૂપ, અંતર્ગત હોય તેને છોડી બીજે બધે રાજ્યનો હક છે. જે વસ્તુ ધર્મ સાથે એકરૂપ છે તેટલામાં જ તમે એનું સંચાલન

કરવા સ્વતંત્ર છો, બાકી નહીં," આવું સરકાર કહે છે. તો તેની સામે પ્રશ્ન એ થાય કે ધર્મનાં અવિભાજ્ય અંગ આટલાં છે અને આટલાં નથી તેનો નિર્ણય શેના આધારે નક્કી કરવો ? તો ત્યાં કોર્ટે લખ્યું કે "તે તે ધર્મનાં ધર્મશાસ્ત્રો પ્રમાણે નક્કી કરવું." બસ, આ જ વાતનો આપણે લાભ લઈ કામ કરી શકીએ તેમ છીએ. કારણ કે આપણા ધર્મશાસ્ત્રમાં ધર્મનું અવિભાજ્ય અંગ શું તેનું વર્ણન કરવામાં ઘણી મહત્ત્વની વાતો visualise થશે. (સ્પષ્ટ ખ્યાલ આવશે.)

જૈનધર્મમાં આપણે અનંતા તીર્થંકરો માનીએ છીએ. તીર્થંકરની પરંપરા અનંતકાળથી ચાલી આવે છે. હરેક તીર્થંકર પોતાનું શાસન સ્થાપે છે, પરંતુ કોઈ તીર્થંકરે નવો ધર્મ પેદા નથી કર્યો. માત્ર અનંતકાળથી ચાલ્યો આવતો ધર્મ અને ધર્મના સિદ્ધાંતોનો લોકમાં ઉપદેશ આપી, તેને પ્રગટ કર્યો છે. તેથી ધર્મના સિદ્ધાંતોને અનુરૂપ આચારમાર્ગ પણ જૈનધર્મમાં મૂળભૂત રીતે eternal (શાશ્વત) છે, ever-changing (નિત્ય બદલાતો) નથી. કોર્ટમાં interpretation (અર્થઘટન) એવું કરાયું છે કે "The permanent base of religion, which can be considered as an integral part of religion, (ધર્મનો જે શાશ્વત પાયો છે, તે ધર્મ સાથે એકરૂપ, અંતર્ગત ગણી શકાય.) તેમાં રાજ્ય માથું ન મારી શકે." આ point (મુદ્દા) પર ભાર આપી આપણે જેટલું બચાવી શકીએ તેટલું બચાવવાનું છે, બાકી બીજા બધામાં રાજ્ય માથું મારશે જ. તેટલું જ નહીં, પરંતુ બીજા નવા નીતિ-નિયમો ઘડવા માટેના પણ રાજ્યને બધા powers (અધિકારો) છે.

સમેતશિખરજીતીર્થ કે સિદ્ધગિરિજીતીર્થ જૈનધર્મના અવિભાજ્ય અંગરૂપ, પ્રાણ સમાન હોવાથી અમે તેને અનહદ બહુમાનથી પૂજીએ છીએ તે વાત સરકાર અને કોર્ટોને જણાવવી પડે. "આવાં તારક તીર્થો વિના જૈનો તેમના ધર્મની મૂળભૂત સ્વરૂપમાં ઉપાસના ન કરી શકે. અમારા માટે વર્ષમાં એક વખત તેની સ્પર્શના કરવી આવશ્યક છે." આ બાબત પણ કહ્યા વિના તે તીર્થો બચાવી શકાય તેમ નથી, અને છેલ્લે તેના આધારભૂત references (સંદર્ભો-શાસ્ત્રપાઠો) પણ આપવા જ પડશે. તમારામાંનો કોઈ સરકારના કે બંધારણના અન્યાયી વર્તન સામે challenge (પડકાર) કરી શકે તેવી ક્ષમતાવાળો દેખાતો નથી. જ્યારે આવા વખતે આગમમાં સ્પષ્ટ વિધાન આવે છે કે "જે રાજા ધર્મમાં બહુ માનતો ન હોય, અથવા જેને ધર્મની ઉપેક્ષા હોય, તેવો રાજા જ્યારે ધર્મવિરુદ્ધ અન્યાયી વર્તન કરે, તો તેવા સમયે ધર્માચાર્ય સંઘ સહિત રાજસભામાં જઈને રાજાને કહે, કે "તું જે કરવા માંગે છે તે

તારી મર્યાદા બહારનું પગલું છે. State has no jurisdiction in this matter. (રાજ્ય આ બાબતમાં કાયદા લગાવવા માટે હકદાર નથી.) તું તારી મર્યાદામાં આવી જાય તે જ લાભમાં છે." પરંતુ અત્યારે આવું કહેવા છતાં સરકાર તમને કે ધર્માચાર્યને ગાંઠે તેવી નથી. વળી, અત્યારના રાજ્યમાં સત્તા પર રહેલા સત્તાધીશો પણ કાયમી નથી. ગાંધીજીએ કહેલું કે "લોકશાહીમાં સત્તાનો ધણી એક નથી. તેથી તેમણે British Parliamentને (ઇંગ્લેન્ડની સંસદને) વેશ્યાની ઉપમા આપેલી." દર નવી ચૂંટણીએ લોકો દ્વારા ચૂંટાયેલ જે કોઈ પ્રતિનિધિ તરીકે જાય તેમને બંધારણ દ્વારા સત્તા મળે છે. તેથી તેઓ એમ જ કહેશે કે "અમને બંધારણથી મળેલ સત્તા કાયદેસર છે." માટે તેવાને તમે ઉપદેશ પણ શું આપો ?

**સભા :** અંગ્રેજ રાજ્યથી બંધારણમાં આવી ભૂલ હતી ?

**સાહેબજી :** British ruleમાં (અંગ્રેજ રાજમાં) પણ ઘણી systems (પદ્ધતિઓ) ખોટી હતી, છતાં ત્યારે તો કહી શકાય એમ હતું જ નહીં. તે વિદેશી રાજ્ય હતું. તેમના અત્યાચાર પણ હતા. જ્યારે હવે રાજ્ય પ્રજાસત્તાક ગણાય છે અને પ્રજાસત્તાક રાજ્યના બંધારણમાં તો જે નક્કી કરાયું તે કાયદેસર ગણાય છે. જોકે બંધારણ દ્વારા જ સરકારને અમર્યાદિત સત્તાઓ અપાઈ છે, ત્યારે તમે કહો કે you have no right or jurisdiction, (તમને કોઈ અધિકાર નથી કે આ તમારા અધિકારક્ષેત્રમાં નથી) તો કોઈ સાંભળશે નહીં.

**સભા :** બંધારણને challenge (પડકાર) ન કરી શકાય ?

**સાહેબજી :** As a citizen of India, you cannot challenge its Constitution. (ભારતના નાગરિક તરીકે તમે બંધારણને પડકારી ન શકો.) અરે ! કોર્ટો પણ બંધારણની મર્યાદામાં રહીને જ order (હુકમ) આપી શકે, નહીં કે તેનાથી ઉપરવટ જઈને. તો પછી તમે બંધારણને challenge (પડકાર) કરવા ક્યાં જવાના ? માત્ર તમે ભારતની રાજનીતિના ન્યાયના ધારા-ધોરણ પ્રમાણે બંધારણની આ કલમમાં વિરોધાભાસ આવે છે તેવું કહી શકો, પરંતુ બંધારણને મૂળથી challenge કરી (પડકારી) ન શકો, કારણ કે વર્તમાનમાં તમારી પાસે તેવી capacity (શક્તિ) કે powers (અધિકાર) નથી. જોકે બાદશાહોના આક્રમણકાળમાં વસ્તુપાલ-તેજપાલ બાદશાહોની નીતિને પણ બદલાવી આવતા. જો તમે તેવા capable (શક્તિશાળી) હો તો જાહેરમાં તમારું સન્માન કરાવીને કહું કે આ

સંઘના હીરા છે. પરંતુ impractical (અવ્યવહારુ) વાત કરવાનો કોઈ મતલબ નથી. મારે તો possible અને practical (શક્ય અને વ્યવહારુ) વાત કરવી છે. શાસ્ત્રમાં માર્ગાનુસારીના ગુણમાં લખ્યું કે "બળાબળનો વિચાર કરી પગલું ભરવું, બળાબળનો વિચાર કર્યા વિના પગલું ભરો તો તે અવિવેક છે. તે જિનાજ્ઞાવિરુદ્ધ વર્તનારો છે, તેમ કહેવાય." આપણે ત્યાં જિનાજ્ઞા એ છે કે "જે સંયોગોમાં તમારાથી જે શક્ય હોય તે કરવું, જે અશક્ય છે તેને પકડીને ચાલવાનું નથી." આગમમાં પણ લખ્યું કે "દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો શક્યાશક્યથી, ઉત્સર્ગ-અપવાદથી, લાંબુ ભાવિ અને સંઘના હિતનો વિચાર કરીને બોલવું. સંઘના પ્રશ્નમાં તો અત્યંત કાળજી રાખી, સંઘ ભવિષ્યમાં ખાડામાં ન ઊતરે તે રીતે બોલવું." That's why we are speaking with accountability. (તે બાબતોનો ખ્યાલ રાખીને અમે ખૂબ જવાબદારી સાથે બોલીએ છીએ.) જિનવચન વિચારીને કહું છું કે "વર્તમાન જૈનસંઘમાં મને કોઈ એવો પાણીદાર હીરો દેખાતો નથી કે જે વર્તમાન બંધારણને challange (પડકારી) શકે."

પરંતુ એટલું ચોક્કસ કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વર્તમાન સરકાર જે કામ કરે છે તેની ટીકા ન કરી શકીએ. ઊલટું એમ કહી શકાય કે મહાસત્તાઓની hegemonyમાંથી (નેતાગીરી કે આગેવાનીમાંથી) આપણે બહાર નીકળીએ તે માટે અત્યારના સત્તાધીશો irrespective of party (પક્ષોથી પર થઈને) કામ કરી રહ્યા છે. આ દેશને પશ્ચિમના સકંજામાંથી બહાર કાઢવા આજના સત્તાધીશોએ પણ ઘણાં કામ કર્યાં છે, પરંતુ અંદર દેશમાં જ ધર્મો કચડાઈને પડ્યા છે. બંધારણના માળખાના કારણે ધર્મની crippled situation (પાંગળી પરિસ્થિતિ) થઈ છે. વાસ્તવમાં religious powers (ધાર્મિક અધિકારો) ધર્મ પાસે જ હોય, જ્યારે આજે religious field (ધાર્મિક ક્ષેત્ર) સરકાર દ્વારા અનેક પ્રકારે ચૂંથાયેલ છે. આ માટે આપણા દેશના નેતાઓ હમણાં કંઈ કરતા નથી, પરંતુ જો આપણે સક્રિય થઈએ તો કદાચ ધ્યાન આપે. અરે ! હમણાંના ઘણા judgesના way of thinkingમાં (ન્યાયાધીશોની વિચારધારામાં) પણ ફેરફાર થયો છે, તેવું ઘણા judgements (ચુકાદાઓ) પરથી લાગે છે. તેથી મારી ભલામણ છે કે જો કોર્ટમાં proper meaning (યોગ્ય અર્થ) તેમની પાસે કરાવી શકીએ તો અવશ્ય કામ થાય. આ કરવા public awareness (જનજાગૃતિ) જોઈએ અને તે માટે મારો આ પ્રયત્ન છે. તમે બધા સીધી ચળવળ લઈ છેક દિલ્હી સુધી મારી સાથે આવવાના છો તેમ હું નથી માનતો, કારણ કે

તમને તો ભય લાગે તો એક પછી એક પાછળથી સરકી જાઓ ને ?

**સભા :** તમે આગળ છો ને ?

**સાહેબજી :** ધર્મરક્ષા અને તીર્થરક્ષા કરવાની સાધુ-શ્રાવક બંનેની collective responsibility (સામૂહિક જવાબદારી) છે, નહીં કે એકલા સાધુની. આ ચતુર્વિધ સંઘની જવાબદારી છે. Particular (માત્ર) એક જણના માથે નાંખીને તમે નીકળી જાઓ તે વાજબી નથી. આમાં જે બહાનું કાઢશે તે ચૂકશે.

**સભા :** Land Reforms Act, (જમીન સુધારણા ધારો,) Forest Act (જંગલ ધારો) આદિ કયો (કાયદો) Act લગાડી આ તીર્થભૂમિ સરકારે લઈ લીધી ?

**સાહેબજી :** Land Reforms Act (જમીન સુધારણા ધારો) લગાડીને.

**સભા :** આ જમીન ક્યારે acquire કરી (લઈ લીધી) ?

**સાહેબજી :** ઈ. સ. ૧૯૫૩માં notification (જાહેરનામું) બહાર પાડીને acquire કરી. (લઈ લીધી.)

**સભા :** માત્ર Biharના Land Actનું (બિહારના જમીન ધારાનું) જ આવું પરિણામ છે કે બીજા stateના Actમાં (રાજ્યના કાયાદામાં) પણ આવું છે ?

**સાહેબજી :** બધે આવું છે. જેમ ગુજરાતમાં સિદ્ધગિરિનો પવિત્ર પહાડ પરાપૂર્વથી ચાલ્યો આવતો આપણો પહાડ છે, જેના પુરાવાઓ હોવા છતાં ગુજરાત સરકારે Forest Act (જંગલ ધારો) લગાડી acquire કરી (લઈ) લીધો છે.

અરે ! વૈદિક ધર્મનાં પણ ઘણાં ધર્મસ્થાનકો સરકારે કબજે કરી લીધાં છે. ઊલટું તેમનાં ધર્મસ્થાનકોમાં આપણા કરતાં સરકારનો કબજો વધારે જામેલો છે. આનું કારણ, તેમના તિરૂપતિ આદિ એક એક તીર્થોમાં કરોડોની આવક છે, જેની સામે આપણા સિદ્ધગિરિ, શંખેશ્વરજી, સમેતશિખરજી આદિ તીર્થોની કુલ આવક ક્યાંય ઓછી છે. છતાં, ઘણા જૈનોને ભ્રમણા છે કે જૈનો પાસે અન્ય ધર્મ કરતાં ધાર્મિક સંપત્તિ ઘણી છે. પરંતુ તેમને એ ખબર નથી કે આપણે સંખ્યામાં અલ્પ છીએ, જ્યારે તેઓમાં અનુયાયીઓની સંખ્યા વધારે છે. તેથી જૈનો ઉદાર હોવા છતાં પણ આપણું ધર્મદ્રવ્ય અન્ય ધર્મોના ધર્મદ્રવ્ય કરતાં ઓછું જ રહેવાનું. આપણાં કોઈ

પણ તીર્થસ્થાનમાં બાર મહિને ૧૦૦ કરોડની પણ આવક થતી નથી, જ્યારે વૈદિકધર્મનાં, શીખધર્મનાં કેટલાંય તીર્થસ્થાનોમાં બાર મહિને ૧૦૦ કરોડ, ૨૦૦ કરોડ, ૫૦૦ કરોડની આવક થાય છે. આ બધી yearly income (વાર્ષિક આવક) છે. અરે ! અમુક ઠેકાણે તો આવકનો આંકડો વહીવટદારોને પણ ખબર નથી હોતી. જેમ કે શીખધર્મના સુવર્ણમંદિરના તોષાખાનામાં કેટલું ઝવેરાત છે તે કદાચ ત્યાંનો એકે ટ્રસ્ટી જાણતો નહીં હોય. તેથી તેઓની ધાર્મિક સંપત્તિ ઉપર પણ સરકારનો ડોળો ગોઠવાયેલો છે જ. ઉપરાંત આપણી શાસ્ત્રીય વ્યવસ્થા એટલી ચુસ્ત અને સુબદ્ધ છે કે ઉપાશ્રય-દેરાસરમાં જે કાંઈ આવક થાય તે તમે ધર્મના (ધર્મમાં દર્શાવેલ તેના specific purpose) ચોક્કસ હેતુ સિવાય બીજે ક્યાંય વાપરી ન શકો, જ્યારે તેમને ત્યાં તેવી ચુસ્ત નિયમાવલી ન હોવાથી ભગવાનના ભંડારમાં મૂકેલા પૈસા social purpose (સામાજિક હેતુ) માટે વાપરી શકાય છે. વળી, સરકાર કે બંધારણે સત્તા ધર્મગુરુઓ પાસેથી છીનવી લઈ ટ્રસ્ટીઓને આપી છે, છતાં જૈનધર્મમાં એવા સંયમી સાધુઓ છે કે જો ટ્રસ્ટી સાત ક્ષેત્રની બહાર પૈસા લઈ જાય તો તેનો કાન પકડે. બીજા ધર્મમાં સંન્યાસીઓ પોતે જ વહીવટમાં છે, જ્યારે અમને ભગવાને પૈસા રાખવાની તો શું અડવાની પણ ના પાડી છે. અમે check & balance (તપાસ અને સંતુલન કરનાર) તરીકે કામ કરીએ, પરંતુ we have no vested interest in money. (અમારે પૈસામાં કોઈ સ્થાપિત હિત નથી.) અમારી નિશ્રામાં કરોડોની આવક થાય, છતાં અમે પાંચ પૈસા પણ લેવાના નથી. અહીં ધર્મના ક્ષેત્રના પૈસા social purpose (સામાજિક હેતુ) માટે નથી વાપરવાના, જ્યારે તેમને ત્યાં મંદિરનાં નાણાંમાંથી સ્કૂલો, કોલેજો, હોસ્પિટલો, યુનિવર્સિટીઓ ઊભી કરે, માનવતાનાં કાર્યો કરે, તેમાં તેમને કોઈ objection (વિરોધ) નથી. તેઓના ધર્મક્ષેત્રમાં ટ્રસ્ટી તરીકે અંદર ઘૂસેલા માણસો મફતમાં social (સામાજિક) કામ માટે આ પૈસા વાપરી શકે, તો પછી politiciansને (રાજકારણીઓને) ઘૂસવામાં લાલચ લાગે જ. જે રીતે રાજકારણીઓ અન્ય ધર્મસ્થાનકોમાં ટ્રસ્ટી તરીકે penetrate (પ્રવેશ) થયા છે, તે રીતે જૈનધર્મના વહીવટમાં સરકાર હજુ ઘૂસી નથી. આપણે જૈનધર્મના scripturesના (શાસ્ત્રોના) આધારે બનાવેલી constitutional systemના (બંધારણીય પદ્ધતિના) કારણે થોડા સલામત છીએ. જૈનશાસ્ત્રોમાં ધર્મદ્રવ્યનો વહીવટ કઈ રીતે કરવો તેનું detailમાં (ઊંડાણથી) વર્ણન છે. જેમ રાજશાસન છે તેમ ધર્મશાસન પણ છે. આપણે બધે શાસન શબ્દ બોલીએ છીએ.

જેમ રાજ્યના ક્ષેત્રમાં રાજ્યનું શાસન હોય તેમ ધર્મક્ષેત્રમાં ધર્મનું જ શાસન હોય. કોઈ પણ શાસન બંધારણ વિના કે ન્યાયવ્યવહાર વિના ન હોય. આપણાં ધર્મશાસ્ત્રો અને તેમાં પણ જૈનઆગમોમાં ધર્મની internal legislative, judiciary, administrative wings (આંતરિક કાયદાકીય, ન્યાયિક અને વહીવટી પાંખો) કેવી હોય તેનું to the point (મુદ્દાસર) વર્ણન મળે છે. આના ઉપર foreignના-પરદેશના સ્કોલરે પ્રભાવિત થઈને "Jurisdiction of Jain Monks" (જ્યુરીસ્ડીક્ષન ઓફ જૈન મોન્ક્સ = જૈન સાધુઓનું અધિકારક્ષેત્ર) નામનું પુસ્તક લખ્યું છે. એમાંય તેણે તો આગમનાં અમુક પાનાં જ વાંચ્યાં હતાં; છતાં જૈનાચાર્યને આપણા બંધારણે આટલા આટલા judiciary powers (ન્યાયને લગતા અધિકારો) આપેલા છે તેની તેણે પણ નોંધ લીધી છે. જેમ તમારા ઘરમાં ચોરી થાય તો સાધુ તેમાં માથું ન મારે, કારણ that is a social offence, (તે એક સામાજિક ગુનો છે,) પરંતુ religious offenceમાં (ધાર્મિક ગુનામાં) માથું મારવાના powers (અધિકાર) સાધુને અપાયા છે. તે રીતે ધર્મનું વહીવટી માળખું ગોઠવવા માટેના નવા કાયદા કરવા હોય, જૂનામાં કાંઈ ફેરફાર કરવા હોય તો legislative powers (કાયદાકીય અધિકારો) ગીતાર્થ ધર્મગુરુને અપાયા છે.

શાસન એટલે governing (નિયંત્રણ કરવું તે). ધર્મનું governing (નિયંત્રણ) ધર્મ જ કરે. ધર્મનું governing (નિયંત્રણ) રાજ્ય કરે તે વાત જ ખોટી છે. ધર્મશાસ્ત્રને પડકાર ફેંકવો કોર્ટ માટે મુશ્કેલ છે. જો કોર્ટમાં ધર્મશાસ્ત્રોની પાયાની વાત જડબેસલાક રજૂ થાય તો આપણે અમુક વસ્તુ ચોક્કસ બચાવી શકીએ. બાકી અમુક વસ્તુમાં તો રાજ્ય માથું મારી જ શકે તેવી બંધારણમાં સ્પષ્ટ કલમો છે, તેમાં આપણે હાલમાં કાંઈ ન કરી શકીએ.

સમેતશિખરજીતીર્થ કે સિદ્ધગિરિજીતીર્થના કેસમાં આપણી વાતને મજબૂતીથી સ્થાપિત કરવાની છે, પરંતુ પહેલાં તમારા માથામાં આ વાત સ્થાપિત કરવામાં દમ નીકળી જાય તેમ છે. ધર્મના કાયદા ઘડવાની સત્તા શાસ્ત્ર આધારે ધર્મગુરુને હોય તેવું તમે માનો ? કે ટ્રસ્ટીઓ જેમ કહે તેમ ધર્મગુરુએ કરવાનું, તેમ માનો છો ? જે સાચું હોય તે કહેજો. આ વાત તમને કડવી લાગશે, પરંતુ મુદ્દાની છે. જો ભગવાનનું શાસન internally accept થશે (આંતરિક રીતે સ્વીકારાશે) તો જ સાચું કામ થશે. જેને જિનેશ્વરદેવ પર શ્રદ્ધા છે તેવા જૈનધર્મના બધા અનુયાયીઓને અમુક સત્તા, અધિકાર ધર્મશાસ્ત્ર દ્વારા મળે જ છે, પરંતુ ધર્મતંત્રને તમે સમજો તો તે થાય.

જે વાતને તમે જ પહેલાં કબૂલ ન કરો તો બહાર કોર્ટ પાસે શું થવાનું ? ઘરના જ કબૂલ ન થતા હોય તો બહારના પાસે શું કબૂલ કરાવવું ? આ અત્યંત ગંભીર વાત છે.

બીજું મારે એ કહેવું છે કે ધર્મશાસ્ત્રના આધારે ધર્મની વ્યાખ્યા નક્કી થાય અને તેનો અધિકાર ધર્મના સ્થાપકોને છે. જો સ્થાપક પરિપૂર્ણ જ્ઞાની હશે તો વ્યાખ્યા top, (ઊંચી,) અને perfect (સંપૂર્ણ) થશે, પરંતુ જો સ્થાપક થોડા અધૂરા જ્ઞાની હશે તો quality (ગુણવત્તા) થોડી down (નીચી) આવશે, છતાં ધર્મની વ્યાખ્યાનો right (હક) તો ધર્મના સ્થાપકોને જ છે, બીજાને નહીં. જેમ હાલની લોકશાહીમાં સરકારને Constitutional Government (બંધારણીય સરકાર) કહેવાય છે, It means, including Prime Minister and President, all are bound to follow the Constitution. Ultimate powers are with the Constitution, (આનો અર્થ એ થયો કે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સહિત બધી જ વ્યક્તિઓ બંધારણને અનુસરવા બંધાયેલા છે. અંતિમ સત્તા બંધારણ પાસે જ છે;) તેમ આપણા શાસ્ત્રમાં પણ આ જ વાત છે કે ધર્મશાસ્ત્ર જ ultimate (અંતિમ) છે. તેમાં જેને જે powers (અધિકારો) અપાયા હોય તે કબૂલ રાખવા જ પડે. તેમાં જે રીતે જે વ્યાખ્યાઓ કરાઈ હોય તે રીતે તે વ્યાખ્યાઓ જૈનધર્મમાં રહેનારે મંજૂર કરવી જ પડે. સાથે એટલું ખરું કે જેને જૈનધર્મ ગમતો ન હોય કે અધૂરો લાગતો હોય તો બળજબરીથી તેના માથે ધર્મ લાદવાનો નથી. Freedom of Conscienceમાં (અંતઃકરણની સ્વતંત્રતામાં) જૈનધર્મ પણ માને છે. જેને જે ધર્મ સાચો લાગે તે ધર્મ અપનાવે. પછી કોઈને નાસ્તિકની philosophy (તત્ત્વજ્ઞાન) સાચી લાગે તો તે અપનાવે. અમે તેની બહુ ટીકા ન કરીએ. પરંતુ એટલું જરૂર કહીએ કે he must be internally honest. (તે આંતરિક રીતે પ્રામાણિક હોવો જોઈએ.) **પોતાના વિકાસ માટે, સ્વકલ્યાણ માટે ધર્મ સ્વેચ્છાએ કરવાનો છે, સ્વીકારવાનો છે. ધર્મમાં ઢોંગ નથી કરવાનો. એક વાર ધર્મને હૃદયથી સ્વીકાર્યા પછી તેના ordersને accept કરવા (હુકમોને-આજ્ઞાઓને સ્વીકારવી) જોઈએ.** જો એમ લાગે કે આ ધર્મમાં થોડું સાચું છે અને થોડું ખોટું પણ લાગે છે, તથા બીજે પણ થોડું સાચું લાગે છે અને થોડું ખોટું પણ લાગે છે, તો સાચા ધર્મની શોધ કરો; પરંતુ શોધ કર્યા પછી સાચું મળતાં તેના પ્રત્યેની વફાદારી જોઈએ તેમ જ તેમાં પાકી શ્રદ્ધા જોઈએ. જૈનધર્મની જે શાસ્ત્રીય આજ્ઞા છે તે જૈન તરીકે તમને મંજૂર હોવી જ જોઈએ.

**સભા :** શ્રદ્ધાથી માણસ બચી શકે ?

**સાહેબજી :** સાચી અને સારી વસ્તુ પરની પ્રામાણિકતાપૂર્વકની શ્રદ્ધા અવશ્ય લાભ કરશે, જ્યારે આંધળી શ્રદ્ધા કલ્યાણ નહીં કરી શકે. તેથી શ્રદ્ધાની પણ સારી quality (ગુણવત્તા) હોવી જોઈએ.

મૂળ વાત એ છે કે અત્યારે જૈન તરીકે તમારી ફરજ છે કે ધાર્મિક દૃષ્ટિએ જેટલાં પણ હિત જોખમાયાં છે તેનું રક્ષણ કરવા તમારે સક્રિય થવું જોઈએ, શક્તિ અનુસારે તન-મન-ધનથી ભોગ આપવો જોઈએ, છેલ્લે આરાધના દ્વારા પણ ભોગ આપવો જોઈએ. ધર્મના પ્રાણભૂત કહેવાતાં ધર્મસ્થાનકો અને ધર્મની પાયાની મિલકતો જોખમમાં છે, એમાં પણ મહાન તીર્થોના પ્રશ્નો લટકતી તલવાર નીચે છે. અરે ! દ ાણે ઠેકાણે તો હાથમાંથી જવાની તૈયારીમાં છે. તેથી સમૂહમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આરાધના દ્વારા પણ સંકલ્પ કરી તમે આમાં બળ આપી શકો. આરાધનામાં સામાયિક, દાન, ભક્તિ, તપ-ત્યાગ કરી શકો. તેનાથી પણ રક્ષાની ભાવના, કર્તવ્યનિષ્ઠા create (ઉત્પન્ન) કરી શકાય, તેમ માની મારી વાતને ઝીલજો. બાકી કાયદાની દૃષ્ટિએ તો આ ભગીરથ કામ છે. સેંકડો judgements (ચુદાકાઓ) વાંચવાના છે. તેમાં સુપ્રિમ કોર્ટના interpretationને (અર્થઘટનને) તપાસી આપણને ઉપયોગી કેટલાં છે અને આપણી વિરુદ્ધનાં કેટલાં છે તેને sort out (અલગ) કરવાં પડે. ત્યારબાદ જે interpretation (અર્થઘટન) આપણને ઉપયોગી છે તેને support (સમર્થન) મળે તેવી ધર્મશાસ્ત્રોની વાત કોર્ટમાં ટાંકવી, અને જે આપણી વિરુદ્ધની લાગે તેની counter (વિરુદ્ધની) વાતો જે આપણાં ધર્મશાસ્ત્રોમાં હોય તે લેવાની. આ ઘણું મોટું ભગીરથ અને સમય માંગે તેવું કામ છે. જો તમે જાગૃત નહીં થાઓ તો બીજાં ઘણાં સ્થાનોના managementમાં (વહીવટમાં) પણ સરકાર ઘૂસી જશે.

આમણે કહ્યું હતું કે 'બે જણા ઝઘડે છે, માટે સરકાર લઈ લે છે.' પરંતુ સરકારનો તેવો કાયદો નથી. કાયદો એમ કહે છે કે 'ધાર્મિક સંપત્તિનું management (વહીવટ) એ ધાર્મિક પ્રવૃત્તિ નથી, અને જે ધર્મપ્રવૃત્તિ નથી તેમાં જો ઝઘડો ઊભો થાય અથવા તો એમ ને એમ પણ સારી વ્યવસ્થા ખાતર સરકાર માથું મારી શકે.' જોકે સરકાર સીધું લઈ ન લે, પરંતુ વ્યવસ્થાના નામથી એકવાર સરકાર પોતાના અધિકારીઓને ગોઠવે પછી તે અધિકારીઓ પાસે કામ કરાવવામાં કેટકેટલાં problems (પ્રશ્નો) થાય તે તમે સારી રીતે જાણો જ છો. Indian bureaucracyનું caliber (ભારતીય અમલદારશાહીનું સ્તર) જગજાહેર જ છે.

આજે ઘણાં મોટાં મોટાં માથાં (બુદ્ધિશાળી માણસો) પણ એમ માને છે કે "જો સરકારના હાથમાં નિયંત્રણ નહીં આપીએ તો વહીવટદારો એટલા બધા ગોટાળા કરશે કે ધર્મ જોખમાઈ જશે, રાજ્યનું ધર્મમાં interference (દખલ) આપણા માટે safe protection (સલામત રક્ષણ) છે. તેથી રાજ્ય ધર્મના વહીવટમાં માથું મારે કે તેનો control કરે (કાબૂ રાખે) તે વાજબી જ છે." આ માટે મને એક સારા વકીલે પણ કહેલું કે "If powers are not given to the State, then it will create a mess in your religion." (જો સત્તા રાજ્યને આપવામાં નહીં આવે તો તે તમારા ધર્મમાં ગૂંચવાડો ઊભો કરશે.) એનો અર્થ એ કે આવું બોલનારને પગારદાર સરકારી અધિકારીઓની ક્ષમતા અને નિષ્ઠા ઉપર ધર્મના અનુયાયીઓ કરતાં વધારે વિશ્વાસ છે.

**સભા :** જૈનધર્મમાં અલગ-અલગ વ્યવસ્થા છે ? કે individual interference (વ્યક્તિગત દખલ) છે ?

**સાહેબજી :** અહીં વ્યવસ્થા જ એવી solid (નક્કર) છે કે એક ટકો પણ individual interference (વ્યક્તિગત દખલ) ન આવે, જ્યારે બીજા ધર્મમાં આવું નથી માટે તેઓ vulnerable (મર્મગ્રાહી, નબળા) છે. અન્ય ધર્મના એક leaderએ (વડાએ) આપણી વ્યવસ્થાની પ્રશંસા કરતાં મને કહેલું કે "તમારાં જૈનમંદિરોમાં વ્યવસ્થા ઘણી સરસ છે. તમે સાધુ-સાધ્વી જે check & balanceનું (તપાસ અને સંતુલનનું) કામ કરો છો તેવું અમારે ત્યાં નથી. અમારે ત્યાં સંન્યાસીઓ vested interest (અંગત હિત) રાખીને પ્રવૃત્તિ કરે છે; છતાં અમે તમારા જેવી વ્યવસ્થા લાવવા મહેનત કરીશું." ત્યારે તેમને સમજાવતાં મેં કહ્યું કે "તમે internally એવું body (આંતરિક માળખું એવું) તૈયાર કરો કે જે body independently check & balanceનું (માળખું સ્વતંત્રપણે તપાસ અને સંતુલનનું) કામ કરે." જૈનધર્મના બંધારણમાં જ બધા પર check & balance (તપાસ અને સંતુલન) રહે તેવી વ્યવસ્થા છે, પરંતુ તે trusteeshipના (ટ્રસ્ટીપણું આવવાને) કારણે તૂટી છે. Nowadays, we have no powers, though the Lord Mahavira has empowered us, our powers are infringed by you people. (ભલે ભગવાન મહાવીરે અમને સત્તા આપી છે, પરંતુ વર્તમાનમાં અમારી સાધુઓની પાસે કોઈ સત્તા રહી નથી, અમારા અધિકારોને તમે લોકોએ ઉલ્લંઘ્યા-તોડ્યા છે.) તે છતાં જૈનસાધુના જીવનમાં જે ત્યાગ, પવિત્રતા, સદાચાર છે, જે રીતે પરોપકાર

માટે જાત ઘસી કાર્ય કરે છે, તે જોઈ આમજનતા અને ટ્રસ્ટીઓને એટલો ખ્યાલ છે કે જો મહારાજ સાહેબ ઉકળશે તો આપણે public (આમજનતા) સામે ઊભા નહીં રહી શકીએ. માટે તેઓ સાધુ પાસે આવે છે અને થોડું-ઘણું સાધુનું સાંભળે છે. બાકી તો we have no powers. (અમારી પાસે કોઈ અધિકારો નથી.)

સુપ્રિમ કોર્ટના એક જજે આપણા શાસ્ત્રના અમુક chapters (પ્રકરણો) વાંચ્યા પછી અભિપ્રાય આપ્યો કે "વહીવટી માળખું આટલું strong (મજબૂત) જૈનધર્મ સિવાય બીજા કોઈ ધર્મવાળા પાસે નથી. બીજા ધર્મવાળાઓએ આ વહીવટી માળખામાંથી બોધપાઠ લેવા જેવો છે." પરંતુ તમને જ આપણા વહીવટી માળખામાં શંકા-કુશંકા રહેતી હોય તો રાજ્યને તો શું કહેવું ? જો રાજ્ય આપણને થોડી પણ મોકળાશ આપે તો આપણે internal watch-dogની (આંતરિક તપાસપંચની) વ્યવસ્થા ઊભી કરી શકીએ તેવા મૂળ sources (સ્રોત) શાસ્ત્ર છે, જેનાથી અંદરના કેટલાય પ્રશ્નોનો નીવેડો આવી જાય અને બીજા ધર્મવાળાને પણ આનો દાખલો મળે.

વર્તમાન રાજ્ય માત્ર ૫૦-૬૦ વર્ષથી ચાલ્યું આવે છે, જ્યારે ધર્મ since ages, publicમાં (યુગોથી પ્રજામાં) ચાલ્યો આવે છે. વળી, ધર્મ આપબળે સમાજમાં જીવે છે. તેને આજની સરકાર aid (મદદ) કે સહાય આપતી નથી, ઊલટું ધર્મ પાસેથી service charges અને taxes (સર્વિસ ચાર્જ અને ટેક્ષ) લે છે. Central Governmentને (કેન્દ્ર સરકારને) પણ ધર્મ પર tax (કર) નાંખવાના powers (અધિકાર) બંધારણમાં જ અપાયા છે. ભૂતકાળમાં રાજા ધર્મ પર કર નાંખે તો તે અત્યાચાર કહેવાતો. અરે ! રાજનીતિ પણ તેને મંજૂર નહોતી કરતી. જ્યારે આજે તો બંધારણમાં જ આને મંજૂર કરાય છે. ભૂતકાળની રાજનીતિમાં જેને અન્યાય કહેવામાં આવતા તે બધાને આજે બંધારણ દ્વારા ન્યાયી અને કાયદાકીય સ્થાપિત કરાયા છે. થોડા સમય પહેલાં દેશમાં ધરતીકંપ થયો. ઘણા બેઘર થઈ ગયા. તેઓને ખાવા-પીવા, રહેવા, પહેરવા-ઓઢવા, દવા માટે લોકોએ માનવતાના કાર્ય તરીકે જ્યારે ઉદારતાથી દાનમાં પૈસા આપ્યા, ત્યારે સરકારે કહ્યું કે "જો આમાં અમે ટેક્ષ લઈએ તો લોકોને અમે (સરકાર) રાક્ષસ જેવા લાગીએ." તેથી ત્યાં સરકારે exemption આપ્યું. (રાહત આપી.) જ્યારે ધર્મ પર ટેક્ષ નાખવો તેને સરકાર યોગ્ય ગણે છે. પરંતુ રાજ્યનો આ જુલ્મ છે. જેમ કોઈ ગરીબ તમારા આંગણે આવ્યો, તે તરસ્યો છે, ખાવા તરફડે છે, તેવાને દયાથી તમે તમારામાંથી કાંઈક આપ્યા બાદ, તેને

રાજ્ય એમ કહે કે 'આ તારા દાનમાં મળેલા ભોજનમાંથી આટલા ટકા હક રાજ્યનો' એમ કહી રાજ્ય તેની પાસેથી પણ પડાવે તો તે કેવું લાગે ? તેના જેવી આ વાત છે.

**સભા :** ટ્રસ્ટમાં પૈસા એમ ને એમ પડ્યા રહે છે અને વેડફાઈ જાય છે.

**સાહેબજી :** તે તમારું પાપ છે. તમે લોકોએ ટ્રસ્ટો ઊભાં કરાવ્યાં છે. આપણી ધર્મવ્યવસ્થા પ્રમાણે તો ધર્મદ્રવ્ય એમ ને એમ પડ્યું જ રહે તેવો પણ નિયમ નથી, અને પૈસો બધો તત્કાલ વપરાઈ જ જાય તેવો પણ નિયમ નથી. જરૂર હોય ત્યાં પૈસો અવશ્ય વપરાય, નહીંતર તેને નિધિ તરીકે રાખવાનું વિધાન છે. તે ઉપરાંત તે પૈસામાં યોગ્ય રીતે વળતર મેળવીને growth (વધારો) પણ થવો જોઈએ. જ્યારે આજે પૈસો પડ્યો રહે તેમાં કારણ એ છે કે ટ્રસ્ટ બનાવી તમે ધર્મસત્તાના હાથમાંથી અધિકારો લઈ લીધા. કદાચ નાણું ન વપરાય તો તેનું શું કરવું તે વિચારવાનું કામ ધર્મનું છે, ટ્રસ્ટનું નહિ.

**સભા :** પૈસો તો publicનો (પ્રજાનો) છે ને ?

**સાહેબજી :** ના, તદ્દન ખોટી વાત. ધર્મશ્રદ્ધાળુઓએ હોંશે હોંશે ધર્મની આજ્ઞાથી ધર્મને પૈસો આપ્યો છે. તેનો ધર્મશાસ્ત્ર પ્રમાણે જ વહીવટ થાય. તે public property (જાહેર મિલકત) નથી. પરંતુ સરકારના પેટમાં ધર્મદ્રવ્ય ધર્મની માલિકીનું થાય તે દુઃખે છે. **શાસ્ત્રમાં લખ્યું કે "દેવદ્રવ્ય, ધર્મદ્રવ્ય નિધાનરૂપે જાળવવાનું છે. કારણ વિના તે વાપરવું નહીં. સંકટ સમયે તે વાપરવાનું છે. વળી આ નિધિને idle (બિનઉપજાઉ) ન મૂકી રાખતાં તેનું યોગ્ય રીતે વળતર મળે તે રીતે તે પૈસાનું રોકાણ કરવું."** જ્યારે સરકાર એમ કહે છે કે "જે પણ પૈસા રોકો તે અમારી-સરકારની મરજી મુજબ રોકો. તેમાં જે નુકસાની થાય તે ધર્મે વેઠવાની." સરકારની આ policyના (નીતિના) કારણે ભારતના બધા ધર્મોએ અબજો ને અબજો રૂપિયા ગુમાવ્યા છે. કારણ રૂપિયાની કિંમત ઘટે એટલે ફુગાવો વધે અને સાથે સાથે વસ્તુની કિંમત પણ વધે છે. જેમ કે અત્યારે ફુગાવો ૭ ટકા જેવો છે અને વ્યાજનો દર ૬ ટકા હોય તો મૂડી રોકનારને loss (નુકસાન) જ જાય ને ?

**સભા :** આપણી ધાર્મિક સંપત્તિ સરકાર લઈ જાય તેના કરતાં આપણે જ તે પૈસા (બીજે) ક્યાં વાપરવા તે નક્કી કરીએ તો ?

**સાહેબજી :** ધર્મના ક્ષેત્રમાં લોકો દ્વારા જે દાન અપાય છે તે ધર્મની આજ્ઞાથી ધર્મબુદ્ધિએ અપાય છે, નહીં કે તમને ભૌતિક સગવડ પૂરી પાડવા. મનફાવે તેમ તે ધાર્મિક દ્રવ્ય વાપરવાનો સરકારને પણ right (હક) નથી કે કોર્ટને પણ order (હુકમ) કરવાનો હક નથી. અરે ! ધર્મગુરુને પણ હક નથી, તો તમે તો ધર્મના નાના અનુયાયી છો, તો તમને હક ક્યાંથી મળ્યો ? આપણા તરફથી જ્યારે સુપ્રિમ કોર્ટમાં દલીલ કરવામાં આવી કે "જૈનધર્મ પ્રમાણે દેવદ્રવ્યનું ધન પરમાત્માની ભક્તિ-ઉપાસનારૂપે જિનમંદિર બંધાવવામાં કે તેના જીર્ણોદ્ધાર સિવાય બીજે ન વાપરી શકાય, અને તે જ પ્રવૃત્તિ કરવા અમે બંધાયેલા છીએ," ત્યારે સુપ્રિમ કોર્ટની પાંચ જજોની full benchમાં Chief Justice of Indiaએ (પાંચ જજોની આખી મંડળીમાં ભારતના મુખ્ય ન્યાયાધીશે) આપણી વાતને પુષ્ટ કરતાં કહ્યું કે "આ વાત ભલે જૈનશાસ્ત્રની હોય, પરંતુ કાયદો પણ કહે છે કે "Wish of Donor" (દાતાની ઇચ્છા) પ્રમાણે દાન વપરાય. દાન આપનારે જે ઉદ્દેશથી દાન આપ્યું હોય તે દાન બીજા ઉદ્દેશમાં વાળવાનો હક વહીવટદારો તો શું કોઈને પણ નથી, સુપ્રિમ કોર્ટને પણ નથી કે દાન બીજે વાળવાનો order (હુકમ) કરી શકે." જો સરકાર પણ બીજે વાળી ન શકે, તો તમે કઈ રીતે બીજે વાળી શકવાના ?

**સભા :** ઉત્તરપ્રદેશ, બિહાર, કર્ણાટક વગેરે જગ્યાએ સરકારમાં દિગંબરોના પ્રતિનિધિઓ છે, જ્યારે આપણા નથી, તો bureaucracyમાં (અમલદારશાહીમાં) શ્વેતાંબરો ઘૂસે તો ?

**સાહેબજી :** શ્વેતાંબરોમાં High casteના કારણે mostly business community (ઊંચી કોમના હોવાના કારણે મુખ્યતયા વેપારી કોમ) છે. બાપદાદાનો ધંધો તૈયાર સામે દેખાતો હોવાથી આપણે ત્યાં જૈન છોકરાઓ બહુ આગળ ભણવા તૈયાર નથી, અને કદાચ ભણે તો પણ company open કરશે, (કંપની ખોલશે,) પરંતુ bureaucracyમાં (અમલદારશાહીમાં) પ્રાયઃ નહીં ઘૂસે. ભલે bureaucracyમાં officers (અમલદારશાહીમાં ઓફિસરો) સીધા આપણા ન હોય, છતાં શ્વેતાંબરો પાસે business communityમાં leading personalities (વેપારી કોમમાં અગ્રગણ્ય પ્રતિભાઓ) એટલી બધી છે, તેમના leverages (સંબંધો) એટલા છે કે તેઓ આ officers (અમલદારો) પાસેથી પણ કામ કઢાવી શકે તેમ છે. અરે ! હીરાબજાર, શેરબજાર વગેરેમાં શ્વેતાંબરોની lead (મુખ્યતા) છે. તમે businessmen (વેપારી) મટાડી bureaucracyમાં (અમલદારશાહીમાં) મોકલશો તો કોઈ મોટું upliftment

(અભ્યુદય) થવાનું નથી. ઊલટું તેઓ નીચે ઊતરશે. અરે ! ભગવાનની પણ આજ્ઞા છે કે ગૃહસ્થો બને ત્યાં સુધી સ્વતંત્ર વેપાર કરે, પરંતુ નોકરી ન કરે. શ્વેતાંબર જૈનોના વેપારીવર્ગમાં ઘણી નામાંકિત હસ્તીઓ છે જે ધારે તો કેન્દ્ર સરકારમાં influences (લાગવગ) દ્વારા ધાર્યાં કામ કરાવી શકે. But aristocrat Jains have no interest in Jain religion. (પરંતુ અમીર જૈનોને જૈનધર્મમાં કોઈ રસ નથી.) તેઓ જૈનધર્મથી દૂર થયા તે મોટો ફટકો છે. Privy Councilએ judgementમાં (પ્રીવી કાઉન્સિલે ચુકાદામાં) પણ નોંધ્યું કે "૧૭-૧૮મી સદીમાં આ સમેતશિખરજીનો પહાડ સાચવવાનું, maintain (સમારકામ) કરવાનું, renovate (નવું-સુધારો-વધારો) કરવાનું કામ ૨૦૦ વર્ષ સુધી જગતશેઠના વંશજોએ કર્યું છે."

**સભા :** આ રીતે કરવાથી શ્રીમંતોને માન-પાન આપ્યું ન ગણાય ?

**સાહેબજી :** શ્રીમંતોને તેમની શ્રીમંતાઈના કારણે માન-પાન મળવું જોઈએ તેમ હું નથી કહેતો, પરંતુ શ્રીમંતો પાસે રહેલ પુણ્ય અને શક્તિથી ધર્મનાં મોટાં કાર્ય કરાવવા માટે તેમને આગળ બેસાડવા જોઈએ, કારણ તે પણ ધર્મકાર્ય છે. બધા તીર્થંકરોના સમવસરણમાં શ્રોતાઓને બેસવાનો નિયમ હોય છે. જેમ કે મનુષ્યની પર્ષદામાં ગૃહસ્થ તરીકે સૌ પ્રથમ ચક્રવર્તી બેસે, તે ન હોય તો વાસુદેવ, તે ન હોય તો પ્રતિવાસુદેવ, પછી બળદેવ બેસે, પછી માંડલિક રાજા બેસે, પછી અનુક્રમે સામંતરાજા, મહામંત્રી, રાજપુરોહિત, સેનાપતિ, નગરશેઠ આદિ બેસે, ત્યારબાદ બીજા આવે. તેમ દેવોની પર્ષદામાં પણ પહેલાં ૬૪ ઇંદ્રો બેસે, ત્યારબાદ બીજા ઇંદ્રના સામાનિકદેવો આદિ બેસે. આ રીતે બેસવાની arrangements (વ્યવસ્થા) સમવસરણમાં પણ fix (ચોક્કસ) હતી, છતાં ત્યાં શ્રીમંતાઈને માન હતું તેવો આક્ષેપ ન કરાય. અહીં barometer (માપવાનું ધોરણ) એ જ કે **"જેની પાસે પુણ્ય, શક્તિ, ધન છે તે જો સારા કામમાં વપરાતું હોય તો તેને અવશ્ય માન આપવું, અને આ માન આપવું તે પણ એક ધર્મકાર્ય છે."**

તેથી શ્રીમંતોએ તેમની વગનો સદુપયોગ કરી તીર્થરક્ષા, ધર્મરક્ષા કરવી જ જોઈએ. તે ધર્મનું જ કામ છે. તેનો ફાયદો સકલ સંઘને થશે અને સાથે સાથે બીજા ધર્મોને પણ લાભ થશે. તેઓને personal interest (અંગત રસ) લેવડાવી સક્રિય બનાવવાની જરૂર છે.

વર્તમાનમાં તીર્થના આવા જટિલ પ્રશ્નમાં આપણે પગલાં કેવી રીતે લઈ

શકીશું, તેવો ઘણાને પ્રશ્ન છે. પરંતુ હજુ આપણે ઘણું કરી શકીએ તેમ છીએ. શ્રી સિદ્ધગિરિનો પ્રશ્ન પણ હમણાં ચર્ચાયેલો હતો. તે માટે શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ સુશ્રાવક શ્રેણિકભાઈ સાથે વાત થયેલ. તેમણે આ case study (કેસનો અભ્યાસ) કરવા મને documents (દસ્તાવેજો) મોકલ્યા. તેનો હું study (અભ્યાસ) કરતો હતો, તેમાં સમેતશિખરજીનો તત્કાલ પ્રશ્ન આવતાં મને તે સંબંધી judgement (ચુકાદો) મોકલ્યું. મારે તે વાંચી જવાબ આપવાનો હતો. તે વખતે ઈ. સ. ૨૦૦૪માં છેલ્લો ચુકાદો આપણી વિરુદ્ધમાં આવેલ. તેના મૂળ સ્રોત સુધી જવા મેં જૂના documents (દસ્તાવેજો) મંગાવ્યા, તો ૭૦૦૦ પાનાની matter (સામગ્રી) આવી. કારણ આ ૨૦૦ વર્ષ જૂનો કેસ છે. ૨૦૦ વર્ષમાં ઘણા કેસો સામસામે લડાયા છે, તેના ચુકાદા અપાયા છે. તે બધું વાંચવા ઘણો પ્રયત્ન કર્યો. વાંચ્યા પછી સારા councils, (વકીલો,) judges (ન્યાયાધીશો) સાથે sittings (બેઠકો) કર્યા પછી જ્યાં આપણે માર ખાધો છે તેવા points collect (મુદ્દા એકત્રિત) કર્યા.

અત્યારે High Courtની Full Benchનો (વડી અદાલતની મહત્તમ જજોની બેન્ચનો) જે ચુકાદો ઈ. સ. ૨૦૦૪માં આવી ગયો છે, તે કેસ ઈ. સ. ૧૯૬૭નો છે. સૌ પ્રથમ આ કેસ trial courtમાં (ટ્રાયલ કોર્ટમાં) લડાયો. તેમાં ચુકાદો partially (અમુક અંશે) આપણી વિરુદ્ધમાં હતો. ત્યાર પછી appellate courtમાં single bench (એપેલેટ કોર્ટમાં એક જજની બેન્ચ) સામે આ કેસ રજૂ કરાયો. તેમાં ચુકાદો આપણી વિરુદ્ધમાં આવ્યો. ત્યાર પછી Divisional Benchમાં (વિભાગીય જજોની બેન્ચ સામે) કેસ મુકાયો. તેમાં પણ આપણી વિરુદ્ધ સરકાર અને દિગંબરો બંને હતા. તેમાં અફસોસ એ વાતનો છે કે આપણા જ ભાઈ હોવા છતાં દિગંબરોનો approach (અભિગમ) એવો રહ્યો કે "આ તીર્થ અમને ન મળે તો વાંધો નથી, પરંતુ શ્વેતાંબરોને તો આ તીર્થ ન જ મળવું જોઈએ." જોકે જ્યારે દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો જ ન હતો ત્યારે સરકારે આ point (મુદ્દો) ઉખેડ્યો હતો. અત્યારે સરકારના આ પગલામાં દિગંબરો લેખિત support (સમર્થન) આપે છે અને કહે છે કે "આ પહાડ જ પવિત્ર નથી." તેમના શાસ્ત્રમાં પણ લખ્યું છે કે "આ પહાડ પર ૨૦ તીર્થંકરો નિર્વાણ પામ્યા છે", છતાં "પહાડ પવિત્ર નથી" તેવું કહી તેઓ પોતાના જ ધર્મશાસ્ત્ર સાથે વિશ્વાસઘાત કરે છે. તેઓએ તેમની petitionમાં (અરજીમાં) લખ્યું કે "આ પહાડ સરકારે acquire કરી (લઈ) લીધો

તેમાં અમે સંમત છીએ." તેઓની ધર્મભાવનામાં fanatism (ઝનૂન) ભળી ગયું છે. "કોઈ ધર્મનાં પવિત્ર સ્થાનો સરકાર પડાવી લે તો તે સારું છે," તેવાં statement (વિધાન) સાચો ધર્મી ન કરે, છતાં તે stage (સ્તર) સુધી દિગંબરો ગયા છે. તેઓ અને આપણે બંને ભગવાન મહાવીરના અનુયાયી છીએ. અમુક બાબતમાં આપણે અને તેમને dispute (મતભેદ) છે, પરંતુ હજારો બાબતમાં બંને એક જ વાત માનીએ છીએ. છતાં તેઓ અત્યારે મર્યાદા ચૂક્યા છે. શ્વેતાંબરો કોઈ દિવસ એમ નહીં કહે કે "સરકાર બીજાના ધર્મની વસ્તુ પડાવી લે તે સારું છે." જો દિગંબરો મર્યાદામાં રહે તો સારું અને ન રહે તો જે situation (પરિસ્થિતિ) છે તેમાં આપણે અવશ્ય લડવાનું છે. ત્યાં એમ નથી વિચારવાનું કે "ઉદારતાથી દિગંબરોને થોડું આપી દઈએ." હરેક ધર્મના અનુયાયીને તેના ધર્મના અધિકારો માટે defence (બચાવ) કરવાની તેમના શાસ્ત્રોમાં આજ્ઞા છે. આપણે તો જે આપણું legitimate (કાયદાકીય) છે તેને સુરક્ષિત કરવા વાત કરીએ છીએ.

આ કેસમાં આપણે હાઈકોર્ટમાં ત્રણે વાર હાર્યા છીએ. અત્યારે આણંદજી કલ્યાણજી પેઢીએ સુપ્રિમ કોર્ટમાં Special Leave Petition submit (ખાસ રજા અરજી રજૂ) કરી છે. તેમણે અત્યાર સુધીના બધા કેસમાં તેમની રીતે કાયદાની ભાષામાં પુરાવા સાથે દલીલો કરી હોવા છતાં જ્યારે પણ કોર્ટમાં લડ્યા ત્યારે તેમણે ભૂતકાળમાં જેટલાં commitments (સ્વીકારો) કર્યાં હોય તે અત્યારે તેમને bind (બંધનકર્તા) થાય છે. આમ પાછો આ case representative case (પ્રતિનિધિત્વવાળો કેસ) છે. માટે જે ચુકાદો આવે તેનું પરિણામ આખા સંઘે ભોગવવાનું આવશે. At present this (Supreme Court) is last juncture. (વર્તમાનમાં ન્યાય મેળવવા માટે આ સુપ્રિમ કોર્ટ એ છેલ્લી જગા છે.) અહીં જરા માત્ર પણ બેદરકારી થઈ તો આ તીર્થના આપણા કાયમના યોગ્ય અધિકારો જવાની પૂરી શક્યતા છે. અમુક બાબતોમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ભૂતકાળના bindingના (બંધનના) કારણે ન બોલી શકે, પરંતુ ત્યાં બીજી fresh party enter (નવા પક્ષકાર દાખલ) થઈ શકે છે. તે માટેની process (કાર્યવાહી) પણ ચાલુ છે. પેઢીએ જે કેસ સુપ્રિમ કોર્ટમાં file (ફાઈલ) કર્યો છે તે હજી admit (દાખલ) નથી થયો. પેઢીની petition file (અરજી ફાઈલ) થયા પછી કોર્ટમાં પહેલું hearing થયું. (સુનાવણી થઈ.) આપણા eminent councilsએ (પ્રખ્યાત વકીલોએ) એમાં દલીલો કરી, તેને સાંભળી સુપ્રિમ કોર્ટે "ઝારખંડ સરકાર આપણે ઉઠાવેલા આટલા

પ્રશ્નોના અમુક સમયમાં જવાબ આપે" તેવી notice (નોટિસ) મોકલી છે. ત્યાં હમણાં ચૂંટણી થઈ. Assembly (વિધાનસભા) નવી થઈ, છતાં તે liquid formમાં (પ્રવાહી પરિસ્થિતિમાં) છે. તે stabilise (સ્થિર) થયા પછી ઝારખંડ સરકાર શું જવાબ આપે છે તે જોવાનું રહ્યું. આણંદજી કલ્યાણજી પેઢીની appeal (અપીલ) કોર્ટ સ્વીકારે પછી intervene કરી શકાશે. (વચ્ચે દાખલ થઈ શકાશે). Intervene થઈ (કેસમાં દાખલ થઈ) જે શાસ્ત્રપાઠો ઉપયોગી હોય તે સારી રીતે produce (રજૂ) કરી આપણે પણ litigation (દાવો) કરવાના છીએ. તેનું કામ ચાલુ છે. તેમાં પણ અત્યારના છેલ્લા તંત્રને આપણે એક જ કહેવું છે કે "We have no other demand. We are just fighting for our rights. We want only justice. (અમારી બીજી કોઈ માગણી નથી. અમે અમારા ન્યાયી અધિકારો માટે લડીએ છીએ. અમારે માત્ર ન્યાય જોઈએ છે.) તે માટે અમારી વાત પૂરેપૂરી, યોગ્ય રીતે સંભળાય અને તેનો તટસ્થતાથી જવાબ અપાય તેટલી જ માંગણી છે." પરંતુ જો કેસ લડવામાં ભૂલ થઈ તો સકલ સંઘને તેનાં માઠાં પરિણામ ભોગવવાં પડશે. It affects whole Jain community permanently. (આ આખા જૈનસમાજને કાયમ માટે અસરકર્તા છે.)

**આવું ઊંચું ધર્મરક્ષા અને તીર્થરક્ષાનું કામ મને જીવનમાં મળ્યું તે મારાં અહોભાગ્ય છે, આવું સમજી શુભભાવથી જે પણ આ કાર્ય કરે તેને જબરદસ્ત કર્મનિર્જરાનું અને ભવસાગર તરી જવાનું આ અદ્‌ભુત નિમિત્ત છે, તેમ માની આ શાસનનું ઋણ અદા કરી, શાસનની ભક્તિનું આ કર્તવ્ય અવશ્ય કરજો. તેના પ્રભાવે આખા જગતને આવા તીર્થસ્વરૂપ ધર્મસ્થાનકમાંથી કલ્યાણનો માર્ગ મળે તેવી શુભભાવનાપૂર્વક વિરમું છું.**

✲

**✲ હજારો વર્ષોથી પ્રજામાં આપબળે ટકેલા ધર્મોને ભારત સરકાર વણમાગી વહીવટી સહાય ન કરે તોપણ કાંઈ ધર્મોનો નાશ થવાનો નથી, ઊલટું હસ્તક્ષેપ અટકતાં ધર્મો વધુ સમૃદ્ધ થશે.**

# ૪

**વિ. સં. ૨૦૬૧, ચૈત્ર સુદ ૨, તા. ૧૦-૪-૨૦૦૫, રવિવાર,**
**શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નાનપુરા, દિવાળીબાગ, સુરત.**

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા વૈશ્વિક ન્યાયનું પ્રવર્તન કરાવવા માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જેમ ધર્મશાસન છે તેમ રાજ્યશાસન છે. રાજ્ય સામાજિક ન્યાયને સ્થાપિત કરનાર પરિબળ કે સંસ્થા છે, જ્યારે ધર્મ જીવમાત્ર પ્રત્યે ન્યાયી વર્તન સ્થાપિત કરનાર પરિબળ કે સંસ્થા છે. આમ, ધર્મની range broad (સીમા વિશાળ) છે. જગતના તમામ જીવો ન્યાય ઇચ્છે છે, અન્યાય નહીં. આપણને જેમ કોઈ તરફથી અન્યાય થાય તો ગમતું નથી, તેવી રીતે આપણા તરફથી થતું અન્યાયી વર્તન પણ અન્ય જીવોને ગમતું નથી. પણ આવું પરસ્પરનું ન્યાયી વર્તન ક્યારે શક્ય બને ? જો આપણે પરસ્પરના અધિકારોનો સ્વીકાર કરીએ તો. જ્યાં સુધી આપણે આપણા પોતાના અધિકાર સિવાય બીજાના અધિકારને અધિકારરૂપે સ્વીકારીએ નહીં, ત્યાં સુધી આપણાથી બીજા પ્રત્યે અન્યાયી વર્તન હિચકિચાટ વિના થશે, અને તેની ફલશ્રુતિરૂપે આપણું જીવન બીજાને વિક્ષેપ ઊભો કરશે, જેના કારણે સમાજમાં અંધાધૂંધી, અરાજકતા અને અન્યાય ફેલાય. Law of Jungle will prevail. (જંગલનો કાયદો લાગુ થશે.) માટે માનવસમૂહમાં પણ યુગલિકકાળને છોડીને દરેક કાળમાં રાજ્યવ્યવસ્થા જરૂરી છે.

પ્રજામાં પરસ્પરનું અન્યાયી વર્તન રોકવા રાજ્ય સૌને રાજદંડથી કાબૂમાં રાખે છે. અત્યારે ઘણાની બીજાને અન્યાય કરવાની શક્તિ અને ઇચ્છા હોવા છતાં અન્યાય કરતા નથી; કારણ કે તેઓને રાજદંડનો ભય છે. રાજ્ય પાસે શસ્ત્રબળ, સૈન્યબળ અને બાહુબળ બધું હોય છે, જેનાથી રાજ્ય દંડનીતિ દ્વારા ન્યાય પ્રવર્તાવે છે, જ્યારે ધર્મ કોઈને સીધો દંડ આપતું

નથી. ધર્મ પાસે શસ્ત્રબળ, સૈન્યબળ કે બાહુબળ પણ હોતું નથી. એનો અર્થ એ થયો કે રાજદંડ દ્વારા રાજ્ય જે રીતે ન્યાય ફેલાવે છે, તેના કરતાં ધર્મની ન્યાય ફેલાવવાની પદ્ધતિ જુદી છે. **ધર્મ હૃદયપરિવર્તન દ્વારા ન્યાયી વર્તનની ચોક્કસ પ્રેરણા આપે છે.** એકલો જૈનધર્મ જ નહીં પણ બધા જ ધર્મો કે ધર્મગુરુઓ હૃદયપરિવર્તન દ્વારા અન્ય જીવસૃષ્ટિ પ્રત્યે પણ ન્યાયી વર્તનની પ્રેરણા કરે છે, પરંતુ તેમાં top levelનું-શ્રેષ્ઠ કક્ષાનું ન્યાયી વર્તન અને તેને અનુરૂપ આદર્શ જીવનશૈલી આપવામાં તીર્થંકરોની કમાલ છે. તીર્થંકરોની આજ્ઞાને અનુસરીને જીવનારા આત્માઓ બીજા કોઈપણ જીવને અન્યાય ન થાય તે રીતે પોતાનું જીવન જીવે છે. જૈનધર્મમાં નાનામાં નાના જીવોના અધિકારોનો પણ જેવો સ્વીકાર છે તેવો તમને બીજે ક્યાંય જોવા નહીં મળે. આજે એવા ઘણા જૈનો છે કે જેમનાથી એક કીડી પણ મરી જાય તો તેઓ અમારી પાસે આવી હૃદયપૂર્વક પ્રાયશ્ચિત્ત કરે છે; કારણ કે તેમણે કીડીનો પણ જીવવાનો, રહેવાનો, ખાવાનો-પીવાનો અધિકાર મંજૂર કરેલ છે. જો એ અધિકાર તેઓ મંજુર ન કરે તો કીડી કાંઈ કોઈની સામે કોર્ટમાં જવાની નથી. છતાં પણ નાનામાં નાના જીવોને વિક્ષેપ કર્યો હોય, તેના કોઈપણ right (હક, અધિકાર) પર encroachment કર્યું હોય (તરાપ મારી હોય) તો તે અપરાધના સંશોધન-શુદ્ધિકરણ માટે પ્રાયશ્ચિત્ત કરવા તેઓ તૈયાર છે. **જૈન ધર્મે સમગ્ર જીવસૃષ્ટિના સર્વ અધિકારોને સ્વીકારીને જ જીવન જીવવાની ન્યાયી પદ્ધતિ બતાવી છે.** પ્રભુ મહાવીરે પ્રરૂપેલ સાધુપણું જેણે perfect (ક્ષતિરહિત-યથાર્થપણે) સ્વીકાર્યું હોય તે કદી પણ કોઈના અધિકારને infringe કરે (ઉલ્લંઘે) તેવું બની જ ન શકે. આવી આદર્શ જીવનવ્યવસ્થા ફેલાવનાર પ્રભુએ જગતમાં ન્યાય પ્રવર્તાવવા કોઈપણ કચાશ રાખી નથી.

માનવસમૂહમાં વૈશ્વિક ન્યાય ફેલાવનાર ધર્મ અને સામાજિક ન્યાય ફેલાવનાર રાજ્ય બંનેનું પ્રશાસન છે, પરંતુ રાજ્યનું પ્રશાસન નાગરિક એવા મર્યાદિત માનવસમૂહને અપરાધના દંડ દ્વારા controlમાં (અંકુશમાં) રાખવા પૂરતું સીમિત છે, જ્યારે religion has broad base. (ધર્મનું કાર્યક્ષેત્ર વિશાળ છે.) The field of religion is wider than nation. અરે ! ધર્મ દેશના સીમાડાઓથી પણ વધુ વ્યાપક છે. **ધર્મ ખરેખર multi-national**

**(બહુરાષ્ટ્રીય) બની શકે તેવી સંસ્થા છે.** વળી, ધર્મ જ્યાં જ્યાં ફેલાય ત્યાં હૃદયપરિવર્તન દ્વારા અપરાધી માનસ નાબૂદ કરે છે, સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યે ન્યાયિક વર્તાવની વાત કરે છે. છતાં અફસોસની વાત એ છે કે આજનું રાજ્ય ધર્મને ન્યાય ફેલાવનાર પરિબળ તરીકે જ સ્વીકારતું નથી, માનતું નથી. We have accepted Republic, Democratic State. (આપણે પ્રજાસત્તાક, લોકતાંત્રિક રાજ્યવ્યવસ્થા સ્વીકારી છે) જેમાં Socialism & Secularismનો (સમાજવાદ અને બિનસાંપ્રદાયિકતાનો) પછીથી ઉમેરો કરેલો છે. તેથી અત્યારે આપણું Democratic Republic, Socialist Secular State (લોકતાંત્રિક, પ્રજાસત્તાક, સમાજવાદી, બિનસાંપ્રદાયિક રાજ્ય) છે. સ્વરાજ પછી જે રાજ્યવ્યવસ્થા સ્વીકારી તેને અનુરૂપ બંધારણ ઘડાયું. ધર્મ રાજ્યવ્યવસ્થામાં સીધો અવરોધ ન કરતો હોવા છતાં ધર્મ માટે એવી આધુનિક વિકૃત વિચારધારા ફેલાવવામાં આવી છે કે Religion creates discrimination amongst the society and by such discrimination it is dividing the society. (ધર્મ સમાજમાં ભેદભાવો ઉત્પન્ન કરે છે અને આવા ભેદભાવો દ્વારા તે સમાજને વિભાજિત કરે છે.) આજે સમાજમાં Elite (ઉચ્ચ) ગણાતો Class (વર્ગ) કે કેટલાક ન્યાયાધીશો પણ કહે છે કે ધર્મ સમાજમાં ઝઘડા ઊભા કરે છે, ધર્મના નામથી સમાજને વિભાજિત કરાય છે. સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશોના પણ આવા અભિપ્રાયો જજમેન્ટમાં નોંધાયેલા છે. અરે ! ઘણા લેખકોએ તો ત્યાં સુધી લખ્યું છે કે ધર્મ એ સમાજમાં nuisance (ઉપાધિકારક) છે, લોકોને ભરમાવતું અફીણ છે. ટૂંકમાં ધર્મને એક dividing force (વિભાજક પરિબળ) તરીકે ઉપસાવવામાં આવ્યો છે.

**સભા :** અફીણ ?

**સાહેબજી :** હા, Karl Marks (કાર્લ માર્ક્સ)ના Marxismમાં (માર્ક્સવાદમાં) ધર્મને અફીણ કહ્યું છે. તે Communist (સામ્યવાદી) હતો. જોકે હવે તો તેમના વળતા દિવસો છે. છતાં એક વાત ચોક્કસ છે કે ધર્મને વિભાજક પરિબળ તરીકે જોનારો બુદ્ધિજીવી વર્ગ આજે પણ ઘણો મોટો છે. કાયદાકાનૂનમાં લખે છે કે "We want to form egalitarian society, so there must be no discrimination by caste, creed, religion and

sex etc." (આપણે સમાનતાવાદી સમાજની સ્થાપના કરવી છે કે જેમાં જાતિ, સંપ્રદાય, ધર્મ અને લિંગ વગેરે આધારિત ભેદભાવો ન હોય.) જે ધર્મ આખા વિશ્વમાં ન્યાય સ્થાપનારો, પરસ્પર આત્મીયભાવ કેળવનારો છે, તેના માટે આ જે impression (છાપ) ઊભી કરાઈ છે, કે it is a dividing force, (એ એક વિભાજક પરિબળ છે,) તે બહુ ખોટી છે. ધર્મોમાં ભલે કેટલાક મતભેદો પણ હોય છતાં બીજા જીવો પ્રત્યે અન્યાયી વર્તન કરવું, તેવી પ્રેરણા દુનિયાનો કોઈ ધર્મ કરતો નથી. કદાચ કોઈ ધર્મના અનુયાયીઓ અન્યાયી વર્તન કરતા હોય તોપણ તેમનાં ધર્મશાસ્ત્રો તો તેની ના જ પાડે છે.

**સભા :** તે કેવી રીતે ?

**સાહેબજી :** કોઈપણ ધર્મવાળા બીજા જીવો પ્રત્યે સીધી મારામારી કરવી, ખૂનામરકી ફેલાવવી કે કારણ વિના સૌને ત્રાસ આપવો તેવો ઉપદેશ આપતા જ નથી. બધા ધર્મો દયા, પરોપકાર, અહિંસા આદિની પ્રેરણા આપે જ છે. છતાં, પરસ્પરના ધર્મોના મતભેદમાં કોઈ ધર્મના અનુયાયીઓ ઝનૂની બની જાય અને હજારો વર્ષોના સમયગાળામાં ક્યારેક ધર્મની મર્યાદાઓ ઓળંગી હોય તો તેવી ખામીઓનું ધર્મમાંથી સંશોધન કરાય, પરંતુ સમાજમાં પવિત્ર આદર્શો ફેલાવનાર ધર્મોને મૂળમાંથી ઊખેડી ન નંખાય.

રાજ્યનો ધર્મ પ્રત્યેનો આવો પૂર્વગ્રહયુક્ત અભિગમ યોગ્ય નથી. બંધારણમાં એકબાજુ પ્રજાને ધાર્મિક સ્વાતંત્ર્ય અપાયું છે તેમ જણાવાય છે, ત્યારે બીજી બાજુ ભારતના બંધારણના Article-25 & 26 માં on the basis of freedom of conscience પ્રજાને right to profess, practice & propagate religionનો (કલમ-૨૫ અને ૨૬માં અંતઃકરણની સ્વતંત્રતાના આધારે પ્રજાને ધર્મના સ્વીકાર, પાલન અને પ્રસારના) હક અપાયેલ છે જેને ધર્મના મૂળભૂત અધિકાર તરીકે ખતવાય છે, પરંતુ તેનું અર્થઘટન કરતી વખતે ખૂબ જ સંકુચિતતા રાખવામાં આવી છે. જજો secular mindવાળા (બિનધાર્મિક માનસવાળા) અને religious knowledgeના (ધાર્મિક જ્ઞાનના) અભાવવાળા હોવાથી તેઓએ ધર્મશાસ્ત્રો જોયા-જાણ્યા વગર, ધર્મશાસ્ત્રોએ ધર્મની જે વ્યાખ્યા કરી છે, તેના બદલે તેમની પોતાની રીતે ધર્મની ખૂબ જ મર્યાદિત અને સંકુચિત સીમાઓ વિચારી છે. ધર્મની બાબતમાં High Courts & Supreme Courtના (હાઈકોર્ટ અને સુપ્રિમ

કોર્ટનાં) સેંકડો જજમેન્ટોનો અભ્યાસ કર્યા પછી તારણરૂપે કહું છું કે તેમાં ધર્મનું ખોટું અર્થઘટન કરી miscarriage of Justice (ન્યાયનું ખૂન) કરેલ છે, અને તેના કારણે ધર્મને જે અન્યાય થયો છે તે કલ્પના બહારનો છે.

આને સરળ ભાષામાં સમજવા આપણે દૃષ્ટાંતથી વિચારીએ : દા.ત. કોઈ બૌદ્ધ ધર્મનો અનુયાયી કે ઈસ્લામ ધર્મનો અનુયાયી પોતાના ધર્મનું મંદિર કે મસ્જિદ બાંધે તો તે ધર્મપ્રવૃત્તિ પણ ધર્મ ગણાય અને તે (અધિકાર) right to professમાં (ધર્મની માન્યતામાં) આવી જાય. ત્યાં કહે religion is not only inner belief but expression of belief is also a matter of religion. (ધર્મ એ માત્ર આંતરિક શ્રદ્ધા-માન્યતા રૂપ જ નથી, પરંતુ શ્રદ્ધા-માન્યતા અનુસારની પ્રવૃત્તિ-અભિવ્યક્તિ પણ ધાર્મિક બાબત છે.) અહીં beliefથી શ્રદ્ધા-માન્યતા લીધી છે. જેમ કે તમને તીર્થંકર પ્રત્યે શ્રદ્ધા છે, તેમ કોઈને મહાદેવ પ્રત્યે, કોઈને ગૌતમ બુદ્ધ પ્રત્યે શ્રદ્ધા હોય વગેરે. અર્થાત્ કોઈપણ ઈશ્વર પ્રત્યે શ્રદ્ધાનો ભાવ રાખવો તે ધર્મ, અને તેના expression (તેની અભિવ્યક્તિ) તરીકે ઉપાસના માટે મંદિરાદિ બંધાવવાની પ્રવૃત્તિ કરવી તે પણ ધર્મ. પછી ત્યાં દર્શન કરવાં, પૂજા કરવી, નમસ્કાર કરવા, વંદન-ભક્તિનાં અનુષ્ઠાન કરવાં તે પણ ધર્મ. આરાધ્ય દેવની મૂર્તિ પર પુષ્પ ચઢાવો, તેની સન્મુખ ધૂપ-દીપ કરો, અલંકારપૂજા તરીકે તેમના પર સોના-ચાંદી કે હીરાજડિત દાગીના બનાવરાવીને ચઢાવો, પૈસા ભંડારમાં અર્પણ કરો, તે બધું પણ ધર્મ. Thus every activity of offering is also religion. (આમ અર્પણ કરવાની દરેક પ્રવૃત્તિ પણ ધર્મ છે.)

અહીં સુધીની પ્રવૃત્તિનો ધર્મ તરીકે સ્વીકાર્યા પછી કહે છે કે ભગવાનને ફૂલ ચઢાવવા, દાગીના ચઢાવવા, પૈસા ભંડારમાં મૂકવા ઈત્યાદિ પ્રવૃત્તિ તે ધર્મ ખરો, પણ તે ભગવાનને ચઢાવેલાં ફૂલ, દાગીના કે અર્પણ કરેલ પૈસા તે ધર્મ નથી. even તે offeringમાંથી (અરે ! તે અર્પિત ચીજવસ્તુમાંથી) કોઈ નવી મૂર્તિ બનાવી હોય તો તેને પણ કોર્ટો-રાજ્ય ધર્મ તરીકે સ્વીકારતું નથી. અરે ! તમે જેનાં નિત્ય દર્શન કરો છો તે મૂર્તિને પણ તે ધર્મ તરીકે સ્વીકારવા તૈયાર નથી. Idol itself is also not accepted as religion. Only belief and rituals are religion, nothing more than that. (મૂર્તિ સ્વયં ધર્મ તરીકે સ્વીકારાઈ નથી. માત્ર શ્રદ્ધા-માન્યતા અને ધાર્મિક ક્રિયાકાંડ-

વિધિઓ જ ધર્મ છે, એનાથી વધારે કંઈ જ નહીં.) **મંદિર, મૂર્તિ, મંદિરમાં અર્પણ કરાયેલા પૈસા અને તેનો વહીવટ તે કશાયને આજનું રાજ્ય અને કોર્ટો ધર્મ તરીકે સ્વીકારતી નથી.** તેઓ એ બધાને secular part of religion (ધર્મમાં રહેલી બિનધાર્મિક બાબત) ગણે છે. Supreme Courtના (સુપ્રિમ કોર્ટના) ન્યાયાધીશોનું પણ આવું જ તારણ છે. This is a big blunder with religion. (આ ધર્મ સાથે કરાઈ રહેલી ગંભીર ભૂલ છે.) ધર્મનું Interpretation (અર્થઘટન) કરવામાં બહુ મોટા છબરડા વળાયા છે.

**સભા** : Is it a fact ? (શું આ હકીકત છે ?)

**સાહેબજી** : હા ! ન્યાયાલયોએ આવાં Clear cut interpretation (સ્પષ્ટ અર્થઘટન) કર્યાં છે.

**સભા** : શું મૂર્તિને પણ ધર્મ ન માને ?

**સાહેબજી** : હા, મૂર્તિને પણ નહિ ! Idol is a secular part of religion (મૂર્તિને ધર્મનો બિનધાર્મિક હિસ્સો) કહે છે.

**સભા** : ત્યાં secular (સેક્યુલર)નો અર્થ શું કર્યો છે ?

**સાહેબજી** : According to Law Lexicon, Black's Law dictionary કે International Webster's Dictionary, (લૉ લેક્સિકન કે બ્લેકના કાયદાકીય શબ્દકોષમાં કે ઇન્ટરનેશનલ વેબસ્ટરના શબ્દકોષ પ્રમાણે) secular means worldly substance, materialistic substance. મતલબ કે દુન્યવી પદાર્થ, ભૌતિક-બિનધાર્મિક, ધર્મનિરપેક્ષ દ્રવ્ય.

આ રીતે મંદિર, મૂર્તિ, ઉપાશ્રય, તીર્થસ્થાન, ધર્મશાળા આદિ તમામ ધર્મસ્થાનોને secular - ભૌતિક, બિનધાર્મિક દ્રવ્ય ગણી ધર્મની વ્યાખ્યામાંથી બાકાત કરવામાં આવ્યાં છે. Treating all of them as secular part of religion, they are considered either movable or immovable property of religion but not the religion. (એ સૌને ધર્મનો ભૌતિક-બિનધાર્મિક હિસ્સો ગણીને તેમને કાં તો ધર્મની સ્થાવર અથવા તો જંગમ મિલકત ગણવામાં આવી છે, પરંતુ તેનો ધર્મ તરીકે સ્વીકાર કર્યો નથી.)

દા.ત. દાનની પ્રવૃત્તિ તે ધર્મ, પણ દાનમાં અપાયેલું ધર્મદ્રવ્ય વગેરે

તે ધર્મ નહિ. આ બધું તમને એકદમ સરળ ભાષામાં સમજાવવા પ્રયત્ન કરું છું. બરાબર સમજવા-ધ્યાન દેવા જેવી વાત છે. તમે બધા જૈનોએ ભેગા થઈ ધર્મબુદ્ધિથી દાન આપી રકમ એકઠી કરી ધર્મના સ્થાન તરીકે દેરાસર-ઉપાશ્રયાદિ ઊભાં કર્યાં, છતાં તે ધર્મસ્થાનકોને ધર્મ તરીકે કોર્ટો સ્વીકારવા તૈયાર નથી. તે તો તેને public place કે public property (જાહેર સ્થળ કે જાહેર મિલકત) તરીકે ગણના કરે છે.

**સભા :** તો પછી તેમના મતે ધર્મની વ્યાખ્યા શું છે ?

**સાહેબજી :** માન્યતા અને તેની અભિવ્યક્તિ, તે ધર્મ; પછી ભલે તે ગમે તે રીતે થતી હોય. કોર્ટો પોતાની વાત પુષ્ટ કરવા ગીતાનું quotation (ઉદ્ધરણ-ઉદાહરણ) આપે છે. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે "જે કાંઈ પણ મને અર્પણ કરો છો તે હું સ્વીકારું છું." Judge has stated in the Judgement that God has made a statement in Gita that "I am accepting your offering." (જજે એમના ચુકાદામાં વિધાન કર્યું છે કે ભગવાને ગીતામાં કહ્યું છે કે "હું તમારા વડે અર્પણ કરાયેલું સ્વીકારું છું.") આ વિધાનને પકડીને તેમણે interpretation (અર્થઘટન) કર્યું કે ઈશ્વરે કહ્યું છે, તમે મને offer (અર્પણ) કરો તે ધર્મ. અર્થાત્ offer (અર્પણ) કરવું તે ધર્મ. શ્રદ્ધા, માન્યતા અને તેને અનુરૂપ ક્રિયાકાંડ તે ધર્મ, બાકી બધું તેમણે ધર્મની સીમા બહાર મૂક્યું છે. મતલબ કે offer (અર્પણ) કરવું તે ધર્મ, પણ જે offer (અર્પણ) કરાય છે તે ધર્મ નથી, અને આ જ ખરેખર બધા પ્રશ્નોનું root cause (મૂળ કારણ) છે. આજે શિખરજી, પાલિતાણા, કેસરીયાજી, બદ્રિકેદાર, કાશી વિશ્વનાથ, તિરૂપતિ બાલાજી, સિદ્ધિ વિનાયક, શિરડી સાંઈબાબા, શ્રીનાથજી વગેરે વગેરે જે કોઈ ધર્મસ્થાનો કાં સરકારે capture કર્યા (આંચકી લીધાં કે કબજે કર્યાં) છે કે તેનાં administration અને management માં interference કર્યું (વહીવટ અને સંચાલનમાં દખલ કરી) છે, તેનો મૂળ base (આધાર) જ આ છે. આ બધા માટે સરકારનું કહેવું એ જ છે કે it is not religion but it is a secular part of religion and therefore the state can regulate it, rather the state is duty bound to regulate it. (એ ધર્મ નથી પરંતુ ધર્મનો ભૌતિક-બિનધાર્મિક હિસ્સો છે, અને તેથી રાજ્ય તેનું નિયમન કરી શકે, ઉપરથી એનું નિયમન

કરવાની ફરજથી રાજ્ય બંધાયેલું છે.)

જૈન સંઘે અને આપણા વડવાઓએ સમેતશિખર તીર્થની રક્ષા અને તેની પવિત્રતા જાળવવા માટે તમારા વાળ ઊંચા થઈ જાય તેટલો ભોગ આપ્યો છે. હાલની તારીખમાં તેની ગણતરી થઈ શકે તેમ નથી. We can not evaluate that in monetary terms. Of course we can say that we have spent billions & billions of rupees for that sacred place. (આપણે તેનું પૈસામાં મૂલ્યાંકન ન કરી શકીએ. હા, પણ એટલું ચોક્કસ કહી શકાય કે આપણે આ પવિત્ર સ્થળ માટે અબજો ને અબજો રૂપિયા ખર્ચ્યા છે.) છતાં એક કલમના ગોદાથી સરકારે આખે આખું તીર્થ આપણી પાસેથી લઈ લીધું. તેઓએ કરેલી ધર્મની definition crystal clear (વ્યાખ્યા સ્પષ્ટ) છે જ નહિ.

**સભા :** તો પછી ધર્મની આવી definition (વ્યાખ્યા) નક્કી કરી કોણે ?

**સાહેબજી :** ધર્મની સીધી અને સ્પષ્ટ વ્યાખ્યા કાયદામાં, બંધારણમાં કે કોર્ટોએ નક્કી કરી જ નથી, પરંતુ તેને vague (અનિશ્ચિત) જ રાખવામાં આવી છે. Clear cut definition (સુસ્પષ્ટ વ્યાખ્યા) કરાઈ જ નથી. આમ પાછી, જ્યારે પણ ધર્મની વ્યાખ્યા કરવાની વાત આવે ત્યારે કોર્ટ કહે કે : "the matter of religion should be defined according to the doctrines of tenets of religion, (ધર્મની વ્યાખ્યા તે તે ધર્મના શાસ્ત્રોમાં આવતા સિદ્ધાંતો અનુસાર કરવી જોઈએ,) પરંતુ તેને કોઈ અડતું નથી. કદાચ tenets produce (શાસ્ત્રો રજૂ) કર્યાં હોય તોપણ તે યોગ્ય રીતે represent (રજૂ) થયાં હોય તેમ લાગતું નથી. આપણે ત્યાં ધર્મ માટે નિશ્ચયનયની જે વ્યાખ્યા છે, તેને પોતાના angleથી (દૃષ્ટિકોણથી) પકડીને રાજ્યે ઘુસાડી છે. આમ પાછું રાજ્ય કાંઈ નિશ્ચયનયમાં માનતું પણ નથી, તેમ છતાં તે દ્વારા સમગ્ર ધર્મનું માળખું તોડી નાંખે તેવાં ધારાધોરણ ઊભાં કરવામાં આવ્યાં છે. તેઓ માટે ધર્મ એટલે invisible belief and the activity of expression of such belief. (અદૃશ્ય માન્યતા અને એ માન્યતાને અભિવ્યક્ત કરતી પ્રવૃત્તિ) આમાં તેઓ virtues, rituals, ceremonies, observance, usages, traditions અને offerings ને

consider કરે છે, (સદ્‌ગુણ-સદાચારો, ક્રિયાકાંડ-વિધિઓ, શિષ્ટાચારો, વિધિવિધાનનું પાલન-અનુસરણ, રીતરિવાજો, પ્રણાલી, રૂઢિ કે પરંપરાઓ અને અર્પણની ક્રિયાનો સમાવેશ કરે છે,) પણ તેનાથી વધારે કાંઈ નહિ. તેઓ આ વ્યાખ્યા દ્વારા એમ સાબિત કરે છે કે **જેટલાં પણ ધાર્મિક પવિત્ર સ્થાનો છે, તીર્થભૂમિઓ છે, ધર્મનાં સાધનો છે, ધર્મનાં ઉપકરણો છે, ધર્મનાં પ્રતીકો છે, ધર્મનાં આલંબનો છે કે જે બધાં શાસ્ત્રદૃષ્ટિએ ધર્મનાં અવિભાજ્ય અંગ જ છે, છતાં તેમાંના કોઈને પણ રાજ્ય કે કોર્ટો ધર્મ તરીકે સ્વીકારવા તૈયાર નથી. અરે ! ધર્મસ્થાનોના વહીવટ, કે ધર્મભાવનાથી ધર્મના નામે અર્પણ કરાયેલ ધર્મદ્રવ્યાદિના વહીવટને પણ રાજ્ય ધર્મ તરીકે સ્વીકારતું નથી.** આજે સુરતમાં જેટલા પણ સંઘો છે, તેમાંથી એકપણ સંઘ એવો નહીં મળે કે જ્યાં ટ્રસ્ટીઓ કે સંઘના વહીવટદારો પગાર લેતા હોય. According to our principles, our trustees can't take remuneration for the services they render to the sangh. (આપણાં સિદ્ધાંતો પ્રમાણે આપણે ત્યાં ટ્રસ્ટીઓ, તેમણે સંઘને પૂરી પાડેલી સેવાઓ બદલ મહેનતાણું લઈ શકતા નથી.) જેટલા પણ ટ્રસ્ટીઓ કે વહીવટદારો છે, તેઓ પૈસા લેવા માટે અહીં આવતા નથી કે ટ્રસ્ટી બનતા નથી. ઊલટું ઉદાર દિલે ધર્મક્ષેત્રમાં તેઓ દાન આપશે અને પોતાના સમય અને શક્તિનો ભોગ શ્રદ્ધાથી આપશે; કારણ કે, તેઓ માને છે કે this is also one type of worship. (આ પણ એક પ્રકારની ભક્તિ જ છે.) તેથી આમાં તેમની ધર્મભાવના ભળેલી છે. હા, કદાચ કોઈ ટ્રસ્ટી સિવાયની વ્યક્તિ કામ કરીને પગારરૂપે વળતર લેતી હોય તો તે પણ પ્રાયઃ જૈન નહીં હોય. આમ, ધર્મક્ષેત્રમાં જે કોઈ વ્યક્તિ આવી honorary સેવા (માનદ્ સેવા) આપે છે અને વહીવટાદિ કરે છે, તે વહીવટીય પ્રવૃત્તિ પણ એક ધાર્મિક પ્રવૃત્તિ જ છે, તેને secular activity (બિનધાર્મિક પ્રવૃત્તિ) ગણી શકાય નહીં. આપણાં ધર્મશાસ્ત્રોમાં તેને આપણી ધાર્મિક ફરજ-કર્તવ્ય તરીકે જ બતાવ્યાં છે. સરળ ગુજરાતી ભાષામાં રચાયેલા 'શ્રાવકના પાક્ષિક અતિચાર'માં સમ્યગ્દર્શનના આઠ પ્રકારના દર્શનાચારમાં આવતા પ્રભાવના નામના દર્શનાચારના અતિચારોનું વર્ણન કરતાં પણ લખ્યું છે કે "દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, ભક્ષિત, ઉપેક્ષિત, પ્રજ્ઞાપરાધે વિણાસ્યાં, વિણસતાં ઉવેખ્યાં, છતી શક્તિએ સારસંભાળ ન કીધી..." ઉપરાંત શ્રાવકના બારમા અતિથિસંવિભાગવ્રતના

અતિચારોમાં પણ આવે છે કે 'છતી શક્તિએ સ્વામિવાત્સલ્ય ન કીધું, અનેરાં ધર્મક્ષેત્ર સિદાતાં છતી શક્તિએ ઉદ્ધર્યાં નહિ, દીન-ક્ષીણ પ્રત્યે અનુકંપાદાન ન દીધું.' It means these are your religious ethics. (એનો અર્થ એ કે આ બધા તમારા-શ્રાવકના ધાર્મિક આચારો છે.) આને ધર્મપ્રવૃત્તિ તરીકે ધાર્મિક આચારમાં મૂકી છે, આ પંચાચારમાંના દર્શનાચાર નામના આચાર હેઠળની ધર્મપ્રવૃત્તિ છે અથવા ચારિત્રાચારના પેટાવિભાગ બારમા વ્રતના આચારરૂપે ધર્મપ્રવૃત્તિ છે. અરે ! બીજા દૃષ્ટિકોણથી શાસ્ત્રમાં તીર્થ, દેરાસરાદિ ધર્મસ્થાનોની સાર-સંભાળ અને ચતુર્વિધ સંઘની ભક્તિને વૈયાવચ્ચ તરીકે પણ ગણાવી છે. તેથી તે પણ એક પ્રકારનું ધર્મઅનુષ્ઠાન જ બને. ટૂંકમાં આ એક પ્રકારની worship (ધર્મારાધના-ભક્તિ) જ છે, ધર્મ જ છે. પણ રાજ્યે તેને secular activity (બિનધાર્મિક પ્રવૃત્તિ) ગણી છે. આ દેરાસર-ઉપાશ્રય તમે બંધાવ્યાં છે, ભક્તિથી, ધર્મભાવનાથી દાન એકઠું કરી તમે તેને ઊભાં કર્યાં છે, પણ આ દેરાસર-ઉપાશ્રયનું Management (સંચાલન) સરકાર ધારે ત્યારે takeover (હસ્તગત) કરી શકે; કારણ કે, આપણું બંધારણ જ સરકારને આ બાબતની છૂટ આપે છે. All powers are vested in the state. (બધી જ સત્તાઓ રાજ્ય પાસે છે.) સરકારની પાસે અમર્યાદ સત્તાઓ છે અને તેના પરિણામે જ આ બધા પ્રશ્નો ઊભા થયા છે. જોકે આ સત્તાનો ઉપયોગ કરવામાં પણ સરકારની રાજરમત છે. સરકાર એક સાથે બધાં ધર્મસ્થાનકો acquire (હસ્તગત) નથી કરતી, પરંતુ જે ધર્મસ્થાનકોની માલ-મિલકત અને આવકો વિશેષ છે, તેવાં સ્થાનકો એક પછી એક cover (કબજે) કરે છે, જેથી વિશાળ પાયા પર વિરોધ થાય નહીં અને એકલ-દોકલને તે દાદ દે નહીં.

**સભા :** કુલ કેટલા દેશોનાં બંધારણોમાં ધર્મની આવી definition (વ્યાખ્યા) છે ?

**સાહેબજી :** This is an international issue. I am speaking with accountability and with facts and figures of research work. Three-four months back Mr. Henry Kissinger, an ex-American Secretary, whose political opinions are being considered even on international arena, wrote an Article on "Assignment of

America' in "News Week' magazine, wherein, inter alia, he stated that European countries developed "Nation State Theory' in 14th Century. Prior to that within the country, the state was sovereign for political powers which were vested & enjoyed by the King, whereas religious rights/powers were in religious head. i.e. Spiritual powers and Temporal powers were separate. But now in this Nation-State theory all powers are combined and vested in the State. Nowadays, State has got absolute powers. According to him, European countries first adopted this theory and then was followed by us. (આ એક આંતરરાષ્ટ્રીય મુદ્દો છે. હું જવાબદારીપૂર્વક અને સંશોધન પછી જાણવા મળેલી હકીકતો અને આંકડા સાથે બોલું છું. પૂર્વ અમેરિકી સચિવ શ્રી હેન્રી કીસીંજર, કે જેમનાં રાજકીય અભિપ્રાયો આંતરરાષ્ટ્રીય વર્તુળોમાં પણ ગણનાપાત્ર માનવામાં આવે છે, એમણે ત્રણ-ચાર મહિના પહેલા 'ન્યૂઝ વીક' નામના સામયિકમાં "એસાઈનમેન્ટ ઓફ અમેરિકા" નામનો લેખ લખ્યો હતો, જેના અંતર્ગત એમણે લખ્યું હતું કે યુરોપિયન દેશોએ ૧૪મી સદીમાં "નેશન-સ્ટેટ થીયરી"ને જન્મ આપ્યો. તે પૂર્વે દેશની અંદર રાજકીય સત્તા માટે રાજ્ય સર્વોપરી સત્તા હતું. રાજકીય સત્તાઓ રાજા પાસે રહેતી, અને ધાર્મિક સત્તાઓ/હકો ધાર્મિક ગુરુઓ પાસે રહેતાં, એટલે કે રાજકીય સત્તા અને આધ્યાત્મિક સત્તાઓ અલગ-અલગ હતી. પરંતુ હવે આ નેશન-સ્ટેટ થીયરીમાં બધી જ સત્તાઓ ભેગી કરી અને તે રાજ્યમાં પ્રસ્થાપિત કરવામાં આવી છે. વર્તમાન સમયમાં રાજ્ય પાસે સંપૂર્ણ સત્તાઓ છે. એમના મત મુજબ યુરોપિયન દેશોએ સૌ પ્રથમ આ થીયરી અપનાવી અને બાદમાં આપણે એને અનુસરી છે.) પૂર્વે રાજનીતિમાં, રાજ્યસત્તા તરીકે જ્યારે Autocracy (આપખુદશાહી) પ્રવર્તતી હતી ત્યારે ધર્મસત્તા અને રાજ્યસત્તાઓ સ્પષ્ટ રીતે વહેંચાયેલી હતી. પછી યુરોપના દેશોએ પ્રથમ પોતાના દેશોમાંથી રાજાશાહી નાબૂદ કરી અને આ Nation State (રાષ્ટ્ર-રાજ્યની) થિયરી સ્થાપિત કરી. ત્યારબાદ તેને યુરોપના દેશોની કોલોનીઓમાં સ્વરાજ આપવાના બહાના હેઠળ export (નિકાસ) કરવામાં આવી. તેથી આપણા દેશે પણ તેને adopt કરી (અપનાવી) છે.

આ theoryથી (વિચારધારાથી) જ બંધારણમાં સરકારને આવા અમાપ અધિકારો અપાયા છે. સ્વતંત્રતા પછી જે મંદિરોમાં માલ-પાણી યાને કે મોટી મિલકતો અને આવકો સરકારને દેખાઈ ત્યાં સરકારે માથું મારવાનું ચાલુ કર્યું. જોકે ઓઠું કે કારણ તો એવાં જ અપાય કે ત્યાં mis-management (ગેરવહીવટ) છે કે manipulation of funds (હિસાબમાં ગોટાળા) છે, માટે Govt. is regulating it for its betterment. (સરકાર એના સારા માટે નિયમન કરે છે.) જે ધાર્મિક સ્થળોની આવકમાં કસ નથી અથવા જેમનાં budget deficitમાં (સરવૈયા ખોટમાં) ચાલતાં હોય તેમાં સરકાર પડવા નવરી નથી. ધાર્મિક સ્વાતંત્ર્યમાં સરકારે બધું લઈ તમારા માટે રાખ્યાં શ્રદ્ધા અને ક્રિયા. એકવાર મંદિર-ઉપાશ્રયાદિ લઈ લે પછી તમે અંદર બેસીને પૂજા કરો, સામાયિક કરો, દાન કરો તેમાં તેના બાપનું શું જાય છે ? પણ સરકાર એકવાર કોઈપણ ધર્મસ્થાન acquire (હસ્તગત) કરે પછી તેનો વહીવટ સરકારના કાયદા પ્રમાણે કરવાનો આવે. બંધારણમાં જ લખ્યું છે કે- Denominations of religion can own the movable and immovable property and they can manage them in accordance with the law. ધર્મો સ્થાવર-જંગમ મિલકત ધરાવી શકે ખરા, પણ તેનો વહીવટ કાયદા પ્રમાણે કરવાનો મતલબ કે પછી તે વહીવટ શાસ્ત્રો મુજબ નહીં પણ સરકારે ઘડેલા કાયદાઓ મુજબ થાય.

બંધારણમાં અપાયેલી આ શ્રદ્ધા અને ક્રિયા પૂરતી પણ સ્વતંત્રતા પાછી Article-14 વગેરેમાં જણાવેલ અન્ય મૂળભૂત અધિકારોને આધીન રહેશે તેમ જણાવ્યું છે. એટલે કે જ્યારે અન્ય મૂળભૂત અધિકારો અને ધાર્મિક અધિકારો સામસામે આવે ત્યારે બીજા મૂળભૂત અધિકારને પ્રાધાન્ય અપાય અને ધાર્મિક અધિકાર ગૌણ બને. આવી વિચિત્ર જોગવાઈઓ બંધારણમાં જ જણાવવામાં આવી છે. બંધારણ એ કાયદાથી ઉપર છે. બંધારણમાં સુધારણા કરાવવી તે હમણાં આપણા rangeની (ગજાની) વાત જણાતી નથી, કારણ કે તે માટે parliamentમાં two-third majority (સંસદમાં બે તૃતીયાંશ બહુમતી) તરફેણમાં જોઈએ, જે હાલમાં અતિદુષ્કર છે. તેથી તે માટે પ્રયત્ન પણ કરવો નથી. You can't change the constitution at present. (અત્યારે તમે બંધારણમાં ફેરફાર નહીં કરાવી શકો.) બંધારણ

change (ફેરફાર) કરવાની હાલમાં આપણી શક્તિ નથી. આપણે matter of religionના (ધર્મ અને ધાર્મિક બાબતોના) અર્થઘટનમાં ફેરફાર કરાવી આપણાં તીર્થો અને ધર્મસ્થાનકો તેમજ તેના વહીવટાદિ જેટલું બચાવી શકીએ તે બચાવવાનો પ્રયત્ન કરવો છે. હું તમને જે અશક્ય જણાતું હોય તેમાં લઈ જવા માંગતો નથી. આપણે આજે જે બંધારણ છે, તેમાં રહીને પણ જેટલું બચાવી શકાય તેમ છે, તેટલું બચાવવું છે.

તમને જો યાદ હોય તો આજથી ત્રણ-ચાર વર્ષ પહેલાં તામિલનાડુમાં જયલલિતા Govt. under trial (અદાલતી પરીક્ષણ હેઠળ) હતી. તેની પર કોર્ટમાં indictment (તહોમતનામું) મુકાયેલ હતું, છતાં તેની popularity (લોકપ્રિયતા)ના કારણે તે ચૂંટણીમાં ૨/૩ majority સાથે ચૂંટાઈને આવી. તેનો કેસ Supreme Court (સુપ્રિમ કોર્ટ) સમક્ષ હતો, ત્યારે તેના વકીલે કોર્ટમાં એવી દલીલ કરી કે લોકોએ વિશાળ બહુમતીથી તેને ચૂંટી છે, People's will is supreme in democracy and therefore, the law should be kept aside. (લોકોની ઇચ્છા લોકશાહીમાં સર્વોપરી છે અને તેથી કાયદાને બાજુ પર રાખવો જોઈએ.) ત્યારે Supreme Courtએ જવાબ આપ્યો છે કે No one is above the Constitution, even people's will can't be supreme. She doesn't deserve this post because of indictment. (બંધારણની ઉપર કોઈ નથી, લોકોની ઇચ્છા પણ સર્વોપરી નથી. એમના પર રહેલાં તહોમતનામાને કારણે તેણી આ હોદ્દા પર રહેવા યોગ્ય નથી.) આમ કહી તેને disqualified (ગેરલાયક) ગણીને ઉતારેલી. તેથી આપણી Constitutional democracy (બંધારણીય લોકશાહી) છે, જેમાં even Prime Minister cannot function above the Constitiution. (વડાપ્રધાન પણ બંધારણની ઉપરવટ જઈ કામ કરી શકતા નથી.)

**સભા :** આ Constitution (બંધારણ) કોણે બનાવ્યું ?

**સાહેબજી :** Constitution Assemblyએ (બંધારણ ધારાસભાએ) બનાવ્યું તે Well-known (જાણીતું) છે.

તમે વર્તમાનમાં કઈ પરિસ્થિતિમાં બેઠા છો તે જાણો, તો જૈનોના તમામ સંઘો ધર્મસ્થાનકોને protect (સુરક્ષિત) કરવા જાગ્રત થાય. રાજ્યો

પાસે રાજ્યની સત્તાની દૃષ્ટિએ 'આવી' અમર્યાદ range (સીમા) છે તે જાણતા હોય તો સાવધાન થવાય. આપણાં મંદિર, મૂર્તિ, તીર્થ આદિ ધર્મ નથી, તેવું સ્થાપિત કરી આગળ વધતાં રાજ્ય કહે છે કે તે ધર્મસ્થાન ભલે ઊભાં તમે કર્યાં હોય, હજારો વર્ષોથી તમે તેનું સંચાલન-વહીવટ કરી રહ્યા હો, છતાં તેના પર માલિકી કરવાનો હક-સત્તા રાજ્ય પાસે છે. આ જ વસ્તુ કેસરીયાજીમાં બની છે. કેસરીયાજીમાં શું બન્યું છે તે સમજવા તમને એક દૃષ્ટાંત આપું કે : દા.ત. આ જ areaમાં (વિસ્તારમાં) થોડાં મકાનો આગળ એક મહાદેવનું મંદિર છે. કોઈ કહે કે તે ૧૦૦૦-૧૨૦૦ વર્ષ જૂનું છે. તેનો શિલાલેખ મળે છે, જે ખરેખર documentary evidence (દસ્તાવેજી પુરાવો) ગણાય. છતાં સરકાર આ ૧૨૦૦ વર્ષ જૂનું મંદિર કોણે બંધાવ્યું ? તેના પુરાવા કે સીલસીલાબંધ information (માહિતી) માંગે ! તેટલાં વર્ષો પહેલાં તે કોણે બંધાવ્યું તે કોને ખબર હોય ? પછી તે બારસો વર્ષમાં ક્રમશઃ તેને કોણે કોણે manage (સંચાલન) કર્યું, તેના પણ પુરાવા માગે. તે કોણ આપી શકે ? જે તે ધર્મના અનુયાયીઓ વર્તમાનમાં તેનું સંચાલન કરે છે, તેઓ પણ આટલું જૂનું ન આપી શકે. એટલે સરકાર કહે, "તમે record (લેખિત પુરાવા) ન આપી શકો તો આ મંદિર તમારું છે તેવું કઈ રીતે માનીએ ?" આ તે કેવું કહેવાય ? આવા documents (લખાણ-દસ્તાવેજો) ન મળે એટલામાત્રથી માલિકી જતી રહે ? વળી અત્યારે મેનેજમેન્ટ તો તે માલિકો કરી જ રહ્યા છે. સમેતશિખરજીની બાબતમાં તો આપણી પાસે ૪૦૦-૫૦૦ વર્ષ જૂના authentic documents (વિશ્વસનીય દસ્તાવેજો) છે, પણ હંમેશાં આવા records (લખાણ) મળે તેવો કાંઈ નિયમ છે ? વિચારો, documents ન મળે તો રાજ્ય આપણી શું હાલત કરે ? બાકી તો અત્યારે પ્રભુ મહાવીરનું મંદિર તમે manage (સંચાલન) કરતા હો અને મહાદેવનું કે શિવનું મંદિર તે શંકરના અનુયાયીઓ manage (સંચાલન) કરતા હોય તો તેના માલિક તે તે ધર્મના અનુયાયીઓ જ થાય, તેવું common senseથી common public (સામાન્ય સમજથી સામાન્ય માણસ) પણ સમજી શકે તેવી વાત છે.

આપણા કેસરીયાજી તીર્થના કેસમાં સુપ્રિમ કોર્ટે કહ્યું, આ મંદિર કોણે બંધાવ્યું તે ભલે ખબર નથી, પણ મંદિર સેંકડો વર્ષો જૂનું છે અને આ

areaની (વિસ્તારની) જૈન પ્રજા હજારો વર્ષોથી તેને પૂજતી આવી છે, વળી વહીવટ પણ શ્વેતાંબર જૈનો જ સંભાળે છે તે હકીકત છે. તે પ્રકારના documentary evidences (દસ્તાવેજી પુરાવાઓ) પણ મળે છે. તે કેસમાં દિગંબરો, હિંદુઓ અને ખુદ સરકાર આપણી સામે હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે દિગંબરો કે હિંદુઓનું આ Temple (મંદિર) નથી. તે Swetambari Jains (શ્વેતાંબર જૈનો)નું જ મંદિર છે, છતાં તેની ownership (માલિકી) સરકારની છે. મંદિર કોનું છે તે સ્પષ્ટ હોવા છતાં તેની માલિકી રાજસ્થાન રાજ્ય સરકારની ઠરાવી, કારણ કે, આ મંદિર ભૂતકાળમાં અમુક સમય રાજાના હાથમાં હતું અને તેના Successor (અનુગામી) તરીકે રાજ્ય સરકાર આવી. બાકી નગરશેઠો આ મંદિરનો વહીવટ કરતા હતા, તેના પુરાવા આપણી પાસે છે. જૈન શ્રેષ્ઠીઓએ બંધાવેલું માલુમ પડે છે, છતાં કહે છે કે માલિકી તમારી નહીં, તમને ખાલી Worship (આરાધના=ભક્તિ) કરવાનો right (હક) છે.

**સભા :** તે મંદિર રાજાની માલિકીનું કેવી રીતે થયેલું ?

**સાહેબજી :** તેમાં Britishersએ (અંગ્રેજોએ) રમત રમી છે. સુપ્રિમ કોર્ટે લખ્યું છે કે સ્વરાજ આવતાં પહેલાં કેસરીયાજીનું મંદિર ઉદેપુરના મહારાણાએ લઈ લીધું હતું. બ્રિટિશરોએ આંટીઘૂંટીથી એવો કાયદો કરાવેલો કે જેથી મંદિર રાજ્યનું થઈ જાય. પછી સ્વરાજ આવ્યું એટલે બ્રિટિશરોએ બધી સત્તાઓ રાજાને ભળાવીને ચાલતા થયા. Transfer of Powers was done by British Govt. in favour of the King. (બ્રિટીશ સરકારે સત્તાની સોંપણી રાજાની તરફેણમાં કરી હતી.) Indian Govt.ને (ભારત સરકારને) સત્તાઓ transfer થઈ (સોંપાઈ) નહોતી. પછી સરદાર વલ્લભભાઈ પટેલ Union of Indiaની (ભારત-એક સંઘની) સ્થાપના કરવા નીકળ્યા, ત્યારે રાજા પાસેથી Accession Letter (રાજ્યની તરફેણમાં સોંપણી કરતો પત્ર) માંગ્યો. દેશને રાજ્યની તરફેણમાં મિલકતોની સોંપણીની વાત કરી. આ proposal (દરખાસ્ત) સાંભળી ઉદેપુરના રાજાએ જણાવ્યું કે તમે મારી પાસે ઉદેપુરનું રાજ માંગો છો, પણ ખરેખર તો તે મારું છે જ નહિ. તેથી હું તમને કેવી રીતે આપી શકું ? રાજ તો એકલિંગીજી મહારાજ અને કેસરીયાનાથનું છે. (ત્યારે તેમના રાજમાં તે બંને ધર્મો હતા. ત્યાં રોજ

રાજકુટુંબ દર્શનાર્થે આવતું.) અમે તો તેમના વહીવટદાર દીવાન છીએ. We are managing in the name of God. How can we give the state to you ? (અમે તો ભગવાનના નામે વહીવટ કરીએ છીએ. અમે આપને રાજ્ય કેવી રીતે આપી શકીએ.) વિચાર કરો, આ રાજાને ધર્મ અને ધર્મસ્થાનકો પ્રત્યે કેટલો સદ્ભાવ હશે !

આવો માણસ તે મંદિર ન લઈ શકે. તે માંદેર લઈ લે કે ધર્મસ્થાનને capture (આંચકી લે કે કબજે) કરે તેવું ન બની શકે. પણ આ બધું બ્રિટિશર્સની માયાથી થયું છે. સુપ્રિમ કોર્ટે પણ નોંધ્યું છે કે મેવાડ અને ચિત્તોડના જે રાજા બને તેની આગળ traditionally (પરંપરાગત રીતે) પહેલાં 'શ્રીજી' શબ્દ લાગતો. શ્રીજીનો મતલબ થાય છે ભગવાનનો દિવાન. આવું તો ભૂતકાળમાં ઘણું બધું બન્યું છે.

અત્યારે હજી પણ શિખરજી તીર્થને બચાવવા માટે આપણી પાસે scope (અવકાશ) છે. આખો પહાડ જે આપણા પૂર્વજોએ લડી લડીને સાચવ્યો છે અને તેની માલિકીયતના દાવા-દસ્તાવેજો જાળવ્યા છે, તેને બિહાર રાજ્ય સરકાર અને તેની અનુગામી ઝારખંડ સરકારે acquire (હસ્તગત) કર્યો છે, તેમાં તમારી જાગૃતિનો અભાવ પણ કારણ છે. તેમાં આપણી સાથે કેટલી ભયંકર છેતરપિંડી થઈ છે, તેની તમને કલ્પના પણ નહીં હોય. **શિખરજી સંબંધી આપણી સાથે જે બન્યું છે, તેવું જો અન્ય કોઈ ધર્મવાળા સાથે બન્યું હોત તો આખા દેશમાં ઊથલપાથલ મચી ગઈ હોત. સરકારે આપણી સાથે ભયંકર વિશ્વાસઘાત-breach of trust કર્યો છે.**

**સભા :** એવું તો વળી સરકારે આપણી સાથે શું કર્યું છે ?

**સાહેબજી :** સ્વરાજ આવ્યા પછી જમીનદારી નાબૂદ કરવા બિહાર સરકાર ૧૯૫૨-૫૩માં Bihar Land Reforms Act (બિહાર જમીન સુધારણા કાયદો) લાવી. આમ તો આ કાયદા નીચે ખેતીને લાયક જમીનો આવે, અને આ પહાડ Agricultura Land (ખેતીલાયક જમીન) નથી, તેવું Privy Councilએ (પ્રીવી કાઉન્સિલે) તેના ચુકાદામાં નોંધ્યું છે, છતાં સરકારે આપણને આ કાયદા હેઠળ જમીન સંપાદન માટે નોટિસ આપી. ત્યારબાદ આપણે સરકારને approach (સંપર્ક) કરી જણાવ્યું કે આ ખેતીની જમીન

કે Forest Land (જંગલની જમીન) નથી, પણ અમારું ધાર્મિક પવિત્ર સ્થળ છે, અમારા માટે પૂજનીય છે. તેથી અગાઉ પહાડની પવિત્રતા જાળવવામાં રાજા તરફથી થતી દખલગીરીને રોકવા એ જમાનામાં સાડા ત્રણ લાખ રૂપિયા આજની કિંમતે 30 billion rupees (૩૦ અબજ રૂપિયા) ચૂકવી વેચાણે લીધેલ છે. આટલો વખત અમારા પૂર્વજોએ કેટકેટલો ભોગ આપી તેની પવિત્રતા જાળવી છે, તે તીર્થભૂમિમાંથી વળતર તરીકે જૈનોએ કોઈ વસ્તુ લીધી નથી કે નથી તેની ઉપર આપણે કોઈ બંગલા બંધાવ્યા કે નથી કોઈ હરવા-ફરવાનાં સ્થાન ઊભાં કર્યાં, નથી ત્યાં મનોરંજનનાં કોઈ સાધન ઊભાં કર્યાં; પરંતુ તેની પવિત્રતાની સાચવણી, જાળવણી માટે ભોગ આપીને તીર્થને સાચવ્યું, સંભાળ્યું અને જાળવ્યું છે. આ બધું સરકારને જણાવવા છતાં ત્યારના મુખ્યમંત્રીએ આપણી વાત વિચારવા ઘસીને ના પાડી. પછી આપણે Supreme Courtમાં (સુપ્રિમ કોર્ટમાં) સરકાર સામે Writ Petition (દાવા અરજી) કરી ત્યારે દેશના ટોચના વકીલે સરકારને સલાહ આપી કે જો આ સ્થળ તીર્થભૂમિ નક્કી થશે તો સરકારને કાંઈ નહિ મળે. તેથી સરકારે આપણને કહેવરાવ્યું કે કોર્ટમાં લડવા કરતાં, આવો, આપણે વાટાઘાટો દ્વારા સમાધાન કરીએ. ત્યારબાદ સરકારના પ્રતિનિધિઓ સાથે લગભગ ૧૦૦ જેટલી મિટિંગો થઈ. વિસ્તૃત ચર્ચા-વિચારણાઓના અંતે સરકારે આપણી સાથે 1964માં એક Conclusive Agreement (નિર્ણાયક કરાર) કર્યો. તેમાં આ પહાડનો કણે કણ પવિત્ર છે, આપણે માટે તે મંદિરથી પણ અધિક પૂજનીય છે, તે બધું preambleમાં (આમુખમાં) સ્વીકારાયું છે, પહાડનું possession (કબજો) પણ આપણું મંજૂર કરાયું છે. ત્યારબાદ સરકારે આપણને અંધારામાં રાખીને દિગંબરો સાથે પણ એગ્રીમેન્ટ કરીને તેઓનો પણ પૂજાનો અધિકાર માન્ય કર્યો છે. ત્યારબાદ ૧૯૬૭માં દિગંબરોએ પહાડ ઉપર ગેરકાયદેસર રીતે બાંધકામ ચાલુ કર્યું. તેને અટકાવવા આપણે કોર્ટમાં ગયા. તેમાં પણ આપણે જણાવ્યું કે સરકારે આ પહાડ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની માલિકીનો છે, તે બાબતનો સરકારે આપણી સાથે Agreement (કરાર) કરેલો છે, અને તે Agreement operational (કરાર કાર્યાન્વિત-ચાલુ) છે, તે તમામ હકીકત લેખિતમાં જણાવેલી હોવા છતાં, Agreement (કરાર) થયાને ૨૫ વર્ષ બાદ સરકારે કોર્ટમાં નિવેદન આપ્યાં કે શ્વેતાંબરો સાથે થયેલો Agreement Null & Void (નકામો અને

રદબાતલ કાયદાની દૃષ્ટિએ અસર વિનાનો) છે, public policyની (જાહેર નીતિની) વિરુદ્ધનો છે. આટઆટલી મિટિંગો, વાટાઘાટો કર્યા પછી Cabinet approval (કેબીનેટની મંજૂરી) મેળવીને લેખિતમાં સહી-સિક્કા કરી Agreement (કરાર) કરેલો હોવા છતાં સરકાર ફરી ગઈ, અને એ રીતે આપણી સાથે જબ્બરજસ્ત વિશ્વાસઘાત કર્યો છે. Hide & Seekની game (સંતાકુકડીની રમત) રમી સરકારે આપણી સાથે છેતરપિંડી કરી છે.

**સભા :** સરકારને આવી રીતે ફરી જવાનો right (હક) છે ?

**સાહેબજી :** સરકારને આવો right (હક) ખરો કે નહીં તે Courtએ (કોર્ટે) નક્કી કરવાનું આવે. પણ સરકાર ફરી ગઈ છે તે હકીકત છે, અને તેણે કોર્ટોમાં નિવેદનો આપ્યાં છે તે સ્વીકારી કોર્ટે તેની ઉપર ચુકાદો આપ્યો છે.

**આમ, આપણી એટલે કે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સાથે સરકારે આટલો મોટો ભયંકર વિશ્વાસઘાત કર્યો છે. આ જે બન્યું છે તે એક સામાન્ય વ્યક્તિ સાંભળે તો તેનું પણ લોહી ઊકળી ઊઠે. પણ ખરેખર ! જૈનોની આ કરુણ અવસ્થા છે કે આટઆટલું થવા છતાં તમારામાં કોઈ હિલચાલ, કોઈ ખળભળાટ, કોઈ આંદોલન, કશું જ થયું નથી. તમારા પેટનું પાણી પણ હાલતું નથી. Peace loving communityના (શાંતિપ્રિય સમુદાયના) નામથી તમે બહુ weak and idle (નબળા અને નિષ્ક્રિય) બની ગયા લાગો છો. અહીં તમે offensive (આક્રમક) ન બનો પણ defencive (રક્ષક) તો બનવું જ પડે. ભગવાને શાસનરક્ષા-તીર્થરક્ષાનું તમારા માટે કર્તવ્ય મૂક્યું છે.**

**સભા :** આવું બનેલ છે તેની અમને ખબર જ નથી.

**સાહેબજી :** આ જાણવાની તમારી ફરજ છે. તે માટે તમે શું પ્રયત્ન કર્યો ? તમે કાંઈ immature (અપરિપક્વ) નથી. સંઘોમાં જેઓ post (હોદ્દા) ઉપર છે તેમણે તો અવશ્ય જાણવું જ જોઈએ અને ન જણાવવામાં આવે તો demand (માંગણી) કરવી જોઈએ; પણ એ બહુ અફસોસની વાત છે કે આજે કોઈ જણાવવા આવે તોપણ ઘણાને તો receiptivity (જાણવાની ઇચ્છા) જ નથી. Lack of interest છે. (રસ જ નથી). ધર્મની રક્ષાની પ્રવૃત્તિમાં રસ જ નથી. આ તીર્થ મારું છે, તેવું જ લાગતું નથી. જોકે અત્યારે

મારે તે બધી સમીક્ષામાં નથી પડવું, પણ આપણે જેના માટે ભેગા થયા છીએ તે તીર્થરક્ષાની વાત કરવી છે.

જે ધર્મ તમે ખરેખર શોધવા નથી નીકળ્યા પણ જૈનકુળમાં જન્મવામાત્રથી, બાપદાદાથી તમને સહજપણે વારસામાં મળી ગયો છે, માટે તમને તેનું સાચું appreciation (મૂલ્યાંકન) નથી. બાકી દુનિયામાં આવા આચાર-વિચાર-સિદ્ધાંત અને વિકાસ માટેનો સાંગોપાંગ માર્ગ અન્યત્ર ક્યાંય શોધ્યો જડે તેમ નથી. આ તમને હકીકતમાં સમજાયું હોય તો તેના પ્રત્યેના ઋણસ્વીકારનો ભાવ જાગે અને થાય કે It is our basic and fundamental duty to protect this Dharmatirtha. We can't escape from this responsibility. (આ ધર્મતીર્થની રક્ષા કરવી એ આપણી પાયાની અને મૂળભૂત ફરજ છે. આપણે આ ફરજમાંથી છટકી ન શકીએ.) તમારી શક્તિ ન હોય તેવું, તમારી શક્તિ બહારનું કાંઈ કરાવવાની તમારી પાસે અમને અપેક્ષા નથી, પણ તમારી rangeમાં (શક્તિમાં) હોય તેટલું તો તમારે અવશ્ય કરવું જોઈએ. આ સમેતશિખર તીર્થ એટલે તમે શું માનો છો ? અત્યારે It is a topmost sacred place on this planet. (આ ધરતી પરનું સર્વશ્રેષ્ઠ પવિત્ર સ્થળ છે.) **શાસ્ત્રમાં અપેક્ષાએ શત્રુંજય તીર્થ કરતાં પણ સમેતશિખરનું મહત્ત્વ વધારે આંક્યું છે**; કારણ કે, પાલીતાણામાં વર્તમાન ચોવીશીના એકપણ તીર્થંકરનું કલ્યાણક નથી, જ્યારે શિખરજી ઉપર વર્તમાન ચોવીશીના ૨૦-૨૦ તીર્થંકરોનાં નિર્વાણ કલ્યાણકો થયાં છે.

**સભા :** આ કામ દેવ-દેવીઓના ભરોસે છોડી દઈએ તો ?

**સાહેબજી :** તેમ કહી આપણે આપણી ફરજ-જવાબદારીમાંથી છટકી ન શકીએ. સાધુ પણ જો કર્તવ્ય ચૂકે તો તેની બેજવાબદારી ગણાય. **છતી શક્તિએ જે સાધુ કુલ, ગણ, સંઘ, તીર્થાદિની રક્ષામાં પ્રમાદ કે ઉપેક્ષા કરે, તેના માટે શાસ્ત્રમાં લખ્યું છે કે તે આજીવન નિર્મળ ચારિત્ર પાળે તોપણ તે અનંત સંસારી થાય.** Thus, it is not the sole responsibility of any one person but we all are also concerned and responsible for that. It is our collective responsibility. (આમ, આ માત્ર કોઈ એક વ્યક્તિની જવાબદારી નથી, પરંતુ આપણા સૌની લાગણીઓ-ચિંતાઓ એની સાથે જોડાયેલી છે અને આપણે સૌ તેને માટે જવાબદાર છીએ. આ આપણી

સંયુક્ત જવાબદારી છે.) આ આખા ચતુર્વિધ શ્રીસંઘની સંયુક્ત જવાબદારી છે. હું સુરતમાં બધાને આ પ્રશ્નથી વાકેફ કરવા આવ્યો છું, પણ જોઈએ તેવી receptivity (ગ્રહણશીલતા) જણાતી નથી. પણ એક વસ્તુ ખાસ નોંધી લેશો કે આ કોઈનો અંગત પ્રશ્ન નથી, આ તો સમગ્ર શાસનને સ્પર્શતો પ્રશ્ન છે. આ કોઈ એક પક્ષ, ગચ્છ કે સમુદાયને નહીં પણ સમગ્ર શ્રીસંઘને અસરકર્તા બાબત છે. **સમગ્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘનો પ્રશ્ન છે. બીજા કોઈ જ મતાંતરો-વિવાદો કે disputesને (ઝઘડાને) આની સાથે connect કરવાની (જોડવાની) ભૂલ ન કરતા. એક તિથિ અને બે તિથિની કોઈ બાબત આમાં વચ્ચે આવતી નથી. સમગ્ર શાસન અને તેના અસ્તિત્વને સ્પર્શતા આવા પ્રશ્નમાં અન્ય કોઈ જ બાબતો, મત-મતાંતરોને વચ્ચે લાવ્યા વગર, સંકુચિતતા છોડી જરા Broad mindથી (ઉદાર માનસથી) વિચાર કરી તમામે પોતાની સમગ્ર શક્તિઓને કામે લગાડી, આ ધર્મતીર્થરક્ષાના કાર્યમાં જોડાવું જોઈએ.** જો તમારી શક્તિ ન પહોંચતી હોય અને તમે તેમાં સહાયક થઈ શકો તેમ ન હો તો તે વાતનું તમને દુઃખ કે ખેદ હોવો જોઈએ, પણ કોઈનાય તરફથી તેમાં વિઘ્ન કે અસહકાર તો ઊભો ન જ થવો જોઈએ. આપણા સૌના વડવાઓએ કેટકેટલો ભોગ આપીને, તકલીફો વેઠી વેઠીને આ તીર્થ સાચવી આપણને વારસો પહોંચાડ્યો છે, તે પરમપાવન તીર્થભૂમિનો મહિમા તો હજી મેં તમને વર્ણવ્યો જ નથી. **તીર્થંકર પરમાત્મા જન્મે ત્યારથી જે જે ભૂમિ ઉપર તેમનાં પગલાં પડે તે ભૂમિ તીર્થસ્વરૂપ બને છે, તેમ શાસ્ત્રમાં વર્ણવ્યું છે.** તેમનું આખું જીવન કલ્યાણકારક જ છે, પરંતુ તેમાં પાંચ કલ્યાણકો મુખ્ય કહ્યાં છે. Privy Councilના (પ્રીવી કાઉન્સિલના) જજે પણ નોંધ લીધેલી છે કે જૈનો તીર્થંકરને highly spiritual person (આધ્યાત્મિક દૃષ્ટિએ સર્વોત્તમ વ્યક્તિ) માને છે. હિન્દુ ધર્મમાં ઈશ્વરનું જે સ્થાન છે, તેના કરતાં પણ ઊંચું સ્થાન તીર્થંકરનું છે. Tirthankar is more than God. (તીર્થંકરો ઈશ્વર કરતાં પણ વિશેષ છે.) બધા જ ધર્મના ઈશ્વરના વ્યક્તિત્વ કરતાં જૈન ધર્મના તીર્થંકરનું વ્યક્તિત્વ ઘણું ઊંચું છે, આ હું તમને *compare* (સરખામણી) કરી બતાવી શકું તેમ છું.

તીર્થંકરના ચ્યવનકલ્યાણક કરતાં જન્મકલ્યાણકનું મહત્ત્વ ઘણું ઊંચું છે, તેના કરતાં દીક્ષાકલ્યાણકનું ઘણું ઊંચું, તેના કરતાં કેવળજ્ઞાનકલ્યાણક

કાંઈ ગણું ઊંચું અને તે બધા કરતાં પણ નિર્વાણકલ્યાણક કંઈ ગણું ઊંચું છે. ક્રમશઃ એક કરતાં એકમાં high jump (મહત્ત્વતામાં ઘણો વધારો) છે અને topmost (સર્વશ્રેષ્ઠ) નિર્વાણકલ્યાણક છે. જો એક પણ તીર્થંકરનું એકાદ પણ કલ્યાણક જે ભૂમિ પર થયું હોય તેની અગણિત કિંમત-મહત્તા હોય તો પછી જે ભૂમિ પર topmost (સર્વશ્રેષ્ઠ) એવાં નિર્વાણકલ્યાણક અને તે પણ એક જ ચોવીશીના ૨૦-૨૦ તીર્થંકરોનાં નિર્વાણકલ્યાણક થયાં હોય તેનું મહત્ત્વ કેટલું ગણાય ? **શિખરજી has no replica. (શિખરજીનો કોઈ જોટો જડે તેમ નથી.) કલ્યાણકભૂમિની અપેક્ષાએ પાલિતાણા કરતાં પણ શિખરજીનું મહત્ત્વ વધારે છે.**

**સભા :** પૈસાના જોરે કાયદા બદલી શકાય ?

**સાહેબજી :** પૈસાના જોરે તમે કાયદાના ઘડનારને impress (આંજી-દબાવી) કરી શકો. (ભારતીય લોકશાહીમાં) કાયદા ઘડવાની સત્તા Parliament-સંસદ પાસે છે, Administrative powers are with the Government, whereas the powers of interpretation of laws are vested in the judiciary. (વહીવટી સત્તા સરકાર પાસે છે, જ્યારે કાયદાના અર્થઘટનની સત્તા ન્યાયાલયો પાસે છે.) જોકે legislatures (ધારાસભાઓ) પણ કાયદા ઘડવામાં કે સુધારવામાં બંધારણની ઉપરવટ જઈ ન શકે. **ધર્મની બાબતોમાં પણ interferenceની (દખલગીરીની) અમાપ સત્તાઓ રાજ્યોને બંધારણ દ્વારા જ બક્ષવામાં આવેલી છે.** આ બંધારણમાં બદલાવ લાવવાનું હમણાં તમે કરાવી શકો તેમ જણાતું નથી, પણ બંધારણની જોગવાઈઓનું અર્થઘટન અત્યાર સુધી જે ખામીયુક્ત થયું છે, તે અર્થઘટન proper, positive - (ઉચિત, હકારાત્મક), સચોટ કરાવવા આપણે પ્રયત્ન કરવાનો છે.

**સભા :** શાહબાનો જજમેન્ટ પછી સરકારે કાયદો જ બદલી નાંખેલો ને ?

**સાહેબજી :** હા, શાહબાનોના કેસમાં Supreme Courtએ (સુપ્રિમ કોર્ટે) જે જજમેન્ટ આપ્યું, તેને overrule કરવા (તેની ઉપરવટ જવા) રાજીવ ગાંધીની Govt. પાસે more than 2/3rd majority (૨/૩થી વધારે બહુમતી) હોવાથી તે Bill (ખરડો) પાસ કરાવી શકી. બંધારણ દ્વારા

Parliament (સંસદ)ને અપાયેલી સત્તાની મર્યાદામાં રહીને જ આ પણ કરાયું છે, છતાં પણ તે misuse of powers given to Parliamentનું (સંસદને અપાયેલી સત્તાના દુરુપયોગનું) એક ઉદાહરણ છે.

(ઈ.સ. ૧૯૮૫માં શ્રી યશવંત ચંદ્રચૂડ જ્યારે સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશ હતા તે વખતે તેમણે શાહબાનો કેસમાં નિર્ણય આપીને વિશ્વને દંગ કરી દીધું હતું. ફોજદારી ધારા કાનૂન-૧૨૫ હેઠળ મુસ્લિમ મહિલાને તલ્લાક બાદ બીજાં લગ્ન ન કરે ત્યાં સુધી ભરણપોષણ મળવું જોઈએ તેમ ઠરાવેલ, પણ તે વાતનો મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ દ્વારા સ્વીકાર થયો નહોતો. તે વખતે રાજીવ ગાંધી જેવા વડાપ્રધાને પણ પોતાની વોટબેન્ક બચાવવા તા. ૨૩-૨-૧૯૮૬ના મુસ્લિમ સુરક્ષા કાયદો બનાવીને સુપ્રિમ કોર્ટનો ફેંસલો ઊલટાવી નાંખ્યો હતો. રાજકારણીઓની બદમાશી છતાં સર્વોચ્ચ ન્યાયાલય બહાદુરીથી પોતાની ભૂમિકા નિભાવે છે.)

**– (મુંબઈ સમાચાર તા. ૨૩-૮-૦૫ના ફોકસ કોલમમાં આવેલ મુઝફ્ફર હુસેનના લેખમાંથી સાભાર)**

હમણાં એક કંપનીના [ITCના] કેસમાં ચુકાદા અનુસાર તે કંપનીને સરકાર પાસેથી રૂ. ૮૦૦ કરોડ લેવાના નીકળતા હતા, તે restrospective (પશ્ચાદ્દર્શી-ભૂતકાળની) અસરથી કાયદો બદલી રૂ. ૮૦૦ કરોડ આપવાના તો ગયા, ઉપરથી બીજા કરોડો લેવાના કાઢ્યા. આ પણ misuse of powersનું (સત્તાના દુરુપયોગનું) જ દૃષ્ટાંત જણાય છે. આ બધાં સરકારને અપાયેલ-અમાપ સત્તાના દુરુપયોગનાં પરિણામો/દાખલા છે. આપણે કાંઈ આ બધું બદલી શકીએ તેમ નથી, છતાં પણ જે કાંઈ પરિસ્થિતિ છે તેમાં આપણે શું કરી શકીએ તે વિચારવાનું છે.

શત્રુંજયનો પણ આખે આખો પહાડ સરકારે લઈ લીધો છે. સરકારી જૂના records (લખાણો) મંગાવીને મેં જોયા. તેમાંય British Commissionના reportમાં (બ્રિટીશ કમિશનના રિપોર્ટમાં) નીકળ્યું કે આખું પાલીતાણા state (સ્ટેટ) આણંદજી કલ્યાણજી પેઢીની under mortgage કરેલું (હેઠળ ગીરવે મૂકેલ) હતું. આજુબાજુના ગામનાં revenue (વેરાની આવક) પણ પેઢીના ચોપડે જમા કરાયેલ હતી. જૂના records, evidences, documents (લખાણ, પુરાવાઓ, દસ્તાવેજો) આપણી માલિકીના મોજૂદ હોવા છતાં,

અને સામે ત્યાંના રાજાની માલિકીના કોઈ પુરાવા ન હોવા છતાં, બ્રિટીશ સરકારે આખો પહાડ રાજાની માલિકીનો ગણ્યો, જેથી આપણને ઘણો અન્યાય થયો છે. વર્તમાનમાં પણ સરકારે Forest (જંગલ) ગણી under Forest Dept. acquire (વનવિભાગની અંતર્ગત હસ્તગત) કરી લીધો છે. આ પણ અવળું જ થયું છે. આ બધાને સવળું કરવા માટે જો આપણે આ શત્રુંજય ગિરિરાજ, સમેતશિખરજી આદિને આપણા ધર્મના અવિભાજ્ય અંગરૂપ તીર્થો કોર્ટમાં સાબિત કરી શકીએ તો તેમાં લાભ કરાવી શકાય તેમ જણાય છે, તેની પવિત્રતાનું રક્ષણ કરાવી શકીએ તેમ લાગે છે. i.e. If we can establish that it is an integral & essential part of our religion (જો આપણે એવું પ્રસ્થાપિત કરી શકીએ કે તે આપણા ધર્મનો એક અતિ આવશ્યક અને અવિભાજ્ય ભાગ છે) તો સરકારે પણ વિચારવું પડે. આ point of viewથી (દૃષ્ટિકોણથી) લડવાનું છે. આ prove (સાબિત) કરી શકાય તેમ જણાય છે. આ મુદ્દો અત્યાર સુધી ઉપસ્થિત કરાયો નથી, તે દિશામાં આપણે પ્રયત્ન કરવાનો છે. આપણે તેને સાબિત કરતું matter (સામગ્રી) એકઠું કરી રહ્યા છીએ. શાસ્ત્રના એવા ઘણા આધાર મળી રહ્યા છે કે જેના આધારે એમ નક્કી કરી શકાય કે આ તીર્થાધિરાજો, ગિરિરાજો વગેરે આપણા ધર્મનાં અવિભાજ્ય અંગો છે.

રામજન્મભૂમિનો ચુકાદો પણ આપણી (હિંદુઓની) તરફેણમાં આવી શકે તેમ છે, જો તે ધર્મનું અવિભાજ્ય અંગ તરીકે સ્વીકારાય તો. **Any place which is a significiant part of religion cannot be acquired by the Government, even if it is in the larger interest of the State.** (એવું કોઈપણ સ્થળ કે જે કોઈ ધર્મનું મહત્ત્વનું સ્થળ હોય તો તે સરકાર દ્વારા હસ્તગત ન કરી શકાય, તે રાજ્યના વિશાળ હિતમાં હોય તોપણ) આવાં બીજાં statements (વિધાનો) પણ આપણને ઉપયોગી થશે.

તમે કલ્યાણકભૂમિનો મહિમા તમારા મનમાં સમજો. **નિર્વાણકલ્યાણક જેવું શ્રેષ્ઠ કોઈ કલ્યાણક નથી. તેવાં શ્રેષ્ઠ કલ્યાણકો ૨૦-૨૦ તીર્થંકરોનાં આ શિખરજીની તીર્થભૂમિ પર થયાં છે. અત્યારનો આખો ચતુર્વિધ શ્રીસંઘ ભેગો થાય તોપણ આવી મહાન પવિત્ર કલ્યાણકભૂમિનું સર્જન કરી શકે એમ**

**નથી.** આવાં કલ્યાણકભૂમિરૂપ તીર્થો cannot be created by anyone of us. (તીર્થોનું સર્જન કરવું આપણા માટે શક્ય નથી.) આપણું એટલું સદ્‌ભાગ્ય છે કે આપણા પૂર્વજોએ સાચવીને આ તીર્થો આપણા સુધી પહોંચાડ્યાં છે, તેમનો પવિત્ર વારસો આપણને મળ્યો છે. Hence, we are duty bound to protect & preserve it. (આથી, તેને સાચવવા અને રક્ષણ કરવા આપણે ફરજથી બંધાયેલા છીએ.) તેની ઉપેક્ષા તે બધા માટે દોષરૂપ છે. શાસ્ત્રોમાં આના માટે મોટો કર્મબંધ કહ્યો છે. જિનમંદિર કે આવા મહાન તીર્થાદિનો નાશ થતો હોય ત્યારે છતી શક્તિએ જે એમ ને એમ ઉદાસીન થઈ બેસી રહે તે ઘોર સંસારી થાય, એટલે કે તેનો અનંત સંસાર વધે, તેમ શાસ્ત્રમાં જણાવ્યું છે. શાસનરક્ષાની જવાબદારી શાસનદેવની છે, તેમ કહી બેસી રહે ન ચાલે. એમ તો કાલ ઊઠીને તમે કહો કે આ રખેવાળી કરવાની જવાબદારી ભગવાનની છે, તો તે ન ચાલે. જવાબદારી ભક્તો તરીકે આપણી જ આવે. શાસનદેવતાની પણ ભક્ત તરીકે જવાબદારી આવે, પણ તેમને જાગૃત કરવાનો પ્રયત્ન આપણે કરવો પડે. આપણે આપણી જવાબદારીમાંથી છટકી ન શકીએ. બીજા કોઈના પણ નામથી આપણે જો આઘાપાછા થઈ જઈએ તો તે આપણા માટે દોષરૂપ છે. **આપણે હંમેશાં આપણા કર્તવ્યનો વિચાર કરવો જોઈએ.**

શિખરજી અને શત્રુંજય આ બે તીર્થો આપણાં એટલાં બધાં મહાન તીર્થો છે કે તેનો જોટો જડે તેમ નથી. શિખરજીની મેટર માટે એક સુપ્રિમ કોર્ટના રીટાયર્ડ જજ સાથેની મુલાકાતમાં તે મને કહે કે આ Hills (પહાડ) માટે તમે આટલી બધી માથાકૂટ કેમ કરો છો ? યોગાનુયોગ તે વખતે અમે જે ઉપાશ્રયમાં બિરાજમાન હતા તે ઉપાશ્રયમાં સમેતશિખરજીનો પટ્ટ બનાવેલો હતો. મેં કહ્યું અમારે લગભગ બધાં દેરાસરોમાં સમેતશિખરજી અને શત્રુંજય ગિરિરાજોના પટ્ટ હોય જ. હું તેમને તે પટ્ટની પાસે લઈ ગયો અને કહ્યું કે This is the miniature of that Hill. (આ પટ્ટ એ પર્વતની નાના માપની પ્રતિકૃતિ છે.) અમે આ આખા hillને most sacred place (આખા પર્વતને અત્યંત પવિત્ર સ્થળ) માનીએ છીએ. અરે more than temples, (મંદિર કરતાં પણ વધારે,) અને તેમ માની અમે traditionally (પરંપરાગત રીતે) તેને worship કરીએ (આરાધીએ-પૂજીએ) છીએ. સમેતશિખર અને શત્રુંજયના પટ્ટો લગભગ દરેક શ્રીસંઘોમાં

જોવા મળે છે, અને ભક્તો તેનાં રોજ ભાવથી દર્શનાદિ કરે છે. આ જ પુરવાર કરે છે કે entire hill is sacred place for us. (સમગ્ર પર્વત એ અમારા માટે પવિત્ર જગ્યા છે.) આટલી નક્કર વાત હોવા છતાં તેઓ આને ધર્મ કે ધર્મના integral part (અવિભાજ્ય અંગ) તરીકે સ્વીકારતા નથી, અને તે પર્વતોને માત્ર Land, Forest કે Property (જમીન, જંગલ કે મિલકત) ગણી તેને acquire (હસ્તગત) કરે છે, આ બિલકુલ ખોટું છે, અન્યાય છે. તેની સામે આપણે તજવીજ કરવાની છે. આપણે આપણો પુરુષાર્થ કરવાનો છે. દેવ-ગુરુની કૃપા હશે તો કામ થશે અને જો ન પણ થાય તો પણ કર્મનિર્જરા અને પુણ્યબંધ તો છે જ. આપણે સરકાર પાસેથી અન્યાયથી કોઈનું પડાવી લેવા માંગતા જ નથી. ઘણાંને સમેતશિખર માટે એવી ગેરસમજ છે કે દિગંબરો અને શ્વેતાંબરોના અંદરોઅંદર ઝઘડા થયા છે, માટે જ આ બધાં problems થયાં (સમસ્યાઓ થઈ) છે. માટે આપણે અંદરોઅંદર સમાધાન કરી લેવું જોઈએ. પણ આવું માનતા હોય તેમને મારે કહેવું છે કે You have wrong information or misconception. (તમારી પાસે ખોટી માહિતી છે અથવા તમને ગેરસમજ થાય છે.) જેના પણ મનમાં આવો ભ્રમ હોય તે કાઢી નાંખજો. દિગંબરોએ આપણું સમેતશિખર તીર્થ લઈ લીધું કે પડાવ્યું નથી, પણ સરકારે તેને Land, Forest અને Property (જમીન, જંગલ અને મિલકત)ના નામે કબજે કર્યું છે, પડાવ્યું છે. દિગંબરોએ થોડું બાંધકામ કરવાનો પ્રયત્ન કરેલો તેટલામાત્રથી તેમણે તીર્થ પડાવી લીધું છે, તેમ ન બોલાય, પછી આપણે મનઘડંત વાત કરીએ તો તે ખોટું ગણાય.

**સભા :** પણ સાહેબજી, આ કેસમાં તો દિગંબરો આપણી સામેના પક્ષે જ બેઠા છે ને ?

**સાહેબજી :** આ કેસમાં દિગંબરો સરકારની પડખે બેઠા છે તે વાત સાચી. તે આપણી કમનસીબી છે, આપણા માટે અફસોસની વાત છે. બાકી દિગંબરો પણ ભગવાન મહાવીરના જ અનુયાયીઓ છે. ચોવીસે તીર્થંકરો પ્રત્યે શ્વેતાંબર અને દિગંબર બંનેને અનન્ય ભક્તિભાવ છે, પરંતુ અમુક બાબતોમાં આપણને તેમની સાથે સૈદ્ધાંતિક મતભેદ છે. તેની અત્યારે કોઈ ચર્ચા નથી. As a jain (એક જૈન તરીકે) તેમના હૃદયમાં પણ સમેતશિખર માટે ભક્તિ-ઉપાસના અને શ્રદ્ધાનો ભાવ છે, ત્યારે તેમની પણ એટલી ફરજ

આવે છે કે આ તીર્થની રક્ષા કરે. આ તીર્થ જૈનોના હાથમાંથી (શ્વેતાંબરોના હાથમાંથી) સરકારના હાથમાં જતું હોય ત્યારે તેમનાથી સરકારની પડખે બેસાય નહીં. તેઓ ભાઈ આપણા ખરા, પણ અત્યારે moral (નૈતિકતા) ચૂક્યા છે, તે ખૂબ કમનસીબ અને અફસોસની વાત છે. હકીકતમાં જો આ તીર્થ ઉપર દિગંબરોનો હક હોય, તીર્થની માલિકી તેમની છે તેમ પુરવાર થાય, તો હું જાહેરમાં કહું કે આ તીર્થ તેમને સોંપી દો. પણ તે પુરવાર તો થવું જોઈએ ને ! **પ્રભુશ્રી મહાવીરે આપણને એવું નથી શીખવ્યું કે કોઈના હકનું હોય તે પડાવી લો.** We are fighting for justice not for favour. (આપણે ન્યાય માટે લડી રહ્યા છીએ. કોઈ તરફદારી માટે નહીં.) આખા કેસનો સિલસિલાબંધ અભ્યાસ કર્યા પછી હું તમને આ વાત કરું છું.

**સભા** :- સરકાર દ્વારા કાયદો કરાવી શિખરજી પડાવી લેવામાં પાછલે બારણે દિગંબરોનો જ હાથ છે ને ?

**સાહેબજી** : આ તમારી ગેરસમજ છે; કારણ કે Bihar Land Reforms Act (બિહાર જમીન સુધારણા ધારો) લાવી આખા બિહાર માટે જમીનદારી નાબૂદીનો કાયદો ત્યાંની સરકારે ઘડ્યો છે, અને તે હેઠળ તેણે શિખરજી પર encroachment કર્યું (ઘૂસણખોરી કરી) છે. તેવી જ રીતે ગુજરાત સરકારે પણ કાયદો કરી શત્રુંજય acquire (હસ્તગત) કર્યું છે. સ્વરાજ આવ્યા પછી દરેક સ્ટેટમાં આવા કાયદા થયા છે. આવું કાર્ય દિગંબરોના કહેવાથી સરકારે કર્યું હોય તેમ માની ન શકાય. It is not within their range. (એ તેમની શક્તિબહારની વાત છે.) આપણે દિગંબરો ઉપર આવો ખોટો પૂર્વગ્રહ રાખીશું કે આરોપ મૂકીશું તો તે આપણે માટે દોષ છે. શિખરજીની મેટરમાં અત્યારનો આપણો ઝઘડો મુખ્યત્વે સરકાર સામે જ છે.

**સભા** : બીજાં કેટલાંક તીર્થોમાં તો દિગંબરો આપણી સામે જ છે ને ?

**સાહેબજી** : બીજાં તીર્થોમાં હશે, પણ સમેતશિખરજીના કેસમાં દિગંબરો કરતાં સરકાર સાથે જ આપણને મુખ્ય વાંધો છે. અત્યારે આ તીર્થ આપણા હાથમાંથી ઝૂંટવાઈ રહ્યું છે, તેમાં પહેલાં fight (લડાઈ) અત્યારે આપણે સરકાર સામે જ કરવાની છે. બસો વર્ષના ગાળામાં કોઈ કોર્ટે એમ નથી

કહ્યું કે આ તીર્થનો કોઈ વિભાગ દિગંબરોની માલિકીનો છે કે હતો. છેલ્લું જજમેન્ટ જે આવ્યું તેમાં પણ તેવો કોઈ ઉલ્લેખ નથી. આ તીર્થના ownership, possession, management અને administration (માલિકી, કબજો, સંચાલન અને વહીવટ) બધું શ્વેતાંબરોનું જ છે, પરંતુ તેમાં અત્યારે છેલ્લું જજમેન્ટ આપણી વિરુદ્ધ આવતાં તેની ownership (માલિકી) હવે legally (કાયદેસર રીતે) સરકારની થાય. હજી management (સંચાલન) આપણું છે, તેમાં પણ ગમે ત્યારે સરકાર interfere (દખલ) કરે તેવી સંભાવના છે. દિગંબર ભાઈઓ પણ જૈન હોવા છતાં સરકારની પડખે બેઠા છે, તે તેમની ભૂલ છે. સરકારે Secularismના (બિનસાંપ્રદાયિકતાના) નામથી ધાર્મિક મિલકતો ઉપર પોતાના પંજા ફેલાવ્યા છે. અત્યારે આ તીર્થ નથી શ્વેતાંબરોના હાથમાં કે નથી દિગંબરોના હાથમાં, તેઓની સાથે તમે શું સમાધાન કરો ?

**સભા :** ઝઘડાની શરૂઆત ક્યાંથી થઈ ?

**સાહેબજી :** જ્યારે British Colony (બ્રિટીશ કોલોની) હતી ત્યારે British Govt.એ (બ્રિટિશ સરકારે) કોઈપણ જાતના પુરાવા ન હોવા છતાં revenue records (જમીન મહેસુલ અને માલિકી સંબંધી સરકારી દફતરે રાખવામાં આવતી નોંધો વગેરે)માં આ પહાડ રાજાના નામે ચઢાવ્યો, જેની સામે આપણે ઝઘડો થયો. ત્યારે પણ બંને પક્ષો (શ્વેતાંબર અને દિગંબર) તીર્થની શાંતિથી પોતપોતાની રીતે આરાધના-ભક્તિ કરતા હતા અને તેમની વચ્ચે કોઈ વિવાદ હતો નહીં.

બીજાં તીર્થો જેમ કે કેસરિયાજીમાં પણ શું સમાધાન કરો ? કારણ કે સરકારે જ પોતાની માલિકીયત સ્થાપિત કરી દીધી છે. અમુક તીર્થોમાં હજી દિગંબરો-શ્વેતાંબરો સામસામે બેસી સમાધાન કરી શકે તેવી સ્થિતિ છે, પરંતુ જ્યાં સમાધાનનું કોઈ સ્તર જ ન હોય ત્યાં તે વાત વજુદ વગરની ઠરે. જ્યાં શક્ય હોય ત્યાં પ્રયત્ન કરાય.

બીજું, લોકશાહી રાજ્યમાં કાયદો બધાને માટે સમાન હોવા છતાં આ પ્રશ્ન બધા જ ધર્મોવાળાને અત્યારે નડતો નથી. Indiaના (ભારતના) આટલાં વર્ષોના ઇતિહાસમાં કેટલી મસ્જિદો, ગુરુદ્વારા કે ચર્ચ સરકારે acquire (હસ્તગત) કર્યાં ? તેમની ઉપર હજી સુધી ખાસ કોઈ encroachment

થયાં (પગપેસારો-ઘૂસણખોરી થઈ) નથી. We are soft target. (આપણે તેમને માટે આસાન લક્ષ્યાંક છીએ). Hindu (હિંદુઓ)નાં અને આપણાં મંદિરો સરકાર capture કરવા (પડાવવા) માંડી છે. આપણા કરતાં પણ વધારે મંદિરો હિંદુઓનાં acquire (હસ્તગત) કર્યાં છે. e.g. કાશી-વિશ્વનાથ, જગન્નાથપુરી, સિદ્ધિવિનાયક, શ્રીનાથજી, બદ્રીકેદાર, વૈષ્ણોદેવી, તિરૂપતિ બાલાજી, શિરડી-સાંઈબાબા, પંઢરપુરનું મંદિર, જેવાં મોટી આવક અને અસ્ક્યામતોવાળાં બધાં મંદિરોમાં સરકાર ઘૂસી છે, તે રીતે શિખરજીના વહીવટમાં પણ ઘૂસવા માંગે છે.

સમેતશિખર પહાડ સરકારે Bihar Land Reforms Act (બિહાર લેન્ડ રીફોર્મ એક્ટ) હેઠળ લીધો છે. તે કાયદો કાંઈ સરકારે દિગંબરોના કહેવાથી કર્યો છે, તેવું નથી. આ કાયદો તેમણે કરાવ્યો તેવું કોઈ કાયદાના સારા નિષ્ણાતો પણ માનવા તૈયાર નથી. જોકે તમે નિષ્ક્રિય છો અને એ લોકો active (સક્રિય) છે અને સરકારની પડખે બેઠા છે, તે વાત નક્કી છે. પરંતુ તીર્થ સીધું તેમણે લઈ લીધું છે, તેવું નથી. દિગંબરોની અપીલ પણ કોર્ટે dismiss (રદ-નામંજૂર) કરી છે. પહાડનો એક ટુકડોય તેમને આપ્યો નથી. ઘણીવાર જે point (મુદ્દો) જે રીતે રજુ થવો જોઈએ, તે રીતે ન થાય એટલે ખોટો પ્રચાર થાય. Sangh should be well-informed (શ્રીસંઘને વ્યવસ્થિત માહિતી મળવી જોઈએ), અને તો જ જાગૃતિ આવશે. દરેક ધર્મનો વિશાળ અનુયાયીવર્ગ સાચી જાણકારીવાળો હોય તો ગેરસમજો ઊભી ન થાય, અને ગેરસમજો ઊભી થઈ હોય તો તે તોડવા માટે પણ સાચી માહિતી આપવી પડે, અને અનુયાયીવર્ગે પણ તે સત્ય જાણવા પ્રયત્ન કરવો જોઈએ.

સરકારે તો આપણી સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે. આપણી સાથે કરેલા Agreement (કરાર)ને ખોટો કરી illegitimately (ગેરકાયદે) શિખરજી પડાવ્યું છે, છતાં તેને તેની જરાય ચિંતા-ફિકર નથી; કારણ કે આપણા તરફથી તે બાબતમાં કાંઈ જ જલદ reaction (પ્રતિભાવો) અપાયા નથી. પણ હવે આપણે સરકાર સામે લડવાનું છે, કાયદાથી લડવાનું છે, ન્યાયને માટે લડવાનું છે. **સરકાર તરફથી આપણાને ભારોભાર અન્યાય થયો છે. ન્યાય આપણા પક્ષે છે.** આપણે કાયદા દ્વારા અન્યાય કરનાર આ સરકાર

સામે લડવાનું છે. તે વખતે દિગંબરો મજબૂત છે અને આપણે તેમને પહોંચી નહીં શકીએ, એવી નમાલી વાત ન કરાય. તેવી વાતમાં કોઈ વજૂદ નથી. સરકાર સાથે આપણે આપણા Legitimate right (ન્યાયી હકો) માટે લડવાનું છે.

શત્રુંજયનો પણ આખો પહાડ પવિત્ર છે. શત્રુંજય ગિરિરાજ પર કાંકરે કાંકરે અનંતા આત્માઓ સિદ્ધ થયા તેવું આપણે શાસ્ત્રોથી માનીએ છીએ. આ ગિરિરાજની યાત્રા કરતાં પહેલાં જ આપણે તળેટીની પણ પૂજા કરીએ છીએ. તળેટીની થતી પૂજા એ કોઈ મૂર્તિ કે મંદિરની પૂજા નથી, પણ પહાડના પ્રતીકરૂપે શિલાઓની જ પૂજા છે. તળેટીની આપણે રોજ અષ્ટપ્રકારી પૂજા કરીએ છીએ. અમે સાધુઓ પણ તેને ખમાસમણાદિ આપી ભાવપૂજા કરીએ છીએ; કેમ કે આ ગિરિરાજના કણેકણને આપણે પવિત્ર માનીએ છીએ. Therefore, it is crystal clear that the whole hill is most pious for us. It is even more sacred & valuable than the temples. (તેથી એ એકદમ સ્પષ્ટ છે કે સમગ્ર પર્વત આપણા માટે અત્યંત પૂજ્ય છે. એ મંદિરો કરતાં પણ વધારે પવિત્ર અને મૂલ્યવાન છે.) ભગવાન આદિનાથનું દેરાસર અહીં સુરતમાં પણ છે અને શત્રુંજય ગિરિરાજ પર પણ છે, પણ અહીં કરતાં ત્યાં દર્શન કરતાં આપણને વધારે આનંદ આવે છે, વધારે ભાવ આવે છે, તેનું કારણ તે ગિરિરાજ છે. તે ગિરિરાજ આખો topmost sacred place (સર્વશ્રેષ્ઠ પવિત્ર સ્થળ) છે. ત્યાં ઉપાસના કરવા માટે જગ્યા જોઈએ, એટલે ત્યાં મંદિર બંધાવ્યાં છે. આ ગિરિરાજ તે શાશ્વત છે, તેના પર બંધાવેલાં મંદિરો શાશ્વત નથી. આ મંદિરો પણ ગિરિરાજની ઉપાસના અને ભક્તિ માટે છે, તે ગિરિરાજની ઉપાસના-ભક્તિના symbol (પ્રતીક) તરીકે જ તેની ઉપર આટલાં નયનરમ્ય જિનાલયો બંધાવ્યાં છે. ગિરિરાજના મહિમાના કારણે તે જિનાલયોનો અધિક મહિમા છે, નહીં કે જિનાલયોના કારણે ગિરિરાજનો. તેની સામે સરકારે એવું વલણ અખત્યાર કર્યું છે કે તે ગિરિરાજ ઉપર બંધાવેલાં મંદિરો તમારાં, અને આ ગિરિરાજ એ તો જંગલની ભૂમિ છે, એક દુન્યવી મિલકત છે, તેથી તે અમારી (સરકારની) છે. પણ આપણે કાંઈ તે પર્વતને માટી કે ધૂળના કે પથ્થરના ઢગલા તરીકે નથી માનતા, પણ સમગ્ર પર્વતને મહાપવિત્ર ભૂમિ તરીકે, તીર્થ તરીકે માનીએ છીએ.

શિખરજી પણ આપણું મહાપવિત્ર તીર્થ છે. ૨૫૦૦ વર્ષ જૂનાં આગમોમાં તેના references (સંદર્ભો) મળે છે. **આ ધર્મશાસ્ત્રોને challenge કરવાનો right Courtને (પડકારવાનો અધિકાર કોર્ટને) પણ નથી.** They can't say that our scriptures are incorrect. (તેઓ એમ ન કહી શકે કે આપણાં શાસ્ત્રો ખોટાં છે.) આપણે traditionally (પરંપરાગત રીતે) હજારો વર્ષોથી આ આખા પહાડોને ધર્મના અવિભાજ્ય અંગ તરીકે પૂજતા આવ્યા છીએ. શ્રી જૈન સંઘે, આપણા વડવાઓએ અબજોનું ધન પાણીની જેમ વાપરીને પણ આ તીર્થોની રક્ષા કરી આપણા સુધી પહોંચાડ્યાં છે. જૈનોનાં પણ પવિત્રતામાં પ્રાણભૂત તીર્થોમાંનાં આ તીર્થો છે. તેને સાચવવા પૂર્વજોએ જે જહેમત ઉઠાવી છે, તે કાંઈ તેનો કોઈ ભૌતિક લાભ ઉઠાવવા માટે નહીં, પણ તે ભૂમિની પવિત્રતા જાળવવા માટે કર્યું છે. છતાં સરકાર કહે છે આ એક પ્રકારની દુન્યવી મિલકત છે, immovable property (સ્થાવર મિલકત) છે, તે જમીન છે, તે જંગલ છે. આ તેની દાંડાઈ છે. આપણા ધર્મશાસ્ત્રોમાં સ્પષ્ટ જણાવેલી વાતોને અવગણીને મારી-મચડીને સરકાર પડાવી લે તે કેમ ચાલે ?

**સભા** : આ તીર્થ સંબંધે દિગંબરોની અને આપણી માન્યતામાં શું ભેદ છે ?

**સાહેબજી** : There is some difference in their belief. (એમની માન્યતામાં થોડો ફરક છે.) તેઓ સમેતશિખરજીને શાશ્વતું તીર્થ માને છે, જ્યારે -આપણે શત્રુંજયને શાશ્વતું તીર્થ માનીએ છીએ. તેથી શિખરજીમાં તેઓની શ્રદ્ધા આપણા કરતાં તેટલે અંશે વધારે છે. આ વાતની courtએ (કોર્ટે) પણ નોંધ લીધેલી છે. દિગંબરોનાં શાસ્ત્રો આ શિખરજી પર્વતને શત્રુંજય કરતાં પણ વધારે મહિમાવંત માને છે, છતાં તેઓ ચૂક્યા છે, અને affidavit (સોગંદનામું) કરી કોર્ટમાં જણાવ્યું છે કે આ આખો Hill (પર્વત) પવિત્ર નથી. તેઓને લાગ્યું કે જો આખા Hillને (પર્વતને) આપણે પણ પવિત્ર સ્વીકારીશું તો તો તે શ્વેતાંબરોના હાથમાં આવી જશે. તેથી શ્વેતાંબરોના પણ હાથમાં ન આવે, પણ સરકારની પાસે તેનો કબજો ચાલ્યો જાય, તેવા જ આશયથી તેઓએ પોતાનાં શાસ્ત્રોની પણ વિરુદ્ધ નિવેદન કર્યું હોય તેમ લાગે છે. આ તેમની ભૂલ છે, અને તે તેમનું moral (નૈતિક

સ્તર) કેટલું down (નીચું) ગયું છે તે બતાવે છે. તે Principle of estoppelની ગંભીર ભૂલ છે. (તમારા વાણી-વર્તન-વ્યવહારથી જે સૂચિત થતું હોય તેનો અસ્વીકાર કરતાં તમને અટકાવે તે સિદ્ધાંતની ગંભીર ભૂલ છે. મતલબ કે આ શિખરજી પર્વતનો કણેકણ પવિત્ર છે તે બાબતનો દિગંબરોએ પૂર્વે સ્વીકાર કરેલો હોવા છતાં, હવે જ્યારે તેમણે તેનાથી વિરુદ્ધ 'આ આખો પહાડ પવિત્ર નથી' તેવું વિધાન કોર્ટમાં કર્યું તે કરતાં કોર્ટે તેમને અટકાવ્યા નહીં તે આ સિદ્ધાંતની વિરુદ્ધ કામ થયું છે.)

**સભા :** સાહેબ ! તેઓની Leadership (તેઓના આગેવાનો) આવું મનસ્વી વર્તન કરતી હોય તેવું બને ને ?

**સાહેબજી :** હું કોઈ ઉપર વ્યક્તિગત આક્ષેપ કરવા માંગતો નથી. દિગંબરોનાં શાસ્ત્રોમાં જેટલું સાચું છે, સારું છે, તે અમને પણ મંજૂર છે. આપણા પૂર્વાચાર્યો અવસરે તેમનાં શાસ્ત્રોનાં quotation (વિધાનો) પણ આપે છે. આપણને કાંઈ તેઓ માટે prejudice (પૂર્વગ્રહ) નથી.

**સભા :** ધાર્મિક સંપત્તિઓનો વધુમાં વધુ વિનિયોગ કરી લઈએ કે જેથી સરકારને વધુ સંપત્તિ દેખાય જ નહિ, તે યોગ્ય નથી ?

**સાહેબજી :** ધર્મસ્થાનોમાં-ધર્મક્ષેત્રમાં સંપત્તિ તો રહેવાની જ. કોઈપણ ધર્મ movable અને immovable (સ્થાવર અને જંગમ) સંપત્તિ વગર ટકી જ ન શકે, તે વગર ધર્મને propagate (ધર્મનો પ્રચાર) પણ તમે ન કરી શકો. It is absolutely impossible to withhold &. propagate the religion without property. (ધર્મને ટકાવવો અને તેનો પ્રચાર કરવો એ ધાર્મિક સંપત્તિ વગર બિલકુલ અશક્ય છે) ધર્મદ્રવ્ય એ ધર્મનું અવિભાજ્ય અંગ જ છે. ધર્મદ્રવ્ય કે દેવદ્રવ્ય એ પણ મંદિર અને મૂર્તિની જેમ આપણે માટે દર્શનીય અને પૂજનીય છે. દેવદ્રવ્યનાં અને અન્ય ધાર્મિક ઉપકરણોનાં દર્શન કરવાનું આપણે ત્યાં વિધાન છે. ધર્મદ્રવ્ય તે ધર્મની પ્રવૃત્તિ-પ્રસાર માટેની ધર્મની strength (તાકાત) માટે આવશ્યક છે. સરકાર લઈ જશે તેવા ભયથી સંપૂર્ણ વાપરી નાંખવું જોઈએ, તેમ ન કહેવાય. ધન-સંપત્તિનું બળ હોય તો ધર્મપ્રવૃત્તિ અને ધર્મપ્રસાર વધારી શકાય. ધર્મદ્રવ્યને સાચવવું, તેની વૃદ્ધિ કરવી તે તમારી પવિત્ર જવાબદારી છે. ધર્મદ્રવ્યને એમ ને એમ

પડી પણ ન રહેવા દેવાય. તેની વૃદ્ધિ થાય તેવું કરવાની તમારી નિયત ફરજ છે. તેથી ધર્મદ્રવ્યની વૃદ્ધિનો વિરોધ કરવાની જરૂર નથી. તમારી જવાબદારી તમે ન નિભાવો તો તમને ઠપકો આપવાની, ઢંઢોળવાની અમારી જવાબદારી આવે. ધર્મદ્રવ્ય દરેક ધર્મો પાસે હોય જ. ધર્મદ્રવ્ય એ સંઘની પણ એક પ્રકારની strength (તાકાત) છે. Christian & Islamic religions (ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મો) પાસે કેટલી સંપત્તિ છે ! તમારી અક્કલ કામ ન કરે તેટલી. તેઓ દેશ-પરદેશમાં પોતાનાં નાણાંનું રોકાણ કરે છે. કેટલાય દેશોના બજેટ કરતાં તેમનાં બજેટ મોટાં હોય છે. **સંપત્તિ એ તો ધર્મની inner strength (આંતરિક શક્તિ) છે.** બાકી તમે એકલા નિશ્ચયવાદી થઈને વાત કરો તો જુદી વાત છે; કેમ કે એકલા નિશ્ચયોગ ભગવાને ઉપદેશ આપ્યો નથી.

❋

---

- ❋ **શાસ્ત્રમાં લખ્યું કે "દેવદ્રવ્ય, ધર્મદ્રવ્ય નિધાનરૂપે જાળવવાનું છે. કારણ વિના તે વાપરવું નહીં. સંકટ સમયે તે વાપરવાનું છે. વળી આ નિધિને બિનઉપજાઉ ન મૂકી રાખતાં તેનું યોગ્ય રીતે વળતર મળે તે રીતે તે પૈસાનું રોકાણ કરવું."**
- ❋ - **જેની પાસે પુણ્ય, શક્તિ, ધન છે તે જો સારા કામમાં વપરાતું હોય તો તેને અવશ્ય માન આપવું, અને આ માન આપવું તે પણ એક ધર્મકાર્ય છે.**
- ❋ **જેમ સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે તેમ ધાર્મિક સ્વાતંત્ર્ય પણ જન્મસિદ્ધ હક છે.**
- ❋ **ધર્મને નિયંત્રણ કરનારા કાયદાઓ ધર્મશાસ્ત્ર અનુસારે હોય, નહીં કે રાજ્ય અનુસારે.**
- ❋ **જે પ્રજામાં ધર્મનાં મૂલ્યોનો નાશ તે પ્રજાનો પણ સર્વનાશ.**

# ૫

**વિ. સં. ૨૦૬૧, ચૈત્ર વદ ૮, તા. ૧-૫-૨૦૦૫, રવિવાર,**
**વડોદરા શહેર જૈન સંઘ, જાની શેરી, વડોદરા.**

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ વિશ્વકલ્યાણકારી એવા આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

આ જગતમાં જીવમાત્રનું રક્ષણ કરનાર, જીવોના આધારરૂપ, જીવોને ધારણ કરનાર જો કોઈ તત્ત્વ હોય તો તે ધર્મ જ છે. ધર્મ જેવું કોઈ પવિત્ર તત્ત્વ નથી. જે વ્યક્તિ ધર્મ અને ધર્મના સ્વરૂપને જાણે, ઓળખે, તેને ખ્યાલ આવે કે **સમગ્ર વિશ્વને ન્યાય, સુરક્ષા અને શાંતિ આપનારું જો કોઈ પરિબળ હોય તો તે ધર્મ જ છે.** આ જગતમાં જેટલા પણ ધર્મો વિદ્યમાન છે, તેમાં ભારતના જે ધર્મો (આર્યધર્મો) છે, તે ધર્મો પોતાનું આગવું તત્ત્વજ્ઞાન અને આચારમાર્ગ ધરાવે છે. હજારો વર્ષોથી પ્રજામાં સંસ્કાર અને સદાચારનું સિંચન કરતા રહી, જીવનમાં અનેક આપત્તિઓ વચ્ચે પણ વ્યક્તિને અંદરથી ટકી રહેવાનું પીઠબળ આ ધર્મો આપતા આવ્યા છે. આ જગતમાં Indian Civilisation oldest છે. (ભારતની સંસ્કૃતિ સૌથી વધુ જૂની છે.) એમાં પણ આ ભારતીય પ્રજા ઉપર રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક એમ અનેક પ્રકારના અન્યાય, અડચણો અને આક્રમણો આવવા છતાં પણ તે તમામ સંકટોમાં પ્રજા સત્ત્વ સાથે ટકી શકી છે, તેમાં મુખ્ય પીઠબળ જો કોઈ હોય તો આ આર્યધર્મો છે. વળી Indian religions oldest (ભારતીય ધર્મો સૌથી વધુ પ્રાચીન) હોવાના પુરાવા પણ મળે છે. ૫૦૦૦ વર્ષ જૂના આ ધર્મોના અસ્તિત્વના ઐતિહાસિક પુરાવા છે. જે ધર્મે હજારો વર્ષોથી પ્રજાને બળ પૂરું પાડ્યું છે, તે ધર્મનો આપણી ઉપર કેટલો મોટો ઉપકાર છે, તે વિચારો ! ધર્મની વિશેષતા, મહાનતા અને આ સદીમાં પણ તેની ઉપયોગિતા વિચારો તો તેની ઉપર આવતાં વિઘ્નો-આફતો-આક્રમણો

પ્રત્યે જાગ્રત બની ધર્મતીર્થરક્ષાર્થે તન-મન-ધનથી બલિદાન આપવાનું મન થાય.

ટૂંકમાં ભૂતકાળ કહું તો અકબરના સમયથી ધર્મો સાથેના યોગ્ય વ્યવહારમાં ત્રુટિ આવવાની ચાલુ થઈ, પણ જ્યારથી ભારતમાં આજનું Democratic Republic Socialist Secular State (લોકતાંત્રિક, પ્રજાસત્તાક, સમાજવાદી, બિનસાંપ્રદાયિક રાજ્ય) સ્થપાયું, ભારતને સ્વતંત્ર જાહેર કર્યું, ત્યારથી ધર્મની સ્થિતિ વધારે પાંગળી બની છે. **વર્તમાન બંધારણ અમલમાં આવ્યું ત્યારથી ભારતના ધર્મોની સ્થિતિ અંદરથી ખૂબ પાંગળી બનાવી દઈ, ધર્મ સાથે અતિ ઓરમાયું વર્તન થઈ રહ્યું છે, પણ પ્રજામાં તેની સાચી જાણકારી નથી. આવું વર્તન ખાલી જૈન ધર્મ સાથે જ નહીં, પરંતુ અન્ય ધર્મો સાથે પણ થઈ રહ્યું છે.**

છેલ્લા છ દાયકામાં રાજ્યે તમામ ધર્મોની જે મૂળભૂત સત્તાઓ હતી તેની ઉપર આક્રમણ કરી તેને curtail કરી છે. (ઘટાડી છે.) તેના દ્વારા ધર્મોને crippled (લૂલા-પાંગળા) કર્યા હોવા છતાં પણ જાહેરમાં બોલાય છે કે લોકશાહીમાં પ્રજાને મૂળભૂત અધિકારો હેઠળ ધાર્મિક સ્વાતંત્ર્ય આપ્યું છે. Freedom of Religion (ધાર્મિક સ્વતંત્રતા) એ બંધારણ હેઠળ Fundamental Right (મૂળભૂત અધિકાર) છે, પણ વાસ્તવમાં અત્યારે ધર્મોની પરિસ્થિતિ કેવી છે, તે સમજવાની જરૂર છે. જેમ કે કોઈ પાંજરામાં પુરાયેલ પંખી હોય તેને મુક્તિ આપવાનું નક્કી કરે, પરંતુ તેને મુક્ત કરતાં પહેલાં તેની પાંખો કાપી નાંખવામાં આવે. ત્યારબાદ પાંજરાના દરવાજા ખોલીને કહેવામાં આવે કે અમે પંખીને સ્વતંત્રતા બક્ષી છે, જંજીરોમાંથી મુક્ત કરી દીધું છે; તો આ મુક્તિની કોઈ કિંમત કહેવાય ? કે ઊલટું જે પંખી પાંજરામાં પણ પોતાના બળથી પહેલાં હરતું ફરતું હતું, થોડું મુક્ત હતું, તે હવે પાંજરામાંથી મુક્ત કરવા છતાં આવી સ્થિતિમાં તો સાવ પરવશ છે. જોકે સ્વરાજ આવ્યા પહેલાં ભારતના ધર્મો કાંઈ સંપૂર્ણ પાંજરામાં પુરાયેલા ન હતા, સ્વતંત્ર હતા; પરંતુ ધર્મમાં રાજ્ય તરફથી હસ્તક્ષેપ અકબરના સમયથી ચાલુ થયો હતો, છતાં ત્યારે જે હસ્તક્ષેપ હતો તે આટલો ભારે ન હતો કે જેટલો સ્વરાજ આવ્યા પછી ધર્મને officially control (ધર્મનું કાયદેસર નિયંત્રણ) કરવાનું અને regulate (નિયમન) કરવાનું ચાલુ

થયું છે. સ્વરાજ્ય આવ્યા પછી પાંખો કાપીને પંખીને મુક્ત કરવા જેવી ધર્મોની સ્થિતિ કરી છે. પંખીની ઉપમા આટલું સમજાવવા માટે જ આપી છે.

તમને લાગે કે અત્યારે તો ધર્મ આપણે આપણી મરજી મુજબ કરી શકીએ છીએ. તમને એમ છે કે આ દેરાસર, ઉપાશ્રય તો આપણાં જ છે, તીર્થમાં કે ઉપાશ્રયમાં આપણે આપણી મનગમતી આરાધના કરીએ જ છીએ, તેમાં સરકારની કોઈ જાતની રોકટોક નથી; પણ તમે આરાધના કરો તેમાં સરકારને વાંધો પણ શું હોય ? પરંતુ કાયદાની રૂએ સરકાર ધારે ત્યારે આ ધર્મસ્થાનકોનો કબજો લઈ શકે છે અને તે પણ પાછો officially, (કાયદેસર), ગેરકાયદેસર નહીં; કેમ કે, બંધારણની જોગવાઈઓનું અર્થઘટન જ એવું કરવામાં આવ્યું છે કે ધર્મસ્થાનકો એ મૂળભૂત રીતે ધર્મ નથી. રાજ્ય અથવા તમારી કોર્ટોએ ધર્મ શબ્દનો અર્થ ધર્મશાસ્ત્રોમાં જે રીતે લખ્યો છે કે valid (મંજૂર) કર્યો છે, તે રીતે મંજૂર નથી કર્યો. Medical science કે economics (તબીબીવિજ્ઞાન કે અર્થશાસ્ત્ર) વગેરે શાખાઓમાં તે તે શાખાના પ્રમાણભૂત ગ્રંથો કે નિષ્ણાતોના અભિપ્રાયના આધારે વ્યાખ્યાઓ સ્વીકારવામાં આવેલ છે, જ્યારે ધર્મની બાબતમાં પ્રસિદ્ધ ધર્મશાસ્ત્રો કે નિષ્ણાત ધર્મગુરુઓના અભિપ્રાય અનુસારે વ્યાખ્યા સ્વીકારવામાં આવી નથી. તેઓની (સરકાર અને કોર્ટોની) વ્યાખ્યા પ્રમાણે, religion is your personal belief, (ધર્મ એ તમારી અંગત માન્યતા કે શ્રદ્ધાનો વિષય છે), અને તે માન્યતાઓનું expression (માન્યતાઓને પ્રગટ) કરતી ક્રિયા-પ્રવૃત્તિ કે ધાર્મિક ceremonies, (વિધિઓ), બસ, એટલા પૂરતો ધર્મ મર્યાદિત છે; અથવા ઘણી વાર કોર્ટોએ કહ્યું છે કે ધર્મની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે, તેમ કહી તેને vague (અનિર્ણિત) રાખી છે. તેમના મતે ધર્મ સાથે સંકળાયેલ તમામ ભૌતિક પદાર્થો ધર્મથી બહારની વસ્તુ છે અર્થાત્ મંદિર એ ધર્મ નથી, મૂર્તિ એ ધર્મ નથી, મંદિરનો વહીવટ કરવો એ પણ ધર્મ નથી, મંદિરનો વહીવટ કરવા માટેની post (હોદ્દો) એ પણ ધર્મ નથી. જેટલી પણ ધર્મસ્થાનકની સાધન-સામગ્રી છે, પ્રતીકો છે, તીર્થભૂમિઓ છે, તે કોઈ ધર્મ નથી. આ બધાને તેઓ secular object (બિનસાંપ્રદાયિક વસ્તુ) કહે છે.

કેરાલામાં (Southમાં) ગુરુવાયુર ટેમ્પલ કેસના જજમેન્ટમાં, જે દેવસ્થાનનો વહીવટ સરકારે કમિટિ નીમીને હસ્તગત કર્યો, તેને નીચલી

કોર્ટે વાજબી ઠરાવ્યો, અને નામદાર સુપ્રીમ કોર્ટે પણ તેને મંજૂર રાખ્યો. interested party (હિત ધરાવતી પાર્ટી-પક્ષકાર) તરીકે તેના મોવડીઓ કોર્ટમાં ગયા હતા. છેક ટ્રાયલ કોર્ટથી માંડી સુપ્રિમ કોર્ટ સુધી લડ્યા અને સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટનું જજમેન્ટ upheld કર્યું (મંજૂર રાખ્યું) અને લખ્યું કે ધર્મસ્થાનક અને ધર્મનો વહીવટ એ secular matter (બિનસાંપ્રદાયિક બાબત) છે. It is not a religious matter. (એ ધાર્મિક બાબત નથી.) કારણ કે નાણું એ જંગમ સંપત્તિ છે, It is one type of property. (આ એક પ્રકારની મિલકત છે.) આગળ વધીને કહે છે કે ધર્મસ્થાનકની મિલકતનો માલિક ધર્મ નથી. But it is all public property, because people have given the money as donation & public propertyને properly manage કરવી તે stateની duty છે. (આ બધી જ જાહેર મિલકત છે, કારણ કે લોકોએ દાનમાં આપેલું ધન છે અને જાહેર મિલકતનો યોગ્ય રીતે વહીવટ કરવો એ રાજ્યની ફરજ છે.) લોકશાહીમાં public propertyનો (જાહેર મિલકતનો) યોગ્ય વહીવટ કરવા-કરાવવાની જવાબદારી સરકારની છે. Because public is owner. (કારણ કે જનતા માલિક છે.)

Religious & Charitable Regulations & Acts varies from state to state. It is not a central affair. It is a State subject. (ધાર્મિક અને સખાવતી ધર્માદા ટ્રસ્ટોના નિયમનો અને કાયદાઓ રાજ્યે-રાજ્યે બદલાય છે. એ કેન્દ્રનો વિષય નથી, રાજ્યનો વિષય છે.) ટ્રસ્ટોના નિયંત્રણ માટે જે કાયદા થયા તે દરેક રાજ્યના જુદા-જુદા હોય છે. તે કાયદા દ્વારા રાજ્ય સરકારો માને છે કે આની વ્યવસ્થા કરવાનો, તેનું administration, management and control (વહીવટ, સંચાલન અને નિયંત્રણ) કરવાનો તેમને regulate (તેમનું નિયમન) કરવાનો, restrict (અંકુશ) કરવાનો રાજ્યોને પૂરેપૂરો હક છે. બંધારણનું આવું અર્થઘટન કરી સરકારે powers (અધિકારો) મેળવ્યા છે અને કોર્ટોએ બંધારણનું એવું અર્થઘટન કર્યું છે. બંધારણથી તમને જે તે ધર્મના ઉપાસક બનવાનો, તે અનુસાર કોઈપણ જાહેર કે અંગત ક્રિયા-પ્રવૃત્તિ, વિધિ-વિધાન કરવાનો કે તે તે ધર્મનો ફેલાવો કરવાનો સંપૂર્ણ હક છે. You have that right. (તમને એ અધિકાર મળે છે.) તમને આ બધું કરવાની સ્વતંત્રતા, બંધારણમાં right to freedom of

religion (ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર) હેઠળ અપાયેલ છે. You have got the right to profess, practice & propagate religion. (તમારી પાસે ધર્મને માનવાનો, પાલનનો અને પ્રચાર કરવાનો અધિકાર છે.) દરેક વ્યક્તિ પોતપોતાની રીતનો ધર્મ આચરી શકે છે, તેમાં રાજ્ય કોઈ જાતનો હસ્તક્ષેપ કરતું નથી. રાજ્ય તો દરેક વ્યક્તિને ધર્મ કરવા માટેની સુવિધા કરી આપવા તૈયાર છે, એવો બંધારણનો બાહ્ય લેબાશ છે. આમ તો secularism સ્વીકાર્યું (બિનસાંપ્રદાયિકતા સ્વીકારી) હોવાથી State કે National level (રાજ્ય કે કેન્દ્રના સ્તર) ઉપર તો રાજ્યનો કોઈ ધર્મ નથી. જોકે આપણે પણ રાજ્યનો કોઈ particular (ચોક્કસ) ધર્મ હોવો જોઈએ તેવું માનતા નથી.

**સભા :** કુમારપાળ મહારાજાએ કરાવેલ અમારિ પ્રવર્તન એને રાજ્યે સ્વીકારેલ ધર્મ ન કહેવાય ?

**સાહેબજી :** કુમારપાળે અમારિ પ્રવર્તન કરાવ્યું, પણ State's religion is Jain religion (રાજ્યનો ધર્મ એ જૈનધર્મ છે) એવું કહ્યું નથી. તેમની પ્રજામાં તેમણે બીજા ધર્મો અને તેમના ઉપાસકોને પણ સમર્થન આપી, તેઓની સાથે રહી અમારિ પ્રવર્તન કરેલ છે. તેઓ પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી દ્વારા ધર્મ પામ્યા, પછી પણ તેમને શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ કહેલ કે તારી રાજસભામાં તું રાજા તરીકે હોવાથી કોઈ પણ ધર્મના ધર્મગુરુ આવે તો તેમને તારે પૂરેપૂરું માન આપવું. તેઓને શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ કર્તવ્યરૂપે એ સૂચન કરેલ કે you should respect all religions. (તારે બધા જ ધર્મોને માન આપવું જોઈએ.) જોકે રાજા પોતે ભલે તેને જે ધર્મની વાત હૃદયથી સત્ય લાગે, જેની ઉપાસના કરવા જેવી લાગે, તે કરે. રાજાને પોતે વ્યક્તિગત જે ધર્મ માનવો હોય તેને માની શકે છે. એને પોતાને હૃદયની પ્રમાણિકતાથી જે ધર્મ સત્ય લાગે તેને પોતાના જીવનમાં આચરી શકે. He has that liberty. (એને એટલી છૂટ છે.) એમાં કોઈપણ જાતનું restriction (બંધન) નથી, પણ રાજા પોતે જે ધર્મને માને/પાળે તે જ ધર્મ આખી પ્રજા પાળે કે પ્રજા પાસે પળાવે તેવું નહોતું. પોતે જે ધર્મ પાળે, તે પ્રજા પાસે પળાવવો અને અન્ય ધર્મો પર પ્રતિબંધ લાદવો કે તેમના ઉપર દમન કરવું એવું આપણાં આર્યશાસ્ત્રો કે આપણાં ધર્મશાસ્ત્રો માનતા

નથી કે ક્યાંય પણ તેવી વાત નથી. સાઉદી કે અરેબિયન Countriesની (દેશોની) અંદર તો તમે officially (કાયદેસર) અન્ય ધર્મ પાળી જ ન શકો. ત્યાં તો વર્ષો સુધી રહેવા છતાં પણ તમે તમારી મરજી મુજબનો ધર્મ પાળી શકતા નથી. અરે ! મંદિર પણ બાંધી શકતા નથી અને છૂપી રીતે બાંધ્યું હોય તો તેને demolish કરી (તોડી) નાંખે અને ઉપરથી તમારા ઉપર ગુનો કર્યાનો દાવો થાય. પશ્ચિમના પણ અમુક દેશોમાં state religion (રાજ્યના ધર્મ) તરીકે ક્રિશ્ચિયાનીટી છે, જ્યારે આર્ય પરંપરા આવું સ્વીકારતી નથી.

**સભા :** હિન્દુધર્મ એ આર્યપરંપરા મુજબનો ધર્મ નથી ?

**સાહેબજી :** Hindu is not a religion. (હિંદુ એ ધર્મ નથી.) ભારતનાં જેટલાં દર્શનો છે, તેમાં ક્યાંય 'હિન્દુધર્મ' નામનો શબ્દ નથી. બદ્રી-કેદારનાથના કેસમાં અમુક કાઉન્સિલે પૂછ્યું હતું, ત્યારે તેના pleadingsમાં (અદાલતમાં રજૂ કરવાની દલીલો કે જવાબમાં) મારે લખાવવું પડ્યું કે "Hindu is not a religion but it is a geographical identity." (હિંદુ એ ધર્મ નથી, પરંતુ ભૌગોલિક ઓળખ છે.) Hindu (હિંદુ) શબ્દ સિંધુમાંથી અપભ્રંશ થઈ બન્યો છે. સીંધુનદીની આજુ-બાજુના અમુક વિસ્તારમાં રહે તે Hindu. (હિંદુ.) Thus Hindu is not a religious identity. (આમ હિંદુ એ કોઈ ધાર્મિક ઓળખ નથી.)

**સભા :** Hindu (હિંદુ) શબ્દનો આપ જે અર્થ કરો છો તેનો આધાર છે ?

**સાહેબજી :** ૧૫૦૦ વર્ષથી વધારે જૂના જૈન આગમ નિશિથ ચૂર્ણિમાં લખ્યું છે. આગમ પ્રાકૃત-અર્ધમાગધી ભાષામાં છે. તેમાં એક ઘટનાના-પ્રસંગના વર્ણનમાં અમુક રાજાના માણસો જઈ રહ્યા છે, ત્યારે તેઓને પૂછ્યું કે 'કઈ બાજુ જઈ રહ્યા છો ?' 'આગળ ક્યાં જવું છે ?' તો કહ્યું કે, **'वच्चामो हिन्दुगदेसे.....'** અમે હિન્દુ દેશમાં જઈ રહ્યા છીએ. આનો ૧૫૦૦ વર્ષ જૂનો Historical evidence (ઐતિહાસિક પુરાવો) છે. આ આગમની જૂની manuscript (હસ્તપ્રતો) પણ મળે છે. તેથી હિન્દુ શબ્દ વાસ્તવમાં ધર્મવાચક નથી. ધર્મ તો બૌદ્ધ, જૈન, વૈદિક વગેરે છે, ધર્મને પ્રાદેશિક

ઓળખાણ સાથે સીધી કોઈ નિસ્બત નથી.

British (અંગ્રેજ) રાજ્યમાં શબ્દોની ભેળસેળ કરી તમને ખોટું ઠસાવી દીધું છે. તમારા દેશની એક જ પ્રજામાં માત્ર શબ્દના ભેદભાવ ઉપસાવી બે ભાગલા કરી આપે, આ બ્રિટિશરોની policy (નીતિ) છે. આર્યધર્મોનાં પ્રાચીન શાસ્ત્રો વેદ, પુરાણ ઉપનિષદ્, ત્રિપિટક, આગમાદિમાં ક્યાંય પણ 'હિન્દુ ધર્મ' એવો શબ્દ જોવા નથી મળતો.

હિન્દુ રાષ્ટ્ર જુદી વસ્તુ છે. એ અમુક રાજકીય પક્ષોની વિચારધારા છે, પરંતુ વાસ્તવમાં હિન્દુધર્મ નામનો કોઈ જુદો ધર્મ નથી; છતાં અત્યારે બંધારણ અને કાયદાકીય ભાષામાં હિન્દુ શબ્દ ધર્મ સાથે જોડાઈ ગયો છે. વેદાધારિત તમામ પંથોને હિન્દુ ધર્મ તરીકે ખતવવામાં આવે છે. પણ હકીકતમાં તે માટે 'વૈદિક ધર્મ' એવો શબ્દ યોગ્ય છે. વળી, રાષ્ટ્રની વાત આવે ત્યારે State has no religion, (રાજ્યનો કોઈ ધર્મ નથી) જોકે તેનો અર્થ એમ નથી કે State is against the religion, State must respect all religions. (રાજ્ય એ ધર્મ વિરુદ્ધ છે, રાજ્યે બધા જ ધર્મોનો આદર કરવો જ જોઈએ.) ધર્મ તો જીવમાત્રને ન્યાય-સુરક્ષા આપે છે. એટલે ધર્મ એ ઘણો મહાન હોવાથી હંમેશાં રાજ્ય તેને આદર આપે, facilitator (સગવડકારક) તરીકે રાજ્ય વિના વળતરે ધર્મને service (સેવા) આપે. એના બદલે અત્યારે ભારતીય બંધારણમાં દેખાવ એવો કર્યો છે કે અમે ધાર્મિક સ્વતંત્રતા પ્રદાન કરી, પરંતુ તેઓએ ધર્મનો અર્થ જ એવો સંકુચિત કર્યો છે કે ધર્મ એટલે માત્ર શ્રદ્ધા, ક્રિયાકાંડ અને બાકીનું બધું ધર્મની બહાર. **State (રાજ્ય) ધર્મને બધી facility (સગવડો) આપે, તેમાં ક્યાંય રોકટોક હોય નહીં. તેને બદલે અત્યારે ઊંધું છે. અત્યારે ધર્મ કરનારા ધર્મની આરાધના કોઈ પણ જાતની કોઈને હેરાનગતિ કર્યા વગર કરતા હોવા છતાં, state (રાજ્ય) તેમાં રોકટોક કરે છે, માથું મારે છે.**

અત્યારે Government (સરકાર) ધર્મની સંપત્તિને ધર્મ માનતી નથી. ધર્મની સત્તા માટેની postને (હોદ્દાને) પણ ધર્મ માનતી નથી. ધર્મનાં બધાં અંગોને છૂટાં પાડી દેવામાં આવેલ છે. ધર્મની જે બાહ્ય તાકાત હતી તે બધી ધર્મથી છૂટી પાડી દીધી, એટલે જ મેં ઉપમા આપતાં કહ્યું કે 'પંખીની

પાંખ કાપી નાંખ્યા પછી તેને જંગલમાં છૂટું મૂકો તોપણ તે પરવશ જ રહેવાનું.' તેમ ધર્મનાં અંગોને જે છૂટાં પાડી દીધાં છે, તે ધર્મની પાંખો કાપી નાંખવા બરાબર છે. માટે ધર્મને સ્વતંત્ર કહેવો તે એક પ્રકારની છેતરપિંડી કે ચાલાકી છે.

અત્યારે ધર્મોનાં જે મોટાં મોટાં ધર્મસ્થાનકો છે કે જ્યાં સરકારને લાગ્યું કે અહીંયાં દલ્લો છે, તો ત્યાં હસ્તક્ષેપ કરી લઈ લેવા માંડ્યાં છે. અત્યારે અહીં તમારા ઉપાશ્રયમાં તેઓ કેમ આવતા નથી ? કારણ કે સરકારને ઉપાશ્રયમાં કાંઈ મોટો આર્થિક લાભ દેખાતો નથી, માટે સરકારને અહીં interest (રસ) નથી. જે સ્થાનકો માંડ માંડ ચાલતાં હોય, કે જ્યાં તોટો હોય, તેમાં સરકારને કોઈ રસ નથી. અત્યારે તમારા ઉપાશ્રયો માંડ માંડ નભે છે, અને થોડા ઘણા દાનથી તે ચાલે છે, એમાં કાંઈ મલાઈ નથી, એટલે સરકાર માથું મારતી નથી. બાકી કાયદાની રૂએ સરકારને આ ઉપાશ્રય પણ લઈ લેવાનો હક છે. સરકારને જ્યાં મલાઈ દેખાય તે મહત્ત્વનાં મોટા ભાગનાં ધર્મસ્થાનકો કાયદાની કલમ ચલાવીને capture કર્યાં (પડાવી લીધાં) છે. એમાં વૈદિક ધર્મનાં ઘણાં ધર્મસ્થાનકો capture કર્યાં (પડાવી લીધાં) છે, તેના હિસાબે જૈનો ઘણા બચેલ છે. વૈદિક ધર્મોનાં સ્થાનકો capture કરતી (પડાવતી) વખતે કોઈ કાંઈ કહે તો કહે કે તમે તેનો વહીવટ બરાબર કરતા નથી, માટે સરકાર લઈ લે છે.

**સભા :** અમારો વહીવટ સારો માટે આપણે બચ્યા છીએ ?

**સાહેબજી :** આપણી ધર્મદ્રવ્યની શાસ્ત્રીય વ્યવસ્થા ખૂબ મજબૂત હોવાથી વહીવટ સારો છે તે યશ આપણી પરંપરાને છે; જે આપણા બચાવનું એક કારણ છે. બીજું જૈન મંદિરો અને જૈનોનાં ધર્મસ્થાનકો સરકારે બહુ કબજે કર્યાં નથી, તેમાં હમણાં જણાવ્યું તે પણ મહત્ત્વનું કારણ છે કે તમારી પાસે એટલો માલ-મલીદો નથી. જૈનોનું એક પણ મંદિર એવું નથી કે જ્યાં બાર મહિને ૧૦૦ કરોડથી વધુ આવક હોય. જ્યારે વૈદિક ધર્મોમાં એવાં ઘણાં તીર્થસ્થાનકો જોવા મળે કે જ્યાં ૨૦૦, ૫૦૦, ૭૦૦ કરોડની yearly income (વાર્ષિક આવક) હોય.

**સભા :** તો શિખરજી કેમ લઈ લીધું ? શું આપણો વહીવટ બરાબર

ન હતો ? કે દિગંબરો સાથે વિવાદો થયા છે માટે ?

**સાહેબજી** : સુપ્રિમ કોર્ટના એક Retired Judgeએ general senseમાં (નિવૃત્ત જજે સામાન્ય વાત કરતાં) કહ્યું કે You are not maintaining & managing properly (તમે વહીવટ અને સંભાળ યોગ્ય રીતે કરતા નથી) માટે સરકારે લઈ લીધું. એટલે મેં તેમને કહ્યું કે What are you talking ? (આપ શું વાત કરી રહ્યાં છો ?) શું તમે આ ન્યાયની seat ઉપર બેસેલ બોલો છો ? તમારા ઘરમાં તમે બે ભાઈઓ છો અને તમારે કોઈ ઝઘડો થાય, અને તમે ન્યાય માટે કોર્ટમાં જાઓ અને કોર્ટ કહે કે તમે ઝઘડો છો માટે આ તમારી સંપત્તિ અમે લઈ લઈએ, તો તે ચાલે ? ત્યાં તમે શું કહેશો ? રાજ્યને ન્યાય આપવાનો અધિકાર છે કે મિલ્કત કબજે કરવાનો અધિકાર છે ? તમે ઝઘડો એટલે શું સરકાર તમારું હડપ કરી જાય ? આ ચાલે ? રાજ્યની ન્યાય આપવાની ફરજ છે કે હડપ કરવાનો અધિકાર છે ? જે ગેરવહીવટ કરે તેને રાજ્ય સજા કરે, પણ સીધું હડપ કરી ન જવાય. જો કોઈ social offence (સામાજિક ગુનો) કરે તો રાજ્ય પગલાં લઈ શકે.

**સભા** : પણ અત્યારે તો વહીવટ લઈ લેવાની જ વાત છે ને !

**સાહેબજી** : જે ગુનેગારને સજા ન કરી શકે એ શું વહીવટ proper (બરાબર) કરી શકે ?

**સભા** : પરંતુ ધર્મસ્થાનકોમાં mismanagement (ગેરવહીવટ) થાય છે, માટે સરકારની વહીવટ લેવાની વાત છે.

**સાહેબજી** : Mismanagementના (ગેરવહીવટના) કારણે સરકાર કહે છે કે અમે management લઈ લીધું, (વહીવટ લઈ લીધો) પણ સરકારના mismanagementના (ગેરવહીવટના) કારણે વહીવટ યોગ્ય ન થાય તો તે શું લીધેલું પાછું આપશે ખરી ? Indian bureaucracyનું moral level worldમાં well-known છે. Managerial powers are given to religion by religious scriptures. (ભારતની અમલદારશાહીનું નૈતિક સ્તર તો દુનિયામાં જાણીતું છે. વહીવટી અધિકારો ધર્મશાસ્ત્રો દ્વારા ધર્મને અપાયેલ છે.) રાજ્ય ક્યાં પોતાનો વહીવટ સાચો કરે છે ? જો સરકાર

બરાબર વહીવટ ન કરે તો પાછું સોંપવાનું કાયદામાં provision (જોગવાઈ) ખરું ? વળી જો કોઈ ધર્મવાળા જે management (વહીવટ) કરે તેમાં ગેરવહીવટ થતો હોય તો પહેલાં તેને સુધારવા માટેનો સરકારે scope આપવો (તક આપવી) જોઈએ. તેના બદલે પોતે જ બધું હડપ કરી જાય, capture કરી લે. પડાવી લે, તે તો એવી વાત થઈ કે રોટલાના ટુકડા માટે બે બિલાડી ઝઘડે તેમાં ન્યાય કરવા આવેલ વાંદરો જ તે ખાઈ જાય. આવો વાંદરાનો ન્યાય કરે તે લૂંટારા જ કહેવાય. માટે આ બચાવ વાજબી નથી.

**સભા :** આ બધું આપે જણાવ્યું પણ તેનો વિકલ્પ શું ?

**સાહેબજી :** સારા counsellor એ (વકીલે) સુપ્રિમ કોર્ટમાં કહ્યું કે There is no need of Trust Act, (ટ્રસ્ટ એક્ટની જ જરૂર નથી) Religion ને Regulation (ધર્મને નિયંત્રિત) કરનાર કાયદાની કોઈ જરૂર જ નથી. કોઈ social offence (સામાજિક ગુનો) કરતું હોય તો તેના માટે તો રાજ્ય પગલાં લઈ જ શકે છે, તેવી Indian Penal Codeમાં provision છે. (ઈન્ડિયન પીનલ કોડમાં જોગવાઈ છે.) તેથી state can take actions against social offence. (રાજ્ય સામાજિક ગુના સામે પગલાં લઈ શકે છે.) પણ અત્યારે તો રાજ્યને જ્યાં લાભ દેખાય ત્યાં માથું મારવું છે. એક તો ચોરી કરવી અને ઉપરથી શાહુકારની જેમ વાત કરવી છે. અન્યાય પણ legally (કાયદેસર) કરવા માટે કાયદાની આ જોગવાઈઓ છે. જેમ કે આ ઉપાશ્રય બનાવવો છે, તો તેના માટે લોકોએ ઉપાશ્રય બંધાવવાની શુભ ભાવનાથી દાન આપ્યું, જેમાંથી ઉપાશ્રય બંધાયો. અહીં લોકોએ દાન ધર્મના નામે આપ્યું છે કે એમ ને એમ સખાવત કરી છે ? જૈન શ્વેતાંબર સંઘના ઉપાસકોએ તમને જે દાન આપ્યું છે, તે દાન જૈન ધર્મના નામથી આપ્યું છે, અને દાન પણ ધર્મના નામથી લેવાયું છે. તેથી હવે તે દાનનો માલિક કોણ ? ધર્મ જ તેનો માલિક છે.

**સભા :** ધર્મ માલિક ?

**સાહેબજી :** હા, જેને તમે આપો તે તેનો માલિક; સરકારને આપો તો સરકાર માલિક, તેમ ધર્મને આપો તો ધર્મ માલિક. જ્યારે સરકાર તો

ધર્મ તેનો માલિક થાય તેને મંજૂર કરવા તૈયાર જ નથી. **સરકારના મતે તો દાન ધર્મના નામથી લેવાય છે છતાં તેમાં ધર્મનું નામ નહીં.** દા.ત. કોઈ University (યુનિવર્સિટી) છે, તો તેમાં educationના (શિક્ષણના) નામથી દાન આવે છે, તો તેમાં તે દાનની માલિકી કોની થાય ? Universityની. (યુનિવર્સિટીની.) એમ hospital (હોસ્પિટલ) માટે દાન આવે છે, તો તેમાં પણ માલિકી કોની ? Hospitalની (હોસ્પિટલની) થાય છે, જ્યારે અહીં દાન ધર્મના નામથી લેવાય છે, પણ તેનો માલિક ધર્મ નથી.

**સભા :** પરંતુ ધર્મ એ દ્રવ્યનો માલિક કેવી રીતે બને ?

**સાહેબજી : જેને અર્પણ કરાયું હોય તે જ માલિક ગણાય.** સરકાર કહે છે કે Religion is functioning on the masses. (ધર્મ એ વિશાળ વર્ગ સમુદાયને સ્પર્શતી કામગીરી બજાવે છે) માટે Public Religious Trust (પબ્લિક રિલીજીયસ ટ્રસ્ટ) એવો શબ્દ વાપરે છે, અને તેના દ્વારા તેને public property (જાહેર મિલકત) તરીકે ખતવે છે, જેના ઓઠા હેઠળ સરકાર માથું મારી શકે; પરંતુ **આપણે ત્યાં ધર્મદ્રવ્ય તે કોઈની વ્યક્તિગત માલિકીનું થતું નથી.** જેમ દેવને અર્પણ કરાયેલું તે દેવદ્રવ્ય ગણાય છે, ત્યારબાદ તે દ્રવ્ય કદી આપણું થાય નહીં. એકવાર દેવદ્રવ્ય થયું અર્થાત્ દેવને અર્પણ થયું, પછી કદી પણ તે દ્રવ્યની માલિકી તમારી રહેતી નથી. તેથી publicની (સાર્વજનિક) માલિકી કહેવાય જ નહિ.

**સભા :** પણ અન્ય ધર્મમાં તો મહંતો, સંતો કે પૂજારી મંદિરના પૈસાથી તેમનો નિર્વાહ ચલાવે છે !

**સાહેબજી :** ત્યાં તમે ભૂલો છો. તેઓ જીવનભર એની સેવા, ઉપાસના કરવાની જવાબદારી લે છે. તેના બદલામાં મંદિરમાં આવેલ જે offerings (અર્પિત દ્રવ્ય) છે, તેમાંથી તેઓને ભાગ લેવાનો હક આપેલ છે. બાકી મંદિરની ownership (માલિકી) તો ધર્મની જ ગણાય.

**આપણે ત્યાં જૈન ધર્મમાં તો સ્પષ્ટ આજ્ઞા છે કે જૈન ધર્મના અનુયાયીથી ધર્મને સેવા આપ્યા પછી પણ વળતર તરીકે ભૌતિક કાંઈ લેવાય નહીં.** જૈન ધર્મમાં જેટલું ચુસ્તતાથી માળખું તૈયાર થયેલું છે, તેટલું અન્ય ધર્મમાં માળખું ગોઠવાયેલ નથી, તેથી ત્યાં આવું ચાલે છે.

આ ટ્રસ્ટીઓ કહે છે કે 'અમારો વહીવટ સારો છે,' પણ વહીવટ સારો કેમ છે ? આપણા વડવાઓ અને પૂર્વાચાર્યોએ વ્યવસ્થા જ એવી ગોઠવી આપી છે કે vested interestવાળાને (સ્થાપિત હિતોવાળાને) અહીં ફાવે જ નહીં. જ્ઞાનીઓએ infrastructure જ (માળખું જ) એવું ગોઠવી આપ્યું છે કે "No Problem." (તકલીફ થાય એમ જ નથી.) તમારાં મંદિરોમાં વ્યવહાર શુદ્ધ-સારો છે, તેનું કારણ જૈન ધર્મ ચોખ્ખો છે, તેને આભારી છે. જેટલી ધર્મના દૃષ્ટિકોણની clarity (સ્પષ્ટતા) જૈન ધર્મમાં છે, તેટલી અન્ય ક્યાંય નથી. અહીં vested interestવાળાએ (સ્થાપિત હિતોવાળાએ) વહીવટમાં અડવાનું જ નથી, આવું માળખું પૂર્વાચાર્યો ગોઠવીને ગયા છે.

એક વખત વિશ્વ હિન્દુ પરિષદની મોટી postવાળી (હોદ્દાવાળી) વ્યક્તિએ મને કહેલ કે તમારાં મંદિરોમાં જેટલો વહીવટ ચોખ્ખો છે, એટલો અમારાં સ્થાનોમાં નથી, તેથી અમને સરકાર સામે બચાવ કરવામાં તકલીફ પડે છે. તેને મેં કહ્યું કે તેમાં કારણ અમારું infrastructure (માળખું-બંધારણ) જ એવું solid (મજબૂત) છે કે તેમાં કોઈ જાતની ઘાલમેલ થઈ શકે જ નહીં. અમારા સાધુ જ્યાં જાય ત્યાં વહીવટદાર ઉપર watch dog (નિરીક્ષક) તરીકે રહે; છતાં તેમાંથી સાધુને કોઈ જાતનો પોતાને લાભ ઉઠાવવાનો નથી; જ્યારે તમારે ત્યાં (અન્ય ધર્મોમાં) મહંતને અંદરથી લેવાનું છે. આપણો વહીવટ સારો છે માટે આપણે બચ્યા, તેમ તેઓની સરખામણીમાં આપણી આવક પણ ઓછી છે, માટે પણ આપણે આટલા બચ્યા છીએ. વળી આમ જુઓ તો જૈનોનું દાન અન્ય કરતાં અધિક છે. જૈનો ઉદાર છે. જૈનો અવસરે જે દાન આપે છે તેની parallel (સરખામણીમાં) બીજી કોઈ community (જ્ઞાતિવાળા) ન આવે. છતાં ત્યાં આવક વધારે હોવાનું કારણ ત્યાંનું સંખ્યાબળ વધારે છે, જ્યારે અહીં સંખ્યાબળ ઓછું છે, તેથી દાન ઓછું છે.

**સભા :** શું આપણે ધર્મના નામે જ સીધું દાન ન લઈ શકીએ ?

**સાહેબજી :** બ્રિટિશરોએ તેમનું રાજ્ય હતું ત્યારથી જ એટલી કાળજી રાખેલી છે કે Religionનું (ધર્મનું) કાયદાકીય દૃષ્ટિએ કોઈ અસ્તિત્વ જ ન રહે. તેઓએ તેનું ખાસ ધ્યાન રાખેલ છે, કાયદાનું planning (ઘડતર-

રચના) જ એવું કરેલ છે. **In legal terms Religion is non-entity. (કાયદાની દૃષ્ટિએ ધર્મ એ કોઈ અસ્તિત્વ ધરાવતી હસ્તી નથી.)** જેમ કે તમે 'ભારત સરકાર' બોલો, તો તે નામનું કોઈક અસ્તિત્વ છે, ખરેખર તે એક મોટું તંત્ર છે. એ રીતે Reliance Company, Tata Company, Birla Company (રિલાયન્સ કંપની, ટાટા કંપની, બિરલા કંપની) આદિ પણ કાયદાની ભાષામાં entity (વિદ્યમાન વસ્તુ હસ્તી-અસ્તિત્વ) છે. Reliance Companyને legal languageમાં entity (રિલાયન્સ કંપનીને કાયદાની ભાષામાં વિદ્યમાન વસ્તુ) તરીકે સ્વીકારાય છે, જ્યારે ધર્મ તો non entity. (કોઈ વિદ્યમાન વસ્તુ નથી.) કંપનીઓ વગેરેને entityનું status આપવાથી (અસ્તિત્વ સ્વીકારવાથી) તેમને કોઈ સાથે વાંધો પડે તો કંપનીના નામથી દાવો માંડી શકે, કારણ કે કાયદાની ભાષામાં Company,-as a person (કંપની એક વ્યક્તિ) તરીકે કામ કરી શકે છે, functioning કરી શકે છે. દા.ત. U.N.O.માં ભારત as a person તરીકે function (વ્યક્તિની રૂએ કામ) કરી શકે છે, પણ **ધર્મની બાબતમાં આ લોકોએ એ ચાલાકી કરી છે કે ધર્મ ક્યાંય as a person (એક વ્યક્તિની રૂએ) વાત જ ન કરી શકે.** જેમ કે તમારે રૂપિયા પાંચ લાખનું દાન કરવું હોય તો તમે જૈન ધર્મના નામે દાન ન કરી શકો, કે ન તો તેના નામે કોઈ જાતનો વહીવટ કરી શકો, કારણ કે તમને ક્યાંય કાયદાની દૃષ્ટિએ તેવો scope (અવકાશ) આપવામાં આવ્યો નથી. જવાબમાં કહેશે કે ધર્મનું ક્યાંય registration (નોંધણી) થયેલ નથી.

**સભા :** તો શું ધર્મનું Registration (નોંધણી) કરાવવું જોઈએ ?

**સાહેબજી :** ધર્મનું Registration કરાવવું જોઈએ, એમ હું કહેતો નથી; પણ એ લોકો ધર્મને કેવી રીતે ઉડાડે છે, તેની વાત કરું છું.

જૈન સંઘ એ પણ કોઈ entity (વિદ્યમાન હસ્તી) તરીકે સ્વીકારાયેલ નથી. Registration trustનું (ટ્રસ્ટની નોંધણી) થાય છે અને trust (ટ્રસ્ટ) એ કાંઈ ધર્મ થોડો છે ? જૈન ધર્મનાં ભારતમાં હજારો trust (ટ્રસ્ટો) છે. તે બધાં trust (ટ્રસ્ટો) જો ધર્મ હોય તો બધા જુદા ગણી શકાય ? કે એક ગણાય ? કેમ કે જૈન ધર્મ તો દુનિયામાં એક જ છે. આ તો trustના

**(ટ્રસ્ટના) નામથી ધર્મના ટુકડા કર્યા છે**, કારણ કે કાયદાની ભાષામાં એક ટ્રસ્ટથી બીજું ટ્રસ્ટ સંપૂર્ણ જુદું કે વિભક્ત ગણાય છે. એટલે જ સરકાર એવો કાયદો લાવી શકે કે એક trustના (ટ્રસ્ટના) પૈસા બીજા trustને (ટ્રસ્ટને) તમે આપી ન શકો, અથવા તો transfer (આપવા) કરવા હોય તો તમારે અમુક ચોક્કસ conditions fulfill (શરતો પૂરી) કરવી પડે. **ખરેખર તો દેવદ્રવ્ય સર્વત્ર એક જ કહેવાય, તેની હેરાફેરી તે તે ધર્મદ્રવ્ય તરીકે શાસ્ત્ર આધારે સર્વત્ર થઈ શકે.**

**સભા :** પરંતુ ધાર્મિક ટ્રસ્ટના બંધારણમાં જ આ અંગેની આગવી જોગવાઈ કરી દઈએ તો ?

**સાહેબજી :** તમે કરેલા Trust Deedમાં (ટ્રસ્ટના દસ્તાવેજમાં) જેટલી પણ જોગવાઈઓ હશે તે બધામાંથી જો કોઈપણ જોગવાઈ કાયદાથી કે બંધારણથી વિરુદ્ધ હશે તો તે નીકળી જશે. અરે ! Constitutionને match ન થાય (બંધારણને અનુરૂપ ન હોય) એવો કાયદો હોય તો કાયદો પણ ઊડી જાય. તેમ કાયદાથી against (વિરુદ્ધ) તમારા rules & regulations (નિયમો અને નિયંત્રણો) હશે તે પણ બધા ઊડી જશે. લોકશાહીમાં લોકનું રાજ કેટલું છે, તે તમે જુઓ છો. લોકતંત્ર-પ્રજાસત્તાક તે તો માત્ર બોલવા પૂરતું જ છે. આપણા દેશમાં કેવું રાજ ચાલે છે, તે તો તમે અનુભવી લીધું છે. દેશને સ્વતંત્ર થયે ૬૦ વર્ષમાં તમે બધો અનુભવ કરી ચૂક્યા છો, તેમાં મારે કાંઈ કહેવા જેવું રહેતું નથી.

ભારત સરકાર નામની વસ્તુ કાયદાની દૃષ્ટિએ થોડા દાયકાથી અસ્તિત્વ ધરાવે છે, જ્યારે ધર્મ તો since ages (યુગોથી) છે. વળી તે તેની own strength (પોતાના બળ) ઉપર function (કામ) કરે છે. Religion exists by its own strength, non-aided, non-granted, (ધર્મ આપબળે અસ્તિત્વ ધરાવે છે, કોઈ મદદથી કે અનુદાનથી નહિ,) વળી તે સમાજમાં સ્વયં કાર્યરત છે. **ધર્મનું અસ્તિત્વ જગજાહેર હોવા છતાં એનો આવી technicથી (આવી પદ્ધતિથી) ઇનકાર કરવો એ ચાલાકી જ છે.** ધર્મ પોતાના બળથી હજારો વર્ષોથી પોતાનું અસ્તિત્વ ધરાવે છે. કાયદાના ગૂંચવાડાથી આ અસ્તિત્વનો અસ્વીકાર તે ખરેખર તેમની ચાલાકી છે. Really speaking

you are deprived of religious rights. (ખરા અર્થમાં કહીએ તો તમારા ધાર્મિક અધિકારો છીનવી લેવાયા છે.) કોર્ટના એક મોટા વકીલ સાથે વાત થઈ તો કહે કે What is religion ? અમારી legal ભાષામાં religion has no entity. (ધર્મ એ શું છે ? કાયદાની દૃષ્ટિએ ધર્મ કોઈ અસ્તિત્વ જ ધરાવતો નથી.) **કોર્ટમાં ધર્મના નામે લોકો પાસે સોગંદ લેવરાવે છે, છતાં પણ આશ્ચર્યની વાત છે કે તે જ કોર્ટો ધર્મનું કાયદાકીય અસ્તિત્વ નકારે છે.**

**સભા :** કોર્ટોમાં ધર્મના નામે સોગંદ લેવરાવે છે, છતાં તેનું અસ્તિત્વ સ્વીકારતા નથી ?

**સાહેબજી :** Courtમાં (કોર્ટમાં) ધર્મ શબ્દ હજાર વાર બોલે, પણ ધર્મનું કાયદાકીય દૃષ્ટિએ કોઈ અસ્તિત્વ જ સ્વીકાર્યું નથી. જો તમારે અખતરો કરવો હોય તો અખતરા તરીકે રૂ. ૫૦ હજારનું પણ દાન ધર્મના નામથી લો તો તમને સરકાર ગુનેગાર કહેશે. **કાયદા પ્રમાણે ધર્મના નામથી કોઈપણ વ્યક્તિ એક રૂપિયાનું પણ દાન લઈ ન શકે.**

તમારે લોકો પાસેથી દાન લેવું હોય તો પહેલાં trust (ટ્રસ્ટ) ઊભું કરવું પડશે. ધર્મના નામથી દાન લેવા માટે પણ ધર્મ હકદાર નથી, પરંતુ Public trust (જાહેર ટ્રસ્ટ) જ હકદાર છે. લોકોની ભાવના ધર્મની છે, એ ભાવનાને સરકાર આ રીતે કાયદા દ્વારા exploit (દુરુપયોગ) કરે છે.

**સભા :** એ માટેનો ઉપાય શું ?

**સાહેબજી :** તેના માટે તમારે વકીલોએ જાગૃત થવું પડે. આટલો નાનો સમાજ છે, તેમાં તમે બધા સરખા ભેગા થાઓ તો કામ થાય. તેના વગર કામ ન થાય.

**સભા :** તો શું આ બાબતે આપણો સકળ સંઘ, વિવિધ ગચ્છો વગેરે બધા એક થઈ શકે ?

**સાહેબજી :** એને બદલે તમે એમ કહો કે **ગચ્છોના આટલા બધા મતભેદો છે, પણ તે બધાને એક કરે તેવો આ મુદ્દો છે.** આ કોઈ એક જ ગચ્છનો સવાલ નથી, આખા સંઘ લેવલ ઉપરની આ વાત છે. તે માટે બધાને એક કરીને કામ કરી શકાય. અરે ! આ કાંઈ કોઈ એક જ ગચ્છ,

પક્ષ, સંપ્રદાય કે ધર્મને લગતો પ્રશ્ન નથી. આ તો આગળ વધીને તમામ ધર્મોનો પ્રશ્ન છે, even અરે, અન્ય ધર્મોને પણ આ પ્રશ્ન સ્પર્શે છે. માટે તે બધાને પણ આમાં સામેલ કરી શકાય. પણ પહેલાં **તમે નક્કી કરો કે આખા સંઘને સ્પર્શતા જે કોઈ પ્રશ્નો છે, તેમાં ગચ્છ, પક્ષ, સંપ્રદાય વચ્ચે લાવવા નથી. સંઘના હિતની, રક્ષાની વાત ગમે તે પક્ષ કે સંપ્રદાયની વ્યક્તિ કરે, તેમાં દરેક જૈન બચ્ચો તેને support (ટેકો) આપે, તો આપમેળે unity (એકતા) થાય.** આખા સંઘને સ્પર્શતો પ્રશ્ન હોય ત્યાં આ વાત કોણ બોલે છે, તે જોવાય જ નહીં. સંઘના હિતનો કોઈ પણ પ્રશ્ન હોય, તો ગમે ત્યારે ગમે તે સંપ્રદાયનો બોલનાર હોય, છતાં તેને ઝીલવા-ટેકો આપવા સાચો જૈન તૈયાર જ હોય. Main platform for unityનો (સંઘની એકતા માટેનું મુખ્ય મંચ) જ આ મુદ્દો છે. અત્યારે અંદરો-અંદર ગચ્છના ભેદ ગમે તેટલા હોય, પણ કયા ગચ્છ કે સંપ્રદાયની વ્યક્તિ એમ કહી શકે કે સમેતશિખરજી આપણા હાથમાંથી ચાલ્યું જાય તો સારું ?

**સભા :** અત્યારે પ્રભુ મહાવીરના અનુયાયીઓ એટલા બધા groups & sub-groups (ગચ્છો, સમુદાયો અને તેના પેટાવિભાગો)માં વહેંચાયા છે અને પોતપોતાની પ્રવૃત્તિમાં એટલા વ્યસ્ત છે કે એક common (સર્વસાધારણ) સંઘ જેવું ઘણીવાર લાગતું નથી.

**સાહેબજી :** હજુ સંઘ નાશ પામ્યો નથી. આ શાસન દુપ્પસહસૂરિ સુધી ચાલવાનું છે. હજુ સંઘ જીવે છે અને જે કોઈ વ્યક્તિ એમ બોલે કે સંઘ નાશ પામ્યો છે, તો તેને માટે શાસ્ત્રમાં કડકમાં કડક પ્રાયશ્ચિત્ત કહ્યું છે. પ્રભુ વીરનું શાસન હજુ બીજાં અઢાર હજાર વર્ષ સુધી ચાલવાનું છે. હજુ સંઘ છે; હા, વર્તમાન સંઘમાં જે નબળાઈઓ ચાલે છે, તે narrow-mindedness (સંકુચિત મનોવૃત્તિ)ના કારણે છે. તેને છોડો અને broad-mind(વિશાળ મનોવૃત્તિ)વાળા બનો. આ શાસન પાંચમા આરાના છેડા સુધી ચાલવાનું છે. આ પરમ વાણીને શ્રદ્ધાથી સ્વીકારીને હું બોલું છું. સંઘમાં જે નબળાઈઓ છે, તે ટાળવા માટે થોડા broad-minded (ઉદાર મનવાળા) થવું પડશે, અને narrow-mindવાળા (સંકુચિત મનવાળા) points (મુદ્દાઓ) અત્યારે ગૌણ કરીને ચાલવું જોઈએ. **આ તો બધા ધર્મોવાળાને સામેલ કરી શકો તેવી સૌને સ્પર્શતી મહત્ત્વની વાત છે.** જે પ્રશ્નોથી બધાને નુકસાન

થતું હોય તે નુકસાન અટકાવવા તેવા પ્રશ્નોને પહેલાં મહત્ત્વ આપો. તે માટે think broad-mindedly. (ઉદાર મનથી વિચારો.) **જે પ્રશ્નોથી બધાને તકલીફ થતી હોય તેનો પ્રથમ ઉકેલ વિચારશો તો બીજા ઘણા નાના નાના પ્રશ્નોનો આપમેળે નિકાલ આવી જશે.**

**સભા :** સાહેબજી, ધર્મવિરોધી ઊભી થયેલી આ કાયદાકીય સમસ્યાઓ વિષે આટલાં વર્ષો સુધી કેમ કાંઈ બોલ્યા નહીં ?

**સાહેબજી :** આ બધાની સ્વરાજ આવ્યા પહેલાંથી ગોઠવણ થયેલ છે, જ્યારે મારો જન્મ પણ નહોતો થયો. એક પ્રેસ કોન્ફરન્સમાં મને પૂછ્યું કે 'જો આ બધું આટલાં વર્ષોથી આમ ચાલે છે, તો પછી તમે અત્યારે જ કેમ આ point (મુદ્દો) ઉઠાવ્યો ? આટલાં વર્ષો તમે કેમ બોલ્યા નહીં ? અને આટલા વર્ષે હવે તમે કેમ આ રજૂઆત કરો છો ?' ત્યારે મેં કહ્યું કે અમે ધર્મગુરુ છીએ. આ કાંઈ અમારો વિષય ન હતો; પરંતુ જ્યારે સમેતશિખરનો પ્રશ્ન જટિલ થયો ત્યારે મારે રસ લેવો પડ્યો. શ્રી શ્રેણિકભાઈએ પણ કહ્યું કે 'તમે આ જજમેન્ટનો study (અભ્યાસ) કરીને અમને આપનો opinion (અભિપ્રાય) આપો. તેથી મેં આ બધા papers (પેપર્સ)નો study (અભ્યાસ) કર્યો, ત્યારે મને ખબર પડી કે ધર્મોને કાયદાકીય દૃષ્ટિએ એવા સકંજામાં લીધા છે કે અત્યારે ધર્મો જીવે છે, એ જ wonderful (આશ્ચર્યકારક) છે. **ધર્મની property (મિલકત) એ ધર્મ નથી કે ધર્મ તેનો માલિક નથી, તે વાત સેંકડો વાર કોર્ટમાં કહેવાણી છે, અને એ જ રીતનાં પગલાં stateએ (રાજ્યે) લીધાં છે.** ખરેખર તો ભારતની પ્રજામાં ગળથૂથીમાં જ ધર્મ છે, માટે ધર્મ ટક્યો છે; નહીંતર કાયદાકીય જોગવાઈઓ એવી છે કે આ ધર્મની property (મિલકત) કે ધર્મને રાજ્ય અને કોર્ટો રહેવા દે કે ટકવા દે જ નહીં. ભારતના ધર્મો સાથેનો આવો વ્યવહાર ૬૦ વર્ષોથી થતો આવ્યો છે. અત્યારે ઘણાના મનમાં હશે કે ફક્ત આર્યધર્મો ઉપર જ સરકારે આમ કર્યું છે અને મુસ્લિમ ધર્મને અન્યાય નથી કર્યો, પણ ખરેખર તેવું નથી. કાયદાની ગૂંચો દ્વારા બધા ધર્મોને અન્યાય કરાય જ છે. પ્રસંગે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ સાથે પણ કેવો વ્યવહાર કરાય છે, તેનું એક દૃષ્ટાંત આપું. અજમેરની દરગાહ છે, જ્યાં મુસ્લિમો નમાજ પઢવા જાય છે. એનો case (કેસ) સુપ્રિમ કોર્ટ સુધી લડાયો હતો.

તેનું જજમેન્ટ વાંચતાં હું દંગ થઈ ગયો. ઈ.સ. ૧૨૦૦ની સાલમાં થયેલા પ્રસિદ્ધ મૌલવીની હયાતી પછી તેમના નામની દરગાહ બની. ૧૫મી સદીમાં અકબરે આ દરગાહને ભક્તિથી અઢાર ગામો તેના નિભાવ માટે ભેટ આપ્યાં. અર્થાત્ કે એ ગામોની Revenue (મહેસૂલી) આવક દરગાહના ચોપડે જમા થતી હતી. આટલું મોટું દાન મળે તો ગામોમાંથી Revenue (મહેસૂલી આવક) એકઠી કરવા માટે કોઈ વહીવટદાર જોઈએ. તેથી રાજ્યે વહીવટ કરવા માટે એક વહીવટદાર આપ્યો. તે વહીવટદાર મસ્જિદની સહાય કરવા માટે આપેલ, તેનું કોર્ટે interpretation (અર્થઘટન) એ કર્યું કે 'This property does not belong to Dargaha, though the property was given as a gift to Dargaha, but ownership does not go to Dargaha. Because it is managed by an officer of the state. So it is secular and the state has right to manage, administrate & control it. (આ મિલકત દરગાહની નથી. જોકે આ મિલકત દરગાહને ભેટરૂપે આપવામાં આવી હતી છતાં પણ માલિકી દરગાહની નથી બનતી, કારણ કે તેનો વહીવટ રાજ્યના અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે. માટે એ બિનસાંપ્રદાયિક છે અને રાજ્યને તેનો વહીવટ, પ્રબંધ અને નિયંત્રણ કરવાનો હક છે.) ગામોનું દાન ભલે મંદિર આદિ ધર્મસ્થાનકને મળ્યું હોય, પણ ગામોની આવક એ ધર્મસ્થાનકની માલિકીની નહીં. અહીં ગામો મસ્જિદને મળેલાં, છતાં પણ ગામોનો હક મસ્જિદનો રહ્યો નહીં.

**સભા :** ધર્મ કે વ્યક્તિની અંગત મિલકતોમાં હસ્તક્ષેપ કરવાના અધિકારો સરકારે ક્યારથી મેળવી લીધા છે ?

**સાહેબજી :** જ્યારે બંધારણ બન્યું ત્યારે Right to property was a fundamental right for all citizens, (મિલકતનો અધિકાર એ સર્વે નાગરિકોનો મૂળભૂત અધિકાર હતો.) પણ ઈન્દિરા ગાંધીની સરકાર વખતે ભારતની રશિયા સાથે એટલી નિકટતા આવેલ કે તે વખતે ભારતમાં communism (સામ્યવાદ) લાવવા મથામણ ચાલતી હતી. તે લાવવું હોય તો પ્રજાની property (માલમિલકત) પહેલાં જપ્ત કરવી પડે, વળી તે વખતે તે સરકારની majority (બહુમતી) હોવાના કારણે તેના બળથી ઈન્દિરા સરકારે Right to Property (મિલકતના અધિકાર)ને fundamental rights

(મૂળભૂત અધિકારો)માંથી ખસેડી સામાન્ય right (અધિકાર)માં મૂકી દીધેલ. Freedom of speech (વાણી સ્વાતંત્ર્ય) તે તમારો મૂળભૂત rights (અધિકાર) છે, પણ સંપત્તિની દૃષ્ટિએ સરકાર ગમે ત્યારે તમને બાવા કરી શકે; કારણ કે તે તમારો મૂળભૂત અધિકાર તો ચાલ્યો જ ગયો છે. **તમને ધર્મના મૂળભૂત અધિકાર છે એવો દેખાવ કર્યો છે; છતાં તેમાં પણ અંદરથી એવા ગૂંચવાડા અને આંટીઘૂંટી ઊભી કરી છે કે ધર્મ ક્યારેય તે અધિકાર ભોગવી જ ન શકે.** જ્યાં જ્યાં સરકારે માથું માર્યું છે, ત્યાં આ જ મુદ્દો નડે છે. આ સરકાર તમારી અંગત સંપત્તિ ગમે ત્યારે લઈ શકે છે, તેમ ધર્મની સંપત્તિ માટે પણ એટલી બધી આંટીઘૂંટીઓ ઊભી કરેલ છે, જેના કારણે તીર્થો અને તેની સંપત્તિ જોખમમાં આવેલ છે. શિખરજી, પાલિતાણા, કેશરિયાજી આદિ બધામાં ઊભા થયેલ પ્રશ્નોમાં આ જ main root-cause (મૂળભૂત કારણ) છે; તેનું આ જ diagnosis (નિદાન) છે, પછી ભલે તમે સમેતશિખરજી આદિનો ઇતિહાસ જાણતા ન હો.

છેલ્લાં ૪૦૦ વર્ષોમાં આપણા બાપદાદાએ શિખરજી માટે એટલો બધો ભોગ-બલિદાન આપ્યાં છે, તે બધું unparallel (અજોડ) છે. આ બધાના આપણી પાસે solid documents (પાકા દસ્તાવેજો) છે. સામાન્ય રીતે હજારો વર્ષ જૂની વસ્તુની માલિકીના documents (દસ્તાવેજો) કે પુરાવા મળે નહીં, જ્યારે શિખરજી બાબતે આપણી પાસે બધા documents (દસ્તાવેજો) હાજર છે. તમે કેટલી પેઢીથી તમારા ગામમાં રહો છે, તેના પુરાવા તમારી પાસે કદાચ ન પણ હોય. Generally (સામાન્ય રીતે) ૪૦૦ વર્ષ જૂના documents (દસ્તાવેજો) બહુ ઓછા મળે, પણ સમેતશિખરજીનું બધું મળે છે. Administration અને ownershipના (વહીવટ અને માલિકીના) પણ પુરાવા છે. છતાં સરકાર એક નાની કાયદાની કલમથી કહે છે કે તમે આને તીર્થભૂમિ કહો છો, પણ આ તો જંગલ છે, આ તો land (જમીન) છે. **આપણા તીર્થને માટી-પત્થર અને વનસ્પતિનું જંગલ ગણી તેના ઉપર Forest Act (ફોરેસ્ટ એક્ટ) લાગુ પાડે છે.** તમે જે ઘરમાં રહો છો, તેમાં તમે સાત પેઢીથી રહેતા હો તો તેના દસ્તાવેજ મળે ખરા ? અને દસ્તાવેજ મળતા ન હોવાથી એમ તો ન જ કહી શકાય ને કે આ ઘર તમારું નથી ? શિખરજીમાં પઝેશન (કબજો) આપણું, administration આપણું, (વહીવટ

આપણો) દસ્તાવેજો-proof (સાબિતીઓ) બધું હોવા છતાં સરકાર માનવા તૈયાર નથી. તે તો કહે છે કે આ તો જમીન-land છે, આ તો પહાડ છે. *માટે તેના ઉપર તો Forest Act (ફોરેસ્ટ એક્ટ) લાગુ પડે. હવે જો* આ ખાલી land (જમીન) હોય કે પહાડ હોય, તો ત્યાં શું કોઈ કાંઈ પોતાનું private (ખાનગી) બાંધકામ કરવા ગયેલ છે ? ત્યાં કોઈ બંગલો બાંધી રહે છે ખરું ? બંગલા બાંધવા માટે શું તે ભૂમિ સાચવી રાખી છે ? છતાં સરકાર કહે છે કે આના ઉપર Land Reforms Act (જમીન સુધારણા કાયદો) અને Forest Act (ફોરેસ્ટ એક્ટ) લાગુ પડે. તેમ કહીને એક નાની કલમ લગાડી, તેના ઉપર આ કાયદો લાગુ પાડેલ છે. તેઓ કહે છે કે મંદિર એ immovable property (સ્થાવર મિલકત) છે. તમે મંદિરમાં ઉપાસના કરો, દર્શન કરવા જાઓ તો તેમાં તેમને વાંધો નથી. દર્શન કરવાની *ક્રિયાને ધર્મ માને છે, મંદિરમાં દર્શન કરવાં, ફળ-નૈવેદ્યનાં offering* (ચડાવવાં) કરવાં, તેને ધર્મ માને છે. મંદિર બંધાવવું એ ધર્મ, તેનું સમારકામ કરવું તે ધર્મ, મૂર્તિ ભરાવવી તે ધર્મ, મૂર્તિની પ્રતિષ્ઠા કરાવવી તે ધર્મ, તેનાં દર્શન-પૂજા કરવાં તે ધર્મ, પણ મૂર્તિ, મંદિર કે જે કાંઈ તમે offering (ભેટ-સમર્પણ) કરો છો તે ધર્મ નથી. વળી ધન અર્પણ કરો તો તે અર્પણ કરવાની પ્રવૃત્તિને ધર્મ માને, પણ અર્પણ કરાયેલ ધન એ ધર્મ નથી, તેમ કહે છે. આ એક પ્રકારની ઠગબાજી છે. આપણે તો તેને ધર્મદ્રવ્ય જ માનીએ છીએ, અને ધર્મદ્રવ્ય એ ધર્મનું એક અંગ જ છે. ગીતામાં પણ કહ્યું છે કે offering is religious activity and the object offered is a part of religion. (દાન એ ધાર્મિક પ્રવૃત્તિ છે અને દાનમાં આપેલ ચીજવસ્તુ પણ ધર્મનો જ હિસ્સો છે.) જ્યારે સરકાર તો કહે છે કે અર્પણ થયેલી વસ્તુ તે ધર્મ નથી. કેવી ઠગબાજી છે તેનો આ નમૂનો છે. દલીલમાં કહેવાય છે કે આ તો બધી property (મિલકત) છે. માટે તેને સરકારથી acquire કરી (કબજે લઈ) શકાય, તેનું administration અને management (વહીવટ અને વ્યવસ્થા) સરકાર હસ્તગત કરી શકે. **Property (મિલકત) તરીકે સ્થાપિત થવાંથી secular object (બિનધાર્મિક પદાર્થ) બને, તેથી સરકાર તેનો કબજો લઈ શકે અને manage-વહીવટ કરી શકે.**

અત્યારે ઘણા કહે છે કે આપણી પાસે ઘણાં તીર્થો છે તો તેમાંથી

એકાદ આપી દઈએ, તો શું ફેર પડે છે ? તો તે વાત પણ વાજબી નથી. વીરના અનુયાયી થઈને આવી નમાલી વાત કરો તે શોભાસ્પદ નથી. કોઈ કહે કે શિખરજી એક આપી દેવામાં વાંધો શું છે ? તો તમારી પાસે આટલી વેપારી પેઢીઓ છે, તો તેમાંથી એકાદ પેઢી જેની પાસે નથી તેને આપી દઈએ તો તમે આપવા તૈયાર થશો ? તમારી પાસે proof (સાબિતી) હોય કે આ મકાન તમારું જ છે, છતાં પાડોશી તેનો દાવો કરે કે આ ઘર મારું છે, તો તમે તેને આપી દેશો ? સંસારમાં આવા દાનવીર બનો તો કામ થઈ જાય. ઘણા કહે કે ઝઘડો કરવા કરતાં આપી દો, પરંતુ **ધર્મના રક્ષણ માટે ધર્મમાં ઝઘડો કરનાર આક્રમક નથી, ઊલટો ધર્મનો ઊંચો ઉપાસક છે.**

**સભા :** રામાયણનું યુદ્ધ ધર્મયુદ્ધ હતું ?

**સાહેબજી :** હા, રામના પક્ષે સતી સ્ત્રીના શીલના રક્ષણ માટેનું યુદ્ધ હતું; કારણ કે રાવણ ત્રિખંડેશ્વર હતા, અતુલ બળવાળા હતા. અન્ય ધર્મવાળા કહે છે કે રાવણને આવડો મોટો જીભડો હતો અને તે દેખાવમાં રાક્ષસ જેવા હતા, પણ આપણે તેવું માનતા નથી. માત્ર તેઓનો વંશ રાક્ષસ વંશ છે, રૂપથી તો તેઓ દેવકુમાર જેવા હતા. તેઓનું રૂપ એવું હતું કે તેને જોઈને અપ્સરાઓ પણ મોહિત થઈ જાય. રામ-રાવણના યુદ્ધ વખતે રાવણે રામને message (સંદેશો) મોકલેલ કે હું તમને ૩૦૦૦ વિદ્યાધર કુળની રાજકન્યાઓ આપું, વળી મારા ત્રણ ખંડના રાજમાંથી અડધું રાજ આપું, તેની સામે આ એક સીતાને છોડી દો. ખાલી એક સીતાને છોડી દેવાથી આટલું મળતું હોવા છતાં રામે ન સ્વીકાર્યું, તો રામ તમારી દૃષ્ટિએ impractical (અવ્યવહારુ) ગણાય ને ? સીતા તો શીલવતી મહાસતી સ્ત્રી હતી. રામ જો સીતાના રૂપથી મોહિત થઈને લડ્યા હોત તો તે કાંઈ ધર્મયુદ્ધ ન કહેવાત. સીતાને બદલે કાંઈ ગણી રૂપવતી સ્ત્રીઓ, રાજકન્યાઓ મળે તેમ હોવા છતાં સીતાના શીલરક્ષણ માટે લડ્યા. તેઓને આટલી ત્રણ ખંડની સત્તા મળતી હોવા છતાં રામ કહે છે કે જે સતી સ્ત્રીએ મારા ઉપર આટલો વિશ્વાસ રાખ્યો છે, તેનો હું વિશ્વાસઘાત કઈ રીતે કરું ?

એક વખત પ્રેસ કોન્ફરન્સમાં એક જર્નાલીસ્ટે મને પૂછ્યું કે તમે કહો છો કે સમેતશિખર અમારું છે, અને દિગંબર લોકો કહે છે કે સમેતશિખર

અમારું છે, તો આમાં સાચું શું ? એટલે મેં તેને કહ્યું કે ન્યાયની દૃષ્ટિએ જેની પાસે માલિકી આદિ હકોના પ્રમાણભૂત documents (દસ્તાવેજો) હોય તેનો હક સ્થાપિત થાય. આ રીતે સમેતશિખર તીર્થ ઉપર જો દિગંબરોનો હક હોય અને તે પુરવાર થાય તો આ તીર્થ તેને આપો, પણ પહેલાં એ પુરવાર તો કરવું પડે ને કે આ તીર્થ તેમનું છે ? બાકી પારકે પૈસે સખાવત કરવાની વાત કઈ રીતે ચાલે ?

આપણી પાસે ઘણાં છે માટે તેમને આપી દો તે વાત વાજબી નથી. જો દિગંબરો ન્યાયની દૃષ્ટિએ prove (સાબિત) કરી આપે તો અમે જ કહીએ કે તેમને આપી દો, તેને પ્રમાણિકતા કહેવાય.

**સભા :** પણ હાઈકોર્ટે તો Judgement (જજમેન્ટ) આપણી વિરુદ્ધમાં આપ્યું ને ?

**સાહેબજી** : High court (હાઈકોર્ટ)નું જજમેન્ટ ભલે આપણી against (વિરુદ્ધ) આવ્યું હોય, પરંતુ તે દિગંબરોની favourમાં (તરફેણમાં) પણ નથી આવ્યું. ૧૭૫ વર્ષના કાયદાકીય લડતના ઇતિહાસમાં કોઈ પણ court, privy council કે High court (કોર્ટ, પ્રીવી કાઉન્સિલ કે હાઈકોર્ટ) આદિ કોઈએ એમ કહ્યું નથી, કે એવું statement (વિધાન) નથી કર્યું, કે સમેતશિખર belongs to દિગંબર. દિગંબરોનો માલિકીહક છે કે એમનો વહીવટ છે, તેવું કોઈ કોર્ટે પ્રસ્થાપિત નથી કર્યું, ન્યાયની દૃષ્ટિએ ક્યાંય એવું પુરવાર થયું નથી. કોર્ટે અને સરકારે બધાએ કબૂલ કરવું પડ્યું છે કે આ તીર્થ શ્વેતાંબરોનું છે.

સરકાર, કોર્ટ કે પ્રિવી કાઉન્સીલ, બધાએ કબૂલ કર્યું છે કે આ તીર્થનો વહીવટ, મેનેજમેન્ટ, કબજો આદિ બધું શ્વેતાંબરોનું છે. અત્યારે દિગંબરોએ આ તીર્થ પડાવ્યું નથી, પણ સરકારે આ તીર્થને કબજે કર્યું છે. ૧૯૩૩માં છેલ્લી લડત પૂરી થયા પછી દિગંબર અને શ્વેતાંબર વચ્ચે સમન્વય અને શાંતિથી બધું ચાલતું હતું અને તેઓ સાથે આના વિશે કોઈ ઝઘડો ન હતો. પછી ૧૯૫૩માં Bihar Land Reforms Act (બિહાર જમીન સુધારણા ધારો) દ્વારા જમીન સુધારણાના ઉદ્દેશથી સરકારે આ જમીન છે-મિલકત છે તેમ ઠરાવી કાયદા દ્વારા તીર્થ કબજે કર્યું છે.

**સભા :** તો અમારે શું કરવું ?

**સાહેબજી :** તમે તમારા જીવનમાં થોડી જાગૃતિ લાવો. આપણે ન્યાય અને હકનું લેવા માટે લડવું છે. **કોઈના હકનું અતિક્રમણ કરવું એ મહાવીરનો ઉપદેશ છે જ નહીં. આપણે તો આપણા ન્યાયી હકને સુરક્ષિત કરવા માંગીએ છીએ.** We are fighting for justice, not for favour. (આપણે ન્યાયં માટે લડી રહ્યા છીએ, ઉપકાર માટે નહિ.)

**સભા :** પણ right (અધિકાર) કેવી રીતે સાચવી શકાય ?

**સાહેબજી :** સરકારે તીર્થ કબજે કર્યું અને કોર્ટે તેને અનુમતિ આપી છે. આમાં કોર્ટના ચુકાદાને જ ઉપલી કોર્ટમાં challenge કરવાનું (પડકારવાનો) છે. આણંદજી કલ્યાણજી પેઢી સુપ્રિમ કોર્ટમાં ગઈ જ છે. એમની અપીલ દાખલ થાય પછી નવી party (પક્ષકાર) તરીકે જે scope (તક) મળે, તેનાથી અમે પણ દાખલ થવાના છીએ. મારે તો તમારી પાસે એટલી જ અપેક્ષા છે કે આટલા મોટા આક્રમણ સામે બધાએ યથાશક્તિ તેમાં જોડાવું જોઈએ. તેને support કરવો (ટેકો આપવો) જોઈએ. તે માટે તમે તપ-ત્યાગ-સંયમ દ્વારા આરાધનાનું બળ ઊભું કરી શકો. જો કોઈ C.A., (સી.એ.) વકીલ આદિ હોય તો કાયદાકીય information-data provide (માહિતી-મુદ્દાઓ ઉપલબ્ધ) કરીને સહાય કરી શકે. જો કોઈ લેખક હોય તો આ બાબતે લોકજાગૃતિ અર્થે સારા લેખ લખી શકે. જેને કોઈ જાતના public relations (લોકસંપર્ક) હોય તો તેના sourceનો (સ્થાનનો) ઉપયોગ કરી સાચી વાત રજૂ કરી શકે. ધન આદિથી યોગદાન પણ આપી શકો, અને કદાચ કોઈ આમાંનું કાંઈ પણ ન કરી શકે તોય છેલ્લે as a Jain (જૈન તરીકે) આ રીતનો વિરોધ કરવાનો આવે ત્યારે અવશ્ય તેમાં તમારી હાજરી અને signature સાથેના letter (સહી સાથેના પત્ર) તો વ્યક્તિગત મોકલવા જ જોઈએ. **અપેક્ષાએ શાસનરક્ષા એ આરાધના અને પ્રભાવના કરતાં પણ મહાન કાર્ય છે.** તેથી યથાશક્તિ તન-મન-ધનથી સાથ આપવો એ સૌનું કર્તવ્ય છે. આવા સંકટસમયમાં કાંઈ જ ન કરો તો તમારામાં સાચું જૈનત્વ નથી, જૈનનું લોહી નથી, તેમ ગણાય. તમે લોકો peace-loving, soft community (શાંતિપ્રિય, ઋજુ સમુદાય) ગણાઓ છો, અને પાછા નિષ્ક્રિય

છો. દુનિયામાં કોઈ પણ ધર્મનું topmost (સર્વશ્રેષ્ઠ) ધર્મસ્થાનક હોય અને તેને કોઈ આંચકી લે, છતાં અનુયાયી પ્રજા શાંત બેસી રહે, તેવો કિસ્સો બીજે ક્યાંય જોવા નહીં મળે. શાસ્ત્રમાં લખ્યું કે સમેતશિખર એ ૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે. This is the greatest (આ એક સર્વશ્રેષ્ઠ) કલ્યાણકભૂમિ છે. એની પવિત્રતાને જાળવવાની જૈન તરીકે આપણી પ્રાણાંતે રક્ષણ જેટલી ફરજ છે. You are duty bound to protect this sacred place. (આ પવિત્ર ભૂમિની રક્ષા કરવા તમે ફરજથી બંધાયેલ છો.) કલ્યાણકભૂમિનો મહિમા શું છે, તે તમે હજુ જાણતા નથી, પણ તેને જાળવવાની શ્રીસંઘ તરીકે આપણી જવાબદારી શું ? તે વિસ્તારથી સમજાવું તો ખબર પડે.

વર્તમાનનો આખો ચતુર્વિધ શ્રીસંઘ ભેગો થાય તોપણ આવી પવિત્ર ભૂમિ પેદા કરી શકે નહીં. તીર્થંકર એનું નામ એ જે જ્યાં રહે ત્યાં તીર્થનું વાતાવરણ નિર્માણ કરે. આ તીર્થની પવિત્રતાનો મહિમા વિશેષથી સમજ્યા નથી તે તમારું અજ્ઞાન છે. પાવનકારી શક્તિની દૃષ્ટિએ આવું તીર્થ તીર્થંકરો જ કરી શકે, જે આપણને અમૂલ્ય વારસારૂપે મળ્યું છે. એનો spiritual power top (આધ્યાત્મિક શક્તિ શ્રેષ્ઠ) ગણાય. કોર્ટને પણ કબૂલ કરવું પડ્યું છે કે This hill is naturally connected with spiritual power. (આ પહાડ એ કુદરતી રીતે આધ્યાત્મિક શક્તિ સાથે જોડાયેલ છે.) તેમાં કોઈ dispute (વિવાદ) નથી. આવો ઉલ્લેખ કર્યા પછી પાછું કોર્ટે લખ્યું કે According to Jaina beliefs it is the top-most sacred place. But Sacredness does not create any rights. Hence its physical ownership is not yours. (જૈનોની માન્યતા પ્રમાણે આ એક શ્રેષ્ઠ પવિત્ર ભૂમિ છે. પરંતુ પવિત્રતા કોઈ હક પેદા કરતી નથી અને આથી ભૌતિક માલિકી તમારી બનતી નથી.)

**સભા :** પણ પેઢી જ આ બધા Points/issues raise (મુદ્દાઓ/વાંધાઓ રજૂ) કરે તો ન ચાલે ?

**સાહેબજી :** કાયદાકીય રીતે હવે આણંદજી કલ્યાણજીની પેઢી નવા issues (મુદ્દા) ન મૂકી શકે. They are bound by their past admissions.

We being a new party, we would not have those barriers. We can put fresh question of lost points/arguments. of course, passage is narrow for arguments. (તેઓ તેમની અગાઉ કરેલ સ્વીકૃતિઓથી બંધાયેલા છે, જ્યારે નવા પક્ષકાર તરીકે આપણને તે અવરોધ નડે નહિ. આપણે ચૂકી ગયેલ મુદ્દાઓ/દલીલોને નવેસરથી રજૂ કરી શકીએ. જોકે તે દલીલો સોંસરવી ઉતારવાનું કામ કપરું છે.) છતાં સંઘના લાભ માટે અમે તે કેસમાં જોડાવા વિચારીએ છીએ. હું જાણું છું કે તમે કોઈ સીધા સુપ્રિમ કોર્ટમાં જઈને લડી શકવાના નથી; પણ આવા સમયે જૈન બચ્ચા તરીકે વિરોધ માટે ઊભા રહો અને ન્યાયની માંગણી કરો, એ પણ એક તમારા માટે અગત્યનું ધર્મકાર્ય છે, આ સમજીને તેમાં જોડાવાની જરૂર છે.

અત્યારે આ કેસમાં હાઈકોર્ટે કહી દીધું છે કે આ આખો પહાડ Stateનો (રાજ્યનો) છે, પણ હાઈકોર્ટે જે કહ્યું છે, તેમાં ઘણા વિરોધાભાસ છે, અને તેની વિરુદ્ધમાં આણંદજી કલ્યાણજી પેઢીએ Supreme Courtમાં (સુપ્રિમ કોર્ટમાં) અપીલ કરેલ છે, અને અમે પણ તેમાં પક્ષકાર તરીકે જોડાઈશું. આપણે સુપ્રિમ કોર્ટમાં જવું જરૂરી છે. કાયદાકીય રીતે તો જે કરવાનું છે તે કરીશું જ, પણ એ સિવાય તમે સહકાર આપી શકો તે આપો, પણ એવું તો નહીં જ બોલો કે ગયું તો ભલે ગયું. આવું બોલનારે પોતાની સંપત્તિને પહેલાં દેશના ગરીબોને દાનમાં આપીને પછી તેમ બોલવું જોઈએ. અત્યારે ઘણા બોલે છે કે ગયું તે ગયું, પણ તે ભાઈઓના જ ઘરમાં ગયું ને ? તો તેઓને કહેવાનું કે પહેલાં તમારી મિલકત સખાવત તરીકે બધાને આપી દો, પછી તે પ્રમાણે બોલો.

**સભા :** દિગંબરોએ ત્યાં illegal (ગેરકાયદેસર) બાંધકામ કર્યું તો તે demolish ન કરાય (તોડી ન પડાય) ?

**સાહેબજી :** ના, અત્યારે તમારે પહેલાં prove (સાબિત) કરવાનું છે કે આ આપણું છે.

**સભા :** પણ આપણી માલિકી કેવી રીતે સાબિત કરવી ?

**સાહેબજી :** Genuine documentsથી (અસલ દસ્તાવેજોથી).

અત્યારે તમે જેવી ક્ષમા ધારણ કરીને બેઠા છો તેવી ક્ષમા ધારણ કરવાની પ્રભુ મહાવીરે ઉપદેશી નથી. જિનશાસનમાં આપણે જન્મ્યા છીએ, આપણને જિનનો ઉપદેશેલો માર્ગ મળ્યો છે. તેમાં કોઈ જીવ પ્રત્યે અંગત વેરવિરોધ, દ્વેષ, ક્રૂર વૃત્તિ રાખવાની વાત નથી, સર્વ જીવો પ્રત્યે મૈત્રી-ક્ષમાપનાનો ભાવ રાખવાની પ્રેરણા છે; પરંતુ ધર્મમાર્ગનો ધ્વંસ થાય ત્યારે પણ ક્ષમા રાખી કોઈ પ્રતીકાર નહીં કરવો, એવો તમે જો મહાવીરનો ઉપદેશ સમજી બેઠા હો, તો તમે મહાવીરના ઉપદેશને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી શક્યા નથી.

**ધર્મમાર્ગનો નાશ થતો હોય તો સર્વ બળથી પ્રતિકાર કરવો, એવું તીર્થંકરોએ ખુદ ઉપદેશેલ છે અરે ! જીવનમાં અવસરે આચર્યું પણ છે.** હા ! એટલું ખરું કે એમ ને એમ કોઈ ઉપર આક્રમક બનવાની ના છે. **Offensive (આક્રમક) બનવાની વાત નથી, પણ defensive (સંરક્ષક) તો ચોક્કસ બનવાનું છે.** ધર્મના નામથી કોઈ ઉપર ચડી બેસવું, હેરાન કરવા, આક્રમક બનવું તેવી જિનાજ્ઞા નથી; ધર્મના નામથી આક્રમક બનવાની વાત નથી, પણ ધર્મ ઉપર આક્રમણ આવે, ધર્મના અધિકારનો નાશ થતો હોય, તો તેનું રક્ષણ કરવાની જવાબદારી સમગ્ર ચતુર્વિધ શ્રીસંઘની છે. એક પણ વ્યક્તિ એમ ન કહી શકે કે આ જવાબદારી મારી નથી. કોઈ કહે કે આ જવાબદારી ટ્રસ્ટના આગેવાન કે જૈનાચાર્યની છે, હું ક્યાં માથે લઉં ? તો તેની આ વાત વાજબી નથી. હું પણ કહી શકું છું કે મોટા આચાર્યો ઘણા બેઠા છે, આમાં મારી ક્યાં જવાબદારી છે ? પણ શક્તિ હોવા છતાં જો હું શક્તિ ગોપવું તો હું ગુનેગાર ઠરું. **શાસ્ત્ર કહે છે કે ધર્મનો ધ્વંસ થતો હોવા છતાં છતી શક્તિએ તેની રક્ષા ન કરનારને અનંત સંસાર વધે તેવું પાપ બંધાશે.**

**સભા :** હિંસા કરતાં પણ ઉપેક્ષાનું પાપ મોટું ?

**સાહેબજી :** હા, હિંસા કરતાં પણ અપેક્ષાએ ઉપેક્ષાનું પાપ મોટું છે. જૈન ધર્મ હિંસાને એકાંતે પાપ કહેતો નથી. **જગતના હિત માટે કરાતી હિંસા એ પણ ધર્મ છે, જ્યારે તમે તમારા અંગત સ્વાર્થ ખાતર કોઈ જીવને વિક્ષેપ કરો તો તે હિંસા પાપ છે.** સ્વ-પરના/કોઈના પણ હિત માટે કરાતી હિંસા

એ ધર્મનું સાધન બની શકે છે, અંતે અહિંસાનું સાધન બને છે, જ્યારે સ્વાર્થ માટે કોઈને આઘાત-પ્રત્યાઘાત કરવો તેને અધર્મ કે પાપ કહ્યું છે. તેથી હિંસાને પણ એકાંતે પાપ ન કહી શકાય. જેમ કે તમારા દીકરાના ભલા માટે, તેને વ્યસન કે દુર્ગુણથી બચાવવા તમે લાફો મારો તો તેને કોઈ હિંસા કહેતું નથી. ત્યાં તો કહેશો કે આ એક હિતશિક્ષા છે. એમ ભગવાન મહાવીરે કહ્યું કે કોઈના ભલા માટે કઠોર થવું પડે તો તેને અધર્મ કહેવાય નહીં, તે પાપ નથી; જ્યારે હિંસાનો આશરો સ્વાર્થ માટે લો તો તે પાપ છે. તેમ **સન્માર્ગની જાણી બૂઝીને કરાતી ઉપેક્ષા તે તો હિંસા કરતાં પણ કંઈ ગણું મોટું પાપ છે.** એનાં કારણો પણ શાસ્ત્રમાં આપ્યાં છે. **માર્ગનો લોપ થાય તો અનંતા જીવોનું કલ્યાણ જોખમાય છે. આવા પ્રસંગે ક્ષમાશીલ નહીં બનતાં યોગ્ય રીતે રક્ષા કરવી જ જોઈએ. તે માટે કદાચ લડતનું સ્વરૂપ આવે તો તેમાં ગભરાવાની કોઈ જરૂર નથી.** આવા સમયે ક્ષમાશીલ બનો તો તે ન ચાલે, પરંતુ જરૂર પડે તો ઉગ્ર બનીને પણ રક્ષણ કરવું જ જોઈએ.

ખુદ પ્રભુ મહાવીરે ગોશાળા માટે જાહેરમાં સમવસરણમાં કહ્યું કે તેણે પ્રરૂપેલો માર્ગ તે સન્માર્ગ નથી. શ્રાવસ્તી નગરીમાં વાત ચર્ચાતી હતી કે આ ગામમાં એક સાથે બે સર્વજ્ઞ વિચરે છે. તે વખતે ગૌતમ મહારાજાથી સહન ન થયું, એટલે તેઓએ પ્રભુને જાહેરમાં પૂછ્યું કે 'ભગવંત ! આમાં સાચી વાત શું છે ?' ત્યારે ભગવાન જાણે છે કે હું સાચું કહીશ તો ઝઘડો થશે, મારા સાધુ મરશે, છતાં **પ્રભુએ હિતકારક સાચું કહેવામાં પીછેહઠ ન કરી.** પ્રભુ ક્યાંય offensive (આક્રમક) બન્યા નથી. પ્રભુને કરોડો દેવતા સેવામાં હાજર છે. જો ભગવાન કહે કે આ ગોશાળાને બોચી પકડીને બહાર મૂકી આવો, તો દેવતાઓ આદિ તેમ કરી શકે તેમ હોવા છતાં, પ્રભુ ક્યારેય offensive (આક્રમક) બન્યા નથી. ધર્મના નામથી ભગવાને સ્વયં બધું સહન કર્યું છે, પણ આક્રમક બન્યા નથી કે આક્રમણ કર્યું નથી, છતાં સત્ય માર્ગ ટકાવવા જરૂરી બધું જ કરે છે. માટે **મૈત્રી, ક્ષમાના નામથી ધર્મનાં અપૂર્વ આલંબન જતાં કરે તે ઘોર પાપનો ભાગી થાય.**

**ધર્મસ્થાનકો પર ધર્મની માલિકી તો સરકારે કાયદાથી નાબૂદ કરી નાંખી છે, પરંતુ હવે તેનું administration (વહીવટ) અને management પણ પોતાને હસ્તક જોઈએ છે.** સમેતશિખરમાં ઉપરનાં મંદિર, ટૂકોને છોડીને

સરકારે આખા પહાડની માલિકીયત હડપ કરી છે. એમ શત્રુંજયમાં પણ મંદિરોને છોડીને આખો પહાડ હડપ કર્યો છે. ગિરિરાજના કાંકરે કાંકરે અનંતા સિદ્ધો થયા, એમ શાસ્ત્રસિદ્ધ આપણે માનીએ છીએ. તે પહાડને આ લોકોએ land (જમીન) કહીને Forest Act (ફોરેસ્ટનો કાયદો) લગાડીને હડપ કર્યો છે. આપણે આખા ગિરિરાજને પૂજ્ય-પવિત્ર ગણીને તેનો વિશેષ મહિમા સ્વીકારીને તે પ્રમાણે પૂજા-ઉપાસના કરીએ છીએ. ગિરિરાજની જાત્રામાં પહેલાં તળેટીએ ગિરિરાજને ખમાસમણાં આપી પછી પ્રભુ આદીશ્વરને પૂજો છો, પહાડની (પ્રતીકરૂપે તળેટીની) આંગી, પ્રક્ષાલ, પૂજા કરો છો; કેમ કે આખા ગિરિરાજને આપણે મંદિર કરતાં પણ વધારે પવિત્ર માનીએ છીએ. શત્રુંજય પહાડ એ integral part of our religion (આપણા ધર્મનું જ અતિ મહત્ત્વનું અંગ છે.) છે. આખા પહાડના આપણે અઢાર અભિષેક કરીએ છીએ. ભારતભરનાં હજારો દેરાસરની અંદર આ બે તીર્થોના પટ્ટ પણ જોવા મળશે.

We have background of scriptures. (આપણી પાસે શાસ્ત્રપાઠોનું પણ પીઠ બળ છે.) Even (અરે !) કલ્પસૂત્રમાં પણ સમેતશિખરનો ઉલ્લેખ છે. આજે પણ ૨૫૦૦ વર્ષથી પણ જૂનાં આગમના વિધાનો અને historical records (ઐતિહાસિક પુરાવા) મળે. આમ તો આ પહાડ પ્રભુ ઋષભદેવના નિર્વાણથી પણ પહેલાંથી પૂજાતો આવ્યો છે. તેને આજે સરકાર land (જમીન) આદિ કહી પચાવી પાડે તો આપણે કેમ હાથ જોડીને બેસી રહીએ ?

અત્યારે કેશરિયાજીની માલિકી સરકારે લઈ લીધેલ છે. રાજ્યે અન્યાય કરવામાં માઝા મૂકી દીધેલ છે. કેશરિયાજીના judgementમાં (ચુકાદામાં) તો કોર્ટે લખ્યું કે This temple is swetambari temple. It is undisputable fact. It is Built by swetambars (આ મંદિર શ્વેતાંબરોનું મંદિર છે. એ નિર્વિવાદ હકીકત છે. એને શ્વેતાંબરોએ બાંધ્યું છે.) અને management (મેનેજમેન્ટ) પણ શ્વેતાંબરોએ કર્યું છે; છતાં અત્યારે માલિકી સરકારની છે. શ્વેતાંબરોએ હજાર વર્ષ સુધી તેનું administration (સંચાલન) કર્યું, પણ સ્વરાજ પહેલાં જૈનોની માલિકી ચાલી ગઈ હતી, માટે સ્વરાજ્ય પછી સરકાર તેની માલિકીના પુરાવા બતાવવા છતાં શ્વેતાંબરોની માલિકી સ્વીકારતી નથી.

**સભા :** શીખ, મુસ્લિમોનાં સ્થાનકોને સરકાર કેમ બહુ અડતી નથી ?

**સાહેબજી :** શીખ, મુસ્લિમોનાં સ્થાનકોને સરકાર અડતી નથી, કારણ, તેમ કરવા જતાં તેની vote bank (મત બેંક) ગુમાવવી પડે, જે તેને પરવડે તેમ નથી. જો સારા counsellor (સલાહકાર) હોય અને તટસ્થ હોય તો prove (સાબિત) કરી શકે કે આ અન્યાય થઈ રહ્યો છે. સરકાર તેઓનાં સ્થાનકોને હાથ નથી લગાડતી એનું બીજું એ પણ કારણ છે કે તે પ્રજા aggressive (આક્રમક) છે.

We are rich in scriptures. (આપણી પાસે શાસ્ત્રો વિપુલ પ્રમાણમાં છે.) આગમોમાં તો રાજ્યની મર્યાદા બતાવી ત્યાં સુધી લખ્યું છે કે રાજાનું jurisdiction (સત્તાક્ષેત્ર) આટલું જ છે, તેની મર્યાદા આટલી જ છે, અને તેનાથી હદ ઓળંગે તો આચાર્ય રાજાને કહી શકે કે તું તારી મર્યાદા ચૂકે છે. ધર્મગુરુ કહે કે This is not under your jurisdiction. (આ તમારા સત્તાક્ષેત્રમાં નથી) **ધર્મશાસ્ત્રોને અમાન્ય કરવાનો કોર્ટને પણ અધિકાર નથી.** ભલે જજ ન્યાયની ખુરશી પર બેઠો હોય, પરંતુ તે secular authority (બિનસાંપ્રદાયિક સત્તા) છે. તેને spiritual authority (ધાર્મિક સત્તા) એવા ધર્મશાસ્ત્રોને challenge કરવાનો (પડકારવાનો) કોઈ right (અધિકાર) નથી. કોર્ટ-સરકારને scripturesને challenge (શાસ્ત્રોને પડકારવાનો) કરવાનો અધિકાર નથી. આ આધારથી લડીએ તો ઘણા લાભ મેળવી શકીએ અને આના માટે કાયદાકીય વર્તુળ ઊભું કરવાની જરૂર છે.

અત્યારે international level ઉપર (આંતરરાષ્ટ્રીય સ્તરે) રાજકીય changes (ફેરફારો) આવી રહ્યા છે. **આજે આપણો દેશ international level (આંતરરાષ્ટ્રીય સ્તર) ઉપર leadership માટે accept (આગેવાની માટે સ્વીકાર્ય) થઈ રહ્યો છે. દેશનું, દુનિયાભરમાં ગૌરવ વધી રહ્યું છે, આર્થિક સત્તા તરીકે ઊભરી રહ્યો છે, તે વખતે જો પ્રજામાં ધર્મ પણ સાથે સાથે મજબૂત રીતે ટકે-વધે તો તે દેશની સાચી આબાદી અને પ્રજાના કલ્યાણનું કારણ બને.** ધર્મ જ માનવસમૂહના ઉત્કર્ષનું main (મુખ્ય) પીઠબળ છે તેમ સ્વીકારાય, અને વિચારકો તૈયાર થાય તો આખું માળખું-બંધારણ બદલી શકો. કદાચ આખું માળખું ન બદલાય તોપણ સાચાં અર્થઘટનો દ્વારાય ઘણું બચાવી શકીએ, એમાં કોઈ શંકા નથી.

અનન્ય ઉપાસનાનું ધામ એવાં તીર્થો માટે શાસ્ત્ર તો કહે છે કે પ્રાણ પાથરવા જોઈએ. Because it has no replica. (કારણ કે એનું સ્થાન અન્ય કોઈ ક્ષેત્ર લઈ શકે તેમ નથી.) તે જો તમે ન કરી શકો તો તમે contribution (સહયોગ) અન્ય રીતે જે કાંઈ આપી શકો તે આપો. શક્ય તેટલું લડવું જરૂરી છે. **આવા ઉત્તમ આચાર, આવા શ્રેષ્ઠ સિદ્ધાંત, આવી અનુપમ જીવનપદ્ધતિ બતાવનાર ધર્મ બહુ ઓછી મહેનતે તમને જીવનમાં મળ્યો છે. તેનું sense of obligation, sense of gratitude (ઉપકારકતાની બુદ્ધિ અને કૃતજ્ઞતા ગુણ) હોય તો ઋણસ્વીકાર તરીકે આપણી જેટલી પણ શક્તિ હોય તેને ગોપવ્યા વગર સક્રિય બનવું જોઈએ.** તમને આવું સાંભળતાં અંદર ઝણઝણાટી થવી જોઈએ. તીર્થંકરો અહીં કાયમ ખાતે સદેહે રહેતા નથી, છતાં હોય ત્યારે ત્યાંનું વાતાવરણ, મનોભાવો બદલી શકે છે; કારણ કે તેઓ ઉત્તમ કોટીના જનમ જનમના સાધક છે, સાધનાના પરિપાક સાથે જન્મે છે. તેમના જેટલો will-power (મનોબળ) કોઈનો હોતો નથી. સાધકઅવસ્થામાં પણ તેમનું સત્ત્વ, શુભ મનોબળ દૃઢ હોય છે. તેઓ માતાના ગર્ભમાં આવે ત્યારે પણ તેમનું જેટલું મનોબળ દૃઢ હોય તેટલું શુભ મનોબળ બીજા કોઈનામાં હોતું નથી. સાધકઅવસ્થામાં તો શુભ મનોબળ અતિદૃઢ હોય છે. તેમના શુભ સંકલ્પથી ત્રણ લોકની સત્તા પણ તેમને ચલાયમાન કરી ન શકે. વિચારો, તેમનું શુભ સંકલ્પબળ કેવું હશે ! તમારે તો જરાક વેઠવાનું આવે તોપણ શુભ સંકલ્પબળમાંથી ડગી જાઓ છો. તેઓના મનોબળમાં દૃષ્ટાંત તરીકે જોઈએ તો સંગમે પ્રભુ મહાવીરને છ-છ મહિના સુધી ઉપસર્ગ કર્યા. સંગમ એ સામાન્ય દેવ નથી, ઇન્દ્રનો સામાનિક દેવ છે. તેની શક્તિ સામાન્ય નથી, ચક્રવર્તીને પણ મગતરા કહે એવી શક્તિ હોવા છતાં પણ પ્રભુ મહાવીરનું મનોબળ તોડી ન શક્યો, અને છેલ્લે જતાં જતાં તેને ખાતરી થઈ ગઈ કે જગતની સર્વસત્તા ભેગી થાય તોપણ શ્રમણ ભગવાન મહાવીરના મનોબળને ચલાયમાન ન કરી શકે.

જેનો will-power (મનોબળ) વધારે મજબૂત, તેના શુભ ભાવની અસર પણ વધારે. તેથી તેની આસપાસનું વાતાવરણ પણ એટલું વધારે નિર્મળ બને. તેવી રીતે જેનું અશુભ મનોબળ વધારે મજબૂત, તેના અશુભ ભાવની અસર પણ વધારે. તેથી તે વાતાવરણને વધુ બગાડે. **તીર્થંકર માટે શાસ્ત્રમાં કહ્યું કે તેઓ જન્મે ત્યારથી એવા સત્ત્વવાળા હોય કે એમનું આખું જીવન પવિત્ર, આદર્શમય**

**અને કલ્યાણમય હોય. તેઓ જન્મથી જ અનાસક્ત ભોગી, દીક્ષા પછી સામ્ય યોગી અને કેવલજ્ઞાન પછી તો વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી છે.** તેમના જીવનની દરેકે દરેક પ્રવૃત્તિ કલ્યાણકારી કહી છે. એટલા માટે તો તેમના લગ્નમહોત્સવની ઉજવણી પણ દેરાસર-ઉપાશ્રયમાં થાય છે. **એવા તીર્થંકરો માત્ર તીર્થસ્વરૂપ છે તેમ નહીં, પરંતુ તીર્થથી પણ કંઈ ગણા અધિક છે. ધર્મતીર્થનું સર્જન કરનારા પણ તીર્થંકર જ છે, અને સર્જન કરતાં સર્જક વધારે મહાન છે.** તીર્થંકરો જ્યાં જ્યાં જાય ત્યાં વાતાવરણથી એ ભૂમિ પાવન તીર્થસ્વરૂપ બને છે. એમાં પણ એમના જીવનના પાંચ પ્રસંગો ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એ મહાન કલ્યાણકો છે. તેઓ જ્યાં જાય તેને તો પાવન તીર્થભૂમિ જ કહેવાય. તેમાં પણ ખૂબી એ છે કે ચ્યવનકલ્યાણક કરતાં જન્મકલ્યાણક અધિક, તેના કરતાં દીક્ષાકલ્યાણકનું મહત્ત્વ અધિક, તેના કરતાં કેવલજ્ઞાનકલ્યાણકનું મહત્ત્વ અધિક અને તેના કરતાં નિર્વાણકલ્યાણકનું વધારે મહત્ત્વ. આમ નિર્વાણકલ્યાણક પાંચેમાં સૌથી વધારે મહત્ત્વ ધરાવે છે. જો એક તીર્થંકરની નિર્વાણકલ્યાણકભૂમિ મહાન ગણાય, તો પછી અહીંયાં તો વર્તમાન ચોવીશીના એક નહીં પણ, ૨૦-૨૦ તીર્થંકરોનું નિર્વાણ થયું છે. નિર્વાણ વખતે તેઓનું highest spiritual level (ઊંચામું ઊંચું આધ્યાત્મિક સ્તર) પ્રવર્તમાન હોય છે.

**સભા :** નિર્વાણનું આટલું બધું મહત્ત્વ શા માટે છે ?

**સાહેબજી :** ગુણની પરાકાષ્ઠા છે માટે. જે ઉપાસક હોય તે તો સમજે કે અમને લાભ વધારે કેવળજ્ઞાનકલ્યાણકથી છે; કારણ કે પ્રભુ દીક્ષા લઈ ધર્મતીર્થ પ્રવર્તાવે તો આપણને ઉપકાર થાય. માટે તો નવ લોકાંતિક દેવો ભગવાનને વિનંતી કરે છે કે હે પ્રભુ ! આપ દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી તીર્થની સ્થાપના કરો અને અમારી ઉપર ઉપકાર કરો. દેવતાઓમાં પણ લોકાંતિક દેવો અત્યંત પ્રબુદ્ધ હોય છે, છતાં પ્રભુને તેઓ કહે કે "આપ સ્વયંબુદ્ધ છો. આપને તો કોઈના હિતોપદેશની કે સલાહની જરૂર નથી, આપ તો વિરાગી છો. અમે કાંઈ આપને સલાહ આપવા આવ્યા નથી; પણ અમારો આચાર છે માટે વિનંતી કરવા આવ્યા છીએ. દીક્ષાનો અવસર આવેલ છે, તેથી આપ જલદી દીક્ષા લઈ જગતહિતકર એવા ધર્મતીર્થને પ્રગટાવો." તમે સ્નાત્રમાં પણ બોલો છો ને, કે "દીક્ષા કેવલને અભિલાષે." ટૂંકમાં ઉપાસકને કેવલજ્ઞાનકલ્યાણક અધિક ઉપકારી હોવાથી તેની ઝંખના રહેવાની,

છતાં નિર્વાણકલ્યાણકનો મહિમા તેનાથી અધિક છે. તેને સૂચવતો પ્રભુ મહાવીરના જીવનનો પ્રસંગ આવે છે કે પ્રભુ સમવસરણમાં બેઠા છે ત્યારે પેલા દેવતાએ કૃત્રિમ રીતે પ્રભુને છીંક લાવીને પ્રભુને કહ્યું કે 'ઝટ મરો તો સારું.' પછી શ્રેણિકને છીંક આવે છે તો કહે છે કે 'લાંબું જીવો તો સારું.' પછી અભયકુમારને છીંક આવે છે તો કહે છે કે 'જીવો તોપણ સારું અને મરો તોપણ સારું' અને કાલસૌરિક કસાઈને છીંક આવી તો કહે છે કે 'તું જીવ પણ નહીં અને મર પણ નહીં.' આ સાંભળતાં શ્રેણિકને ગુસ્સો આવે છે, છતાં ભગવાનના આત્મા માટે તો શ્રેષ્ઠ કલ્યાણક નિર્વાણ છે. માટે જ દેવતાએ પ્રભુને છીંક આવતાં કહ્યું કે ઝટ મરો તો સારું. આ રહસ્ય શ્રેણિકને ન સમજાતાં તેણે પ્રભુને પ્રશ્ન કર્યો કે 'પ્રભુ ! આ દેવવાણીનું રહસ્ય શું છે ?' એટલે પ્રભુએ કહ્યું કે મને ઝટ મરો એમ કહ્યું એ કાંઈ શ્રાપ નથી, પણ આશીર્વાદ છે. તે અવસરે ભગવાનને ૩૪ અતિશયો અને અષ્ટ પ્રતિહાર્ય સેવામાં હાજર હોવા છતાં, વળી પ્રભુ જ્યાં પગ મૂકે ત્યાં સુવર્ણ કમળ રચાય, પુષ્પવૃષ્ટિ થાય, દેવદુંદુભિના નાદ થાય, અરે ! પ્રભુ વિચરે ત્યાં પશુ-પંખીઓને પણ શાતા વર્તાય. વિચારો ! પ્રભુને તમારી દૃષ્ટિએ કોઈ દુઃખ છે ? ચક્રવર્તીને પણ ન હોય એવી શાતાનો અનુભવ છે. આટલું હોવા છતાં પ્રભુ કહે છે કે 'અત્યારે મારો આત્મા દુઃખી છે. તે અનંત-અવ્યાબાધ સુખમાં નથી. મોક્ષમાં જે સુખ છે તે અહીં નથી. મારો આત્મા મોક્ષે જશે તો હું સંપૂર્ણ સુખી થઈશ.' આમ, નિર્વાણ એ તીર્થંકર માટે પણ સાધનાનું- અંતિમ ચરણ છે. એનાથી વાસિત થયેલી ભૂમિ તો શ્રેષ્ઠ કોટિની પવિત્ર ગણાય. એવા એક નહીં પણ ૨૦-૨૦ તીર્થંકરોનાં અહીં નિર્વાણ થયાં છે. So It has no replica. (એની કોઈ પ્રતિકૃતિ નથી.) **આને સરકાર લઈ લે તો જૈનશાસનના પાયાના આલંબનનો ધ્વંસ થયો કહેવાય.** આવા પવિત્ર પહાડને સાચવવા માટે આપણા પૂર્વજોએ અબજો રૂપિયા ખર્ચ્યા છે, છતાં પણ એનો land (જમીન) તરીકે ઉપયોગ કર્યો નથી. As a land we have not used it at any time. (કોઈપણ સમયે આપણે આનો જમીન તરીકે ઉપયોગ કર્યો નથી.) આમાં ભૌતિક ઈરાદો કાંઈ છે જ નહીં, છતાં કોર્ટમાં જજે તેના judgementમાં (ચુકાદામાં) કહ્યું કે આ Religious institute (ધાર્મિક સંસ્થા જ) જ નથી. આના માટે જજે ધર્મશાસ્ત્રોને સામે રાખીને

વિચારીને બોલવા જેવું છે, કારણ કે **ધર્મનું સંચાલન ધર્મશાસ્ત્રોના આધારે થાય. જ્યારે અત્યારની સરકાર, કોર્ટ ધર્મશાસ્ત્રોને ક્યાંય પણ ધ્યાનમાં રાખ્યા વગર orders (આદેશ) કરે છે.** આનું કારણ એ જ છે કે તમે ધર્મના ક્ષેત્રમાં ક્ષમા નામનો મહાન ગુણ (અવગુણ) અપનાવ્યો છે, એનું આ ફળ છે.

**સભા :** કોર્ટની સામે આપણે શું કરવાનું ?

**સાહેબજી** : હાઈકોર્ટની છે, તેનાથી ઉપર સુપ્રિમ કોર્ટમાં જવાય, પણ અત્યારે આ દેશમાં Supreme Court supreme છે. (સુપ્રિમ કોર્ટ સર્વોપરી છે.)

**સભા :** દિગંબરો સામે આપણે શા માટે કોર્ટે ગયેલા ?

**સાહેબજી** : દિગંબરોએ પહાડ પર થોડું ગેરકાયદેસર બાંધકામ શરૂ કર્યું, એટલે આપણે કોર્ટને કહ્યું કે આ અટકાવવા માટે order-(હુકમ) કરો, પણ તેમાં સરકારને હડપ કરવાની જરૂર શું ? બીજું સરકાર તો આની પહેલાં જ હડપ કરવા તૈયાર હતી. સરકારે ૧૯૫૩માં Bihar Land Reform Act (બિહાર જમીન સુધારણા કાયદા) દ્વારા માથું ઊંચક્યું છે.

**સભા :** સરકાર આપણું જ હડપ શા માટે કરે ?

**સાહેબજી** : સ્વરાજ આવ્યા પછી સરકારે અન્યાયથી લોકોનું કેટલું હડપ કર્યું, તેનો record (રેકોર્ડ) આપું તો કહેવું પડે કે ઇતિહાસમાં કોઈ રાજાએ આટલો અમાનુષી અત્યાચાર કર્યો નહીં હોય, એટલું કર્યું છે. *Development (વિકાસ)ના નામથી બે કરોડ જેટલી પ્રજાને ઘર-બાર* વગરની કરી છે. વિકાસના નામથી કેટલાયની સંપત્તિ, ઘર, ભંડાર હડપ કર્યા છે. સ્વરાજ આવ્યું ત્યારે સરકારે દેવાં માફ કર્યાં, પણ પછી આ દેવું ચૂકવવાનું કોણે ? ત્યારે સારા દેણદાર નિષ્ઠાવાળા બોલ્યા હતા કે “ભલે સરકારે દેવું માફ કર્યું, પણ અમે આપના પૈસા દૂધે ધોઈને પાછા આપીશું. રાજાઓનાં રાજ મફતમાં લઈ લીધાં. સાલિયાણાં લેખિતમાં કરાર લખી આપ્યા પછી પણ તે નાબૂદ કર્યાં. સરકારે ઘણાનું ઘણું હડપ કર્યું છે. જૈન ધર્મનું ઉત્કૃષ્ટ ધર્મસ્થાનક હડપ કરવું તે પણ મહાસાહસ છે. તેમાં કાયદાકીય દૃષ્ટિએ આપણે લડી શકીએ એમ છીએ, પણ તે માટે પહેલાં વ્યવસ્થિત

આયોજન કરવાની જરૂર છે. જેનાથી તે ન બને તે પણ શાસન પ્રત્યે ઋણ અદા કરવાનો ભાવ હોય તો છેલ્લે કાંઈ નહીં તો આરાધના, અભિગ્રહથી પણ તેને ટેકો આપી શકે છે.

**સભા :** અંતરીક્ષજીમાં શું સ્થિતિ છે ?

**સાહેબજી :** દિગંબરો અંતરીક્ષજીમાં muscle powers (બળજોરી)થી વાત કરે છે. તમે બહુ ફોસી છો, એટલે આજે ત્યાં સ્થિતિ જુદી છે. એમાં પગલાં જુદી રીતે લેવાં પડે, કારણ કે ત્યાં મૂળથી જ ઝઘડો શ્વેતાંબર-દિગંબરનો છે. જ્યારે સમેતશિખરમાં તો સરકારની જ પહેલેથી દાનત ખરાબ છે. સરકારે તેમાં માથું માર્યું છે. રાજ્ય તરફથી આપણી સાથે બહુ અન્યાયી વર્તન થયું છે.

❋

* **રાજ્યના આપેલા બીજા અધિકારો કરતાં ધર્મે આપેલા ધાર્મિક અધિકારો ઘણું ઊંચું મહત્ત્વ ધરાવે છે. તેને મૂલ્યવાન ગણી સુરક્ષિત રાખવા જેવા, જાળવવા જેવા માનજો. તેમાં આડખીલી ઊભી થતી લાગે તો જાગૃત થઈ તેની સામે વિરોધ કરજો.**
* **શિખરજી સંબંધી આપણી સાથે જે બન્યું છે, તેવું જો અન્ય કોઈ ધર્મવાળા સાથે બન્યું હોત તો આખા દેશમાં ઊથલપાથલ મચી ગઈ હોત. સરકારે આપણી સાથે ભયંકર વિશ્વાસઘાત કર્યો છે.**
* **કહેવાતા સ્વતંત્ર ભારતમાં આજે ધર્મો ખરેખર સ્વતંત્ર છે ? ધાર્મિક સ્વાતંત્ર્યનાં ગાણાં ગાનાર સરકારે ધર્મપ્રેમી પ્રજાના તન-મન-ધનના દીર્ઘકાલીન બલિદાનોથી નિર્મિત કેટલાંય શ્રેષ્ઠ પવિત્ર ધર્મસ્થાનો અને તેનો વહીવટ એક કલમની અણીએ છીનવી લઈ, તેની પવિત્રતા ખંડીત કરી પ્રજાનો દ્રોહ કર્યો છે.**

# ૬

વિ. સં. ૨૦૬૧, વૈશાખ સુદ ૭, તા. ૧૫-૫-૨૦૦૫, રવિવાર.
વિશ્વનંદીકર શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, ભગવાનનગર ટેકરો, પાલડી, અમદાવાદ-૭.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ પરમેશ્વરપદને પ્રાપ્ત કરી ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પરમેશ્વર એટલે જેનું ઐશ્વર્ય જગતમાં સર્વશ્રેષ્ઠ છે તે. ઐશ્વર્ય એટલે પ્રભાવ, શક્તિ, ગુણો વગેરે. આ બધું જેનામાં unparallel (અદ્વિતીય) હોય, top (સર્વશ્રેષ્ઠ) હોય, તેને આપણે પરમેશ્વર કહીએ છીએ. ઈશ્વરની તુલનામાં ઈશ્વરને છોડી બીજું કોઈ આવે નહિ, તેવું પરમેશ્વરપદ તે તીર્થંકરપદ છે. વીતરાગ, અરિહંત વગેરે તેનાં જુદાં જુદાં નામો છે. અહીં કહેવાનો મતલબ એ છે કે સાધના સિદ્ધ કર્યા પછી ઐશ્વર્યની દૃષ્ટિએ ટોચના શિખર પર પહોંચેલા તીર્થંકર ભગવંતે જગતમાં આ ધર્મતીર્થની સ્થાપના કરી છે. આ તીર્થના સ્થાપનાર ઉત્કૃષ્ટ પ્રભાવ, શક્તિ અને ઐશ્વર્યાદિવાળા છે, તેથી તેમના ધર્મશાસનમાં પણ તે અભિવ્યક્ત થવાનું જ. આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં સૌ પ્રથમ ધર્મશાસન ભગવાન શ્રી ઋષભદેવે સ્થાપ્યું. અત્યારે પ્રભુ વીરનું ધર્મશાસન પ્રવર્તી રહ્યું છે, જેમાં પહેલાંના બધા તીર્થંકરોનાં શાસન સંક્રાંત થઈ ગયાં. જગતમાં તેની સાથે બીજાં પણ ધર્મશાસનો વિદ્યમાન છે, અને તે તે ધર્મના અનુયાયીઓ તેને અનુસરી રહ્યા છે. બીજા ધર્મોનાં શાસન પણ હરકાળમાં હોય છે; પરંતુ વર્તમાનકાળમાં આ બધાં ધર્મશાસનોને છિન્નભિન્ન કરે એવું, સ્વરાજ્ય પહેલાં અને સ્વરાજ્ય પછીની રાજ્યવ્યવસ્થામાં જે ગોઠવાયું છે તે ચિંતાનો વિષય છે. મોગલ સામ્રાજ્યના કાળમાં fanatismને (ધર્મઝનૂનને) કારણે ધર્મશાસનને ઘણું નુકસાન થયું છે, છતાં પણ મુસલમાન રાજાઓ સંપૂર્ણ ધર્મવિરોધી નહોતા, તેઓ ક્યારેક ખ્યાલફેર કે ક્યારેક ધર્મઝનૂન કે આક્રમકતાને કારણે બીજા ધર્મો પ્રત્યે ખોટાં પગલાં લેતા હતા.

ત્યારબાદ બ્રિટિશ હકૂમત આવી, જે લગભગ ૨૦૦ વર્ષ સુધી ચાલી. તે દરમિયાન ઘણા કાયદાકીય ફેરફારો થયા, જે ધર્મને વધુ નુકસાનકારક હતા, પરંતુ બ્રિટિશ policy (કાર્યપદ્ધતિ) સિફતપૂર્વકની હતી અને તેઓ કાયદાકીય ફેરફારો સાવચેતીપૂર્વક અને જરૂર પડે તો public opinion create (જનમત ઊભો) કરી, હોશિયારીથી, ચાલાકીથી કરતા, એટલે પ્રજામાં ઊહાપોહ થયા વગર ઘણા નુકસાનકારક ફેરફારો થઈ ગયા. ત્યારબાદ આઝાદ ભારતનું બંધારણ ઘડાયું. તેના ઘડવૈયાઓમાં Englandમાં (બ્રિટનમાં) ભણીગણીને તૈયાર થયેલા, બૅરિસ્ટર થયેલા ઘણા સામેલ હતા. આ બંધારણ નીચે આખા ભારતની પ્રજા હાલ ૫૦થી વધારે વર્ષથી જીવે છે.

ખરેખર તો ધર્મ કે ધર્મના સંન્યાસીઓ પ્રજાજનની વ્યાખ્યામાં આવતા જ નથી. તેમાંય આપણા ભગવાને સ્થાપેલ સંન્યાસ જ એવા પ્રકારનો છે કે જેઓ સંન્યાસ ગ્રહણ કરે તેઓનાં બધાં જ social relations disconnect થાય છે. (સામાજિક સંબંધોનો અંત આવે છે.) **તેઓએ તમામ સામાજિક જવાબદારીઓ, સામાજિક બંધનો અને સમાજવ્યવસ્થાઓથી મુક્ત થઈ કેવળ પોતાના અને જગતના જીવોના આત્મહિત માટે જ જીવન સમર્પિત કરવાનું છે. આવો સાધુ કોઈ દેશનો citizen (નાગરિક) રહેતો નથી;** કેમ કે તેણે દીક્ષા વખતે કુટુંબ-પરિવાર-ગામ-નગર-જ્ઞાતિજન છોડ્યાં, તેમ દેશ પણ છોડ્યો છે. તમે જેમ બોલો કે ભારત મારો દેશ છે, તેમ **સાધુ તરીકે અમે એવું ન કહી શકીએ કે આ મારો દેશ છે અને ફલાણો દેશ પરાયો છે. આવું કહીએ તો અમારામાં સાધુપણાનો સાચો ભાવ પ્રગટ્યો નથી તેમ કહેવાય.**

**સભા :** તો સાધુએ શું ચૌદે રાજમાં વિચરવાનું ?

**સાહેબજી :** આખા ચૌદ રાજલોકનું ક્ષેત્ર સાધુ માટે વિચરવા યોગ્ય નથી, મનુષ્યલોક જ વિચરવા યોગ્ય છે. અમને ભગવાને કહ્યું કે તમારું સંયમજીવન સચવાય તથા તમારું અને બીજાનું આત્મકલ્યાણ કરી શકો, તેવાં તમામ ક્ષેત્રોમાં તમને વિચરવાની છૂટ છે. શ્રાવકો માટે દિક્પરિમાણ વ્રત છે, અમારા માટે નથી. અમારે તો સ્વ-પરનું હિત અને સંયમજીવન જ જોવાનું છે.

**સભા :** રાષ્ટ્ર પ્રત્યે આપની વફાદારીનું શું ?

**સાહેબજી :** અમારે કોઈ રાષ્ટ્ર જ નથી, પછી વફાદારીનો પ્રશ્ન જ ક્યાં આવે છે ?

હજી તમે સાધુને ઓળખ્યા જ નથી. **સાચી દીક્ષા ક્યારે ? સામાજિક ક્ષેત્રે સર્વસ્વનો ત્યાગ કરીએ ત્યારે. It is one kind of civil death. (આ એક પ્રકારનું સામાજિક મૃત્યુ છે) દીક્ષા એ પુનર્જન્મ છે.** માટે જ સાધુ માટે "દ્વિજ" શબ્દ પણ વાપર્યો છે. દેહ બદલ્યા વિના અમારો ભવ બદલાઈ ગયો. અમે બધા જ સામાજિક સંબંધો અને જવાબદારીઓથી મુક્ત થઈ નવું જીવન સ્વીકાર્યું છે. આ નવા જીવનની આચારસંહિતા-અંતરના ભાવો બધું જ જુદું છે. આ જીવનમાં જ વાસ્તવિક "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના ચરિતાર્થ બને છે. એક particular (ચોક્કસ) રાષ્ટ્ર મારું છે, તેમ કહેવામાં પણ મમત્વ, સંકુચિતતા આવે છે. સાચી દીક્ષા લે તેને આવો narrow base (આવી સંકુચિત ભાવના) ન રહે. માટે સાધુને 'આ મારું રાષ્ટ્ર' અને 'આ પર રાષ્ટ્ર' એવું ન હોય.

**સભા :** સમાજનું અન્ન-પાણી વાપરો છો તો વફાદારીરૂપે કોઈ જવાબદારી આવે ને ?

**સાહેબજી :** જેનાં અન્ન-પાણી વાપરીએ તેની સેવા કરીએ, એમ તમારે કહેવું છે ને ? તમે એવું સમજો છો કે અન્ન-પાણી આપનાર ઉપકાર કરે છે ? હકીકતમાં શાસ્ત્ર એમ કહે છે કે અન્ન-પાણી લેનાર સાધુ ઉપકાર કરે છે. ભક્તિમાં ઊંધી બુદ્ધિ ન કરો. સાધુને અન્ન-પાણી વહોરાવી શું તમારા સેવક બનાવવા છે ? આપનાર જો ખરેખર મુનિજીવનને-ભગવાનના ધર્મને બરાબર સમજ્યો હોય તો માને કે મુનિએ અન્નાદિ સ્વીકારી મારા ઉપર ઉપકાર કરી મને લાભ આપ્યો. તમે સાધુને જે આપો છો તે તો બહુ તુચ્છ છે, nominal (સામાન્ય) છે, પણ સાધુ તમને જે રત્નત્રયીનો માર્ગ કે તેની આરાધનાનો જે હિસ્સો આપે છે તે અમૂલ્ય છે. તેની કિંમત જો તમને હોય તો આવો વિચાર ન આવે. હું આ દેશમાં આખી જિંદગી રહું તોપણ રાષ્ટ્રે લોકોને provide (ઉપલબ્ધ) કરેલી કોઈપણ social કે civil servicesની (સામાજિક કે નાગરિક સેવાઓની) મારે જરૂર ન પડે એવી

જીવનપદ્ધતિ પ્રભુએ અમને આપી છે. વળી રાજ્ય એ services (સેવાઓ) અમારા માટે કાંઈ provide (ઉપલબ્ધ) પણ કરતું નથી. ટેક્ષ ભરનાર માટે સરકાર facility provide (સગવડતાઓ ઉપલબ્ધ) કરે છે. We are not tax payers. (અમે કરદાતા નથી) ઉપરાંત અમે રાષ્ટ્ર, પ્રજા કે અન્ય નાના સરખા જીવને પણ હાનિ કરતા નથી. અમારું જીવન પણ કોઈને અડચણરૂપ થતું નથી. અમે બગીચાના ભ્રમરની જેમ માધુકરીવૃત્તિથી સમાજમાં જીવીએ છીએ. તેથી સાધુને રાષ્ટ્રની જવાબદારી પણ આવતી નથી. જો રાષ્ટ્રની જવાબદારી લે તો સાધુને તે દેશ સાથે બંધન આવે, અને સાધુ જો તે રીતે કોઈ એક દેશ સાથે બંધાઈ જાય તો ધર્મ વિશ્વવ્યાપી ન બને. Religion has no national boundary. (ધર્મ કોઈ દેશની સીમાઓમાં બંધાયેલો નથી.) ધર્મ કે ધર્મગુરુઓને કોઈ ક્ષેત્રની આવી સીમાઓમાં બાંધી ન શકાય. જૈન સાધુ પાસે top levelનું (સર્વશ્રેષ્ઠ કક્ષાનું) સંતપણું છે. વ્યક્તિનું મૂલ્યાંકન તેના જીવનના આચાર-વિચાર અને ગુણોથી થાય. જૈન સાધુના આચાર-વિચાર અને એક એક આધ્યાત્મિક ભાવોની વિશ્વમાં કોઈ સાથે તુલના થઈ શકે તેમ નથી.

ધર્મશાસ્ત્ર પ્રમાણે અમે કોઈ particular (ચોક્કસ) રાષ્ટ્ર કે દેશના નાગરિક નથી, જ્યારે તમે આ દેશના નાગરિક-પ્રજાજન છો અને તમારા માટે આ બંધારણ ઘડાયું છે. તેમાં રાજ્યવ્યવસ્થા અને તેના સંચાલન માટે જે ધારા-ધોરણ ઘડાયાં છે, તે ઘણાં વિશાળ અને જટિલ છે. માટે જ Lawના fieldમાં (કાયદાના ક્ષેત્રમાં) આજે પણ constitutional experts (બંધારણના નિષ્ણાતો) ઓછા મળે છે.

આ બંધારણમાં કલમ-૨૫ અને ૨૬ ધાર્મિક સ્વાતંત્ર્ય માટે મૂકવામાં આવી છે, અને તેના દ્વારા, બધાને પૂરેપૂરી ધાર્મિક સ્વતંત્રતા આપીએ છીએ, દરેક નાગરિક પોતપોતાનો ધર્મ આચરવા-પાળવા સ્વતંત્ર છે, તેવું ગાજી-વાજીને સમજાવવામાં આવે છે; પણ તે કલમોમાં શબ્દોની ચાલાકી અને કલમોની એવી ગૂંચ ઊભી કરવામાં આવી છે કે ધાર્મિક સ્વાતંત્ર્ય ખાલી નામનું જ રહ્યું છે. હકીકતમાં ધાર્મિક સ્વાતંત્ર્ય ટકી જ ન શકે તેવું માળખું તેમાં set કરવામાં (ગોઠવવામાં) આવ્યું છે. તમને કદાચ આક્ષેપ કરતો હોઉં તેવું લાગશે, પણ કાયદાકીય experts (નિષ્ણાતો) સાથે પણ આ વાત

પુરવાર કરી શકાય તેમ છે. માટે તમને બધાને થોડા સભાન કરવા છે.

તમે ધર્મને માનનારા, આરાધના કરનારા, સાધના કરનારાને પણ એમ જ છે કે આપણને સરકાર તરફથી સામાયિક-દર્શન-સેવા-પૂજા, દેરાસર-ઉપાશ્રયમાં ભક્તિ વગેરે અનુષ્ઠાનો કરીએ છીએ તેમાં કોઈ દખલગીરી કે રોકટોક નથી, અને તેથી તમને ધર્મમાં સ્વતંત્રતા જેવું લાગે છે.

**સભા :** રાજાશાહી કરતાં તો અત્યારની વ્યવસ્થા સારી છે ને ? રાજાશાહીમાં તો આક્રમણાદિ થતાં અને પ્રજામાં ફફડાટ રહેતો.

**સાહેબજી :** રાજાઓનાં આક્રમણ કાંઈ બારે મહિના નહોતાં રહેતાં. કોઈ રાજા આક્રમક બને કે કોઈ રાજાની ચઢાઈ આવે ત્યારે જ ભય ઊભો થતો, તે તો અત્યારે પણ War (યુદ્ધ) વખતે દશા જોઈ છે ? War (યુદ્ધ) વખતની પરિસ્થિતિ અમે જોઈ છે. 1965 ની India-Pakistanની War (૧૯૬૫ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ) વખતે યોગાનુયોગ હું જામનગરમાં હતો. જેવી war start (યુદ્ધની શરૂઆત) થઈ ને દોડમદોડ ચાલુ થયેલી. ચાર દિવસમાં તો અડધું જામનગર ખાલી થઈ ગયેલું, અને જે બાકી રહ્યા હતા, તેમાં કેટલાય રડતા ફફડતા હતા. કેટલી ચિંતા ! લોકો રાતે પણ ઊંઘે નહીં. આખી આખી રાતો હજારો માણસો ચોકમાં બેસી રહી ફફડાટ સાથે જાગતા રહેતા. રાજાઓના સમયમાં તો નગરોમાં કિલ્લા વગેરેની સુરક્ષા હતી, માત્ર યુદ્ધભૂમિમાં દિવસ દરમ્યાન યુદ્ધો થતાં. સામાન્ય પ્રજાને જનજીવન ખોરવાઈ જવાનો ભય યુદ્ધકાળમાં પણ ઓછો રહેતો. જ્યારે અત્યારે તો રાત્રીના સમયે જ આકાશમાંથી બોમ્બવર્ષા થાય. અમે રહેતા ત્યાંથી પાંચ-સાત કિ.મી. દૂર ઍરપોર્ટ પર બોમ્બવર્ષા થાય તેથી શહેરમાં પાકાં મકાનો પણ ધ્રૂજે, વાસણો હેઠાં પડે અને બારી-બારણાં અથડાઈને તૂટે. જાણે ધરતીકંપ થયો હોય તેમ આખું શહેર ધ્રૂજે. આવો ભયનો ઓથાર અમે સ્વયં જોયો છે. War-II વખતે હું Bombayમાં હતો. ત્યાં તો V.T. (વી.ટી.) જેવો area (વિસ્તાર) જે સામાન્ય રીતે કેવો ધમધમતો અને ગીચ વસ્તીવાળો હોય કે સાંજે નાની કાંકરી નાંખો તોપણ માણસના માથાને છોડીને રોડ પર ન પડે ! તે V.T. area (વી.ટી. વિસ્તાર) પણ war (યુદ્ધ) વખતે સાંજ પડે સૂમસામ થઈ જતો. એટલે war (યુદ્ધ) વખતે તો બધે આ જ

સ્થિતિ થવાની. China war (ચીન સાથે યુદ્ધ) વખતે તો સરહદે જવાના સમાચાર મળતાં જ લશ્કરના જવાનો રડવા લાગતા હતા. રાજાઓના કાળમાં આક્રમણ વખતે ભય રહેતો તે તો અત્યારે પણ રહે છે; પરંતુ શાંતિના કાળમાં રાજાઓના રાજ્યમાં અત્યાર કરતાં વધારે શાંતિ-સલામતી રહેતી. નહેરુએ Discovery of India (ભારત-એક ખોજ) નામના પુસ્તકમાં ત્યાં સુધી લખ્યું કે મૌર્ય સામ્રાજ્યમાં (તે અત્યારના ભારતદેશ કરતાં મોટું હતું.) ચાણક્યના સમયમાં foreign scholarsએ - પરદેશી વિદ્વાનોએ નોંધ્યું છે કે ભારતમાં અબજોપતિ પણ રાત્રે પોતાના ઘરનાં દ્વાર ખુલ્લાં રાખી સૂઈ જતા. પ્રજાનું Moral કેવું (નીતિમત્તા કેવી) હશે તે વિચારો ! અત્યારે ખોબલા જેવો ફ્લેટ દિવસે પણ ખુલ્લો રાખીને રહી શકતા નથી, જુવાન સ્ત્રી ભારે દાગીના પહેરી એકલી ફરી શકતી નથી. આ હિસાબે સ્વરાજ્ય આવ્યા પછી પણ દેશ ઘણો પછાત બન્યો છે. રાજાઓના સમયમાં લોકોએ જે શાંતિનો અનુભવ કર્યો છે, તે તમારે માટે સ્વપ્નવત્ છે. હા, જે રાજાઓએ અત્યાચારો કર્યા છે, તે 'જુલ્મી રાજા' કહેવાયા જ છે, પણ રાજનીતિ અનુસાર રાજ્ય કરનારાઓનાં ધારા-ધોરણ કેવાં હોય તેની વાત કરું છું.

મારી વાત એ છે કે તમે અત્યારે ધર્મમાં સ્વાતંત્ર્યની બાબતમાં થાપ ખાઓ છો. આજે પણ રાજ્યને તમારી ધર્મક્રિયાઓ કે ધર્મવિષયક વિચારધારાઓ સાથે સીધો કોઈ વાંધો જ નથી, પણ બંધારણની કલમ-૨૫ અને ૨૬માં આ દેશમાં કોઈ પણ વસ્તુ પર ધર્મની માલિકી ન રહે, તેની ખૂબ કાળજી રાખવામાં આવી છે. જેમ કે સ્વરાજ્ય આવ્યા પછી જૈન ધર્મની માલિકીની એક પણ વસ્તુ આ દેશમાં રહી નથી. This is my statement & it is a fact. (આ મારું વિધાન એ એક વાસ્તવિકતા છે.) પરંતુ ખરેખર તમારે સમજવાનું છે કે **ધર્મ એક શાસન છે, અને શાસન હોય તો શાસન ચલાવવા વિશાળ તંત્ર પણ જોઈએ, જે માટે અનેક પ્રકારની movable & immovable property (સ્થાવર અને જંગમ મિલકત) પણ જોઈએ; પરંતુ અત્યારનું બંધારણ કે અત્યારની સરકાર ધર્મની માલિકી કોઈપણ ધાર્મિક સંપત્તિ પર સ્વીકારવા તૈયાર જ નથી.** Ownership of Religion is 'Nil.' (ધર્મની માલિકીનું કંઈ જ રહ્યું નથી.) પ્રજા અને ધર્મો સાથેની આ મોટી છેતરપિંડી-વિશ્વાસઘાત છે. અનેક લોકકલ્યાણનાં કાર્ય કરનાર ધર્મ

પાસેથી એની જનરેશન ટુ જનરેશન (પેઢી-દરપેઢી) રહેલી સંપત્તિ ધર્મના નામમાંથી-ધર્મની માલિકીયતમાંથી બહાર કાઢી લેવામાં આવી છે. ખરેખર તેના પર ધર્મની માલિકી ટકી રહે તો જ ધર્મનો પ્રભાવ ટકી રહે.

**સભા :** આ કલમો હમણાં સુધારી છે ?

**સાહેબજી :** ના, આ કલમો સ્વરાજ્ય વખતની જે છે તે જ છે, તેમાં કોઈ સુધારો નથી થયો.

**સભા :** આ કલમો મૂળથી જ malintentionથી (બદઇરાદાથી) ઘડાઈ હશે ?

**સાહેબજી :** લખનારને ખબર ન હોય, પણ લખાવનારનો તો mal-intention (બદઇરાદો) હતો જ, જે સમજ્યા વગર adopt કર્યું (અપનાવ્યું) હોય. પણ ધર્મની માલિકી ક્યાંય ઊભી ન રહે, તેની કાળજી બંધારણ ઘડતાં પૂરેપૂરી લેવામાં આવી છે, તેવું ચોક્કસ જણાય છે. કલમોનું crystal clear (સ્ફટિક જેવું સ્પષ્ટ) અર્થઘટન બંધારણમાં કરેલ નથી, અને જે કોર્ટોએ કરેલ છે, તેનો અર્થ આ જ નીકળે છે.

**સભા :** બિનસાંપ્રદાયિકતાનો અર્થ એ જ છે !

**સાહેબજી :** બિનસાંપ્રદાયિક ધર્મ છે કે રાજ્ય ? રાજ્ય અમુક જ ધર્મ સ્વીકારી ચાલે તેવું આપણો ધર્મ પણ નથી કહેતો. રાજ્ય બધા ધર્મોને respect (સન્માન) આપે, તેમ અમે પણ માનીએ છીએ. ઊલટું રાજ્ય અમુક ધર્મને જ patronage (વિશિષ્ઠ દરજ્જો) આપે તો આપણાં ધર્મશાસ્ત્રોએ એનો વિરોધ કરતાં કહ્યું છે કે આવો રાજા અન્યાયી કહેવાય. **રાજ્યની તમામ ધર્મો પ્રત્યે સમાન, આદરણીય વ્યવહારરૂપ બિનસાંપ્રદાયિકતા તો અમને પણ મંજૂર જ છે. બિનસાંપ્રદાયિકનો ધર્મનિરપેક્ષ કે ધર્મવિરોધી રાજ્ય એવો અર્થ વાજબી નથી.**

ધર્મની માલિકી રાજ્ય દ્વારા કેવી રીતે નકારાઈ છે તે દૃષ્ટાંત આપી સમજાવું. જેમ કે તમારું કુટુંબ છે, તેમાં ૧૦ સભ્યો છે. અહીં મા-બાપ વગેરેના લાગણીભર્યા સંબંધો તે જ માત્ર કુટુંબ છે, તેમ કોઈ ગણે, અને તમે જે મકાનમાં રહો છો તે મકાનને કુટુંબથી જુદું ગણે. વળી કુટુંબના

સભ્યો કમાઈને જે પૈસા લાવે છે, તે કુટુંબની આર્થિક બાબત થઈ, તેમ કહી તેને પણ કુટુંબમાંથી બાકાત કરે, તે જ રીતે ઘરનું રાચ-રચીલું, વસ્ત્રાલંકાર, વાહન આદિ તમામને કૌટુંબિક ન ગણે. આ રીતે કુટુંબથી બહાર કાઢેલી બાબતો ઉપર અધિકાર બીજાનો ઠરાવે, તો તે ન્યાયી ગણાશે ?

**સભા :** તે તો કુટુંબની મિલકત છે, કુટુંબ નથી.

**સાહેબજી :** હા, ચોક્કસ કુટુંબની મિલકત છે, સ્વયં તે કુટુંબ નથી, પરંતુ તેની માલિકીયત તો કુટુંબની જ છે. તે મિલકતના તમામ અધિકારો કુટુંબ જ ભોગવી શકે, બહારનો નહીં. તેના બદલે કુટુંબના વડીલ તરીકે તમને સત્તા આપે કે તમારે કુટુંબમાં જે કરવું હોય તે કરો, પણ તમારાથી મિલકતની બાબતમાં કોઈ decision (નિર્ણય) નહિ લેવાય, તો તે યોગ્ય ગણાય ? તે જ રીતે કોઈ કંપની હોય, તો કંપનીની assets, staff પણ company જ છે, (અસ્ક્યામતો, કર્મચારીઓ પણ કંપની જ છે) અને તે પણ external part (બાહ્ય વિભાગ) નહીં પણ integral. (અંતર્ગત) બધી જ Institutionsમાં (સંસ્થાઓમાં) આવું જ છે. સોસાયટીની જગ્યા પણ સોસાયટી જ કહેવાય કે માત્ર સોસાયટીના સભ્યો જ સોસાયટી કહેવાય ? અરે ! સોસાયટીનો Common Plot (સોસાયટીની ખુલ્લી જગ્યા) પણ સોસાયટી જ કહેવાય છે. જ્યારે અહીં બંધારણની કલમ દ્વારા ધર્મની મિલકત અને ધર્મને સંપૂર્ણ જુદો કહે છે. ધર્મની માલ-મિલકત અને તેના વહીવટાદિને ધર્મના integral part (અંતર્ગત ભાગ) તરીકે સ્વીકારવા સરકાર તૈયાર નથી. આ તો ધર્મના કેવી રીતે ટુકડા કરાયા છે અને ધર્મને કેવી રીતે માલિકીયત વિનાનો કરાયો છે તે બતાવું છું. ભારતના તમામ ધર્મો સાથે આ એક મોટો દગો થયો છે. આર્ટિકલ-૨૫ અને ૨૬ના શબ્દો એવી ગોઠવણ કરીને વાપર્યા છે કે તે શબ્દો સમજવા ભણેલાને પણ કઠણ પડે. સ્વરાજ્ય આવ્યું ત્યારથી આ ૨૫મી અને ૨૬મી કલમોની અસર ચાલુ થઈ છે.

**સભા :** Practical effects (વ્યવહારમાં અસરો) દેખાતી નથી.

**સાહેબજી :** અસર ક્યારનીય વર્તાય છે, પણ તમે ઊંઘો છો, તો હું શું કરું ? તમે તો સળગતું સળગતું છેક તમારા ઘરે આવે ત્યારે જાગશો. કેસરિયાજી તીર્થ સરકારે કયા આધારે લઈ લીધું ? અત્યારે આ આખું મંદિર,

તેમાંનું દેવદ્રવ્ય, બધું સરકારની માલિકીનું છે, તમારી માલિકીનું નહીં. Ownership of entire temple is vested in Rajasthan Govt. (આ આખાય તીર્થની માલિકી રાજસ્થાન સરકારની થઈ ગઈ છે.)

**સભા** : તીર્થ લઈ લેવાનું કારણ ?

**સાહેબજી** : ત્યાં દિગંબરોએ તથા હિંદુઓએ પણ તે મંદિર પર પોતાનો દાવો કર્યો, એટલે પ્રશ્ન આવ્યો. ત્યારે પણ સુપ્રિમ કોર્ટે નોંધ્યું છે કે ભલે હિંદુઓ કહે આ તીર્થ અમારું, દિગંબરો કહે આ તીર્થ અમારું, પણ આ મંદિર છે તો શ્વેતાંબરોનું જ; પરંતુ We are not concerned with who has created this temple. (અમારા માટે આ મંદિર કોણે બંધાવ્યું એ મહત્ત્વનું નથી) અને ઠરાવ્યું એવું કે સ્વરાજ્ય આવ્યું ત્યારે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજકના હાથમાં આ મંદિર નહોતું, માટે તેને તેમની માલિકીનું ન કહી શકાય. આમેય સરકારને બંધારણ હેઠળ કોઈપણ ધર્મસ્થાનકનો કબજો લેવાનો right (અધિકાર) તો છે જ. વળી ધર્મની મિલકતોની પાંચ પૈસાનીય માલિકી ધર્મની છે જ નહિ, એ તો બંધારણની દૃષ્ટિએ સ્પષ્ટ વાત છે.

તમે વિચારો ! તમે ડોનેશન ધર્મને આપ્યું કે દેશને ? જૈન ધર્મના અનુયાયીઓએ આ donation particular religious purposeથી (આ દાન ચોક્કસ ધાર્મિક હેતુથી) આપ્યું છે. ધર્મબુદ્ધિથી ધર્મને Donation (દાન) અપાય છે. કોઈપણ જાતના ભૌતિક વળતરની અપેક્ષા વિના unconditional (બિનશરતી) દાન, આ જિનાલયો-ઉપાશ્રયો ઊભા કરવા માટે ધર્મશ્રદ્ધાળુઓએ આપ્યું છે. આ મિલકતો ધર્મના નામે ઊભી થઈ છે. તે દાન ભારત સરકારને નથી આપ્યું, પણ રાજ્ય કહે છે કે આ Public property (જાહેર મિલકત) છે; કેમ કે Public trust(જાહેર ટ્રસ્ટ)માં દાન લેવાયું છે.

**સભા** : દાન Religious Trustમાં (ધાર્મિક ટ્રસ્ટમાં) લેવાયું છે ને ?

**સાહેબજી** : હા, પણ Religious Trust (ધર્માદા ટ્રસ્ટ) સાથે Public (જાહેર) શબ્દ લગાડાય જ છે, અને જો ન લગાડો તો જાહેરમાં દાન ન લઈ શકો તેવા કાયદા કરેલ છે. સુપ્રિમ કોર્ટે પણ આવા પ્રશ્નો આવ્યા ત્યારે ચોખ્ખું કહ્યું છે કે This is public property, it does not belong to religion. Hence its administrative powers are vested in the

state, not only that but the state is duty bound to regulate and control it by laws. (આ જાહેર મિલકત છે, તે ધર્મની માલિકીની નથી. તેથી તેના વહીવટી અધિકારો રાજ્ય હસ્તક છે, એટલું જ નહીં, તેનું કાયદાઓથી નિયંત્રણ અને કાબૂ કરવા રાજ્ય ફરજથી બંધાયેલું છે.) આમ, ધર્મસ્થાનકોને ચલાવવાની અને control કરવાની (નિયંત્રિત) સરકારને અબાધિત સત્તા છે. તેટલું જ નહીં, સરકારની તે ફરજ છે, તેમ કહે છે; કેમ કે, તે તેને Public Property (જાહેર મિલકત) ગણે છે.

**સભા :** Problem (પ્રશ્ન-સમસ્યા) થાય તો સરકાર વહીવટ કરે ને ?

**સાહેબજી :** ના, એવો એકાંતે નિયમ નથી. Problem (પ્રશ્ન) વિના પણ સરકારને લાગે કે વધારે વિકાસ કરવો છે કે સક્ષમ વહીવટ પૂરો પાડવો છે, તો પણ લઈ શકે છે. Under the guise of public interest they can takeover or interfere at any time. (જાહેર હિતના ઓઠા હેઠળ સરકાર ગમે ત્યારે તેનો વહીવટ પોતાને હસ્તક લઈ શકે છે અથવા તેમાં દખલ કરી શકે છે.) આટલાં વર્ષોમાં કેટલાય દાખલા બન્યા, પણ તમને કાંઈ દેખાતું નથી. ઓચિંતી કોઈ જગ્યાએથી જિનપ્રતિમાઓ નીકળે અને સરકારને ખબર પડે તો પહેલો કબજો સરકાર લે છે ? કે તમને આપે છે ? તે તે ધર્મના અનુયાયીઓ સારી રીતે સાચવવા-સંભાળ લેવા તૈયાર હોય તોપણ custodian (સંરક્ષક) તરીકે પુરાતત્ત્વ ખાતાવાળા કબજો લઈ લે છે; કેમ કે તેના પર ધર્મની માલિકી છે તે માનવા જ રાજ્ય તૈયાર નથી. ૪૦૦-૫૦૦ વર્ષ પૂર્વે જે તે ધર્મના followersના (અનુયાયીઓના) યોગદાનથી જ તેનું નિર્માણ થયું હોય છતાં તે ધર્મની તેના પર માલિકી સ્વીકારવા રાજ્ય તૈયાર નથી. આજે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના કેટલાય ગ્રંથો Museumમાં (સંગ્રહાલયમાં) પડ્યા છે, તે આપણને આપવા તૈયાર નથી. ઊલટું ૪૦૦-૫૦૦ વર્ષ પહેલાંનું તમારા ઘરમાં કાંઈ પડ્યું હોય તો તે પણ તમે પુરાતત્ત્વ ખાતામાં નોંધાવો, એમ કહે છે.

**સભા :** Institution કે Trust (સંસ્થા કે ટ્રસ્ટ) હોય તે જ મિલકત ધરાવી શકે ને ? Property own કરવા (સંપત્તિ ધરાવવા) કોઈ legal entity (કાનૂની વિદ્યમાનતા-અસ્તિત્વ) તો જોઈએ ને ?

**સાહેબજી :** તો ધર્મશાસન એ શું institution (સંસ્થા) નથી ? ધર્મ એ non-existent (અસ્તિત્વ વગરનો) છે ? ધર્મ હજારો વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે.

**સભા :** કુટુંબ સમાજમાં registered થયેલ (નોંધાયેલ) છે, માટે entity (કાનૂની અસ્તિત્વ) કહેવાય, ધર્મ registered (નોંધણી) થયેલ નથી.

**સાહેબજી :** તમારી વાત એવી છે કે ગુજરાત રાજ્યના કોઈ શહેરની મ્યુનિસિપાલિટીમાં ગુજરાત રાજ્યે રજિસ્ટર્ડ થવું જોઈએ, તે સિવાય મ્યુનિસિપાલિટી ગુજરાત રાજ્યના અસ્તિત્વને સ્વીકારે નહીં, તો તે વાજબી છે ? ખરેખર municipality is within the range of state & state is within the range of nation. (મ્યુનિસિપાલિટી એ રાજ્યની હદમાં અને રાજ્યએ દેશની હદમાં આવે છે) આમ, State is above Municipality. (તેથી રાજ્ય એ મ્યુનિસિપાલિટીની ઉપરની સત્તા છે.) તેથી Stateનું જેમ Municipalityમાં registration ન હોય, (આથી રાજ્યની જેમ મ્યુનિસિપાલિટીમાં નોંધણી કરાવવાની ન હોય,) તેમ ધર્મ રાજ્ય કરતાં વ્યાપક છે, તો ધર્મ કોઈ એક દેશમાં register (નોંધણી) થાય તે બંધબેસતું નથી. ભારતમાં જૈન ધર્મને register કરું (નોંધણી કરાવું) તો ભારત બહારના જૈનોને ક્યાં મૂકું ?

**સભા :** Trust register (ટ્રસ્ટની નોંધણી) થાય જ છે ને !

**સાહેબજી :** ધર્મને ઊડાડવા જ ટ્રસ્ટોનું registration (નોંધણી કરાવવાનું) કાઢ્યું છે. ખુદ સરકાર જ કહે છે, Trust is not religion. (ટ્રસ્ટ એ ધર્મ નથી.) અરે ! તેને part of religion (ધર્મનું અંગ) પણ માનવા તૈયાર નથી, કારણ કે part (અંગ) માનો તો બે ટ્રસ્ટ વચ્ચે એક જ ધર્મની link (જોડતી કડી) માનવી પડે. પણ બધાં જ ટ્રસ્ટોને સરકાર independent (સ્વતંત્ર) માને છે, તે ધર્મના ટુકડા કરવાની વાત છે. બંધારણમાં property own કરવાની (મિલકત ધરાવવાની) વાત આવી તે કલમમાં "ધર્મ" શબ્દ પણ ન લખ્યો. સંપ્રદાય, મત કે પંથને entity (કાયદેસર અસ્તિત્વ) તરીકે સ્વીકારે છે, પણ ધર્મને entity (કાયદેસર અસ્તિત્વ) તરીકે નથી સ્વીકારતા. આ બધી કાયદાકીય રમત છે. અમે સાધુ

છીએ, અમારાથી ખોટું બોલાય નહીં. અમે કોઈની પર ખોટો આરોપ ન કરીએ. ઊલટું રાજ્ય પણ સારાં કાર્ય કરે તો અવસરે તેની પણ પ્રશંસા કરવાનું ભગવાને કહ્યું છે. અમારાથી ખોટી ટીકા થાય જ નહીં, પણ હકીકતમાં જે છે તેની આ વાત કરું છું.

**સભા :** સાહેબ ! આપની બધી વાત સાચી, પણ હવે જૈન ધર્મની મિલકતોને બચાવવા તેના અનુયાયીઓ તરીકે અમારે શું કરવું તે જ જણાવો ને ?

**સાહેબજી :** એમ ઉતાવળા ન થાઓ, પરિસ્થિતિ અને પ્રશ્ન કેટલો પેચીદો અને ગંભીર છે, તે પહેલાં સમજવાની કોશિષ કરો. તીર્થોમાં, ધર્મસ્થાનકોમાં બધે પ્રશ્નો ઊભા થવાનું કારણ આ loopholes (છટકબારીઓ) જ છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ધર્મના વિષયમાં સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટનાં જે જજમેન્ટો-ચુકાદાઓ આવ્યાં છે, તે વાંચતાં વાળ ઊંચા થઈ જાય તેવું છે. તેમાં ધર્મને તો સાવ વેતરી જ નાંખવામાં આવ્યો છે. ૯૦ થી ૯૫% કેસોમાં ધર્મ હાર્યો છે. લોકશાહીના નામથી તમને 'લોલીપોપ' આપ્યું છે. બાકી લોકશાહી-ટોળાશાહીનો અનુભવ તો તમે કર્યો જ છે. ધર્મની અને તેની માલિકીના રક્ષણની જવાબદારી આપણી સર્વેની છે. અમારી ધ્યાન દોરવાની ફરજ છે.

**સભા :** માલિકી કોની જોઈએ ?

**સાહેબજી :** માલિકી ધર્મની જ જોઈએ અને ધર્મના નામથી સંચાલન સંઘ કરે. Because all the properties are created in the name of religion, (કારણ બધી જ સંપત્તિ ધર્મના નામથી ઊભી કરાઈ છે,) દાતારે ધર્મને જ દાન આપ્યું છે. પરમાત્માને અર્પણ કરે છે. ધર્મના અનુયાયીઓ તે તે ઉદ્દેશથી ધર્મને આપે છે. દાન કોઈને નામે આપે અને માલિકી બીજાની થાય તો તે વિશ્વાસઘાત જ કહેવાય ને ?

**સભા :** આપણે અંદરોઅંદર ધર્મના નામે લડીએ છીએ, એટલે સરકાર લઈ લે છે ?

**સાહેબજી :** અંદર અંદર લડતા હોય એટલે શું થઈ ગયું ? તમારા ઘરમાં બે ભાઈઓ લડે તો પાડોશી કે સરકાર શું તમને બંનેને બહાર કાઢી

તમારું ઘર લઈ લે ? અને તે લે તો ન્યાય કહેવાય ? અંદરો અંદર લડે છે, તે બહાને પડાવી ન લેવાય. તમે બધા કાંઈ યુગલિક નથી કે સંક્લેશ જ ન થાય. યુગલિકોનું આયુષ્ય અસંખ્ય વર્ષનું લાંબું હોય, તેટલો દીર્ઘકાળ પતિ-પત્ની સાથે રહે, છતાં અસંખ્ય વર્ષમાં તેમને કદી એકવાર પણ સંક્લેશ-મનદુઃખ ન થાય, તે કાળમાં તેમના તેવા મંદ કષાય હોય છે. જ્યારે અત્યારે સંક્લેશ હોય પણ ખરા ! પણ એટલામાત્રથી પડાવી લેવાનો સરકારને અધિકાર મળતો નથી.

મારી વાત અત્યારે એ જ છે કે ધર્મોને આજ સુધી તે તે ધર્મના નામથી દાન મળ્યું છે, અને જેના નામથી દાન મળ્યું હોય તે જ તે દાનનો માલિક નહિ, તે ક્યાંનો ન્યાય ? આ ઘોર અન્યાય છે. પાલિતાણાનાં વિશાળ જિનમંદિરો, ગિરિરાજ આદિ તે બધું આપણું છે, તે આપણું અતિપવિત્ર મહામહિમાવંતું તીર્થ છે. હવે સરકારને થાય કે આ જોવાલાયક સ્થળ તરીકે વિકસે તેમ છે, માટે જાહેરાત આપવાનું ચાલુ કરે કે અહીંનાં નયનરમ્ય મંદિરો જોવા માટે પધારો વગેરે વગેરે કરે, તો તેવું ચાલે ? તમારા બંગલામાં તમે સુંદર રચનાઓ interior decoration-અંદરની સજાવટ સાથેનું ફર્નિચર બનાવ્યું હોય અને પાડોશીને થાય કે આ બંગલો બધાને દેખાડવા જેવો છે. એમ માની છાપામાં advertisement-જાહેરાત આપે અને પાછો લાગ આવે તો એમ પણ કહે કે તેની ૨૫ રૂ.ની ટિકિટ મારી પાસેથી લઈ જવી. તો તમે શું કરો ? તમારા બંગલાનો જો કોઈએ આવો ઉપયોગ કર્યો હોય તો તમે શાંતિથી બેસો પણ નહિ, જ્યારે ધર્મની માલિકી જોખમમાં મુકાય તેની તમને કોઈ ચિંતા જ થતી નથી.

**સભા :** સરકારનો Socialistic-સમાજવાદી અભિગમ છે ?

**સાહેબજી :** Socialistic-સમાજવાદી અભિગમમાં પણ આવું પડાવી લેવાનું ક્યાં આવે છે ? હવે તો કાર્લ માર્કસને દુનિયામાં પણ કોઈ ગણતું નથી. Communism-સામ્યવાદના અનુભવે થયેલ નુકસાન સૌએ જોઈ લીધેલાં છે. Marxismનાં (માર્ક્સવાદનાં) વળતાં પાણી છે. તેને વર્ગવિહીન સમાજ ઊભો કરવો હતો, જે યુગલિક કાળ સિવાય શક્ય જ નથી. કષાયાધીન જીવોમાં તે સંભવ નથી. Socialism-સમાજવાદના નામે સરકાર અત્યારે

સમાજમાં નબળા વર્ગને સાચવે તેની સાથે અમને વાંધો નથી, પણ જે તે ધર્મના જે અનુયાયીઓ છે, તેમણે દાન particular religion (ચોક્કસ ધર્મ) માટે શુદ્ધ બુદ્ધિપૂર્વક આપેલું છે જે અંતે તે સરકારનું થાય તેવી policy (નીતિ) સામે વાંધો છે.

**સભા :** સરકારે ધર્મની વ્યાખ્યા કરી છે ?

**સાહેબજી :** ના, કાયદામાં ધર્મની વ્યાખ્યા કરી જ નથી, અદ્ધર રાખ્યું છે. **આમેય જેમાં બહુ ગોટાળા કરવા હોય તે vague-અસ્પષ્ટ જ રાખવું પડે.**

**સભા :** તમે 'ધર્મ' શબ્દનું interpretation (અર્થઘટન) કેવી રીતે કરો છો ?

**સાહેબજી :** ધર્મનું interpretation (અર્થઘટન) થયેલું જ છે. મારે નવું interpretation (અર્થઘટન) કરવાનું નથી. Religion is well defined since ages by Dharmshastras. There is no need to define it again. (ધર્મશાસ્ત્રો દ્વારા યુગોથી ધર્મની સારી રીતે વ્યાખ્યા કરાયેલી છે. તેની ફરીથી વ્યાખ્યા કરવાની કોઈ જરૂર નથી.) **દુનિયાના તમામ ધર્મોને માન્ય વ્યાખ્યા નક્કી થયેલી જ છે. ધારયતિ ઈતિ ધર્મઃ - આત્માને ધારે તે ધર્મ. આત્માને પતનમાંથી ઉત્થાન તરફ લઈ જાય તેવી તમામ પ્રવૃત્તિઓ અને તેનાં means (સાધનો) તે ધર્મ.** આ ઓઘો, આ ઉપાશ્રય, તે પણ ધર્મ જ છે; કેમ કે, તે આત્મકલ્યાણનું સાધન છે. ધર્મના means (સાધન) તરીકે તે પણ ધર્મ છે. પણ તમારું બંધારણ કહે છે, "Dharma is your personal belief & it varies from person to person.' (ધર્મ એ તમારી વ્યક્તિગત માન્યતા છે અને એ વ્યક્તિભેદે અલગ-અલગ હોઈ શકે છે.) વધુમાં તે માન્યતાનુસારનાં ક્રિયાકાંડ, ધાર્મિક વિધિઓ, અનુષ્ઠાનો તે ધર્મ. બાકી તેના (ધાર્મિક માન્યતાના) પાલન માટેનાં પવિત્ર આલંબનો કે સાધનો તરીકે વપરાતી, ઉપયોગમાં લેવાતી, કોઈ પણ વસ્તુની બંધારણમાં ધર્મ તરીકે સ્વીકૃતિ નથી.

**સભા :** આજે ધર્મ-સંઘના વહીવટકર્તાઓ આ સમજે છે ?

**સાહેબજી :** અરે ! માત્ર વહીવટકર્તા નહીં પણ ઘણા વકીલો પણ નથી સમજતા, શું કરીએ ?

**સભા :** સમષ્ટિગત હોય તેને પણ ધર્મ માને ? કે વ્યક્તિગત હોય તેને જ માને ?

**સાહેબજી :** સમષ્ટિગતને પણ ધર્મ માનવો જ પડે. જેમ ભારત સરકાર શું છે ? તે સમષ્ટિગત વસ્તુ જ છે. બાકી સરકાર એ સમષ્ટિગત વસ્તુ ન હોય અને સરકાર નામની જો કોઈ વ્યક્તિ હોય તો લોકો તેને પકડીને મારી-ઝૂડી નાંખે, એટલી આ પ્રજા અત્યારની સરકારથી ખિજાયેલી, રોષે ભરાયેલી છે. આમ, સરકાર, સમષ્ટિગત હસ્તી છે, છતાં સ્વીકાર્ય જ છે. કુટુંબ એટલે બાપ-દીકરો-મા વગેરેને જ ને ? પછી કહો કે આ બાપ-દીકરો-મા તે કુટુંબ, પણ તે જે મકાનમાં રહે છે તે, તેમણે મહેનત-મજૂરી કરી ઊભું કરેલ માલ-મિલકતાદિ હોય તે બધું કુટુંબ બહાર, તો તે ચાલે ? તેમને પણ કુટુંબના અવિભાજ્ય અંગ તરીકે સ્વીકારવાં જ પડે.

Societyનો common plot (સોસાયટીની ખુલ્લી જમીન) પણ સોસાયટી તરીકે જ ઓળખાય છે. લોકવ્યવહારમાં બધે તે સ્વીકારાયું છે. એકલા ધર્મની બાબતમાં ભેદભાવ રખાયો છે. ધર્મ registered કે unregistered (નોંધાયેલો કે વણનોંધાયેલો) છે, તે બધી વાહિયાત વાતો છે. આખે આખો ધર્મ મૂળમાંથી જ એમ ને એમ ખલાસ થઈ જાય, તે માટે કાયદાની ગૂંચપૂર્વકનું સારામાં સારું માળખું ગોઠવેલ છે. આખા અમદાવાદમાં જેટલાં દેરાસર-ઉપાશ્રયો છે, તે જ નહીં, આખા ભારતભરનાં ઉપાશ્રયો-દેરાસર અને તેનાં ઝરઝવેરાત કાયદાની દૃષ્ટિએ જૈન ધર્મની માલિકીનાં નથી. તે જે તે ટ્રસ્ટની માલિકીનાં છે, અને ટ્રસ્ટ એટલે કોણ ? આજના ટ્રસ્ટીઓ પાછા અહમિંદ્ર જેવા. તેઓ સમજે કે બધા પાવર્સ અમારી પાસે જ છે, અને ધર્મ કે ધર્મગુરુ પણ તેમને કાંઈ ન કહી શકે. ધર્મશાસ્ત્રો કે ધર્મગુરુઓનો તે ટ્રસ્ટમાં કોઈ role (હિસ્સો) જ ન રહ્યો.

**સભા :** ટ્રસ્ટીની નિમણૂક તો અનુયાયીઓ જ કરે છે ને ?

**સાહેબજી :** કરે છે, પણ કાયદાની દૃષ્ટિએ અનુયાયીઓને સત્તા અપાઈ

નથી. કાયદાની દૃષ્ટિએ તો ટ્રસ્ટી નીમવાની, ટ્રસ્ટીને દૂર કરવાની આખરી સત્તા ચેરિટી કમિશ્નરના હાથમાં જ છે. Powers (સત્તાઓ) સરકાર પાસે છે. અત્યારે સરકાર એ સત્તાનો ઉપયોગ બધી જગ્યાએ ન પણ કરે, તે જુદી વાત. ઉપયોગ બધે નથી કરતી; કેમ કે પહોંચી વળાય તેમ નથી, વળી લાભ ન દેખાતો હોય એટલે પણ સત્તાનો ઉપયોગ ન કરે. બાકી અનુયાયીઓના હાથમાં સત્તા જ નથી, સત્તા સરકારના હાથમાં છે. ગુરુવાયુર દક્ષિણનું well-known (ખૂબ જાણીતું) મંદિર છે. તેનું Judgement (ચુકાદો) ગયા મહિને જ આવ્યું છે. વર્ષે લાખો ને લાખો યાત્રિકો ત્યાં દર્શને આવે છે, એવું વિખ્યાત અને પ્રભાવશાળી તે મંદિર છે. તેનો વહીવટ સરકારે લઈ લીધો. તેના વહીવટ માટે નવા ટ્રસ્ટીઓની નિમણૂક કરી. સરકારમાં communist ministers (સામ્યવાદી મંત્રીઓ) હતા. તેમણે ત્યાં એવા વહીવટકર્તાઓની નિમણૂક કરી કે જેઓ ધર્મમાં કે મૂર્તિપૂજામાં માનતા નહોતા. તેમના અનુયાયીઓએ તે સામે વાંધો લીધો તો સુપ્રિમ કોર્ટે ચુકાદામાં કહ્યું કે આમાં કશું જ ખોટું નથી. ધર્મ કે ધાર્મિક પ્રવૃત્તિ જે મંદિરમાં કરવાની હોય તેમાં તે ધર્મના અનુયાયીઓનો right (અધિકાર) છે, અને તે કરવામાં બીજા માથું મારી ન શકે, પણ મંદિરનો વહીવટ કરવો તે secular activity (બિનધાર્મિક પ્રવૃત્તિ) છે, તે religious activity (ધાર્મિક પ્રવૃત્તિ) નથી. માટે વહીવટમાં ધર્મને માનનારા જ કે ધર્મ કરનારા જ representative (પ્રતિનિધિ) હોય એવું જરૂરી નથી. આમ વહીવટકર્તા અને ધર્મ કરનારા વચ્ચે સીધો સંબંધ છે, એવું prove (સાબિત) નથી થતું; કેમ કે, કોર્ટ કહે છે, Management of temple is not a religious activity. (મંદિરનો વહીવટ એ ધાર્મિક પ્રવૃત્તિ નથી.) રાજ્ય કહે છે, ધર્મનો હક-control (નિયંત્રણ) ધાર્મિક બાબતમાં જ હોય. મંદિર બંધાવવું-મૂર્તિ પધરાવવી-પૂજા-ઉપાસના કરવી વગેરે ધાર્મિક પ્રવૃત્તિ છે, પણ તે મંદિર, મૂર્તિ, મંદિરને offer કરેલા (ચડાવેલા) દાગીના-સોના-ચાંદી, જર-ઝવેરાત તેનો વહીવટ વગેરે ધર્મ નથી. તે બધી financial કે economical activity (નાણાકીય કે આર્થિક પ્રવૃત્તિ) છે. માટે તે બધાનો control (નિયંત્રણ) સરકાર કરી શકે.

**સભા :** એટલે આ તો બાવા બનાવવાની વાત થઈ !

**સાહેબજી :** તમે બાવા બની જ ગયા છો, પણ જાગતા નથી.

**સભા :** આ તો બધા religionsને (ધર્મોને) લાગુ પડે ને ?

**સાહેબજી :** આપણે એકલા જ નહિ, બધા ધર્મો ફસાયા છે. આપણા કરતાં વૈદિક ધર્મનાં તો ઘણાં વધારે મંદિરો સરકારે કબજે કર્યાં છે; કેમ કે આપણા કરતાં ત્યાં વધારે નાણાં-મિલકત છે. આપણી પાસે અત્યારે એવું એક પણ જિનમંદિર નથી કે જ્યાં વર્ષે અબજ રૂપિયાની આવક હોય. ત્યાં વાર્ષિક ૭૦૦ કરોડની આવકવાળાં મંદિરો પણ છે. હા, તમે ઉદાર નથી એવું મારે નથી કહેવું, પણ આપણી સંખ્યા ઓછી છે. તેથી આપણી આવક અને સંપત્તિ અલ્પ જ રહેવાની. Golden Templeના (સુવર્ણમંદિરના) તોશાખાનામાં કેટલું જર-ઝવેરાત છે, તેની ખબર તેમના વહીવટકર્તા પાસે પણ નથી.

બંધારણની ૨૫મી અને ૨૬મી કલમો વાંચી કાયદાકીય દૃષ્ટિએ proper meaning (બરાબર અર્થ) સમજ્યા પછી મને કેટલાય દિવસ ઊંઘ નથી આવી, કે ધર્મને આવી રીતે સકંજામાં લેવામાં આવ્યો છે ! આમાં જરા પણ exaggeration (અતિશયોક્તિ) નથી કરતો. શબ્દોની ગૂંચમાં સામાન્ય માણસ તો કાંઈ સમજે જ નહિ. જેમ તમારા સમાજમાં કોઈ સામાન્ય બુદ્ધિવાળો માણસ હોય, તેની કરોડોની સંપત્તિ કોઈ પટાવી પટાવીને પોતાના નામે કરાવી લે, તેવું થયું છે.

**સભા :** બીજા કોઈ ધર્મવાળાને ખ્યાલ જ નથી આવ્યો ?

**સાહેબજી :** આવ્યો હોય તો મને ખબર નથી. પણ હું એમની સાથે પણ બેસવા-વિચારવા તૈયાર છું. કાયદાના expertને (નિષ્ણાતને) નાસ્તિક હોય તેવા સાથે પણ આ બાબતે ચર્ચા-વિચારણા કરવા ને convince કરવા (સમજાવવા) તૈયાર છું.

**સભા :** આમાં રાજ્ય સરકારનું કાંઈ ન ચાલે ?

**સાહેબજી :** Regulation of religions (ધર્મોનું નિયમન) એ રાજ્યનો જ વિષય છે, કેન્દ્ર સરકારનો વિષય નથી. ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં ધર્મના નિયંત્રણ માટે એક જ કાયદો નથી. દરેક રાજ્યમાં તે માટે જુદા જુદા કાયદાઓ છે. It varies from State to State. (તે રાજ્યે રાજ્યે

બદલાય છે.) તે માટે કોઈ Central Act (કેન્દ્ર સરકારનો કાયદો) નથી. રાજ્યો કાયદામાં થોડા ઘણા સુધારા-વધારા કરી શકે છે, પણ ધર્મ સંબંધી બધા જ કાયદા બંધારણની કલમ-૨૫ અને ૨૬ના backingથી (પીઠબળથી) જ થવાના, જે કલમો જ ઘણી risky (જોખમી) છે. અત્યારે તમારી કોઈ રાજ્યમાં પહોંચ હોય અને તમે કાયદો થોડો હળવો કરાવી લો કે controls (નિયંત્રણો) હળવાં કરાવી શકો, પણ વળી બીજી સરકાર આવે તો પાછા કાયદા change કરી (બદલી) શકે; કારણ કે legislative powers are vested in Assembly. (કાયદા ઘડવાની સત્તા વિધાનસભા પાસે છે.) જ્યાં સુધી બંધારણની કલમોનું સાચું અર્થઘટન ન કરાવી શકાય ત્યાં સુધી તો લટકતી તલવાર જ છે.

**સભા :** એ કલમો જ કઢાવી નાંખીએ તો ?

**સાહેબજી :** Article-25 & 26, એ fundamental Rightsના (કલમ ૨૫ અને ૨૬ મૂળભૂત અધિકારોના) વિભાગમાં આવે છે, જેને આખી સંસદ એક થાય તો પણ મૂળથી ફેરફાર કરી શકે કે દૂર કરી શકે તેમ નથી. તેમાં થોડા ઘણા ફેરફાર થઈ શકે, પણ તે માટે તેવી 2/3rd majority (બે-તૃતીયાંશ બહુમતી) વાળી સરકાર જોઈએ. અત્યારે જ્યાં Coalition Governmentથી (મિશ્ર-જોડાણોવાળી સરકારથી) માંડ-માંડ રાજ ચાલતું હોય ત્યાં Constitutionમાં (બંધારણમાં) તમને ફાવતા આવા ફેરફારો કરાવવાની વાત તે દિવાસ્વપ્નમાં રાચવા જેવી છે; પણ practical (વ્યવહારુપણે) વિચારીને at the most correct interpretation (બહુ બહુ તો સાચું અર્થઘટન) કરાવી શકાય, તોપણ ઘણું છે, તેમ માનવું પડે.

શિખરજીનો પ્રશ્ન અત્યારે આપણને burning issue (સળગતો પ્રશ્ન) લાગે છે, પણ તે પહેલાં પણ જે કાંઈ બન્યું છે તેના પાયામાં આ ધર્મની અસ્ક્યામતોને ધર્મ તરીકે સ્વીકારતા નથી, તે જ કારણ મુખ્ય છે. સરકાર ધર્મની માલિકીની વાત જ સ્વીકારવા તૈયાર નથી.

**સભા :** ધર્મના નામે બધા હિંસાઓ-તોફાનો, ઝઘડા થતા હોય છે ! માટે સરકાર આમ કરે છે.

**સાહેબજી :** તમે તમારું statement-વિધાન ફેરવતા નહિ. દા.ત. આ

અમદાવાદમાં જેટલી માનવહિંસા થઈ છે, તે શું બધી ધર્મના નામથી જ થઈ છે ? તમારું statement thoroughly (વિધાન સંપૂર્ણપણે) ખોટું છે. ધર્મના નામથી બધી હિંસા થાય છે, એવો ભયંકર આક્ષેપ તો નાસ્તિકો દ્વેષબુદ્ધિથી કરે છે. તે વિધાનમાં કોઈ તથ્ય નથી. દુનિયામાં સત્તા-સંપત્તિ-સ્વાર્થ માટે જેટલી મારામારી-હિંસા, જેટલાં યુદ્ધ, જેટલાં તોફાનો થયાં છે, તેના કરતાં ધર્મના નામે દસ ટકા પણ નથી થતાં. તમારું આ બિલકુલ ખોટું allegation-ખોટો આરોપ છે. ઊલટું ભારતની પ્રજા માટે foreignના (પરદેશના) સારા વિચારકોએ લખ્યું છે કે આ પ્રજાને છેલ્લાં હજારેક વર્ષોમાં જેટલાં સંકટો આવ્યાં છે, એવા ભયંકર સંયોગોમાંથી પસાર થવાનું આવ્યું છે, અનેક આક્રમણો, શોષણ અને કાળઝાળ ગરીબી સહન કરવી પડી છે, તોપણ તે ટકી રહી છે, અને સહિષ્ણુતા-સંયમ સાથે જે સંયોગોમાં જે કરવા જેવું હોય તે કરી ફરી ઊભી થઈ છે. તેમાં કારણ આ દેશની પ્રજાની inbuilt inner strength (પ્રજાના જીવનમાં વણાયેલી આંતરિક શક્તિ) ધર્મ જ છે. બાકી આટલી હાડમારી ને ગરીબી જો બીજે હોય તો હુલ્લડો ને ભારે આંતરવિગ્રહો જ થાય, તેવું આંતરરાષ્ટ્રીય સમાજશાસ્ત્રીઓનું કહેવું છે.

ધર્મના અનુયાયીઓ કે સંપ્રદાયો વચ્ચે વિખવાદ-ઝઘડો થાય, પણ તે ઝઘડો જ્યાં સુધી Public Orderને disturb ન કરે, (જાહેર વ્યવસ્થાને ખલેલ ન પહોંચાડે) ત્યાં સુધી રાજ્યએ તેમાં interfere થવાની (દખલ કરવાની) જરૂર જ નથી. ઘણા disputes-મતભેદો તો healthy-તંદુરસ્ત હોય છે. ધર્મોમાં પણ healthy-તંદુરસ્ત સ્પર્ધા હોય તે તો necessity of free competition (મુક્ત સ્પર્ધાની જરૂરિયાત) છે. આમ તો તમે જ કહો છો ને કે strong opposition is a symptom of healthy Democracy. (મજબૂત વિરોધ પક્ષ એ તંદુરસ્ત લોકશાહીની નિશાની છે.) તેમ ધર્મમાં પણ 'મુક્ત સ્પર્ધા' છે. તેથી જ્યાં સુધી તે public orderને disturb (જાહેર વ્યવસ્થાને ખલેલ) ન કરે ત્યાં સુધી તેની ટીકા-ટીપ્પણ કરવી તે ધર્મમાર્ગનો દ્રોહ કરવા બરાબર છે. Public order disturb થાય (જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચે) તો જ સરકાર માથું મારી શકે, પરંતુ તે વખતે પણ રાજ્યની ફરજ તો એ આવે કે બંને પક્ષોને યોગ્ય રક્ષણ આપી, અપરાધ નક્કી કરી સાચો ન્યાય તોળવો, નહીં કે તેના બદલે બંનેને દંડવા; અને સૌનું સીધું

હડપ કરી લેવું તે તો કોઈ રીતે વાજબી ન બને. કોઈ રાજનીતિમાં તેવું લખાયું પણ નથી. આટલા મોટા public fieldમાં difference of opinions (જાહેર ક્ષેત્રમાં મતભેદો) તો હોય જ; અરે ! ઘણી વાર તો મતભેદમાં બંનેની વાત જીવતી રહે તે પણ પ્રજા માટે લાભકારી હોઈ શકે. શાસ્ત્રીય ઇતિહાસ ગવાહી પૂરે છે કે ભૂતકાળમાં સારા રાજાઓએ ધર્મના મતભેદોમાં મધ્યસ્થતાનાં કામો કર્યા છે, પડાવી લીધું નથી.

**સુરાચાર્યનું દૃષ્ટાંત :**

રાજા ભોજમાં ક્ષાત્રવટ હોવા સાથે એ ઘણો વિદ્વાન રાજા હતો. તેણે સંસ્કૃત વ્યાકરણ પણ રચ્યું છે. ઇતિહાસકારો પણ કહે છે કે ભોજરાજા ધર્મશાસ્ત્રમાં પણ ઘણો પારંગત રાજા હતો, સાથે બીજી પણ અનેક ભારતીય શાખાઓનો જ્ઞાતા હતો. તેને ત્યાં અનેક ભારતીય શાખાઓના જ્ઞાન-વિજ્ઞાનના નિષ્ણાત, રત્નો જેવા વિદ્વાનો માન-સન્માન-પુરસ્કાર મેળવતા, રાજસભામાં ચર્ચાઓ-વિવાદો પણ કરતા. તે વિવાદો એટલા તાત્ત્વિક અને ઊંડા રહેતા કે એક એક મુદ્દા પર છ-છ મહિના વાદ ચાલે. એક વાર ધર્મનો પરસ્પરનો આવો દીર્ઘકાલીન શાસ્ત્રાર્થ-વાદવિવાદ સાંભળી રાજા કંટાળ્યો. વિદ્વાનો બોલતાં થાકે નહિ પણ સાંભળનાર થાકી જાય. રાજાએ કહ્યું કે "તમે લોકોને મૂંઝવી નાંખો છો, ગુમરાહ કરો છો. તમે બધા ભેગા થઈ એક ધર્મ નક્કી કરો, જે આપણે public માં deliver (લોકોમાં ઘોષિત) કરીએ. તે નક્કી કરવા બધા ધર્મગુરુઓને રાજાએ એક મહાલયમાં પૂરી દીધા. બધા ધર્મગુરુઓ સમજી ગયા કે રાજા અત્યારે આવેશમાં છે અને આપણું માને તેમ નથી. જૈન ધર્માચાર્ય સુરાચાર્યની વિદ્વત્તાથી રાજા પ્રભાવિત હતો; પરંતુ સુરાચાર્ય તો તે વખતે ધારાનગરીની બહાર હતા. વિદ્વાનોએ સુરાચાર્યને સંદેશો મોકલ્યો. સુરાચાર્ય શીઘ્ર વિહાર કરી ધારાનગરી પધાર્યા અને આરામ કર્યા વિના સીધા રાજસભામાં ગયા. જણાયું કે આમાં તો અન્ય ધર્મના ગુરુઓ પુરાયા છે, જૈન ધર્મના એક પણ સાધુ એમાં નહોતા. છતાં તેમને એમ ન થયું કે આમાં આપણા કોઈ સાધુ નથી તો મારે શું કામ વચ્ચે પડવાનું ? સુરાચાર્ય રાજસભામાં પ્રવેશતાં જ રાજા ભોજ સિંહાસન પરથી આદરપૂર્વક ઊભો થઈ ગયો છે અને સુરાચાર્યને ઉચિત આસને બિરાજિત કર્યા છે. રાજા માને છે કે આ સાક્ષાત્ સરસ્વતીપુત્ર છે. વિદ્વાન તરીકેની ભૂતકાળના અનુભવે તેમની આ છાપ છે. આચાર્ય ભગવંત

કહે છે કે 'આ શું માંડ્યું છે ? તારી બુદ્ધિ ભ્રમિત થઈ ગઈ છે ? આ બધા ધર્મગુરુઓને પૂર્યા છે તે ઘોર અન્યાય છે; ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને રાજનીતિથી વિરુદ્ધ છે. તું કહે છે બધા એક થાય તો જ છોડું, પણ તે ધર્મનીતિથી અને રાજનીતિની વિરુદ્ધ છે.' પછી પૂછ્યું, તારી નગરીમાં ચૌટા (ચાર રસ્તા) કેટલા ? રાજા કહે ૮૪. આચાર્ય ભગવંતે પૂછ્યું, દરેક ચૌટામાં બજારો ખરી ? રાજા કહે, હા. આચાર્ય ભગવંત કહે, દરેક બજારમાં દુકાનો કેટલી ? રાજા કહે હજારો. આચાર્ય ભગવંત કહે તેમાં બધે માલ જુદો જુદો છે, ભાવ જુદા જુદા છે અને વેપારી પણ જુદા જુદા જ છે. આમાં લોકો કેટલા બધા અટવાય છે ? માટે તું એમ કર, એ બધી બજારો બંધ કરાવી એક જ ચૌટો, એક જ બજાર, એક જ દુકાન અને એક સરખો જ માલ ને એક જ ભાવ કરી દે.

**રાજા :** "આ બધું કેવી રીતે થાય ? કારણ કે દરેક માલની જાત, ગુણવત્તા, ભાત જુદી જુદી છે અને વેપારીઓની efficiency-કાર્યક્ષમતા એક સરખી નથી. વળી બધાં ઘરાકને પણ એક સરખો માલ જોઈતો નથી. તેમને પોતપોતાની રુચિ અનુસાર વિવિધ પ્રકારનો માલ જોઈએ છે."

**આચાર્ય ભગવંત :** "તો ધર્મોમાં પણ બધું એક સરખું જ ન હોઈ શકે. લોકમાં બધા એક જ પ્રકારના આચાર-વિચાર અને સિદ્ધાંતોને સમજી-સ્વીકારી શકે તેવી કક્ષા કે રુચિવાળા હોય નહિ. માટે difference of opinion (મતભેદો) તો હોય, પણ healthy dispute (તંદુરસ્ત વિવાદ) હોય ત્યાં સુધી ધર્મોની નિંદા ન કરાય, અને જે કરે તેને મહાપાપ લાગે. રાજા સમજી ગયો તરત જ બધા ધર્મગુરુઓને માનભેર છૂટા કરી વિદાય આપી.

હા, ધર્મ મર્યાદા ચૂકે તો offence (ગુનો) કહેવાય, એટલે જ અમે fanatismની (ધર્મઝનૂનની) વાત નથી કરતા. જૈન ધર્મમાં fanatism (ધર્મઝનૂન) જરાય નથી. ધર્મમાં પણ fanatismને (ધર્મઝનૂનને) સમર્થન આપવું તે ઘોર પાપ છે. Fanatism (ધર્મઝનૂનની) ન આવે ત્યાં સુધી કોઈ ધર્મની બાબતમાં સરકારે માથું મારવાની જરૂર જ નથી.

કદાચ દિગંબર-શ્વેતાંબરના ઝઘડા કોર્ટમાં ચાલતા હોય, બંને પક્ષ પોતપોતાની દલીલો કરે, તેમાં ન્યાયથી જે પુરવાર થાય તે પ્રમાણે મધ્યસ્થ

રહીને રાજ્યએ કરવાનું હોય, પણ કાંઈ હડપ ન કરી શકાય. શિખરજીમાં તો દિગંબર-શ્વેતાંબર બંને હવા ખાતા રહી ગયા અને રાજ્યએ કાયદો કરી તીર્થ હડપ કરી લીધું. જ્યારે રાજ્યે કાયદો કર્યો ત્યારે દિગંબરોએ કોર્ટમાં એવો claim (દાવો) નથી કર્યો કે આ તીર્થનું possession, management and administration (તીર્થનો કબજો, સંચાલન અને વહીવટ) અમારા હાથમાં છે. અત્યાર સુધીમાં ૨૦૦ વર્ષના ઇતિહાસમાં પણ કદી કોઈ કોર્ટે એવું પ્રતિપાદિત કર્યું નથી કે દિગંબરોની આ તીર્થ પર માલિકી-કબજો-વહીવટ હતો. કોઈ કોર્ટ કહેતી નથી કે આ દિગંબરોનું તીર્થ છે. હા, તેમનો પૂજા-ઉપાસનાનો અધિકાર કોર્ટોએ મંજૂર કર્યો છે. તેથી દીવા જેવું સ્પષ્ટ છે, કે માલિકી શ્વેતાંબરોની છે. છતાં ન્યાયથી તેમનું પુરવાર થાય તો આપણે આપી દેવા તૈયાર રહેવું જોઈએ. કારણ કે આપણને ભગવાન મહાવીરે કોઈનું પડાવી લેવાનું શીખવ્યું નથી. અહીં offence (આક્રમણ) કરવાની વાત જ નથી, આપણું છે તેનું રક્ષણ કરવાનું છે. તીર્થરક્ષાર્થે defence (રક્ષણ) કરવાની તો ભગવાનની આજ્ઞા છે જ.

**સભા :** દિગંબરો કોર્ટમાં કેમ ગયા ?

**સાહેબજી :** પહાડ પર દિગંબરોએ કરેલા અનધિકૃત બાંધકામના રોકાણ માટે આપણે કોર્ટમાં કરેલ injunctionની (અદાલતી મનાઈહુકમની) માંગણી સામે દિગંબરોએ દાવો માંડેલ. તેમાં સરકાર સાથે તમે (શ્વેતાંબરોએ) ૧૯૬૫માં જે agreement (કરાર) કર્યો તે ખોટો છે, તેવું જાહેર કરાવવાની તેમણે દાદ માંગી છે. તેઓ એ એગ્રીમેન્ટ દ્વારા શ્વેતાંબરોને મળતા અધિકારો રદ કરાવવા ગયા હતા. સાથે તીર્થ પર પોતાની માલિકીયતનો દાવો પણ અપીલમાં કરેલ છે. પરંતુ આ વાત ૧૯૬૭ની છે, જ્યારે સરકારે કાયદો ૧૯૫૩માં કરેલ છે. છતાં દિગંબરોની અપીલ પણ કોર્ટે with cost (પ્રતિવાદીને સદર દાવા સંબંધી થયેલ કેટલાક ખર્ચાઓ ચૂકવી આપવાના આદેશ સાથે) કાઢી નાંખી છે.

**સભા :** Bihar Land Reforms Actને (બિહાર જમીન સુધારણા કાયદાને) જ રદ કરાવવા પ્રયત્ન કરવો જોઈએ ને ?

**સાહેબજી :** Bihar Land Reforms Actને Constitutionનું backing છે. (બિહાર જમીન સુધારણા કાયદાને બંધારણનું પીઠબળ છે.) બંધારણના Schedule-9ના Listમાં (શેડ્યુલ-૯ના લીસ્ટમાં) તેનો સમાવેશ થયેલો છે. એટલે તે Actને challenge (કાયદાને પડકાર) પણ કરી શકાય તેમ નથી.

**સભા :** તેમ હોય તો જે તે કલમને કે તે કલમ હેઠળ બહાર પડાયેલ Notificationને (જાહેરાતને) રદ કરાવવા પ્રયત્ન કરીએ તો ?

**સાહેબજી :** જે કાયદો બંધારણની દૃષ્ટિએ રદ થાય તેમ ન હોય, તો તેની કલમો કે તે હેઠળ બહાર પડાયેલ Notification (જાહેરાત) પણ valid (કાયદેસર) જ ઠરશે. માત્ર BLR Actના Section-4-Fમાં (બી.એલ.આર.ની કલમ-૪ એફમાં) જે જોગવાઈઓ છે તેના આધારે ધાર્મિક અસ્ક્યામતોને આ કાયદો લાગુ ન પડે તેવું exemption (છૂટ) છે. તેમાં શિખરજી તીર્થ લઈ જઈ શકાય તે માટે પ્રયત્ન કરવાનો છે.

તીર્થની આપણી માલિકીયત બચાવવા અત્યારે તો આપણી મુખ્ય લડત સરકાર સામે છે, પણ તેમાં દિગંબરો પાછલી બારીએ સરકાર સાથે રહે છે. તેમણે વિચારવું જોઈએ કે શ્વેતાંબરો પણ તેમની જેમ ભગવાન મહાવીરના જ અનુયાયીઓ છે, તેથી જૈન ધર્મનાં મૂળભૂત હિતો નાશ પામે તેવી કોઈ પ્રવૃત્તિ તેમણે પણ શ્વેતાંબરો વિરુદ્ધ ન કરવી જોઈએ. ભૂતકાળમાં દિગંબરો પણ કહેતા હતા કે આ તીર્થનો કણેકણ પવિત્ર છે. તેમણે જ આજે એમના પોતાના શાસ્ત્રવિરુદ્ધ કોર્ટમાં સ્ટેટમેન્ટ આપ્યું કે શિખરજીનો આખો ડુંગર પવિત્ર નથી. આ તેઓ કેટલી હદે de-moralised થયા છે (તેઓનું નૈતિક સ્તર કેટલું નીચે ઊતર્યું છે) તે બતાવે છે. આ આપણે માટે આઘાત અને અફસોસની વાત છે. પણ તેમની leadership (નેતાગિરી) આજે સમજે તેમ લાગતું નથી. તેઓ સમજે, તેમને સદ્બુદ્ધિ મળે તો આપણે રાજી છીએ, પરંતુ આપણે કાંઈ અણહકનું માંગતા જ નથી. આપણા હકનું સાચવવા તો મહેનત કરવી જ પડે. આપણે તો ન્યાય જ જોઈએ છે, Favour (તરફદારી) નથી જોઈતી. તે માટે પ્રયત્ન કરવાનો છે. મેં તો Legal fight (કાનૂની લડત) આપવાનું નક્કી કર્યું જ છે. હવે હાઈકોર્ટમાં review (ચુકાદાની સમીક્ષા કરાવવાની અરજી) કરવાનો સમય પૂરો થઈ ગયો છે.

સુપ્રિમ કોર્ટમાં સીધી Writ (રીટ અરજી) કરીએ તો ઘણાં જોખમો છે. સુપ્રિમમાં આણંદજી કલ્યાણજીની પેઢીએ કરેલી SLP admit (એસ. એલ. પી. દાખલ) થાય એટલે તેમાં intervening party (વચ્ચે પક્ષકાર) તરીકે આપણે દાખલ થઈ, મજબૂત રજૂઆતો કરી કાંઈક કરી શકાય, તે માટે પ્રયત્ન કરવાનો છે.

પણ મારે તો એ કહેવું છે કે કોઈ પણ તીર્થની વાત આવે ત્યારે સરકાર માલિકીયત તરીકે ગમે તે તીર્થ હસ્તગત કરી શકે છે, તેની સામે જ જૈન તરીકે આપણે લડત આપવાની જરૂર છે, પરંતુ તે જાગૃતિ માંગે છે. જેઓ જવાબદારીના સ્થાને બેઠા છે, તે ટ્રસ્ટીઓ, વહીવટદારોએ, ભયસ્થાનો સમજવાની ખાસ જરૂર છે. મને મોટા મોટા ટ્રસ્ટીઓએ સલાહ આપી છે કે "તમે કાલ્પનિક ડરમાં છો." હવે આવા મોટા માણસો પણ પ્રશ્નની ગંભીરતા જાણતા ન હોય તો થાય શું ? આજે વળી કાયદો એવો છે કે ટ્રસ્ટી તરીકે તમે કોઈ બાબતમાં ભૂલચૂક કરતા હો, તોપણ ધર્મના નાતે તેના કોઈ મોવડી કે ધર્મગુરુને કાયદાકીય દૃષ્ટિએ ટ્રસ્ટીઓને કાંઈ કહેવાનો કે પગલાં લેવાનો right-અધિકાર નથી. આ પણ બતાવે છે કે ધર્મ પાસે ધર્મની ownership (માલિકી) નથી. તમને કોઈ કહે કુટુંબની માલિકી તમારી, પણ તમે તમારા પરિવારના માણસોને સાચું પણ કાંઈ કહી ન શકો, તો તમે એવી માલિકી સ્વીકારો ખરા ? ટ્રસ્ટીઓને કાંઈપણ પૂછવાનો અધિકાર ખાલી ચેરિટી કમિશ્નરને છે. હવે તમે જ કહો, આમાં ધર્મની માલિકી ક્યાં રહી ? Powers are vested in Charity Commissioner. (સત્તા ચેરીટી કમિશ્નર પાસે છે.) ટ્રસ્ટના બંધારણમાં કદાચ તમે આવી કોઈ વિશેષ જોગવાઈઓ કરી હશે, તો તે ultra vires Law (અધિકારક્ષેત્રની બહાર) ગણી રદ ગણાશે. કાયદાકીય powers (સત્તા) ધર્મ પાસે છે જ નહીં. તમે ઊંઘમાં તો છો જ, પણ કોઈ ઢંઢોળે તોપણ જાગવા તૈયાર નથી. Practical વિચારો. (વાસ્તવિકતાનો વિચાર કરો.)

**સભા :** રાજકારણીઓ ધર્મગુરુઓનો ઉપયોગ કરે છે, તો આવા વખતે ધર્મગુરુ કાંઈ કહે નહિ ?

**સાહેબજી :** રાજકારણીઓ ધર્મગુરુઓનો ઉપયોગ કરે તો તે ધર્મગુરુઓનું ભોળપણ છે. ધર્મગુરુને રાજ્યને કાંઈ પણ કહેવાનો સત્તાકીય અધિકાર નથી. રાજનીતિ પ્રમાણે રાજ્યસત્તા કંઈ ખોટું કરતી હોય તો ધર્મગુરુઓ કહી શકે, પણ વર્તમાનમાં તો સરકાર-પ્રધાનો કહી શકે કે અમે ધર્મ કે ધર્મગુરુને માનવા બંધાયેલા નથી, પણ અમે બંધારણને વરેલા છીએ. આવા સંજોગોમાં તેઓ કેટલું સાંભળે અને કેટલું કરી શકાય તે સવાલ છે.

શિખરજીના કેસમાં તો રાજ્યે લેખિત આપેલ લેખમાંથી ફરી જઈને આપણી સાથે વિશ્વાસઘાત કર્યો છે. સુપ્રિમ કોર્ટમાં આપણે એ પણ કહેવાનું છે કે રાજ્યે અમારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. આપણે હાઈકોર્ટમાં હાર્યા પછી સુપ્રિમ કોર્ટમાં SLP (એસ. એલ. પી.) કરી છે, તે submit (રજૂ) થઈ ગઈ છે, admit (દાખલ) થઈ નથી. તે બાબતે પહેલી મુદતની રાજ્ય સરકારને Notice (નોટીસ) આપી છે, પણ Hearingમાં State (સુનાવણીમાં રાજ્ય) હાજર થયું નથી. બીજી મુદત પડી છે. તે વખતે રાજ્ય response (પોતાના પ્રતિભાવ) સાથે તેની Affidavit file (સોગંદનામું રજૂ) કરશે તેવું જણાય છે. SLP admit (એસ. એલ. પી. દાખલ) થાય પછી એક પાર્ટી તરીકે અમારે પણ intervention કરવું છે, આ કેસમાં (વચ્ચે પક્ષકાર તરીકે) દાખલ થઈ અમુક રજૂઆતો કરવી છે; પણ "વાડ જ ચીભડાં ગળે તો શું થાય ? એવી સ્થિતિ થઈ છે. રાજ્યે જૈનો સાથે સહી-સિક્કાપૂર્વકનો કરાર કર્યો હોવા છતાં તે હવે તે agreementનું (કરારનું) પાલન કરવા તૈયાર નથી. આ રીતે આપણી સાથે ભયંકર વિશ્વાસઘાત થયો છે. ૨૫ વર્ષે સરકાર ફરી ગઈ. બીજા કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે આવો વિશ્વાસઘાત થયો હોત તો અત્યારે સરકાર હાલી ગઈ હોત, પણ તમે શાંતિપ્રિય છો.

**સભા :** વહીવટકર્તાઓ કે ધર્મગુરુઓએ આવું કાંઈ અમને જણાવ્યું જ નથી.

**સાહેબજી :** વહીવટકર્તાઓ કે ધર્મગુરુઓએ આવું કાંઈ જણાવ્યું નહીં પરંતુ તમારી પણ જાણવાની, તપાસ કરવાની ફરજ નહોતી ?

મેં Leadershipને (ધર્મના અગ્રણીઓને) મોંઢે મોંઢ કહ્યું છે કે તમે સાચી માહિતી જ નથી આપી. મેં સંકોચ રાખ્યો નથી. એમને કહેવાનું હતું

તે એમને કહ્યું છે, પણ અત્યારે તમે સામે બેઠા છો, તો તમને કહું છું કે તમે મહાતીર્થના પ્રશ્ને ચિંતા ન રાખી inactive (નિષ્ક્રિય) રહ્યા, તે તમારી પણ ભૂલ છે.

**સભા :** વેટીકનને (ખ્રિસ્તી ધર્મને) U.N.O.માં (સંયુક્ત રાષ્ટ્રસંઘમાં) સ્થાન છે, તો આપણને કેમ નહિ ?

**સાહેબજી :** તમારો Point (મુદ્દો) સાચો છે, પણ આપણને ભારતમાં પણ સ્થાન નથી તો U.N.O.ની (સંયુક્ત રાષ્ટ્રસંઘની) ક્યાં વાત ? અત્યારે ભારતના તમામ ધર્મો માલિકીયતના હકથી શૂન્ય બની ગયા છે. ખાલી અનુયાયીઓ ધર્મ અનુષ્ઠાન કરે છે, એટલું જ રહ્યું છે, પણ મૂળભૂત બળ તરીકે ધર્મસ્થાનો, સાતક્ષેત્ર, તેનો વહીવટ, તેની સ્થાવર-જંગમ મિલકતો પરનું આધિપત્ય, બધું કાયદાકીય દૃષ્ટિએ ગુમાવી પાંગળા બન્યા છીએ. આ તો ધર્મ જીવે છે તે જ આશ્ચર્ય છે.

**સભા :** ખ્રિસ્તી-ઈસ્લામ ધર્મ પર આવું કેમ નથી થતું ?

**સાહેબજી :** મુસ્લિમોની પણ કાયદાકીય પરિસ્થિતિ લગભગ આ જ છે, પરંતુ રાજકારણીઓને ત્યાં Vote Bankનો (મતબેંકનો) પ્રશ્ન છે, માટે તેમનાં ધર્મસ્થાનોના વહીવટમાં સરકાર માથું મારતી નથી; છતાં legally (કાયદાકીય રીતે) તે પણ સલામત નથી. મુસ્લિમોના નિર્ણયો માટે Central Waqf Board (કેન્દ્રિય વકફ બોર્ડ) ગોઠવાયું છે. તે નિર્ણયો કરે તેમાં પ્રાયઃ સરકાર હસ્તક્ષેપ કરતી નથી. તોપણ તેમના એક પ્રસિદ્ધ મોટા ધર્મસ્થાનકમાં સરકારી હસ્તક્ષેપનો બનેલો કિસ્સો છે. તે માટેનું સુપ્રિમ કોર્ટનું એક judgement કહું.

અજમેરની મશહૂર ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તીની દરગાહે, એની સંપત્તિ સરકારે પડાવી લીધી તે અંગેનો કેસ સુપ્રિમ કોર્ટ સુધી લડ્યો હતો. અકબરના સમયે (ઈ. સ. ૧૫૦૦ આસપાસ) અકબર આ દરગાહના દર્શને આવતા. તેમને આ દરગાહમાં રસ હતો, એટલે શ્રદ્ધા-ભક્તિથી દરગાહને ૧૮ ગામ ભેટ આપ્યાં. સાથે તેના revenueના (મહેસૂલી ઉપજના) સંચાલન માટે દરગાહને એક માણસ નીમી આપ્યો. પછી જહાંગીર-શાહજહાં-ઔરંગઝેબ બધાએ કાંઈ ને કાંઈ ભેટરૂપે સમર્પિત કરેલું, એટલે આ દરગાહ પાસે

અત્યારની કિંમતે અબજોની સંપત્તિ હતી, જેને સરકારે કાયદો કરી લઈ લીધી. તેના જજમેન્ટમાં સુપ્રિમ કોર્ટે કહ્યું કે અકબરે દરગાહને ભેટ આપ્યું તે વાત સાચી, પરંતુ સાથે તેના સંચાલન માટે રાજ્યે માણસ-officer નીમેલો. તેનો અર્થ એ થયો કે- it is state-managed property. That means it does not belong to Darghah. (આ રાજ્ય દ્વારા સંચાલિત અસ્કયામતો છે. મતલબ કે તે દરગાહની માલિકીની નથી.) આ તો એવું થયું કે એક માણસને રૂ. ૧૦૦૦/-ની ભેટ અપાય, છતાં તેના પર તેની માલિકી નહિ ! ખરેખર આટલી મોટી propertyના (મિલકત) વહીવટ માટે માણસ તો નીમવો પડે, એટલે અકબરે officer (અધિકારી) નીમ્યો. તેનો ભાવાર્થ કોર્ટે એવો કર્યો કે આ property (મિલકત) તે સમયથી રાજ્ય manage (સંચાલન) કરતી આવી છે, કારણ કે રાજ્યે માણસને appoint કર્યો (નીમ્યો) છે. તેથી state-managed propertyનું lable (રાજ્ય દ્વારા સંચાલિત મિલકતનો સિક્કો) લગાવી પડાવી લીધું. રાજ્ય માલિક છે, તેમ નક્કી કર્યું. આ તો ધર્મને માત્ર અન્યાય જ નહિ, તેની મિલકતો હડપ કરવાની વાત છે.

▸▸પવિત્ર ધર્મ આખા જગતનું રક્ષણ કરે છે, પણ તેને હૃદયમાં સુરક્ષિત રાખવાની જવાબદારી આપણી છે. જો હૃદયમાં ધર્મ વસ્યો હોય તો આપણું

---

▸▸ **આ સમયે પ્રવચન દરમ્યાન થતી જાહેરાત અંતર્ગત ગીતાર્થ ગંગાના ટ્રસ્ટી શ્રી જ્યોતિષભાઈ શાહના ઉદ્‌ગારો :**

આજે આપણી કરુણ કથની એ છે કે જે ગુરુના શ્રીમુખેથી આપણે ખરેખર આગમ આદિની વાચના સાંભળવાની હોય, તેમની પાસેથી આજે આપણે કાયદાની વાતો સાંભળવી પડે છે. આપણામાંથી ઘણા Advocates (વકીલો) હશે, C.A. (સી.એ.) વગેરે ભણેલા-ગણેલા હશે. આપણે અજાણ્યા જરૂર છીએ, પણ અજ્ઞાની નથી. આપણને આજ સુધી આ વાતોની ગંભીરતાની જ ખબર પડી નથી. આઠ મહિના રાત-દિવસ એક કરી, મહેનત કરી, પૂ. સાહેબજી આજે શિખરજી માટે authority-અધિકાર સાથે કહી શકે છે કે "તે તીર્થ આપણું જ છે." હવેનાં ૧૮,૫૦૦ વર્ષ સુધી આપણે જ જિનશાસન આગળ પહોંચાડવાનું છે. અમારે સાચી શાસનદાઝથી યોગદાન આપી શકે એવી ઉપયોગી વ્યક્તિઓ જોઈએ છે. આપ જે કરી શકો તે અંગે આપનો પ્રતિભાવ Feedback Forms-પ્રતિપત્રકો ભરી અમને જણાવશો.

એકાંતે હિત જ થવાનું છે. **આ સૃષ્ટિમાં તમામ જીવો સાથેનું ન્યાયી વર્તન તે જ ધર્મ છે.** કોઈ પણ જીવ સાથેના અન્યાયી વર્તનને સાચા ધર્મમાં સ્થાન જ નથી. જીવમાત્રના ન્યાયનું રક્ષણ કરે તેવી પ્રવૃત્તિ-મનોભાવો જ ધર્મ છે. **ધર્મ અનાદિથી આ વિશ્વમાં સનાતન શાશ્વત છે અને અનંતકાળ ચાલવાનો છે.** જીવમાત્રનું રક્ષણ કરવાનું તેનું કામ છે. તેને ધારણ કરનારને, અને તેના થકી અન્યોને પણ તે ધર્મ સુખ અને શાંતિ અર્પે છે. ધર્મમાં ક્યાંય ઝઘડો કરવાનો આવે તોપણ હિત માટે જ લડવાનું આવે, કોઈના ભલા માટે લડવાનું આવે. ધર્મની રક્ષામાં મમત્ત્વ-સ્વાર્થથી લડવાની ભાવના ન ભળવી જોઈએ, પણ પોતાનું અને જગતનું-સૃષ્ટિ આખીનું હિત જેમાં છે, તે માર્ગનું રક્ષણ કરવાની ભાવના જોઈએ. જે પવિત્ર સ્થાનો છે કે જેનું આલંબન લઈને કેટલાય જીવો પોતાના દોષોને ટાળી કલ્યાણ પામતા હોય, જે આલંબનો-સ્થાનો Generation to Generation (પેઢી દરપેઢી) અનેક જીવોના કલ્યાણનું કારણ બને તેમ હોય, તેવાં પવિત્ર સ્થાનોનું રક્ષણ કરવું જ પડે, તે આપણી પ્રથમ ફરજ છે. ધર્મ માટેનું યુદ્ધ તે 'ધર્મયુદ્ધ', જે નિયમા આખા જગતના, સર્વના ભલા માટે જ હોય. તેમાં મારા-તારાની વાત ન હોય, અને જેમાં મારા-તારાની વાત હોય અને તે માટે લડે, તો તે ધર્મ માટે લડ્યા ન કહેવાય. આપણે દિગંબરો કે સરકાર પ્રત્યે પણ દ્વેષબુદ્ધિ-મેલીભાવના રાખવાની નથી. દિગંબરો પણ પ્રભુ વીરના અનુયાયી-*ઉપાસક છે. તેમને પણ પ્રભુ વીરના વચનમાં શ્રદ્ધા છે, તેમના માટે બહુમાન* છે, તેને પ્રભુ વીરને ભજવાનો અધિકાર છે. તેઓ આપણા સ્થાનમાં શ્રદ્ધા-બહુમાનથી આવી ભક્તિ કરે, સાથે આપણી discipline (વિધિ-શિસ્ત) પાળે તો આપણને તે સ્વીકાર્ય છે. ઉપમિતિભવપ્રપંચા કથામાં કહ્યું : "ગંગા કોની ? જે તેમાં ડૂબકી મારી પાવન થાય તેની." શ્રી સિદ્ધર્ષિગણિએ ફરમાવ્યું છે કે *"જેને આ દેવ પર શ્રદ્ધા છે, તેને તે દેવ ભજવાનો અધિકાર છે. જેને* ભગવાન પર શ્રદ્ધા નથી, તેને મંદિરમાં પગ મૂકવાનો પણ right (અધિકાર) નથી." જ્યારે આજે એવાં જજમેન્ટ આવ્યાં છે કે જેને ધર્મમાં શ્રદ્ધા ન હોય, ધર્મ સાથે કાંઈ લેવાદેવા ન હોય, તે આખો ને આખો ધર્મનો વહીવટ સંભાળે અને મંદિરોનો કબજો પણ લઈ શકે. આ તો કેવી બેહૂદી વાત છે કે જેને કુટુંબના હિતની પડી જ નથી, તેને જ સીધે સીધો કુટુંબનો

કબજો આપી દેવાનો ! આજ દિવસ સુધી વિરોધમાં બોલ્યા નથી એટલે નવા નવા કાયદા આવ્યા છે, અને નહીં બોલીએ તો હજી નવા ખરાબ કાયદા આવશે.

શિખરજી-સિદ્ધાચલજી બંને પર્વતોને આપણે આખા ને આખા પૂજીએ છે, માત્ર મંદિરો કે ટૂંકોની જ પૂજા-ઉપાસના નથી કરતા. દા.ત. ગિરિરાજની યાત્રા કરતાં સૌ પહેલાં તળેટી પર ચૈત્યવંદન કરીએ છીએ તે ભગવાનનું ચૈત્યવંદન નથી, પણ ગિરિરાજનું ચૈત્યવંદન છે. તળેટીમાં રોજ ગિરિરાજની શિલાઓ પર પ્રક્ષાલાદિ અષ્ટપ્રકારી પૂજા થાય છે. એટલે આપણે પહાડને પાવન માનીએ જ છીએ તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. વળી આ આજની કે થોડાં વર્ષોમાં ઊભી કરેલી પ્રથા નથી, પણ હજારો વર્ષોથી ચાલી આવતી જૈન ધર્મની માન્યતા-આરાધના-પરંપરા છે. પહાડ પવિત્ર-પૂજનીય છે- તેના ૨૫૦૦ વર્ષ જૂના આગમના શાસ્ત્રપાઠો મળે છે, અને કોઈ પણ ધર્મનાં શાસ્ત્રોને ચેલેન્જ કરવાનો કોર્ટને કે સરકારને અધિકાર નથી. The Judge is sitting in a secular office, he has no powers to challenge any written scriptures. (જજ એ બિનસાંપ્રદાયિક હોદ્દા પર છે, એમને કોઈપણ ધર્મનાં શાસ્ત્રોમાં લખેલી વાતોને પડકારવાની કોઈ સત્તા નથી.) જજને ધર્મની વાતો ગમે એટલી irrelevant (અસંબદ્ધ) લાગે તોપણ તે તેને ચેલેન્જ ન કરી શકે.

**સભા :** શિખરજી પહાડ પર દેરીઓનું બાંધકામ ક્યારે થયું ? અને તે તે સ્થાનો પર જ કેમ ?

**સાહેબજી :** દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેના શિલાલેખ દેરીઓ પર છે. ૧૮૦૦ની સાલમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સર્વગચ્છીય આચાર્યો વતી આ પ્રતિષ્ઠા કરાયેલી છે. તે પહેલાં પણ પગલાં વગેરે હતાં, જે પ્રીવી કાઉન્સિલે પણ કબૂલ કર્યું છે. કોર્ટો પણ કહે છે કે આ તીર્થની જૈનો since ages (યુગોથી) આરાધના કરે છે. જે ૨૦ તીર્થંકરો આ શિખરજીની ગિરિમાળાઓ પર નિર્વાણ પામ્યા છે, તેઓ જન્મ્યા પણ નહોતા, તે પહેલાં ભગવાનશ્રી ઋષભદેવે ભરત મહારાજાને શિખરજીનું ભાવિ તીર્થંકરોની નિર્વાણભૂમિ તરીકે વર્ણન કરેલું. તે સાંભળી ભરત ચક્રવર્તીએ ત્યાં ભક્તિથી જિનમંદિરો

બંધાવ્યાં. આમ, ૨૦ તીર્થંકરો જન્મ્યા પણ નહોતા તે પહેલાં શિખરજીનો મહિમા ઋષભદેવના મુખે ગવાયો છે. ત્યારથી તે પાવન ભૂમિ ગણાઈ છે. ત્યારબાદ ક્રમબદ્ધ ૨૦ તીર્થંકર થયા એટલે તેની પવિત્રતા અને મહિમા ઉત્તરોત્તર વધતો ગયો. આપણા અને દિગંબરો વચ્ચે શાસ્ત્રદૃષ્ટિએ મતભેદ છે. તે લોકો on the Spot theoryમાં માને છે. (ચોક્કસ સ્થાનોને પવિત્ર માનવાની વિચારધારા ધરાવે છે.) તેઓ particular spot (ચોક્કસ જગ્યા) પર તીર્થંકરો નિર્વાણ પામ્યા અને ઇન્દ્રે ત્યાં પગલાં કરાવ્યાં એમ કહે છે. આપણે પ્રભુના વિચરણના પગલે પગલાને, તેમના દ્વારા સ્પર્શાયેલા આખા પહાડને પવિત્ર માનીએ છીએ. અત્યાર સુધી કરોડો ને કરોડો મહાત્માઓ સાધનાઓ કરી ત્યાં નિર્વાણ પામ્યા છે. ઘણા તીર્થંકરોએ ત્યાં અંતિમ દેશના આપી છે, સમવસરણ રચાયાં છે, કરોડો સાધુઓ-મુનિઓ અનશન કરી નિર્વાણ પામ્યા છે. માટે અમુક spots (ચોક્કસ સ્થાનો) જ પવિત્ર અને બાકીનો પહાડ જંગલ એવું આપણે માનતા નથી, પરંતુ તેના અણુએ અણુને આપણે પવિત્ર માનીએ છીએ. આપણી બહુ ન્યાયી વાત છે અને આવી પવિત્ર ભૂમિ પણ landના (જમીનના) નામથી સરકાર acquire (હસ્તગત) કરે તો પછી કયું ધર્મસ્થાનક safe (સલામત) રહે ? અત્યારે આ બે તીર્થો આપણે ત્યાં Top (શ્રેષ્ઠ) કક્ષાનાં છે, તે બંને મહાન તીર્થોને સરકારે land & forests (જમીન અને જંગલ) કહી લઈ લીધાં છે. બીજાં પણ કયાં નહીં લે તે પ્રશ્ન છે. આપણે ownershipનો right (માલિકીનો અધિકાર-હક) છોડી શકીએ નહીં. અત્યારે આપણો હક સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટનો ચુકાદો ન ફેરવે ત્યાં સુધી પૂરેપૂરો ચાલ્યો ગયો છે. આપણે તેને બચાવવા પ્રયત્ન કરવાનો છે. હાઈકોર્ટના જજમેન્ટને સુપ્રિમ કોર્ટમાં challenge કરી (પડકારી) શકાય છે, તે આપણે કરવાનું છે. બાકી અત્યારે matter sub-judice (કેસ ન્યાયિક પ્રક્રિયામાં) હોય ત્યારે બીજા ઉપાયો કરવામાં જોખમ છે.

**સભા :** તમારી expectation (અપેક્ષા) શું છે ?

**સાહેબજી :** અમારી expectation (અપેક્ષા) એ જ છે કે આ ભયસ્થાન સમજી શિખરજી માટે સંઘ જાગૃત થાય અને તન-મન-ધનથી રક્ષામાં યોગદાન આપે.

**સભા :** સભાની integrity (કર્તવ્યનિષ્ઠા) ઉપર positive (હકારાત્મક) નજર રાખો.

**સાહેબજી :** બોલો, અહીં બેઠેલા બધા અવસર આવે પોતપોતાની રીતે હાજર તો રહી શકે ને ? વિરોધ માટે massની (મોટા સમૂહની) જરૂર હોય ત્યાં મોટા વિશ્વાસમાં રહીએ અને ૫૦૦ પણ ભેગા ન થાય તેવું ન થવું જોઈએ. ક્યાંક વિરોધ વગેરે દર્શાવવા લખાણમાં signs (સહીઓ) કરવાની હોય ત્યારે પણ નિષ્ક્રિયતા ન જોઈએ. તેટલું પણ ન કરો તો જૈન બચ્ચા તરીકે તમારા માટે લાંછનરૂપ છે. આપણા બધા ઉપર શાસનનું via via કે direct (આડકતરું કે સીધું) કેટલું ઋણ છે તે સમજો. sense of gratitude (કૃતજ્ઞતાની લાગણી) જોઈએ. અવસરે હાજરી આપો, જરૂર હોય ત્યાં સંમતિ આપી વિરોધનો સૂર નોંધાવો, યથાશક્તિ તપ-જપ કરો. ધન વગેરેથી contribution (સહયોગ) આપી શકાય. કાયદાકીય નિષ્ણાતો પાસે કાયદાનાં સાચાં અર્થઘટનો કરાવરાવી શકો. C.A. C.S. (સી.એ.-સી.એસ.) હોય તે information (માહિતી) એકઠી કરી આપી શકે, લેખનશક્તિ હોય તો સારા લેખ લખી લોકજાગૃતિ લાવી public mind build up (લોકમત ઊભો) કરી શકાય, mediaનો (પ્રસારણ માધ્યમોનો) ઉપયોગ કરીને પણ જાગૃતિ લાવી શકાય.

આપણી પાસે સેંકડો મુદ્દા છે, તેમાં આજે ખાલી ownershipનો (માલિકીયતનો) મુદ્દો ચર્ચ્યો છે.

**સભા :** આપણે ધર્મની માલિકી કોને આપી શકીએ ? તે માટે કોઈ body (મંડળ) તો જોઈએ ને ? ધર્મ એ કોઈ body/institute (મંડળ/સંસ્થા) છે ?

**સાહેબજી :** સંઘ જીવતો છે કે નથી ? ભારતભરમાં પ્રભુ વીરે સ્થાપેલો સંઘ હાજર જ છે. કોઈ પણ દેરાસર-ઉપાશ્રયનો વહીવટ સંઘના નામે થવો જોઈએ, ટ્રસ્ટના નામે નહીં. ભારત સરકાર હજી ૬૦ વર્ષનું બચ્ચું છે. સરકાર અસ્તિત્વમાં પણ નહોતી આવી, તે પહેલાં હજારો વર્ષોથી ધર્મ ચાલ્યો આવે છે. પૂર્વે સંઘના નામે જ વહીવટ થતો હતો. સરકારને body (સંસ્થા) જોઈતી હોય તો આજે પણ આપણે collective body (આખા સમુદાય - સમૂહનું

પ્રતિનિધિત્વ કરે તેવી સંસ્થા) ઊભી કરી શકીએ તેમ છીએ. આપણે આખું વહીવટી તંત્ર ઊભું કરી શકીએ તેમ છીએ. પણ scope (તક) આપે તો ને ? અત્યારે કાયદાકીય રીતે ધર્મગુરુઓ પાસે કોઈ powers (સત્તા) નથી, છતાં તેઓ ધર્મશાસન ચલાવે છે. આટલું કરી શકે છે તે જ આશ્ચર્ય છે. ધર્મગુરુઓ પાસે કોઈપણ જાતના disciplinary powers (શિસ્તપાલનની સત્તા) સરકારે રાખ્યા નથી, છતાં શાસન ચલાવે છે. It is a greatest wonder. (આ એક મોટામાં મોટું આશ્ચર્ય છે.) સરકારનાં નિયંત્રણ વગર સંઘનો વહીવટ નહિ સંભાળી શકાય એવો તમને અવિશ્વાસ કેમ છે ?

**સભા :** ધર્મશાસન goodwill-પાઘડી પર ચાલે છે.

**સાહેબજી :** Goodwill-પાઘડી કોની ? તમારી ? ખરેખર ! જૈન સાધુની આચાર-વિચારની પવિત્રતા, તપ-ત્યાગના પ્રભાવથી ઊભી થયેલી શ્રદ્ધાથી આ ચાલે છે. વગર સત્તાએ આટલું function (કાર્ય) કરે છે, તે શું જરૂર પડશે તો એક body (સંસ્થા-તંત્ર) ઊભી નહીં કરી શકે ? પણ તમને જ વિશ્વાસ નથી. તમારે ઘરમાં કુટુંબનાં ચાર છોકરાં powers (સત્તા) સાથે સાચવવામાં પણ ફાંફાં પડે છે, તેવું અહીં નથી. Scope (તક) આપે તો બધું થઈ શકે તેમ છે. સુપ્રિમ કોર્ટના એક ચુકાદામાં જજે લખ્યું કે ચેરિટી કમિશ્નર ટ્રસ્ટી તરીકે રહી શકે છે, પણ મંદિર કે મઠના મહંત કે religious head તરીકેની post (ધાર્મિક વડા તરીકેના હોદ્દા) પર ન બેસી શકે. તે Post (પદ) પર બેસે તો ધર્મની સ્વતંત્રતા નાશ પામે. ધર્મની ક્રિયાઓ rituals, rites, traditions, customs (ક્રિયાકાંડ, ઉત્સવો, પરંપરાઓ અને રીતભાત) વગેરેની ચેરિટી કમિશ્નરને ખબર ન હોય, માટે તે religious head (ધાર્મિક વડા) તરીકે ન બેસી શકે, એટલી મર્યાદા બાંધી.

**સભા :** ધર્મના ક્ષેત્રે પૈસા આપણે ભેગા કરીએ અને તેનું રોકાણ ક્યાં કરવાનું તે શું સરકાર નક્કી કરે ?

**સાહેબજી :** દેવદ્રવ્ય ક્યાં invest કરવું (રોકવું) તે સરકાર નક્કી કરે છે, તમે કે હું નહીં. દાન સામાન્યથી જે હેતુ માટે ઊભું કર્યું હોય તે માટે વાપરવાનું, પણ તે purpose (હેતુ) માટે વાપરવાનો scope (અવકાશ) ન હોય તો બીજે ક્યાં વાપરવું તે નક્કી કરવાની સત્તા પણ સરકાર પાસે છે.

**સભા** : State bankrupt (રાજ્ય નાદાર) થાય તો ?

**સાહેબજી** : એવા સમયે તો સરકારને તમારું ઘર, મંદિરનાં જર-ઝવેરાત વગેરે બધું લઈ લેવાના absolute powers (સંપૂર્ણ હકો) આપેલા છે; કેમ કે in Sovereign State, ultimately all powers are vested in the state. (સાર્વભૌમિક રાજ્યમાં અંતે બધી જ સત્તા રાજ્ય પાસે હોય છે.) ઇતિહાસના recordમાં (લખાણો-નોંધોમાં) રાજ્ય પાસે આવી અમર્યાદ સત્તા ક્યારેય નહોતી, એવી beyond the range (અમર્યાદા) સત્તા અત્યારે રાજ્યને આપવામાં આવી છે. બધા જ discretionary powers (બધી જ નિર્ણાયક સત્તાઓ) અપાયા છે.

**સભા** : Right of ownership (માલિકીના હક) અને right of management (સંચાલનના હક) એક કે અલગ ?

**સાહેબજી** : અલગ છે, અત્યારે બંને પર તરાપ છે. Management (સંચાલન) તો જાણે Stateની duty (રાજ્યની ફરજ) હોય તેમ જ રાખ્યું છે, અને ownershipનો right (માલિકીનો અધિકાર) ચાલાકીથી ઉડાડી દેવામાં આવ્યો છે. બંધારણમાં જ્યાં ownershipની (માલિકીની) વાત આવી ત્યાં religion (ધર્મ) શબ્દનો ઉપયોગ જ નથી કર્યો. ક્યાંય પણ ધર્મની માલિકી રાખી નથી, ટ્રસ્ટની માલિકી થાય તેવું રાખ્યું છે. એટલે ધર્મને સીધો માલિકી હક કે બીજો હક ન મળે તેની કાળજી રખાઈ છે. તેમણે ધર્મને માન્યતા-ક્રિયામાં-શ્રદ્ધામાં સીમિત કરી નાંખ્યો છે. તમને ગમે એવી રીતે ખમાસમણાં આપો, પૂજા વગેરે કરો, તેમાં સરકારને વાંધો નથી, પણ મિલકત પર ધર્મની માલિકી ન રહે તેની કાળજી રખાઈ છે. આ ધર્મ સાથે થયેલ મોટો દ્રોહ છે.

આના માટે જેટલું કાયદાકીય અર્થઘટન પરફેક્ટ કરાવી શકીએ એટલો લાભ થઈ શકે.

# ૭

**વિ. સં. ૨૦૬૧, વૈશાખ સુદ ૬, તા. ૨૯-૫-૨૦૦૫, રવિવાર,**
**શ્રી શાહીબાગ ગીરધરનગર જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, શાહીબાગ, અમદાવાદ-૪.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યેના અપાર વાત્સલ્યના ભાવથી સંચિત થયેલ પુણ્યપ્રભાવથી આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ ભરતક્ષેત્રમાં ધર્મશાસનની સૌ પ્રથમ સ્થાપના ભગવાન શ્રી ઋષભદેવે કરી, પરંતુ તે પહેલાં જનસમુદાય તે ધર્મશાસનને લાયક બને તે માટે ધર્મપોષક સામાજિક વ્યવસ્થાના માળખાની સ્થાપના પણ તેમણે જ ગૃહસ્થ અવસ્થામાં કરી છે. તે માળખામાં અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થનું વર્ગીકરણ આવે છે અને તેમાં અર્થપુરુષાર્થના પેટાવિભાગમાં રાજ્યવ્યવસ્થા ગણી છે. તે રાજ્યવ્યવસ્થા પણ પ્રભુએ જ સ્થાપી. આ ભરતભૂમિમાં પ્રથમ રાજા તરીકે શ્રી ઋષભદેવને નાભિ કુલકરે નીમ્યા હતા.

તે વખતે પ્રજામાં રાજનીતિના સંપૂર્ણ જાણકાર બીજા કોઈ પુરુષ ન હતા. સમગ્ર ભરતક્ષેત્રમાં પ્રભુ શ્રી ઋષભદેવ જેવું અદ્વિતીય જ્ઞાન અન્ય કોઈ પાસે ન હતું. ગૃહસ્થ અવસ્થામાં સર્વ નીતિઓના તેઓ જ્ઞાતા હતા. તેઓને ધર્મ અને ધર્મશાસન ઉપરાંત સામાજિક, રાજનીતિ આદિનું પણ વિશેષ જ્ઞાન હતું, છતાં સામે ચાલીને તેમણે પ્રજાને કદી એમ નથી કહ્યું કે હું તમારો રાજા બનવા માંગું છું, કારણ કે ઋષભદેવમાં સત્તાલોભ અંશમાત્ર ન હતો. પ્રજામાં જ્યારે અન્યાયના પ્રશ્નો ઉદ્ભવ્યા, જેમ કે યુગલિકો પહેલાં મંદકષાયવાળા હતા, તેવા હવે ન રહ્યા, જેના પરિણામે વારંવાર તેઓ એકબીજા સાથે સંક્લેશ કરવા લાગ્યા. તેમની વચ્ચે માલિકીહક વગેરેના સંઘર્ષ ઊભા થયા, પરિણામે પરસ્પર આક્રમક વ્યવહારો શરૂ થયા. તેની ફરિયાદો લઈ તેઓ વારંવાર ઋષભદેવ પાસે આવવા લાગ્યા. ત્યારે આવી

પરિસ્થિતિના નિરાકરણ માટે પ્રભુ શ્રી ઋષભદેવે જણાવ્યું કે પ્રજામાં કોઈનું હિત કે હક રૂંધાય, હક છીનવાઈ જાય તો દંડનીતિ પ્રવર્તાવી ન્યાય તોળનાર એક રાજા જોઈએ. ત્યારે યુગલિકોએ કહ્યું કે 'આપ જ અમારા રાજા થાઓ.' તેવી અનધિકૃત વિનંતિ ન સ્વીકારતાં ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે 'અત્યારે લોકમાં નાયક તરીકે નાભિકુલકર છે. તેથી તમે તેમની પાસે જઈ રાજાની માંગણી કરો.' તેથી યુગલિકોએ નાભિકુલકર પાસે રાજાની માંગણી કરી. ત્યારે પ્રભુની યોગ્યતા જોઈ નાભિકુલકરે જ યુગલિકોને કહ્યું કે હવેથી આ ઋષભ જ તમારો રાજા થાઓ. આમ, ભરતક્ષેત્રના સૌ પ્રથમ રાજા ઋષભદેવ ગૃહસ્થ અવસ્થામાં થયા.

**મૂળભૂત રીતે માનવસમૂહમાં કોઈપણ વ્યક્તિ નીતિનો ભંગ કરે, પરસ્પર અન્યાય કરે તો તેને મર્યાદામાં લાવી ન્યાય આપવાનું કામ રાજાનું છે. પ્રજાને યોગ્ય અનુશાસન પૂરું પાડી તેની પાસે સર્વ નીતિઓનું પાલન કરાવવાનું કામ રાજ્યનું છે. તે સિવાય બીજી કોઈપણ subject matter (બાબત) રાજ્યના jurisdictionમાં (હકૂમતમાં) આવે નહિ, કારણ કે રાજ્ય એ અર્થપુરુષાર્થના એક પેટાવિભાગનું કામ કરનારી સંસ્થા છે, જે ચાણક્યના અર્થશાસ્ત્રથી પણ સ્પષ્ટ છે. છતાં પણ વર્તમાન રાજ્ય પ્રજાની બધી બાબતોમાં પોતાનું પ્રભુત્વ ધરાવે છે. અત્યારે તો sovereign stateના (સાર્વભૌમ રાજ્યના) નામથી રાજ્ય માને છે કે પ્રજાજીવનનાં તમામ પાસાંઓ ઉપર નિયંત્રણ ધરાવવાનો, તેને અંકુશમાં લેવાનો હક-અધિકાર રાજ્યને છે. આજનું ભારતનું બંધારણ પણ તે baseથી (પાયા પર) ઘડાયું છે અને તે બંધારણ અનુસાર parliamentની (સંસદની) રચના પણ supreme (સર્વોચ્ચ) તરીકે થઈ છે.** બંધારણના વિવિધ Articlesનો (કલમોનો) અભ્યાસ કરતાં જણાય છે કે બંધારણ હેઠળ ચૂંટાયેલા M.P.ને/parliamentને (સંસદસભ્યોને/સંસદને) કાયદા ઘડવાની જે સત્તા આપવામાં આવી છે તે અમાપ છે.

અત્યારની તમારી democracy (લોકશાહી) એ constitutional democracy (બંધારણીય લોકશાહી) છે. તેમાં power flows from constitution. (તેમાં સત્તા બંધારણમાંથી મળે છે.) Parliamentને (સંસદને) બધી સત્તાઓ બંધારણથી મળે છે. એ બંધારણે પ્રજાનાં-લોકજીવનનાં તમામ પાસાંઓને અંકુશમાં કે નિયંત્રણમાં લેવા જાતજાતના

કાયદાઓ ઘડવાની સત્તા જુદા જુદા Articles (કલમો) દ્વારા parliamentને (સંસદને) આપી છે, જેના કારણે રાજ્યે જેમાં દખલગીરી ન કરવી જોઈએ, તેવાં પાસાંઓમાં પણ તે દખલગીરી કરે છે અને તમારે સહન કરવું પડે છે, તે પ્રજા પરનો અન્યાય છે. દા.ત. અત્યારે દેશમાં બધાં જ રાજ્યો Public Sector Industries run કરે (જાહેર ક્ષેત્રના ઉદ્યોગો ચલાવે) છે. સ્વાતંત્ર્ય પછી State Government અને Central Government (રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) અનુશાસન ઉપરાંત વેપાર-ધંધા પણ કરે છે. વાસ્તવમાં Government has no business to do business. (વાસ્તવમાં વેપાર-ધંધો કરવો એ સરકારનું કામ નથી.) રાજનીતિમાં કે અર્થશાસ્ત્રમાં પણ સ્પષ્ટ જણાવ્યું છે કે રાજ્ય કે રાજા વેપાર-ધંધો ન કરે. આપણે ત્યાં તો કહેવત પણ લોકમાં પ્રસિદ્ધ છે કે "જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી." રાજ્યનું કામ તો પ્રશાસન કરવાનું છે, નહીં કે વેપાર કરવાનું. રાજા કે રાજ્ય વેપાર-ધંધા કરે તે પણ પ્રજાના જીવનમાં માથું મારે છે તેમ કહેવાય; કારણ કે આ કામ તેનું ન હોવા છતાં પણ કરે છે. તે ઉપરાંત તમારી personal matter, (અંગત બાબત), જેમ કે તમારે શું ખાવું, શું પીવું, ક્યાં હરવા-ફરવા જવું, કેવી રીતે લગ્ન કરવાં, તેની ઉજવણી કેવી રીતે કરવી વગેરેમાં પણ જો તે હસ્તક્ષેપ કરે તો તે વધારે પડતું interference (દખલગીરી) જ કહેવાય. પ્રજાએ અમુક વસ્તુ ખાવી અને અમુક વસ્તુ ન ખાવી, અમુક વસ્તુ લોકોએ વધારે ખાવી અને અમુક વસ્તુ ઓછી ખાવી, તે માટેનો અમુક કાયદો ઘડવાની વાત વચ્ચે આવેલી, ત્યારે એક સારા Journalistએ (પત્રકારે) લખેલું કે Government has no business to decide as to what we should eat and what not. (અમારે શું ખાવું અને શું ન ખાવું તે નક્કી કરવાનું કામ સરકારનું નથી.) હા, પ્રજાના આરોગ્યને નુકસાનકારી વસ્તુ બજારમાં વેચાય કે સારી વસ્તુમાં ભેળસેળ થતી હોય તો તે અટકાવવાનો રાજ્યને હક છે.

પ્રજાના હિતને નુકસાન થતું હોય તો તેને અટકાવવાનો પ્રયાસ સરકાર અવશ્ય કરે, પણ વ્યાપાર, ઉદ્યોગ-ધંધા કે સામાજિક ક્ષેત્રે લોકજીવનના દરેક પાસામાં વર્તમાન રાજ્યનું વધારે પડતું interference (દખલગીરી) છે, તેનું મૂળ કારણ બંધારણ હેઠળ તેમને અપાયેલ અમાપ સત્તાઓ છે. બંધારણના

ઘડવૈયાઓએ એમ જ માન્યું છે કે રાજ્યસત્તા પર બેસનારને પ્રજાનાં તમામ પાસાંઓને અંકુશમાં રાખવાનો હક વાજબી છે. તેથી તેવા અમાપ અધિકારો બંધારણ હેઠળ રાજ્ય/સરકારને અપાયા છે. આમ પાછું autocracy (રાજાશાહી) માટે તેઓએ જ એવી વાતો ફેલાવેલી કે રાજાઓ સત્તાથી છકી જઈને ધારે તે બેફામ કરે છે, માટે રાજાશાહી નિંદાપાત્ર છે. પણ હકીકતમાં તેઓ ધારે તેવું બેફામ કરનારા નહોતા. રાજાઓ તો પ્રજાને ન્યાય અને સુરક્ષા આપતા હતા. તેઓ કદી પણ વેપાર-ધંધા કરતા નહોતા. લોકજીવનમાં માથું મારતા નહોતા. અત્યારે એમ કહેવાય છે કે લોકશાહી એટલે લોકોનું રાજ. સ્વરાજ વખતે સૂત્ર આપ્યું કે 'આપણા દેશમાં આપણું રાજ.' પણ હકીકતમાં આજે કહેવાતી લોકશાહીમાં તમારું રાજ નથી. તમને 'આપણું રાજ' તેવો ભ્રમ પેદા કરાવ્યો છે. 'આપણા દેશમાં આપણું રાજ'ના નામથી તમે જે પ્રતિનિધિને ચૂંટીને મોકલો છો, તેને બંધારણ હેઠળ જે સત્તાઓ અપાઈ છે, તેવી ઇતિહાસમાં ક્યારેય કોઈને અપાઈ હોય તેવું નોંધાયું નથી. અરે ! છ ખંડના ચક્રવર્તીને જે કાયદા ઘડવાની સત્તાઓ ન હોય, તેવી સત્તાઓ આજના તમારા M.P. અને M.L.A.ને (સંસદસભ્ય અને વિધાન-સભ્યને) મળેલ છે.

**સભા :** તેવી સત્તા કોઈ M.P./M.L.A.ને (સંસદસભ્ય/વિધાનસભ્યને) વ્યક્તિગત તો નથી જ ને ?

**સાહેબજી :** વ્યક્તિગત નથી તેટલું સારું છે. વ્યક્તિગત નથી માટે તો થોડા બચ્યા છીએ. જો વ્યક્તિગત હોત તો આ દેશનું શું થાત તે ભગવાન જાણે ! સામૂહિક રીતે parliamentને (સંસદને) અમાપ સત્તા આપેલ છે તેના પરિણામે આપણે કેટલું ભોગવીએ છીએ, તે તો તમે જાણો જ છો. ભૂતકાળમાં રાજાઓ વ્યક્તિગત સત્તા ધરાવતા હતા, તોપણ તેઓ સત્તાને પચાવી શકતા હતા, જ્યારે આજના તમારા M.P./M.L.A. (સંસદસભ્ય/ વિધાનસભ્ય) સત્તાને પચાવી શકે એમ છે ? વ્યક્તિગત સત્તા નથી, એ પ્રજાના બચાવનું કારણ ખરું, પણ તેનાથી મોટું કારણ તો એ છે કે આજના M.P. અને M.L.A.ને (સંસદસભ્ય અને વિધાનસભ્યને) પણ આપણા બંધારણનો અભ્યાસ નથી. તેથી તેમને ખુદને જ ખબર નથી કે આ બંધારણ દ્વારા તેમને કેટલી સત્તા મળેલ છે.

તેઓને મળેલ સત્તાઓ વાંચતાં દંગ થઈ જવાય એવું છે. દા.ત. બંધારણના Article-25-26 (કલમ ૨૫-૨૬) હેઠળ આ બધા Parliamentariansને (સંસદસભ્યોને) એવું લાગે કે આ ધર્મના સિદ્ધાંત કે આચાર સમાજને-societyને backward (પછાત) કરવાનું કામ કરે છે, અને વિકાસ, ઉત્થાન કે સમાજસુધારામાં અવરોધક બને છે, તો તેઓ ધર્મના સિદ્ધાંતોને કે આચારોને બદલવાનો પણ હક ધરાવે છે. રાજનીતિના historical recordમાં (ઐતિહાસિક પુરાવામાં) આવી સત્તા કદી કોઈ સત્તાધીશને અપાઈ નહોતી. જે રાજાઓએ ન્યાય-નીતિથી સંચાલન કર્યું છે, તેમાં કોઈએ આવા હક ભોગવ્યા હોય તેવું ભારત કે વિદેશના પણ કોઈ ઇતિહાસમાં દૃષ્ટાંત નથી. હા ! કોઈ જુલ્મી, અત્યાચારી રાજાએ આવું કર્યું હોય તો તે જુદી વાત, બાકી officially (અધિકારની રૂએ) આટલી સત્તા કોઈએ ભોગવ્યાનો historical record (ઐતિહાસિક પુરાવો) નથી કે કોઈ દાખલો નથી. જ્યારે આજના સત્તાધીશો બીનરોકટોક આવા હકો ભોગવે છે.

દુનિયામાં ધર્મ એ ધર્મગુરુઓનો અને ધર્મશાસ્ત્રોનો વિષય ગણાય. તેમાં parliamentને (સંસદને) ધર્મનો આ સિદ્ધાંત કે આચાર વાજબી અને ધર્મનો આ સિદ્ધાંત કે આચાર ગેરવાજબી વગેરે નક્કી કરવાનો અધિકાર કઈ રીતે મળે ? બંધારણમાં 'ધર્મ' શબ્દની વ્યાખ્યા નથી આપી. વળી સુપ્રિમ કોર્ટના જજમેન્ટમાં (ચુકાદામાં) પણ કહ્યું છે કે ધર્મની ચોક્કસ વ્યાખ્યા કરવી શક્ય નથી. હા, હજુ એમ કહે કે અમે ધર્મની ચોક્કસ વ્યાખ્યા કરી શકતા નથી, તો સમજી શકાય, પણ એ તો કહે છે કે ધર્મની વ્યાખ્યા જ કરવી શક્ય નથી. જો તેમ જ હોય તો સદીઓથી ચાલ્યા આવતા ધર્મો અને હજારો, લાખો-કરોડો વર્ષોથી પ્રજાને અપાતો ધર્મનો ઉપદેશ કપોળકલ્પિત સાબિત થાય. તેથી ધર્મની વ્યાખ્યા કરવી શક્ય નથી તે વાત જ બેહૂદી વિચારધારા અભિવ્યક્ત કરે છે.

Social rules and regulations (સામાજિક નિયમો અને ધોરણો) નક્કી કરવાં અને એનું યોગ્ય પાલન કરાવવું તે રાજ્યના jurisdictionમાં (હકૂમતમાં) આવે, પણ ધર્મને define (વ્યાખ્યાયિત) કરવો એ ધર્મગુરુઓનો, ધર્મશાસ્ત્રોનો subject-અધિકાર છે. ધર્મની વ્યાખ્યા જાતે કરવી અઘરી છે, તે ધર્મશાસ્ત્રમાંથી સમજવા જેવી છે, એવું કહે તો legitimate (યોગ્ય)

વાત ગણાય. એના બદલે કહે છે કે ધર્મની વ્યાખ્યા કરવી અશક્ય છે. આ તો મૂળ જ ઉડાડવાની વાત કરી. પાછી આ વાત સુપ્રિમ કોર્ટના ચુકાદામાં જણાવેલી છે. પોતાના jurisdictionથી (સત્તાક્ષેત્રથી) બહાર જઈ જેઓ વાતો કરે છે, તેમાં કેવો વિરોધાભાસ થાય તેનો આ નમૂનો છે. તેમનાથી જો ધર્મની વ્યાખ્યા જ કરવી શક્ય નથી તો પછી કાયદામાં 'આને ધર્મ કહેવાય અને આને ધર્મ ન કહેવાય,' એનો નિર્ણય કે analysis (પૃથક્કરણ) કરવાનો right (અધિકાર) તેમને ક્યાંથી મળે ? આ કેટલું મોટું contradiction (વિરોધ) છે ? દા.ત. તમો એક બાજુ કહો કે વેપારની વ્યાખ્યા કરવી શક્ય નથી, અને પછી કહો કે આને વેપાર કહેવાય અને આને વેપાર ન કહેવાય, તો તે કેવી રીતે કહી શકાય ? જો વેપારની વ્યાખ્યા કરવી impossible (અશક્ય) છે તેમ કહો, તો પછી તેને classify (વિભાગ) કરવાનો અધિકાર રહે ખરો ? છતાં બંધારણમાં સ્થિતિ આ છે. ધર્મને કેવી રીતે treat કરે (વર્તે) છે, તેનું આ દૃષ્ટાંત છે. એક બાજુ ધર્મને dividing force (ભાગલાવાદી પરિબળ) કહીને કાઢી નાખ્યો છે, છતાં ધર્મની બાબતમાં irrelevant-અપ્રસ્તુત કે અંધાધૂંધ કહી શકાય એવાં કેટલાંય વિધાનો કર્યાં છે.

ધાર્મિક સ્વાતંત્ર્યને લગતી બંધારણની કલમમાં જણાવ્યું છે કે 'દરેક વ્યક્તિ એના જીવનમાં તે જે ધર્મ માનતી હોય તે પાળવાની તેને છૂટ છે.' ધાર્મિક સ્વાતંત્ર્યતાની વાતો એવી રીતે કરે કે સામાન્ય રીતે તમને ધર્મમાં સ્વાતંત્ર્ય લાગે. તમે દેરાસરને પવિત્ર માનો અને ત્યાં તન-મન-ધનથી ભોગ આપો. તેવી રીતે મુસ્લિમોને મસ્જિદ માટે બહુમાન હોય અને તેના માટે તે ભોગ આપે. દરેક વ્યક્તિ પોતાના ધર્મસ્થાનકને પવિત્ર માને અને પવિત્ર માનતો હોય તો જ તેનું એટલું સન્માન કરે, તેના પ્રત્યે સદ્ભાવ રાખે, એ ઊભું કરવામાં અને તેનું રક્ષણ કરવા માટે બલિદાન આપે, તેના માટે લોહી રેડવા પણ તૈયાર હોય, તેનું સર્જન કરવા માટે કરોડો રૂપિયા ખર્ચે. કારણ કે તે માને છે કે આ સ્થાનક પવિત્ર છે, ઈશ્વરને ભજવાનું એક સ્થાન છે, ઈશ્વર સાથે અનુસંધાન કરવાનું સ્થળ છે. બધા ધર્મવાળા પોતપોતાના ઉપાસ્ય તત્ત્વને પવિત્ર ગણી, આખા વિશ્વમાં ન હોય તેવું, પોતાના આત્માને નિર્મળ કરનારું પાવન તત્ત્વ છે, એમ માની તેની ભક્તિ-ઉપાસના કરે છે. આ એક પ્રકારની belief કે faith (માન્યતા કે શ્રદ્ધા)

છે, અને બંધારણની કલમમાં કહ્યું છે કે દરેક વ્યક્તિ પોતપોતાના ધર્મની માન્યતા ધરાવવા માટે સ્વતંત્ર છે, પણ રાજ્ય secular (બિનસાંપ્રદાયિક) છે, એટલે કે રાજ્ય એક પણ ધર્મમાં માનતું નથી. હકીકતમાં આપણે ત્યાં રાજ્ય secular (બિનસાંપ્રદાયિક) છે, એનો અર્થ ન્યાયની દૃષ્ટિએ એ થાય કે રાજ્ય સર્વ ધર્મને માન આપે. તે કોઈપણ ધર્મ પ્રત્યે ભેદભાવ ન રાખે. સર્વ ધર્મો મુક્ત હરિફાઈથી શ્રદ્ધાળુ, પાત્ર જીવોને પોતાનાં તત્ત્વો, સિદ્ધાંતો આચાર-વિચારનો ઉપદેશ આપી, સમજાવી પ્રજાને સદ્‌ગુણ, સદાચારમય જીવન તરફ લઈ જાય. જેટલા પણ ધર્મો છે એ બધા લોકકલ્યાણનાં શ્રેષ્ઠ કાર્યો કરનાર છે.

**સભા :** બધા ધર્મો માટે તેમ કહી શકાય ?

**સાહેબજી :** હા, બધા ધર્મો ચોક્કસ લોકકલ્યાણનાં કામ કરનારા છે. બધા ધર્મોની લોકજીવનમાં પ્રેરણાના આધારે આ statement (વિધાન) કરું છું. કારણ કે બધા ધર્મો અહિંસા, સત્ય, ન્યાય, નીતિ, સદાચાર પાળવાનો અનુયાયીઓને ઉપદેશ આપે છે. કોઈપણ ધર્મ એમ નહીં કહે કે હિંસા કરો, ખૂનામરકી કરો, ચોરી કરો, વ્યભિચાર કરો, વિશ્વાસઘાત કરો, કોઈનું છીનવી લો; પણ બધા ધર્મ સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય, ન્યાય-નીતિ, પરોપકાર, દયા-દાન આદિ સદાચારો પાળવા ઉપદેશ આપે છે. હા, બધા ધર્મોનું એકસરખું સ્તર ન હોય તેવું બને. Qualitywise (ગુણવત્તાની બાબતે) બધા ધર્મોમાં એકસરખા આદર્શજીવનની વાતો નથી. કોઈ ઊંચા આદર્શજીવનની પ્રેરણા આપે છે તો કોઈ તેના કરતાં કાંઈક lower levelના (નીચલા સ્તરના) આદર્શજીવનની પ્રેરણા આપે છે. આમ qualitywise (ગુણવત્તાની બાબતે) કોઈ inferior (ઊતરતી કક્ષાનો) તો કોઈ superior (ચઢિયાતો) હોઈ શકે, પણ એકંદરે બધા ધર્મો માનવસમૂહને પવિત્ર, સદાચારી જીવન જીવવાની જ પ્રેરણા કરે છે. જરાપણ સદાચારી જીવનનો ઉપદેશ ન આપતો હોય તેવો કોઈ ધર્મ નથી, પછી ભલે તે અનાર્ય ધર્મો christianity (ખ્રિસ્તીધર્મ) હોય કે ઈસ્લામધર્મ હોય. આર્ય-અનાર્ય તમામ ધર્મો સદાચારી જીવનની હિમાયત તો કરે જ છે. હા, ધર્મમાં અમુક વર્ગ ધર્મના નામે ઝનૂની બને તેવો હોઈ શકે. તેના કારણે તેઓ મુખ્ય ઉદ્દેશથી ફંટાઈને થોડી આડીઅવળી વાતો કરે, તેટલા અંશે તેમાં ભેળસેળ થઈ છે, તેમ કહી શકાય;

પણ એટલામાત્રથી તે ધર્મ સમાજ માટે સંપૂર્ણ અનિષ્ટ છે તેમ ન કહેવાય. ધર્મના મૂળભૂત આદર્શથી ફંટાઈને જેટલે અંશે આડી-અવળી વાતો કરે એટલો portion (ભાગ) તે ધર્મમાં અધર્મનો છે, પરંતુ એટલામાત્રથી તે ધર્મ લોકહિતનાં કાર્યો કરતો જ નથી કે સમાજ માટે તદ્દન અનિષ્ટરૂપ છે, એવું ન કહી શકાય. કોઈ પણ ધર્મમાં જ્યાં સુધી એકલું fanatism (ધર્મઝનૂન) ન આવે ત્યાં સુધી તે ધર્મ થોડું ઘણું લોકકલ્યાણ કરનારો કહેવાય જ.

**સભા :** હિંદુધર્મના નાતે સતી થવાના, બલિ ચડાવવાના રિવાજ પર સરકારે પ્રતિબંધ ફરમાવ્યો તે શું યોગ્ય નહોતું ?

**સાહેબજી :** ધર્મમાં પ્રવેશેલો આ રિવાજ સાચો છે કે ખોટો તે નક્કી કરવાનો હક-અધિકાર સરકારનો કે ધર્મગુરુઓનો ?

**સભા :** ધર્મગુરુઓનો.

**સાહેબજી :** જેમ કે તમારા ઘરમાં કોઈ dispute (ઝઘડો) થાય તો સાચા-ખોટાનો નિર્ણય કરવાનો અધિકાર કુટુંબના વડીલનો કે તમારા પડોશીનો ? વડીલનો આવે. હા, કોઈ ધર્મવાળા સમાજમાં અવ્યવસ્થા ઊભી કરે, સમાજમાં અપરાધની પરંપરા સર્જાય એવું કાંઈ કરે તો તેને અટકાવવાનો અધિકાર રાજ્યને ચોક્કસ છે. ત્યારે રાજ્યે અટકાવવાનો પ્રસંગ આવે, તે સિવાય નહીં.

**સભા :** આ પ્રથાઓ ખોટી છે તેવું શું ધર્મગુરુઓ માનતા નથી ?

**સાહેબજી :** ધર્મગુરુઓ જ્યાં સુધી ધર્મશાસ્ત્રોના આધારે વાત કરે ત્યાં સુધી એ વાત પણ વિચારવી પડે. ધર્મશાસ્ત્રો યોગ્ય કારણથી કોઈ વાત રજૂ કરે તો તેની ટીકા ન કરાય. સતી થવાની પ્રથામાં બળજબરીની કે જબરદસ્તીની કોઈ વાત ન હતી. દા.ત. ભરયુવાનીમાં કોઈ સ્ત્રી વિધવા થાય અને તેને લાગે કે સદાચાર અને શીલ પાળી લાંબું જીવન જીવી શકાય તેમ નથી, અને મારે અનાચાર, કુશીલ કે દુરાચારના માર્ગે તો જવું જ નથી. તે માર્ગે જવા કરતાં શીલ-સદાચાર સાથે જીવન ટુંકાવું, એવી ધર્મભાવનાથી જો કોઈ સ્ત્રી સતી થાય તો તેમાં સરકારને તેને રોકવાનો અધિકાર નથી. આવું લાગે ત્યારે પોતાનું જીવન ટુંકાવવાનો વિચાર કરે તો તે ખોટો પણ નથી.

**સભા :** તો શું તે યોગ્ય છે ? તે આત્મહત્યા/આપઘાત ન ગણાય ?

**સાહેબજી :** ચોક્કસ ! યોગ્ય જ છે. આવી રીતે થાય તેને શાસ્ત્રનું સમર્થન છે. આપણે ત્યાં બહુ સત્ત્વશાળી, ઉચ્ચ આદર્શોવાળા જીવો હોય તે આવો પણ વિચાર કરે. અરે ! શાસ્ત્રમાં તો સાધુ માટે પણ લખ્યું કે કર્મસંયોગે તેને મનમાં વાસના-વિકારો સતાવે અને તેને અનાચારના માર્ગે જવાના સંયોગો ઊભા થાય ત્યારે ગુરુ પાસે જઈને અનશન કરવાની રજા માંગે અથવા તો ઝેર ખાઈ સમાધિપૂર્વક આત્મહત્યા કરે, પરંતુ પ્રતિજ્ઞાભ્રષ્ટ કે ચારિત્રભ્રષ્ટ થઈ ન જીવે. ઉલ્લાસથી અને ભાવપૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યા પછી પણ તેને કોઈ કર્મ સતાવે અને અનાચારના માર્ગે જવાનું જોખમ લાગે, તો કહે કે સાહેબ, મને અનશન કરવાની મંજુરી આપો, અને જ્ઞાની ગુરુને પણ ઉચિત જણાય તો તેને રજા અવશ્ય આપે; તો તે શું ગેરવાજબી છે ? અરે ! ચારિત્ર કે સદાચારના રક્ષણ માટે જ ભરયુવાનીમાં પહાડ ઉપર જઈને પડતું મૂકનાર શ્રેણિકપુત્ર નંદિષેણમુનિનું દૃષ્ટાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ત્યાં તે આપઘાતની શાસ્ત્રમાં આપઘાત કહી નિંદા નથી કરી, પરંતુ ઉચિત પ્રવૃત્તિ જ કહી છે. તે જ રીતે રાજકુમારી ચંદનબાળાનાં માતા ધારિણી મહાસતીએ પણ શીલના રક્ષણ ખાતર જીભ કચડી આત્મહત્યા કરી, છતાં તેમની શાસ્ત્રોમાં પ્રશંસા જ છે.

**સભા :** આવી સમજણથી ન કરે, પણ પતિ પ્રત્યેના આંધળા રાગથી સતી થાય તો ?

**સાહેબજી :** તેને તો આપણે મોહમાં જ ખપાવ્યું છે. તે તો ખોટું જ છે. તેને આપણે ક્યાં સારું કહીએ છીએ ? માટે જ આનંદઘનજી મ.સા.એ કહ્યું છે કે

**'કોઈ કંત કારણ કાષ્ઠભક્ષણ કરે રે, મિલસ્યું કંતને ધાય;**
**તે મેળો નવિ કહિયેં સંભવે રે, મેળો ઠામ ન ઠાય.'**

વળી આપણા ધર્મમાં વ્યક્તિસ્વાતંત્ર્યનો સિદ્ધાંત પાયામાં સ્વીકારવામાં આવ્યો છે. તેથી દરેકને પોતાના જીવનમાં સદાચાર, શીલ પાળવા માટે પોતાના દેહનો સ્વેચ્છાએ ત્યાગ કરવાનો હક છે. તેમાં કોઈને interfere થવાનો (ચંચુપાત કરવાનો) અધિકાર નથી. ટૂંકમાં, કોઈ સદાચાર-શીલ

ખાતર મરે તો રાજ્યને પણ તેને અટકાવવાનો અધિકાર નથી.

**સભા :** એમનું અનુકરણ કરી બીજા લોકો મોહવશ આપઘાત કરે તેનું શું ?

**સાહેબજી :** તેવા કાલ્પનિક ભયથી સારું બંધ કરી દેવાનું ? તો તો તમે કાલે એમ કહેશો કે એક વ્યક્તિએ લાખ રૂપિયાનું દાન આપ્યું, તે જોઈને બીજાએ પોતાની શક્તિથી અધિક દાન આપ્યું, અને તેના કારણે તે પોતે અને તેનું કુટુંબ બરબાદ થઈ ગયું, તો શું સમાજમાં દાન દેવાની પ્રથા બંધ કરાવશો ?

**સભા :** પણ અહીં તો મૃત્યુની વાત છે.

**સાહેબજી :** મોત પણ ઉત્તમ કાર્ય માટે છે. બીજા લોકો આંધળું અનુકરણ કરશે તેના ડરથી સુકૃત અને સુકૃતની પરંપરાને લોકમાં કદી અટકાવાય નહીં. વળી મોત પામવા કોઈ આંધળું અનુકરણ કરે તે પણ કલ્પના જ છે.

**સભા :** મતલબ કે આપ પણ શું સતીપ્રથાની વાતને યોગ્ય માનો છો ?

**સાહેબજી :** સતીપ્રથા ભગવાનની આજ્ઞા મુજબની હોય તો હું પ્રશંસા કરું અને પ્રસંગ આવે તેનો ઉપદેશ પણ આપું. ચિત્તોડની ૧૪,૦૦૦ રાજપૂતાણીઓએ એકીસાથે જૌહર કર્યું (બળીને મરી ગઈ) તે શું કામ ? એ માટે જ કે 'અમારા દેહે શીલભંગ કરીને અમારે જીવવું નથી. અમારા દેહ પરપુરુષથી ચૂંથાવા ન જોઈએ. શીલ સાથે ઓછું જિવાય તો વાંધો નથી, અલ્પમાં અમને આનંદ છે. અમારે કૂતરા-બિલાડાની જેમ ભટકીને લાંબું જીવવું નથી.' ભૂતકાળમાં common layman (સામાન્ય માનવી) સુધી આર્યદેશની પ્રજામાં આ ખમીર અને સત્ત્વ હતું. તેને તોડવા માટે કેટકેટલું થયું છે, તે વાત કરવા જઈશું તો અત્યારે વિષયાંતર થઈ જશે. માટે સતીપ્રથાને એકાંતે ખોટી માને તો તે ન ચાલે. તેની વાત સાથે હું સહમત નહીં થાઉં.

**સભા :** સમાજમાં જે સતીપ્રથા ચાલતી હતી, તે ભગવાનની આજ્ઞા મુજબની હતી ? તો શું તે નાબૂદ કરી તે યોગ્ય કે અયોગ્ય ?

**સાહેબજી :** કોઈપણ પ્રથા જે મૂળથી શાસ્ત્રવિરુદ્ધ ન હોય, છતાં લાંબા ગાળે તેમાં કોઈ દૂષણ આવે તો તેમાં સુધારો સૂચવાય, પણ તેને મૂળમાંથી ડામી ન દેવાય કે નાબૂદ ન કરાય. કોઈ પણ વસ્તુમાં તમે extreme પર (છેલ્લી હદે) ન જાઓ. અત્યારે તો રાજ્યે જ એવી કેટલીય વિચારધારા ફેલાવી છે કે જેમાં સાચું તણાઈ જાય છે.

**સભા :** પશુઓનો બલિ ચઢાવાય તે યોગ્ય ?

**સાહેબજી :** પશુઓનો બલિ ચડાવવો એ ધર્મ નથી, અધર્મ છે. આવી વાતોમાં ધર્મો પરસ્પર ચર્ચા-વાદ કરી નિર્ણય કરે. આ દેશમાં ધર્મોમાં મુક્ત સ્પર્ધા હતી. કોઈ ધર્મ પોતાના સિદ્ધાંત રજૂ કરે, અને તે ખોટા લાગે તો બીજા ધર્મવાળા શાસ્ત્રાર્થ કરી તેમની સાથે ચર્ચા કરે, તેનું ખંડન કરે. પણ એ વાદ-વિવાદ જ્યાં સુધી સમાજમાં અંધાધૂંધી ન ફેલાવે ત્યાં સુધી રાજ્યને તેને ડામવાનો અધિકાર નથી.

**સભા :** વિવાદનું નિરાકરણ પણ રાજસભામાં જ થતું હતું ને ?

**સાહેબજી :** રાજ્ય પાસે ધર્માચાર્યો service (સેવા) માંગે ત્યારે જ provide કરવાની (પૂરી પાડવાની) છે. તે સિવાય રાજ્યે વણમાગે દખલગીરી કરવાની નથી. દા.ત. કોઈ ધર્માચાર્ય રાજસભામાં આવીને કહે કે આ બાબતમાં અમારે વિવાદ કરવો છે, માટે તેમાં નિર્ણય કરવા માટે તમે મધ્યસ્થ બનો, તો રાજા મધ્યસ્થી બને. ધર્માચાર્ય મધ્યસ્થી તરીકે રાજાને invite (નિમંત્રિત) કરે, પછી જ રાજ્ય service (સેવા) આપે. જેમ કે તમારા ઘરમાં ઝઘડો થાય એટલે પાડોશી વણમાગે માથું મારે ? કે તમારા તરફથી તેમને મધ્યસ્થી કરવાની વિનંતી કરવામાં આવે ત્યારે આવે ?

આપણે ત્યાં રોહગુપ્ત નામના નિહ્નવ થયા. રોહગુપ્ત તેમના ગુરુના પીઠબળથી વાદ જીતીને આવ્યા ત્યારે શિષ્યને ગુરુએ પૂછ્યું કે કેવી રીતે વિજય પામ્યા ? રોહગુપ્તે કહ્યું કે "પરિવ્રાજકને હરાવવા અને તેની ઉદ્ધતાઈને ડામવા ત્રિરાશીનો સિદ્ધાંત સ્થાપીને હું જીત્યો છું." ગુરુએ કહ્યું કે "તે તે સંયોગમાં તમે આવું કરી આવ્યા તે ઠીક છે, પણ તેમાં છેલ્લે સાચું declare (જાહેર) કરવું જરૂરી છે, તે તમે નથી કર્યું. માટે હવે રાજસભામાં પાછા જાઓ અને તેવી જાહેરાત કરો કે સિદ્ધાંત ત્રિરાશીનો

નથી, પણ દ્વિરાશીનો જ છે." પરંતુ ત્યારે શિષ્ય રોહગુપ્ત ના પાડે છે અને કહે છે કે મેં આટલું ગાજીવાજીને સ્થાપિત કર્યું, રાજસન્માન મેળવ્યું અને હવે તેને પાછુ ખેંચું ? જો પાછુ ખેંચું તો મારું ગૌરવ શું રહે ? તેને ભગવાનની આજ્ઞા કરતાં પોતાના ગૌરવની હાનિ થાય તે વધારે માઠું લાગ્યું.

**સભા :** શાસનની પણ અપભ્રાજના થાય તે માટે પણ ના પાડી હોઈ શકે ને ? જૈન સાધુ જાહેરમાં પહેલાં આમ કહે છે, અને હવે પછી આવું કહે છે, તેમ પણ લોકોને લાગે ને ?

**સાહેબજી :** તેમાં શાસનની અપભ્રાજના ન થાય, પરંતુ આપણી પ્રામાણિકતા સ્થાપિત થાય. ખોટી રીતે પક્ષીય પ્રભાવના, તે પ્રભાવના નહીં, પણ હીલના જ કહેવાય, તેમ પ. પૂ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાએ જણાવ્યું છે. **સિદ્ધાંતની વિરુદ્ધ જઈને પ્રભાવના કરવાની વાત આપણે ત્યાં છે જ નહીં.** અપભ્રાજના ન જ થાય. ઊલટું આમ જાહેરમાં ખુલાસો કરવાથી આપણી વિદ્વત્તાપૂર્વકની પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા સ્થાપિત થાય; વળી, પોતે જે સિદ્ધાંત નથી માતના તે પણ સ્થાપિત કરવામાં જૈન સાધુ કેટલા તર્કનિપુણ છે, તેનો પણ લોકોને ખ્યાલ આવે. બીજું એ કે શાસનપ્રભાવના પણ જૈનશાસનને જે માન્ય સિદ્ધાંત છે તેને સ્થાપીને જ કરવાની છે. એનાથી વિરુદ્ધ સિદ્ધાંત દ્વારા પ્રભાવના કરે તો તે જૈનશાસન અને તેના સિદ્ધાંતનો મહાવિરાધક બને છે. અપસિદ્ધાંતથી થતી પ્રભાવના આપણને જરાય મંજૂર નથી.

અહીં શિષ્યની ફરજ હતી કે રાજસભામાં જઈને સાચી વાત declare (જાહેર) કરી આવે, પણ શિષ્ય તૈયાર ન થયો, એટલે ગુરુએ કહ્યું કે તારી વાતનું જાહેરમાં ખંડન કરવું એ હવે મારી જવાબદારી થઈ પડી છે. પછી ભગવાનનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવા ગુરુ શિષ્યને વાદ કરવાનું આહ્વાન આપે છે, એટલે ગુરુ-શિષ્યનો વાદ ગોઠવાયો. તેમના મતભેદમાં મધ્યસ્થી તરીકે કોઈની જરૂર પડે, એટલે આચાર્ય રાજસભામાં ગયા અને કહ્યું કે અમારે મધ્યસ્થીની જરૂર છે. ત્યારે રાજા મધ્યસ્થી થવા તૈયાર થાય છે. આપણે ત્યાં બધે આ જ વાત આવે છે. અર્થાત્ ધર્મ serviceની demand કરે (સેવાની માંગણી કરે) ત્યારે રાજ્ય provide કરે, (પૂરી પાડે), તે

પહેલાં હસ્તક્ષેપ ન કરે. ધર્મમાં સીધો નિર્ણય આપવાનો રાજ્યને અધિકાર નથી.

અત્યારે તો રાજ્ય એક બાજુ એમ કહે છે કે ધર્મની વ્યાખ્યા નક્કી કરવી અશક્ય છે, અને બીજી બાજુ કહે છે કે આને ધર્મ કહેવાય અને આને ધર્મ ન કહેવાય. ધર્મ કોને કહેવાય અને ધર્મ કોને ન કહેવાય, એ નક્કી કરવાનો અધિકાર અત્યારે રાજ્ય ભોગવે છે. પણ ખરેખર, ધર્મમાં fanatism (ધર્મઝનૂન) ન આવે, અંધાધૂંધી, અરાજકતા ઊભી ન થાય ત્યાં સુધી રાજ્યનું interference (ચંચુપાત) ન હોવું જોઈએ. હા, કોઈપણ ધર્મ કે ધર્મના અનુયાયી ધર્મઝનૂન તરફ જઈને ગમે તેવાં statements (વિધાનો) કરે કે જેનાથી અંધાધૂંધી અને અરાજકતા ફેલાય તેવા સંયોગો ઊભા થાય, તો રાજ્યને પગલાં લેવાનો અધિકાર છે, તે social offence (સામાજિક ગુનો) બને તો તેને અટકાવવાની ફરજ અને જવાબદારી રાજ્યની છે. social offenceમાં (સામાજિક ગુનામાં) દા.ત. અહીં ઉપાશ્રયમાં આવીને કોઈ ચોરી કરે, અહીં આવીને કોઈ કોઈને મારી જાય, તો તેના ઉપર પણ પગલાં લેવાનો, તેને સજા કરવાનો રાજ્ય અધિકાર ધરાવે જ છે, તે સિવાય ધર્મ કોને કહેવાય, ધર્મનો અપરાધ શું, તેનો નિર્ણય આપવાનો રાજ્યને હક નથી. પણ અત્યારની સરકાર તેની મર્યાદાથી આગળ વધી છે.

આમ, એક બાજુ એમ કહેવાય કે ધર્મ તમારે જે માનવો હોય તે માનવાની તમને છૂટ છે, તમને બંધારણ હેઠળ ધાર્મિક સ્વતંત્રતા બક્ષવામાં આવેલી છે, તમારી ધર્મશ્રદ્ધા, ધર્મક્રિયા, ધર્માચરણ કે વર્તનમાં રાજ્ય ક્યાંય હસ્તક્ષેપ કરશે નહીં; અને બીજી બાજુ જેટલાં પણ ધર્મસ્થાનકો છે, ધર્મનાં પ્રતીકો છે, જે બધામાં તે તે ધર્મના અનુયાયીઓની ધાર્મિક ભાવનાઓ તાણાવાણાની જેમ વણાયેલી છે, તેનો સ્વીકાર રાજ્ય કરતું નથી. જેમ કે આ દેરાસરમાં જે પ્રતિમા છે તેને પૂજનારા જૈનો શું તેને પત્થરનો ટુકડો માને છે ? તેઓમાંનું કોઈ પ્રતિમાને પત્થરનો ટુકડો નહીં માને, ભગવાન માને છે. એવી રીતે મહાવીરનું ચિત્ર કોઈ કાગળ ઉપર દોરેલું-છાપેલું હશે તો કોઈ તેને કાગળનો ટુકડો માનશે ? નહિ જ. કોઈ ધર્મના દેવી-દેવતાના ફોટા ગમે ત્યાં ચિતરી દે, જેમ કે હમણાં જ કોઈ દેશમાં પગની મોજડી ઉપર રામનું ચિત્ર છાપ્યાનું પ્રકાશિત થયેલું; ટી-શર્ટ, ટ્રાઉઝર્સ (આધુનિક

ઉત્તરીય વસ્ત્રો) ઉપર દેવી-દેવતાના નગ્ન ફોટાઓ મૂકીને પહેરે, તો લોકોની ધાર્મિક લાગણી દુભાય છે, અનુયાયીઓ તેનો વિરોધ પણ કરે છે, ઊહાપોહ થાય છે; કારણ કે એ આકૃતિ અને symbol (પ્રતીક) સાથે ધાર્મિક ભાવના જોડાયેલ હોવાથી તે વસ્તુ પણ પવિત્ર બને છે. પછી તે કાગળનો કે કપડાનો ટુકડો કે પત્થર નથી રહેતો. જે તે ધર્મના અનુયાયી માટે તેની value (કિંમત) અલગ થઈ જાય છે. તે સોનાની પ્રતિમા હશે તો તેના માટે તે સોના કરતાં પણ અમૂલ્ય હશે. બધા જ ધર્મની આવી માન્યતાઓ છે. બધા જ ધર્મની આ સ્થિતિ છે, પણ બંધારણના Article-26માં (કલમ ૨૬માં) લખ્યું કે આ બધું જ property (મિલકત) છે. માટે property (મિલકત) તરીકેનો જે કાયદો છે, તે પ્રમાણે તેનું સંચાલન થશે. એનો અર્થ એ થયો કે જે મૂર્તિને ભાવિકો આરાધ્ય તત્ત્વ, અમૂલ્ય વસ્તુ માની શ્રદ્ધા, બહુમાન અને અનન્ય ભાવથી પૂજે છે, તેને કાયદાની કલમ દ્વારા રાજ્ય તમારી પાસેથી એક property (મિલકત) તરીકે કબૂલ કરાવે છે. જેમ કે તમે મહાવીરના અનુયાયી હો તો મહાવીરની મૂર્તિમાં પવિત્રતાનાં દર્શન થાય, અને શંકરના અનુયાયી હોય તેને શંકરની મૂર્તિમાં પવિત્રતા દેખાય. બીજાને તેમાં પવિત્રતા ન પણ દેખાતી હોય તોપણ તેને અનુયાયીઓ પાસેથી બળજબરીપૂર્વક property (મિલકત) ગણાવવાનો હક તેને મળતો નથી. હકીકતમાં કોઈપણ ધર્મવાળા પોતાના પવિત્ર તત્ત્વને property (મિલકત) માનતા નથી. આમ તો રાજ્ય નાસ્તિક ન હોવું જોઈએ, પણ માની લો કે આજનું રાજ્ય એક પણ ધર્મમાં માનતું ન હોય, અને પોતે property (મિલકત) માને ત્યાં સુધી ઠીક છે, પણ જે તે ધર્મના અનુયાયીઓ પાસે પણ તેને property (મિલકત) તરીકે કાયદાના દબાણથી સ્વીકાર કરાવે છે, તે અયોગ્ય છે. બંધારણની કલમ દ્વારા ટ્રસ્ટનો કાયદો ઘડી આપણી પાસે આપણા જ ધાર્મિક ઉપાસ્ય-પૂજનીય-પવિત્ર તત્ત્વ-પ્રતીકોને-પ્રતિમાઓને પ્રોપર્ટી મનાવવામાં આવે છે.

**સભા :** અમુક કાયદાઓમાં ધર્મ પ્રત્યેના શ્રદ્ધા, માન્યતા આદિ ભાવને સરકારે intangible goods (અમૂર્ત વસ્તુ) કહ્યો છે, છતાં એવી કેટલીય સેવા વગેરે ઉપર તે ટેક્ષ પણ લે છે.

**સાહેબજી :** intangible goods (અમૂર્ત વસ્તુ) ભાવધર્મને કહ્યો કે આખા ધર્મને ?

**સભા :** આખા ધર્મને... માનોને intangible goods (અમૂર્ત વસ્તુ) કહ્યો છે.

**સાહેબજી :** મુદ્દો ધર્મ પાસેથી રાજ્યે ટેક્ષ લેવાય કે નહીં તે છે. ધર્મ ઉપર ટેક્ષ લેવાય એમ આજનું રાજ્ય માને છે. આપણે ત્યાં ધર્મ પાસેથી ટેક્ષ ન લેવાય તેમ વાત છે. ધર્મ લોકકલ્યાણનાં કામ દાનથી મળતા ધનથી કરે તેમાંથી રાજ્ય કદી ટેક્ષ લેતું નહોતું. આ આર્યનીતિની વ્યવસ્થા હતી. ચાણક્યના અર્થશાસ્ત્રમાં લખ્યું કે રાજ્ય ધર્મને દાન આપે ખરું, પણ કદી ધર્મ પાસેથી છીનવી-ઝૂંટવી ન લે, ટેક્ષ પણ ન લે; કારણ કે રાજ્ય માને કે ધર્મ એ લોકકલ્યાણનું ઉત્તમ કાર્ય કરે છે, લોકોએ સારા કાર્ય માટે સદ્ભાવથી ધર્મને પૈસા આપ્યા હોય છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે છે કે રાજ્યને ધર્મ પાસેથી ટેક્ષ લેવાની જરૂર નથી; કારણ કે હકીકતમાં ધર્મ રાજ્યને પરોક્ષ વળતર આપે જ છે. તે કઈ રીતે વળતર આપે છે, તેનું પણ શાસ્ત્રમાં વર્ણન છે. અત્યારના આપણા બંધારણમાં ધર્મને invisible faith/belief (અદૃશ્ય શ્રદ્ધા/માન્યતા) તરીકે ઉલ્લેખેલ છે. તેથી કાયદા પ્રમાણે ધર્મને goods (વસ્તુ) ન કહી શકે. છતાં ટેક્ષ લેતાં પહેલાં કાંઈક શબ્દ તો આપવો પડે, એટલે intangible goods (અમૂર્ત વસ્તુ) નામ આપ્યું.

આપણે અહીં ચર્ચા એ ચાલે છે કે રાજ્ય એકબાજુ દરેક ધર્મવાળા પોતપોતાની માન્યતા અનુસાર ધર્મ પાળવા-આચરવા સ્વતંત્ર છે, તેમ કહે છે, અને પછી તે જ ધર્મના અનુયાયીઓ પાસે જ મૂર્તિ, મંદિર, મંદિરના અલંકારો, ભગવાનની પાસે અર્પણ થતી ચીજોનો property (મિલકત) તરીકે સ્વીકાર કરાવે છે અર્થાત્ કે આ બધું ધર્મ નથી. મંદિરના નિભાવ માટે કોઈ જમીન આપે તો તેને property (મિલકત) કહે તો તેની સામે વાંધો નથી, કારણ કે તે realમાં property (હકીકતમાં મિલકત) છે.

આપણે ત્યાં દાખલા છે કે ભૂતકાળમાં ધર્મના નિભાવ માટે, સંચાલન માટે આખી બજારની buildings-મકાનો, જમીનો દાનમાં અપાતી હતી અથવા સંઘ દ્વારા જમીનો ખરીદાતી હતી અને દુકાનો બાંધી ભાડે અપાતી

હતી. તેવી રીતે ઊભી કરાયેલી કે ઊભી થયેલ મિલકતને મિલકત કહે તો વાંધો નથી, પણ જે ઉપાસનાનું તત્ત્વ છે તેની monetary value (નાણામાં કિંમત) ગણાય જ નહિ. આપણે ત્યાં પ્રતિમા બધી જ પવિત્ર છે, પછી તે સોનાની હોય, ચાંદીની હોય, સ્ફટિકની હોય, રત્નની હોય, પાષાણની હોય કે માટીની હોય, પણ બધી તે સરખી પવિત્ર અને પૂજ્ય બને છે. તેનું મૂલ્ય પાવનકારિતાની દૃષ્ટિએ અમૂલ્ય જ છે.

**સભા :** ધર્મના નિભાવ-વ્યવસ્થા માટે ઊભી કરેલ property (મિલકત) તે પણ ધર્મ જ છે ને ?

**સાહેબજી :** ધર્મના નિભાવ માટે વ્યવસ્થા કરવી એ પણ ધર્મ જ છે. એને માટે અપાતું દ્રવ્ય તે ધર્મદ્રવ્ય છે. એ ધર્મથી બહાર છે, એવું મારે નથી કહેવું, એ પણ ધર્મનું અંગ જ છે. પરંતુ religious property (ધાર્મિક મિલકત) અને ધર્મસ્થાનક કે ધાર્મિક પ્રતીકો વચ્ચેનો ભેદ પાડવા માંગું છું. Religious property (ધાર્મિક મિલકત) ઉપર પણ રાજ્ય ટેક્ષ લઈ શકે તેમ કહેવા નથી માંગતો, પણ propertyમાં (મિલકતમાં) તે પદાર્થનું ભૌતિક મૂલ્ય હોય છે; જ્યારે ધર્મનાં પવિત્ર શાસ્ત્રો, મૂર્તિ, મંદિર આદિનું મૂલ્ય એ તેની સાથે જોડાયેલી ધર્મભાવનાઓ, તેની સાથે જોડાયેલું પૂજ્ય-અનુપમ પવિત્ર તત્ત્વ છે, માટે તેની કિંમત રૂપિયામાં આંકી શકાતી નથી, તેમ જણાવું છું. મૂર્તિ, મંદિર, ઉપાશ્રયો, ધર્મશાસ્ત્રો, જ્ઞાનભંડારો, તીર્થસ્થાનકો વગેરે એ પવિત્ર ઉપાસ્ય-પૂજ્ય તત્વો છે. શાસ્ત્ર કે ગ્રંથો એ કાંઈ પાનાંનો ઢગલો નથી. વાસ્તવમાં તે જે તે ધર્મનું પવિત્ર શાસ્ત્ર છે. એના દ્વારા તેના અનુયાયીઓને કેટલી પ્રેરણા મળે ! કેટલાયના જીવનમાં શુદ્ધિ લાવે, પ્રકાશ પાથરે તેવું તત્ત્વ તેમાં ભર્યું હોય છે. તેને તમે Holy book (પવિત્ર પુસ્તક) કહો તો વાંધો નહીં, પણ property (મિલકત) તરીકે તેને કદી ન ગણાય. જ્યારે રાજ્ય ધાર્મિકભાવનાથી વિરુદ્ધ, પરાણે જબરદસ્તીથી તેને મિલકત તરીકે કબૂલ કરાવે છે, તેનો આ નમૂનો છે. અત્યારે જેટલાં પણ ધાર્મિક ટ્રસ્ટો છે, તેમાં મંદિર કે મૂર્તિને immovable કે movable property (સ્થાવર કે જંગમ મિલકત) તરીકે નોંધવામાં આવે છે, જેને તે રીતે ગણી શકાય જ નહીં. જો તેને property (મિલકત) જ ગણવાની હોય તો પછી તેમાં આશાતનાનો પ્રશ્ન જ ન રહે. પછી ધાર્મિક સ્વતંત્રતા ક્યાં રહી ?

These are objects of worship and they cannot be considered as property. If it is so considered it is against religious belief. This is true for all religions. (આ બધાં ભક્તિ કરવાનાં દ્રવ્યો-ઉપાસનાનાં તત્ત્વો છે, અને તેમને મિલકત તરીકે ગણી શકાય નહિ. જો આવી રીતે મિલકત તરીકે ગણવામાં આવે તો તે ધાર્મિક માન્યતાની વિરુદ્ધ છે. આ વાત બધા ધર્મો માટે સાચી છે.)

જેમ કે કોઈ મોજા ઉપર રાજાનું ચિત્ર છાપે કે કોઈ શર્ટ કે જર્શી પાછળ મહાવીર કે પદ્માવતી દેવીનાં ચિત્ર મૂકે તો તમે તે વ્યક્તિએ આશાતના કરી, એમ કહો કે નહીં ? કારણ કે તમે તે ચિત્રોને કપડાંના ટુકડા કે પ્રતિમાને પત્થર માનતા નથી.

જેમ કે National Flag-રાષ્ટ્રધ્વજને કોઈ પગલુછણિયા તરીકે વાપરે, તેના લીરા ઉડાડે, તેનો પોતા તરીકે ઉપયોગ કરે, સળગાવે કે અન્ય રીતે તેની કોઈ અવહેલના કરે, તો સરકાર તેને ગુનો ગણે છે. કેમ ? રાષ્ટ્રધ્વજને માન આપવાની, તેની dignity (સન્માન) જાળવવાની તમારી જવાબદારી છે, વડાપ્રધાનની પણ ફરજ છે. રાષ્ટ્રધ્વજ પણ કાગળ કે કાપડના ટુકડામાંથી જ બને છે, છતાં ટુકડા પર રાષ્ટ્રધ્વજનું ચિત્ર દોરાયું એટલે તેમાં રાષ્ટ્રભાવના ભળી ગઈ. પછી તે ટુકડો ટુકડો રહેતો નથી. હવે આ જ flagને (ધ્વજને) property (મિલકત) કહેવાય ? જો તમે તેને મામૂલી property (મિલકત) ગણો તો રાષ્ટ્રભાવના દુભાય. રાષ્ટ્રભાવના ભળ્યા પછી તેની પૈસાથી કોઈ કિંમત આંકી શકાતી નથી. ત્યાં કોઈ તેની અવહેલના કરે તો સરકાર steps (પગલાં) લે, તો અહીં જે જે ધર્મસ્થાનકો કે ધાર્મિક પ્રતીકોની સાથે તે તે ધર્મના અનુયાયીઓની ધાર્મિક લાગણી-ભાવનાઓ જોડાયેલી છે, તેને રાજ્ય માત્ર property (મિલકત) કહી કાયદાઓ લગાડે તો તે ક્યાંનો ન્યાય છે ?

**સભા :** Indian Constitution (ભારતનું બંધારણ) આ બાબતમાં શું કહે છે ?

**સાહેબજી :** આ Constitutionના provisionsની (બંધારણની જોગવાઈઓની) જ વાત કરું છું. Constitutionની (બંધારણની) જોગવાઈઓનું

અર્થઘટન બધા આ રીતે જ કરે છે. આમ, આપણાં ધાર્મિક ઉપાસ્ય-પૂજ્ય-તત્ત્વો, ચીજોને property (મિલકત) ગણે છે, અને તેના ઉપરpropertyના (મિલકતના) કાયદા લાગુ પડે છે. આપણી પાસે આપણા ધાર્મિક symbols(પ્રતીકો) વગેરેને immovable કે movable propertyરૂપે (સ્થાવર કે જંગમ મિલકતરૂપે) કબૂલ કરાવે છે. ટ્રસ્ટને property (મિલકત) રાખવાની સત્તા આપી, પણ ઉપાસ્ય ચીજોને પણ property (મિલકત) તરીકે લે એટલે propertyના (મિલકતના) સંચાલનના બધા કાયદા ઉપાસ્ય ચીજોને પણ લાગુ પડે.

**સભા :** Business activity અને Religious activity (વેપારી પ્રવૃત્તિ અને ધાર્મિક પ્રવૃત્તિ) બંનેને સરખી ગણવામાં આવે છે ?

**સાહેબજી :** તેવું ન મનાય, પણ સરકાર જ્યાં profitનો (નફાનો) હેતુ હોય ત્યાં જ ટેક્ષ લે છે એવું નથી. નફાના ઉદ્દેશ સિવાય કરાતી લોકહિતની પ્રવૃત્તિમાં થતી ઊપજ ઉપર પણ ટેક્ષ લેવાનો સરકાર પોતાનો અધિકાર માને છે. આ બધા taxation (કરમાળખું) રાજનીતિ પ્રમાણે વાજબી જ છે તેમ હું કહેતો નથી, કે તેનું સમર્થન પણ કરતો નથી. અત્યારે હું સામાજિક દૃષ્ટિએ વર્તમાન રાજ્યવ્યવસ્થાના અન્યાયોની ચર્ચા કે સમીક્ષા કરવા બેઠો નથી, પણ ધર્મક્ષેત્રમાં રાજ્ય ક્યાં હેરાન કરે છે અને કેવાં પગલાં લઈને અન્યાય કરે છે, તેની વાત કરું છું.

તીર્થો સંદર્ભે ઊભા થયેલા પ્રશ્નો પાયાની આ ખોટી માન્યતામાંથી જ ઉદ્ભવેલા છે. સમેતશિખરનો આપણો પહાડ, તેને રાજ્ય એક property, (મિલકત), માટીનો ઢગલો, ઝાડપાનનું જંગલ ગણી તે રીતે treat (વ્યવહાર) કરે છે. વાસ્તવમાં તેને property (મિલકત) મનાય જ નહીં. તે આપણી પાસે આવું સ્વીકારાવી ન શકે. છતાં જે કોઈ trust create કરે (ટ્રસ્ટ બનાવે) તેણે સરકારી દફતરે બધું નોંધાવવું પડે છે, તે property (મિલકત) તરીકે જ નોંધાવે છે. જેને આપણે spiritually charged, sacred place (આધ્યાત્મિક રીતે તૈયાર થયેલું, પવિત્ર સ્થળ) માનીએ, તેને રાજ્યે આપણી પાસે property (મિલકત) તરીકે મનાવી આ ધમાચકડી ઊભી કરી છે. આને વાસ્તવમાં property (મિલકત) કહેવાય જ નહીં. રાજ્ય કદાચ આપણી માન્યતા ન સ્વીકારે, પણ આપણી માન્યતાથી વિરુદ્ધ આપણી પાસે

કબૂલ તો ન જ કરાવી શકે. Property (મિલકત) તરીકે નોંધાવરાવે છે તે જ ધર્મ ઉપર એક બહુ મોટો પ્રહાર છે. પ્રથમ તો નોંધાવવાની વાત જ ખોટી છે, અને છતાં નોંધાવે તોપણ તેને માત્ર મિલકત તરીકે જ કેમ મનાય ? આ પવિત્ર પહાડના રક્ષણ માટે જૈનોએ લાખો, કરોડો રૂપિયા ખર્ચ્યા છે, જેના માટે પ્રાણ આપી દેવા તેના અનુયાયીઓ તૈયાર થઈ જાય, તેનું મૂલ્ય રૂપિયામાં કેમ આંકી શકાય ?

જેમ કે સ્વાતંત્ર્ય સેનાની સ્વરાજ માટે લડ્યા, તેમાં ઘણાંએ તો National flagની dignity (રાષ્ટ્રધ્વજના સન્માન) માટે પ્રાણ પાથર્યા. સેનાનીઓ કહે કે અમે મરી જઈશું, પણ આ દેશના flagને (ધ્વજને) નીચે નહીં પડવા દઈએ. ત્યારે કોઈ તેમને કહે કે તું જતું કરીશ તો તને આવા ૧૦૦ કપડાના ટુકડા લાવી આપીશ, તો એ વખતે સ્વાતંત્ર્ય સેનાની શું કહે ? 'આ કપડાનો ટુકડો નથી. આની સાથે મારી દેશભક્તિની ભાવના ભળેલી છે, ધ્વજના સન્માનમાં દેશનું ગૌરવ સમાયેલું છે.' તેથી એક ધ્વજને લહેરાતો રાખવા કેટલાય શહીદ થયા. હાલની સરકાર તેઓને Reward & Awards (ઇનામ અને બક્ષીસ)આપે છે, તેમની ઉચ્ચ ભાવનાની કદર કરે છે, જીવતા સેનાનીઓનાં સન્માન કરે છે અને મરેલાનાંય સન્માન કરે છે. ત્યાં શહીદ થયો એમ કહેવાય છે. ત્યાં જો સરકારને રાષ્ટ્રભાવનાનો વિચાર આવે છે, તો અહીં ધર્મસ્થાનકો સાથે જોડાયેલી ધાર્મિક ભાવનાઓને કેમ ગણકારતી નથી ?

જે ખરેખર Religious property (ધાર્મિક મિલકત) હોય તેને સરકાર property (મિલકત) કહે તો તેની સામે અમને વાંધો નથી, મારે એટલું જ કહેવું છે કે જેટલાં પણ ઉપાસનાનાં તત્ત્વો છે, જેમને દરેક ધર્મવાળા પવિત્ર તત્ત્વ માને છે, અને પવિત્રતા પામવા તેની ઉપાસના કરે છે, તે પવિત્ર તત્ત્વોનાં જેટલાં પણ પ્રતીકો-સ્થાનો છે, જેની સાથે તેઓની ધાર્મિક લાગણી-શ્રદ્ધા inseparably (છૂટી ન પડી શકે તે રીતે) જોડાયેલી છે, તેને તમે માત્ર ભૌતિક પદાર્થ તરીકે સ્વીકાર કરાવો તો તે કેવી રીતે ચાલે ? જેમ દેશના નાગરિકોનો રાષ્ટ્રપ્રેમ કપડાના ટુકડામાંથી બનેલા રાષ્ટ્રધ્વજ સાથે જોડાયેલો છે, તેમાં પછી કપડાના નામથી તેની રાષ્ટ્રભાવનાને તેના પ્રતીક સમ તે રાષ્ટ્રધ્વજથી અલગ પાડી શકાતી નથી, તેમ મૂર્તિમાંથી

મૂર્તિપૂજકની પવિત્ર ભાવનાઓને, તે મૂર્તિને પત્થર કે સોનાનો ટુકડો કહી અલગ પાડી શકાય નહિ. એવી રીતે જેટલાં પણ જે તે ધર્મનાં ઉપાસ્ય તત્ત્વો છે, તેને Materialistic valueની દૃષ્ટિએ (ભૌતિક કિંમતની દૃષ્ટિએ) વિચારવાનાં ન હોય. State must accept that these are the objects of worship of respective religions. They should be considered as an integral part of that religion. (રાજ્યે સ્વીકારવું જોઈએ કે આ તે તે ધર્મનાં ઉપાસનાનાં પ્રતીકો છે. તેને તે તે ધર્મના મહત્ત્વના-અવિભાજ્ય અંગ તરીકે ગણવાં જોઈએ.) એના બદલે તેને property (મિલકત) કહી તેને તેના સંચાલનના કાયદા લગાડી આફત ઊભી કરી છે. બધા ધર્મવાળા આ નાગચૂડમાં ફસાયા છે. આપણી શ્રદ્ધા જેને આરાધ્યતત્ત્વ માને છે, તેને સરકાર property (મિલકત) તરીકે કબૂલ કરાવે છે, તે breach of our fundamental rights (આપણા મૂળભૂત અધિકારોનો ભંગ) છે.

**સભા :** શત્રુંજય ગિરિરાજ ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપણને આપ્યો છે, તો તે property (મિલકત)ગણીને જ આપ્યો છે ને ?

**સાહેબજી :** સૌથી પહેલાં સમજી રાખો કે શત્રુંજય ગિરિરાજ આપણને ભાડાપટ્ટે આપ્યો જ નથી. ઊલટું forest (જંગલ) ગણીને સરકારે લઈ લીધો છે. તેણે તો તેને માટી, પત્થરનો ઢગલો ગણ્યો અને જંગલનો કાયદો લાગુ પાડ્યો. હકીકતમાં સરકારે forestના (જંગલના) નામથી અન્યાય કરીને પોતાના કબજામાં લઈ લીધો છે. સમેતશિખર અને શત્રુંજય પહાડ રાજ્યની દૃષ્ટિએ માટી, પત્થરના ઢગલા છે અને ઉપર ઊગેલ વનરાજીએ જંગલ છે.

**સભા :** દેરાસરને પણ property (મિલકત) ગણે તો સરકાર તેને acquire (કબજે) કરી શકે ?

**સાહેબજી :** હા, દેરાસર પણ acquire કરી (લઈ) શકે, અને તે રીતે અત્યાર સુધીમાં કેટલાંય ધર્મસ્થાનકો already acquire (ક્યારનાંય કબજે) કર્યાં જ છે. No religious place is immune from Government's right of acquisition. (કોઈપણ ધાર્મિક સ્થળ સરકારના કબજે કરવાના અધિકારની બહાર નથી.) બંધારણની જોગવાઈઓના interpretationમાં (અર્થઘટનમાં) સ્પષ્ટ આમ લખ્યું છે. આ બધા પ્રશ્નોના પાયામાં તેને

property (મિલકત) તરીકે મનાવવામાં આવે છે તે જ નિદાન છે.

**સભા :** જે ધાર્મિક સ્થળો 'Mismanage' (ગેરવહીવટ) થઈ રહ્યાં હોય તે જ સરકાર acquire (કબજે) કરે ને ?

**સાહેબજી :** Managementના (વહીવટના) બહાના સિવાય પણ ઘણાં ધર્મસ્થાનો acquire (કબજે) કર્યાં છે. બંધારણમાં ચોખ્ખું લખ્યું છે કે ધાર્મિક સ્વાતંત્ર્ય આપ્યું તેનો અર્થ એમ નથી કે religious place cannot be acquired by state. (ધાર્મિક સ્થળો રાજ્યથી કબજે ન લઈ શકાય.) કોઈ પણ ધર્મસ્થાનક ઉપર રાજ્યને માલિકી કરવી હોય તો કરી શકે છે. તેમાં આ ધાર્મિક સ્વાતંત્ર્યના નામથી કોઈ રોકટોક નથી.

**સભા :** સરકારને તમારી ભાવના સાથે લેવાદેવા નથી.

**સાહેબજી :** હકીકતમાં ધાર્મિક બાબતોમાં સરકાર પોતે જે માને તે આપણી પાસે મનાવી શકે નહિ; કેમ કે ધાર્મિક સ્વાતંત્ર્યની કલમમાં જે પણ માન્યતા ધરાવવી હોય તે બાબતે તે વ્યક્તિને સ્વાતંત્ર્ય છે, તેમ કહે છે; છતાં આવું મનાવે તો તે સ્વતંત્રતાના હક ઉપર કાપ છે, તેની ઉપર તરાપ છે. તે દ્વારા આપણા તે અધિકારનું violation (ખંડન-ભંગ) જ થાય છે.

**સભા :** એમના હિસાબે તો તે property (મિલકત) જ છે ને ?

**સાહેબજી :** એમ તો કોઈ પાકિસ્તાની વ્યક્તિ ભારતના ત્રિરંગાને કપડાનો ટુકડો માને, પણ એ પાકિસ્તાની ભારતીયને એમ કહે કે તું પણ આને કપડાનો ટુકડો માન, તો ચાલે ? એમ સરકાર ભલે ધાર્મિક મૂર્તિ આદિને પત્થર માને, પણ જે તે ધર્મના અનુયાયી ઉપર દબાણ કરીને કબૂલ કરાવે કે 'તમે પણ આને property (મિલકત) માનો' તો તે વાજબી છે ? સ્વાતંત્ર્ય આવ્યું ત્યારે ગાજીવાજીને જાહેર કર્યું છે કે પ્રજાને ધાર્મિક સ્વાતંત્ર્ય આપ્યું, અને દરેક વ્યક્તિ પોતાના ધર્મની બાબતમાં જે માન્યતા ધરાવવી હોય, કે તેના અનુસારે પ્રવૃત્તિ કરવી હોય તેમાં તે સ્વતંત્ર છે; અને હવે તેઓ જ તમારી પાસે આને property (મિલકત) કહીને વ્યવહાર કરાવે તો તે વાસ્તવમાં આપણા સ્વાતંત્ર્યને આંચકી લેવા બરાબર જ છે.

ધર્મના અનુયાયી જે માને તેની વિરુદ્ધ તેના ઉપર બળજબરી કેમ કરી શકાય ? ધાર્મિક સ્વાતંત્ર્ય આપ્યાનો દાવો કરો તો પછી તેની માન્યતા ઉપર બળજબરી ન કરી શકો. આપણે સમેતશિખરજી અને શત્રુંજયના આખા પહાડને પવિત્ર માનીએ છીએ, રજેરજને આપણે પવિત્ર માનીએ છીએ, પૂજનીય માનીએ છીએ. તમે ત્યાં દર્શને જાઓ છો. ઋષભદેવ ભગવાનની પ્રતિમા તો અહીંયાં પણ છે, છતાં ત્યાં કેમ જઈએ છીએ ? કારણ કે ત્યાંની એકેક રજના સ્પર્શથી પણ આપણે પવિત્રતા અનુભવીએ છીએ. તડકો, ઠંડી-ગરમી, તાપ, પરિશ્રમ વેઠીને, ખાધા-પીધા વગર, તપ-ત્યાગપૂર્વક, અનેક કષ્ટ સહન કરીને આપણે યાત્રા કરીએ છીએ, તે આ ગિરિરાજોની પવિત્રતાની માન્યતાથી જ કરીએ છીએ. તેની સ્પર્શનાથી પણ પોતાનો ભવ સફળ થાય, જીવન ધન્ય બને તેમ માનીએ છીએ. ગિરિરાજની ભૂમિની પવિત્રતાના કારણે શાસ્ત્રોમાં તેમ પણ લખ્યું કે જે તેનો સ્પર્શ શ્રદ્ધાથી ન કરે તેનો ભવ એળે ગયો. સમેતશિખરજીને સ્પર્શે નહીં, તેને માટે પણ લખ્યું કે તે હજુ ગર્ભમાંથી બહાર જ નીકળ્યો નથી. આમ, જે ગિરિરાજો માટે આપણાં શાસ્ત્રોમાં આવાં વિધાન છે, તેને જ રાજ્ય આપણી પાસે માટીનો-પથ્થરનો ઢગલો, જંગલ-property (મિલકત) કેવી રીતે મનાવે ? બીજા ધર્મના અનુયાયીઓ ન માને, સરકાર પોતે પણ ન માને તો તેની સામે આપણને ખાસ વાંધો નથી, પણ તે આપણને પણ એમ કહે કે તમે આને property (મિલકત) તરીકે સ્વીકારો, તો તે કેમ ચાલે ? આવું imposition (દબાણ) યોગ્ય નથી. બીજાને માનવું ન માનવું તે તેની મરજીની વાત છે. તે જે માને તે તેને મુબારક. આપણે તેની સાથે કોઈ વેરવિરોધ કરતા નથી. હા, આપણે તે તત્ત્વ કે સ્થળને પવિત્ર કેમ માનીએ છીએ, તે તેમને સમજવું હોય તો સમજાવીએ ખરા, પણ આપણે આપણી માન્યતા તેમના માથે ન લાદીએ. એમ આપણા ઉપર તે પણ બળજબરી કરવાની વાત કરે તો તેનો સખત વિરોધ કરવો પડે. આપણાં ધર્મસ્થાનકો ઉપર આફત આવે, આક્રમણ આવે, કોઈ તેને છીનવી લેવા કોશિશ કરે કે તેને તોડવા આવે, તો તે આક્રમકની સામે આપણે રક્ષક બનવું જ પડે, બચાવ કરવો જ પડે.

તેવા વખતે સાત્ત્વિક અને ખમીરવંત વ્યક્તિને થાય જ કે સંઘર્ષ વગર,

અમને ખાળ્યા વગર, આપણા મંદિરને કોઈ કેવી રીતે તફડાવી કે તોડી શકે ? સરકાર કહે છે કે આ માટીનો ઢગલો છે, આ જંગલ છે, આ જમીન છે, આ property (મિલકત) છે, અને તેમ કરીને હડપ કરવાની વાત છે, ત્યારે જૈનોએ શું કરવાનું આવે ? આપણે તેનો સખત વિરોધ કરવો જ પડે. કહેવું જ પડે કે આ forest land કે property (જંગલની જમીન કે મિલકત) નથી, અને તમે તેવું માનતા હો તો તે તમને મુબારક, પણ અમારું conscious (અંતરાત્મા) આવું કહેતું નથી, અમારાં શાસ્ત્રો આવું કહેતાં નથી, આની સાથે અમારી લાગણીઓ, શ્રદ્ધા, પરંપરાઓ જોડાયેલી છે વગેરે વગેરે.

**સભા :** કોઈપણ ધર્મસ્થાનક કે તેનાં પ્રતીકોની ownership (માલિકી) કયા આધારે નક્કી કરવાની ?

**સાહેબજી :** Common senseથી (સામાન્ય બુદ્ધિથી) જ સીધો ન્યાય છે. જેનાં symbols (પ્રતીકો) હોય, જે મત, પંથ, સંપ્રદાયનાં તે આરાધ્ય તત્ત્વ હોય તેની માલિકી થાય.

**સભા :** પછી તેના વહીવટનું શું ?

**સાહેબજી :** તે જે સંપ્રદાયનું હોય તેને તેનો વહીવટ કરવાનો right (અધિકાર) છે. તે સંપ્રદાયના અનુયાયીઓને સોંપવાનું અને તેઓ તેનો વહીવટ કરે.

પણ આજની તમારી સરકાર ન્યાય તોળવામાં છેલ્લે પાટલે છે. આમાંની એકે વાત માનવા સરકાર તૈયાર નથી. ન્યાયથી જેનું હોય તેને આપવું-અપાવવું પડે, એના બદલે સરકારે કાયદો કર્યો કે સ્વરાજ વખતે જેની પાસે હોય તેની પાસે રહે. આમાં ન્યાય ક્યાં રહ્યો ? તમારા ધર્મના symbols (પ્રતીકો) હોય, પણ સ્વરાજ વખતે તમારી પાસે ન હોય તો તમને ન મળે. દા.ત. તમારા લત્તાના નાકા ઉપર પૌરાણિક બૌદ્ધનું મંદિર હોય અને તે બૌદ્ધોએ બંધાવ્યાના, તેમની માલિકીનાં લખાણ, પુરાવા, શિલાલેખ મળે, અને આઝાદી પૂર્વે વર્ષો સુધી તેનો વહીવટ પણ બૌદ્ધો જ કરતા હતા, તેવા પુરાવા પણ મળે, છતાં અત્યારે જો તેનો વહીવટ હિન્દુઓના હાથમાં હોય તો સરકાર હિન્દુઓનો જ અધિકાર સ્વીકારે છે,

અને original ownerને (મૂળ માલિકને) તેનો અધિકાર પરત અપાવતી નથી, ન્યાય તોળતી નથી. જેનો કબજો તે માલિક આ તેનો ન્યાય છે !

જેમ કે કેશરીયાજી તીર્થ શ્વેતાંબર જૈનોનું હોવા છતાં, અને તે મંદિરનો વહીવટ પણ શ્વેતાંબર જૈનો જ કરતા હતા તેના પુરાવા હોવા છતાં, સ્વતંત્રતા મળી તે વખતે કોઈ કારણસર તે તીર્થ આપણી માલિકીમાં નહોતું, એટલે કે આપણી પાસે નહોતું, તેથી સરકારે હાથ ઊંચા કરી દીધા અને ન્યાયથી આપણું હોવા છતાં પરત આપ્યું નહીં. આ ધર્મસ્થાનક કોણે create કર્યું (બંધાવ્યું) છે, અને તેને કોણે manage (સંચાલિત) કર્યું છે, તે જોવા માટે સરકાર તૈયાર નથી. કેશરીયાજીના કેસમાં સુપ્રિમ કોર્ટે ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે આ તીર્થ જૈન શ્વેતાંબરોએ બંધાવ્યું છે, તેઓ જ હજારો વર્ષોથી તેનો વહીવટ કરતા આવ્યા છે, તેના પુરાવા છે, છતાં સ્વરાજ વખતે માલિકી જૈન શ્વેતાંબરોની ન હતી, માટે અત્યારે હવે તેમને મળી ન શકે. They have lost their right before independence, (તેઓએ તેઓનો હક સ્વતંત્રતા પહેલાં ગુમાવી દીધો છે,) માટે હવે તે હક તેમને પાછા મળે નહીં અર્થાત્ જૈન ધર્મના અનુયાયીઓએ દાન આપી તન-મન-ધનથી ભોગ આપી ઊભું કર્યું, હજારો વર્ષ સુધી maintain કર્યું, (સાચવ્યું), છતાં તેની માલિકી તેમની જ હોવી જોઈએ, તેવું કોર્ટ/સરકાર માનતી નથી. આપણી Ownership and managementના Documentary evidences (માલિકી અને સંચાલનના દસ્તાવેજી પુરાવા) કબૂલ મંજૂર કર્યા, છતાં કોર્ટે કહ્યું We are not concerned with the fact who had created and maintained this temple in past. It is undisputed fact that it belongs to Jain Shwetambers. (અમને એ બાબતથી મતલબ નથી કે ભૂતકાળમાં આ મંદિરને કોણે બંધાવ્યું અને સાચવ્યું છે. એ નિર્વિવાદ હકીકત છે કે આ મંદિર જૈન શ્વેતાંબરોનું છે.) આમ કોર્ટે સ્વીકાર્યું, તોપણ આપણને ન મળ્યું, આ ક્યાંનો ન્યાય ? આ તો એવું થયું કે તમારા બાપદાદાએ બંધાવેલા મકાનમાં વર્ષોથી તમે રહેતા હો, અને ચાર દિવસ તમે બહાર જાઓ અને કોઈ પેસી જાય, ત્યારબાદ કહે કે આ તમારું નથી; જો આ પણ ન્યાય હોય, તો અન્યાય કોને કહેવો ?

**સભા :** પણ entity (વ્યક્તિ-હસ્તી) તરીકે સોંપે કોને ?

**સાહેબજી :** Entity (હયાતી-હસ્તી) એ તો ચાલાકી છે. ભવિષ્યમાં ક્યારેય પ્રશ્ન આવે તો you (religion) cannot claim ownership (તમે અર્થાત્ ધર્મ માલિકીનો દાવો ન કરી શકો,) અને સરકાર તેની owner (માલિક) થઈને બેસી શકે તે માટે ઊભી કરેલી રમત છે.

સરકારે પહેલેથી તકેદારી રાખી કે ભલે લોકો દાન ધર્મને આપે પણ ધર્મના નામે તે રકમ જમા ન થતાં ટ્રસ્ટના નામે જ જમા થાય. ધર્મને લૂંટવા માટે આ સારામાં સારી વ્યવસ્થા ગોઠવી છે. જેમ કે તમારી પાસેથી તમારો ભાગીદાર રોજ પૈસા લે, પણ જમા એના પોતાના ખાતામાં કરે, તો જતે દહાડે ચોપડાના આધારે પુરાવા શું ઊભા થાય ? સરકારે આ રીતે ધર્મને લૂંટવાની વ્યવસ્થા ઊભી કરી છે. ધર્મના નામે લેવાતા દાનના પૈસા ધર્મના નામે જમા જ નથી કરવા દેતા, પણ તે ફરજિયાતપણે ટ્રસ્ટમાં જમા કરવા પડે છે, જેને સરકાર public property (જાહેર મિલકત) ગણે છે. વળી તે ટ્રસ્ટના પૈસા ક્યાં રોકવાના અને ક્યાં નહીં રોકવાના, તેના પણ રાજ્યે કાયદા કર્યા છે. તેના કારણે તમામ ધર્મો જૂની મૂડીથી પાયમાલ થયા છે. આ જ કારણે એકલા જૈન ધર્મે આજ સુધીમાં અબજો અને અબજો રૂપિયા ગુમાવ્યા છે; કેમ કે જ્યાં સારું return (વળતર) મળે તેમાં રોકી શકાય નહીં, પરંતુ સરકાર કહે ત્યાં જ રોકવાના. જેટલા corpus fund (નિધિફંડો) છે જે નિભાવરૂપે હતા, તેને જ્યાં યોગ્ય વળતર મળે તેમાં રોકવા દીધા નહીં, પરંતુ જે ૩૦-૪૦ Public Sector Companies કે Nationalised Bankનું list (જાહેર ક્ષેત્રની કંપનીઓ કે રાષ્ટ્રિયકૃત બેંકોનું લીસ્ટ) આપ્યું તેમાં જ તેમના દ્વારા તેમની શરતોએ ઓછા વ્યાજે રોકવાના, તેવો નિયમ કર્યો. આમ ટ્રસ્ટોના corpus fund (નિધિફંડો) સસ્તા વ્યાજે લઈ તે સરકારી કંપનીઓ ધંધા કરે.

**સભા :** એ તો safety (સુરક્ષા) માટે કરે છે ને ?

**સાહેબજી :** સરકાર આવી તે પહેલાંના હજારો વર્ષોથી ધર્મો જીવે છે. Safetyના (સલામતીના) નામે કેટલું નુકસાન થયું છે તે તમે જાણો છો ? આ કાયદાના કારણે જે રોકાણ થાય તેમાં ૮ થી ૧૦% ફુગાવાની સામે વ્યાજ ૮-૧૦% માંડ મળે. એટલે મફતમાં સરકાર અને Public Sector Companyઓ (જાહેર ક્ષેત્રની કંપનીઓ) ટ્રસ્ટોના પૈસા વાપરે છે, જેથી

ક્રમશઃ ધર્મની મૂડીઓ ખલાસ થાય છે. આ રીતે અબજો ને અબજો રૂપિયાના આપણા corpus fund (નિધિ ફંડો) ચવાઈ ગયા.

આ એક ભયંકર પ્રકારની જોહુકમી છે, પણ અત્યારે હું તે ધર્મદ્રવ્યની વાત નહોતો કરતો પણ આપણા પવિત્ર ઉપાસ્ય-ધર્મસ્થાનકોની વાત કરું છું. અહીં એ વાત છે કે ધર્મસ્થાનકને property (મિલકત) ગણી, એટલે આપણી તીર્થભૂમિઓ અને તીર્થો જોખમમાં આવી ગયાં. કોઈ રાષ્ટ્રપ્રેમીના ઘરમાં ત્રિરંગો હોય અને તેના ઘરે Income-taxની (ઇન્કમટેક્ષની) રેડ પડે, તેમાં ઝડપેલ Propertyનું (મિલકતનું) કિંમત સાથેનું list (લીસ્ટ) બનાવે, તેમાં ઝંડાની કિંમત પચ્ચીશ રૂપિયા ગણે તો ચાલે ? ન ચાલે. તેમ અહીં પણ તમારી સોનાની મૂર્તિ આદિની Value (કિંમત) રૂપિયામાં થાય છે, તે ન ચાલે.

**સભા :** તો શું આ objectsની value (દ્રવ્યોની કિંમત) ન આંકી શકાય ?

**સાહેબજી :** ત્યાં ત્રિરંગાની કિંમત ન અંકાય તો અહીં તમારી સોનાની મૂર્તિની value (કિંમત) કેવી રીતે અંકાય ? તે વસ્તુઓની સાથે અવિનાભાવે જોડાયેલી રાષ્ટ્રીય કે ધાર્મિક ભાવનાઓ-લાગણીઓના કારણે તે વસ્તુ અમૂલ્ય બની જાય છે. તેથી તેનું રૂપિયામાં મૂલ્ય ન અંકાય.

**સભા :** તે ચોરાવાનો ભય છે. તેથી તેની ચિંતા કરી તેને બચાવવા સરકારે તેની નોંધણી કરાવરાવી. આ તો તેનું રક્ષણ કરવા માટેનો સરકારનો પ્રયત્ન છે.

**સાહેબજી :** માલિકને વધારે ચિંતા કે પારકાને વધારે ચિંતા ? જેમ કે પાડોશીને ત્યાં તમારી મિલકતની નોંધણી કરાવો એટલે તમે safe (સલામત) થઈ ગયા ? તમારી જેટલી પણ મિલકત છે, તેની કાળજી રાખવા માટે પાડોશીને ત્યાં નોંધાવવાની કોઈ જરૂર ખરી ? જે તે ધર્મના અનુયાયી ચિંતા વધારે કરે કે સરકાર વધારે ચિંતા કરે ?

વળી security (સુરક્ષા) માટે નોંધણી પણ property (મિલકત) તરીકે ખતવીને જ કરવી પડે તેવો કોઈ નિયમ નથી. ઉપરાંત આ શિખરજીની બાબતમાં તો આવો securityનો (સુરક્ષાનો) પણ પ્રશ્ન જ નથી. જ્યાં જ્યાં

આના કેસ ઊભા થાય તેમાં ધારદાર દલીલોથી આનો વિરોધ કરી કહેવું પડે કે આને property (મિલકત) કહેવી એ અમારી ધાર્મિક લાગણી ઉપર પગ મૂકવા બરાબર છે. આમાં આપણી ધાર્મિક લાગણીને આખી ને આખી ગૂંગળાવી દેવાની વાત છે. આ મંજૂર થાય જ નહીં. આપણી પાસે તેનો immovable property (સ્થાવર મિલકત) તરીકે સ્વીકાર કરાવે છે, તેમાં જ ઘણું નુકસાન થયું છે. તેને અટકાવવું જ પડે. જ્યાં જ્યાં તે પ્રશ્ન આવે ત્યાં vehemently oppose (જોરદાર વિરોધ) કરી તે ગેરવાજબી છે તેમ પુરવાર કરવું જરૂરી છે, તો જ બચાવી શકાય. બાકી તમે બચાવી શકો તેમ નથી.

સરકાર કહે છે, ઘણા બધાની જમીનો આ રીતે acquire (કબજે) કરવામાં આવી છે, તેમાં તમે શેના આટલી બૂમાબૂમ કરો છો ? પરંતુ આ પવિત્ર જગાના હકો પણ તેની પવિત્રતા સાચવવા જૈનોએ મફતમાં લીધા નથી, નગદ નાણું ચૂકવ્યું છે. તેના બધા પુરાવા હોવા છતાં, આ forest land (જંગલની જમીન) છે એમ કહી Government acquire (સરકાર કબજો) કરી લઈ લેવા તૈયાર થઈ છે. અત્યારે તો ભલે પહાડ ઉપર જે જગાએ મંદિર નથી દેખાતાં તેને પહાડ-જંગલ ગણીને acquire (કબજે) કરવાની વાત છે, પરંતુ કાલે મંદિરને પણ નવા કોઈ secular purposeથી acquire કરે (બિનસાંપ્રદાયિક હેતુથી લઈ લે) તો ના નહીં, કારણ કે તેઓ તો મંદિરને પણ property (મિલકત) માને છે.

**સભા :** તો પછી આ વસ્તુ અટકાવવાનો કાયમી ઉપાય શું ?

**સાહેબજી :** તે માટે કોર્ટો આદિ ઉચિત forumમાં (ન્યાય કચેરીમાં) સચોટ રજૂઆતો કરી કાયદાના અર્થઘટનમાં થોડો બદલાવ લાવી 'Places of worship cannot be considered as property' (ભક્તિનાં સ્થળો મિલકત તરીકે ગણી શકાય નહીં) એવું અર્થઘટન કરાવવામાં સફળતા મળે, ઉપરાંત બંધારણમાં એક સુધારો લાવરાવી એક explanation (ખુલાસો) ઉમેરી તેને "Matter of religion"માં (ધાર્મિક બાબતમાં) લઈ જાય તો કામ પૂરું થઈ જાય.

ધર્મના નિભાવ માટે અપાયેલ દ્રવ્યને religious property (ધાર્મિક મિલકત) કહો તો તેમાં વાંધો નથી, પરંતુ તે પણ secular property

(બિનસાંપ્રદાયિક મિલકત) તો ન જ ગણાય, આવો સુધારો કરાવી શકો તોપણ ઘણું કામ થઈ જાય.

**સભા :** જમીનને પૂજનીય કેવી રીતે પૂરવાર કરીશું ?

**સાહેબજી :** શાસ્ત્રોનાં quotations (સંદર્ભો) દ્વારા નક્કી થઈ શકે તેમ છે કે આ ગિરિરાજોની રજેરજ આપણા માટે પૂજનીય છે.

આર્યદેશની પરંપરામાં તો જમીન કોઈપણ વ્યક્તિ/સરકાર કે માનવસમૂહની માલિકીની ગણાય જ નહીં, કારણ કે **તમે જે create (જેનું સર્જન) કરી શકતા નથી, તેના તમે માલિક બની શકતા નથી**, તે ન્યાયનો સિદ્ધાંત છે, જે ઋષભદેવ પરમાત્માએ સ્થાપ્યો છે. એટલે જમીનની માલિકી રાજ્યની પણ ગણી ન શકાય. રાજ્ય પણ માત્ર રખેવાળી જ કરી શકે. જે એને સાચવતો હોય તેની પાસેથી ક્યારેય જમીન લેવાની આવે, તો જૈનો તેને રાજી-પ્રસન્ન કરીને જ જમીન લેતા. શાસ્ત્રમાં આવે છે કે જિનમંદિરના નિર્માણાર્થે કે ઉપાશ્રય માટે જે ભૂમિ લેવાની હોય તે જમીન, જેના રખોપીપણામાં/સાચવણીમાં કે કબજામાં હોય તેને પ્રસન્ન કરીને જ તે જમીન લેવી, એવી જિનાજ્ઞા છે. મફતમાં લેવાનું શાસ્ત્રે શીખવ્યું જ નથી. ત્યાં પણ પ્રસન્ન કરવાની વાત છે. તેનો અર્થ કબજેદારની જમીનની માલિકી છે તેવો નથી, પરંતુ તેણે રખેવાળી કરી એટલે તેને પ્રસન્ન કરી ધર્મના કાર્ય માટે તેની પાસેથી ભૂમિ સંપાદન કરવી તેમ જણાવ્યું છે. જેમ કે જે પૈસા તમે કમાયા નથી, તેનો હક કરો તો તે હરામનો દાવો કહેવાય. જમીન કે natural resources (કુદરતી સ્રોતો) ઉપર વ્યક્તિગત કે સમષ્ટિગત માલિકીનો હક છે જ નહીં. Because it is not created by you or any one else. (કારણ કે તે તમે કે અન્ય કોઈએ બનાવ્યાં નથી.) જેનું તમે સર્જન નથી કર્યું, તેની તમે માલિકી માનો તો તે અન્યાય છે. આપણે ત્યાં પણ Value Addition માટે Service Chargeના conceptને (મૂલ્યવૃદ્ધિ માટે સેવાની કિંમતના વિચારને) પરાપૂર્વથી સ્વીકારાયેલો છે, જેનો હમણાં તમારી સરકારે Value Addition Tax (VAT)માં (વેટમાં) ઉપયોગ કર્યો છે. આ concept (વિચાર) હેઠળ એમ થાય કે જમીન ઉપર તમે મકાન બાંધ્યું તો મકાનની માલિકીનો તમે દાવો કરી શકો. તેમ ખેડૂતે જમીનમાં રૂ ઉગાડ્યું તો રૂ ઉગાડવાના પ્રયત્નનો service charge (સેવાનું મૂલ્ય)

ઉમેરી તે ઉપજ તરીકે રૂ વેચી શકે. પછી તે ખરીદનાર તેમાં જેટલી value add (મૂલ્યવૃદ્ધિ) કરે, એ પ્રમાણે તે service charge (સેવામૂલ્ય) તરીકે વળતર લઈ વેચી શકે. આ વળતર એ ન્યાયની કમાણી કહેવાય. જેમ કે રૂ/કપાસ ખરીદનાર તેને process (પ્રક્રિયા) કરી બીજું નવું સર્જન યાને કે કાપડ આદિ બનાવી, તેણે value add (મૂલ્યની વૃદ્ધિ) કરી, તેનું વળતર લઈ શકે.

જિનભવનની વિધિમાં તો લખ્યું છે કે કારીગરોને પણ ખુશ કરીને જિનભવનનું નિર્માણ કરાવવાનું. દેલવાડાનાં દહેરાં માટે વસ્તુપાલ-તેજપાળે સોનું પાથરીને તે આપીને જગા લીધી છે. તેમની પાસે તો સત્તા હતી. ધારત તો અન્યાયથી વિના વળતરે પણ લઈ શક્યા હોત.

**સભા :** વસ્તુપાલ-તેજપાલે પણ તે જમીનની કીંમત પૈસામાં જ આંકી ને ?

**સાહેબજી :** તે સોનું નજરાણામાં આપ્યું છે. તે જમીનની કોઈ કિંમત નક્કી કરીને આપ્યું નથી. નજરાણા કે ભેટ તરીકે અપાતી રકમ તે તેની કિંમત નથી. આટલો સમય જમીનની રખેવાળી કરી, તેના નજરાણા તરીકે ભેટ આપી છે. જે ભૂમિ સંપાદન કરવાની હતી તે પહેલાં બ્રાહ્મણો સાચવતા હતા. વસ્તુપાલે તે જમીનની માંગણી કરી ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, 'બક્ષિસ તરીકે કાંઈક આપો.' ત્યારે આમણે સામે પૂછ્યું, 'બોલો, શું આપીએ ?' તો બ્રાહ્મણોએ કહ્યું કે રૂપિયા પાથરીને આપો. હવે તે વખતે નગદ-નાણું ચાંદીમાં હતું. તો વસ્તુપાલ-તેજપાલ કહે કે રૂપિયા નહિ પણ સોનું પાથરીને આપીએ, અને તે પણ સોનામહોર નહીં; કેમ કે તે ગોળ હોય એટલે વચ્ચે-વચ્ચે અમુક જગા ખાલી રહે. તે જગા વળતર વિના આવી જાય, તેવું ન બને તે માટે સોનાના ચોરસ ટુકડા પાથરીને આપી તે જગા લીધી છે. તેઓએ રૂપિયા પાથરીને માંગ્યા તો સોનું પાથરીને આપેલ છે. જૈનોમાં તો આવી ઉદાત્ત ભાવના વારસામાં છે.

પરાપૂર્વથી શ્વેતાંબર જૈન સંઘની સમેતશિખરજી અંગે માલિકીયતના documents-દસ્તાવેજો આપણી પાસે હોવા છતાં તેમાં અન્યાયથી રાજાનું title declare કર્યું (માલિકીહક જાહેર કર્યો) ત્યારે છેલ્લે આપણે કહ્યું કે

આ પહાડ પવિત્ર છે અને જૈન સંઘની આ પહાડની પવિત્રતા જાળવવાની ભાવના છે. કોઈપણ સંજોગોમાં આ પહાડની પવિત્રતા અખંડ રહેવી જોઈએ. અમારી આ પહાડમાંથી કોઈ પણ જાતનો ભૌતિક લાભ લેવાની ગણતરી નથી. નથી અમારે તેમાંથી કોઈ ખનિજ કાઢવાં કે આવક માટે નથી કોઈ મનોરંજનનાં સ્થાનો ઊભાં કરવાં. માત્ર આ ભૂમિની પવિત્રતા સુરક્ષિત કરવાની અમારી ધાર્મિક ભાવના છે. ત્યારે વાઇસરૉયે તેનો ઉપાય બતાવતાં સલાહ આપી કે જો તમારે તેની પવિત્રતા જાળવી રાખવી હોય તો તમે રાજા પાસેથી નાણું ચૂકવીને તે પહાડ ખરીદી લો. તેથી આજથી ૯૦ વર્ષ પૂર્વે સાડા ત્રણ લાખ રૂપિયા આપીને આ પહાડના રાજાના જે કાંઈ કહેવાતા હકો હતા તે આપણે રાજા પાસેથી ખરીદ કરેલ છે. જૈન સંઘે આ ગિરિરાજની પવિત્રતા સાચવવા ધન ન્યોછાવર કરવામાં પણ પાછી પાની નથી કરી. ભગવાનના ધર્મને સમજેલા ઉદાર શ્રાવકો સમજે છે કે નાણું તો ધર્મ પાસે તુચ્છ છે. કોઈનું પણ પડાવી લેવાનું ભગવાને આપણને શીખવ્યું જ નથી. આ પહાડ આપણે કોઈ પાસેથી પડાવી લીધો છે, તેવો વજૂદપૂર્વકનો સ્થાપિત થઈ શકે એવો કોઈનો આક્ષેપ પણ આપણા પર નથી. પણ અત્યારે તો સરકારની એક જ વાત છે કે આ forest (જંગલ) છે. માટે તમે કેટલું નાણું ચૂકવ્યું છે, તે મેળવવા પાછળ તમારી શું ભાવના હતી તેનો સરકાર કે કોર્ટ જરા પણ વિચાર કરવા તૈયાર નથી. જૈન સંઘની ભાવનાઓ અને જેને સાચવવા આ બલિદાન અપાયું છે તેને સરકાર ગણકારવા જ તૈયાર નથી. ધાર્મિક સ્વાતંત્ર્ય જો ખરેખર હોય તો સમેતશિખરનું તસુએ તસુ આપણને મળવું જોઈએ. બાકી જો આ રીતે કબજો છીનવાયો, તો પછી આ દેશમાં જેટલાં પણ પવિત્ર સ્થાનો છે, તે બધાં Public propertyના (જાહેર મિલકતના) નામે સરકાર લઈ જાય તેવું પણ બને. આ રીતે હડપ કરશે તો પછી કયાં ધર્મસ્થાનો સલામત રહેશે ? સરકાર તેને Religious property (ધાર્મિક મિલકત) તરીકે પણ સ્વીકારવા તૈયાર નથી. તેઓ તો તેને માટે Public property (જાહેર મિલકત) શબ્દ વાપરે છે. ધર્મની ક્યાંય પણ ownership (માલિકી) ન રહે તેની પૂરેપૂરી કાળજી સ્વરાજ વખતથી જ રાખવામાં આવી છે, માટે જ આ પ્રશ્ન આવ્યો છે. અનેક ધર્મીના હૈયામાં વેદના છે, સમગ્ર જૈન સંઘ અંદરથી દુભાય છે, કે શિખરજી જેવું તીર્થ કે જેનો જગતમાં જોટો નથી, તે એક આંખના પલકારામાં, એક

Notification (જાહેરાત) દ્વારા સરકારે છીનવી લીધું. અનેક શ્રદ્ધાળુની ધાર્મિક લાગણી દુભાવ્યા છતાં સરકાર સાંભળવા તૈયાર નથી. કોર્ટ પણ અર્થ એવો કરે છે કે સાંભળીને ચકિત થઈ જઈએ. તે ઉપરથી જણાય છે કે ધર્મના હકો ઉપરનું encroachment (અતિક્રમણ-તરાપ) કેટલું તીવ્ર છે. ધાર્મિક હકોને મારી મચડીને violate (ભંગ) કરવામાં આવે છે. આમ, ભારતનું વર્તમાન રાજ્ય અન્યાયના પાયા ઉપર જ ઊભું થયું છે. આ રાજ્યે અત્યાર સુધીમાં ધાર્મિક સ્થાનકોની સનદો avoid (રદ) કરી તેના માલિકી હકો નાબૂદ કર્યા, રાજાઓનાં રાજ્ય લઈ લીધાં, તેઓનાં સાલિયાણાં નાબૂદ કર્યાં, જમીનદારોની જમીનો લઈ લીધી. ભારતની સરકારે આ બધાનું લીધું જ છે, તે પણ સામે કાંઈ આપ્યા વિના. સ્વરાજથી આજ સુધીનાં ૫૦ વર્ષમાં ધાર્મિક હકોને ડગલે ને પગલે ધક્કો પહોંચાડવામાં આવ્યો છે.

**સભા :** આઝાદીથી ફાયદો શું થયો ?

**સાહેબજી :** આઝાદી આવવાથી ફાયદો કે ગેરફાયદો શું થયો તેનું સરવૈયું તમારે માંડવાનું. બાકી હું તો ધાર્મિક દૃષ્ટિએ કેટલું નુકસાન થયું છે, તેની વાત કરું છું.

શિખરજી અંગે ઘણાને આજે પણ સાચી માહિતિ જ નથી. પણ અંતિમ ચુકાદામાં કલેક્ટરના નેજા હેઠળ એક કમિટિ નીમવાનો કોર્ટનો order (હુકમ) છે. આ orderમાં (હુકમમાં) આખો પહાડ સરકારની માલિકીનો થઈ ગયો છે તેવું સ્પષ્ટ કહી જ દીધું છે. હકીકતમાં હવે જ્યાં સુધી આપણે તે orderને challenge કરી (હુકમને પડકારી) તેની વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાંથી નવો order (હુકમ) ન લાવી શકીએ ત્યાં સુધી આ જજમેન્ટ આપણા માથે ઠોકાયેલું જ છે. અત્યારે આપણે critical (કટોકટીના) સંયોગોમાં છીએ. કોઈ એમ માને કે સરકાર હજુ વિચારે છે, કમિટિ નીમવા માટે ચર્ચા-વિચારણા કરશે, તો તેવું નથી. સરકારને કોર્ટે order (હુકમ) આપી દીધો છે. જો તે order (હુકમ) સરકાર ન પાળે તો સરકાર ગુન્હેગાર છે. જ્યાં સુધી આની સામે આપણે નવો order (હુકમ) મેળવી ન શકીએ ત્યાં સુધી આ તીર્થ, તીર્થની માલિકી, તેનો વહીવટ આદિના આપણા બધા હકો દબાઈ ગયા છે, ઝૂંટવાઈ ગયા છે, એમ સમજવું. હવે તમે આ બાબતમાં જરાપણ ઉપેક્ષા કરો તો આ મહાતીર્થની ઉપાસનાથી, આરાધનાથી, કાયમ માટે આપણે

વંચિત થઈ જઈશું. કલ્યાણકભૂમિ એ તીર્થંકરોનું જ creation (સર્જન) છે. એક વખત ગયું એ ગયું ગણવાનું. ૨૦-૨૦ તીર્થંકરોની કલ્યાણકભૂમિ ફરી પેદા કરવાની આપણી કોઈની તાકાત નથી. આ પહાડ પર સરકારની માલિકી હાઈકોર્ટની full bench (ફુલ બેંચ) દ્વારા નક્કી થઈ ચૂકેલી છે. માટે જરા પણ બેદરકારી રાખી, તો આપણા હાથમાંથી આ પવિત્ર તીર્થસ્થળ કાયમ માટે ચાલ્યું જશે, અને એ જશે પછી આખો ચતુર્વિધ શ્રીસંઘ ભેગો થશે, તોપણ આવું નવું તીર્થ ઊભું નહીં કરી શકાય. એટલું ધ્યાન રાખજો કે કલ્યાણકભૂમિ તીર્થંકર સિવાય કોઈ સર્જન કરી શકે તેમ નથી. માટે જો ગયું તો જૈન સંઘ અને તેની ભાવિ તમામ પેઢીઓ તેનાથી વંચિત રહેશે.

**સભા :** આવું કેમ બન્યું ?

**સાહેબજી :** High courtની full bench (હાઈકોર્ટની ફુલ બેંચ) સમક્ષ રજૂઆતો કરેલી, છતાં બંધારણની કેટલીક પાયાની જોગવાઈઓમાંથી ઊભી થયેલી મુશ્કેલી છે, જે પાયામાં દલીલો કરી વીંધો તો કંઈક ફલશ્રુતિ થાય. અત્યારે કોર્ટ અને જજોના માનસના કારણે તથા બંધારણની મૂળભૂત કલમોના કારણે આપણી favourમાં (તરફેણમાં) ચુકાદો લાવવો મુશ્કેલ છે. અત્યારના ન્યાયાધીશો ધર્મની ભાવનાને સમજીને ન્યાય આપે તેવી સંભાવના દેખાતી નથી. જજોનું ધાર્મિક background હોતું (પશ્ચાદ્‌ભૂમિકા હોતી) નથી. ઘણીવાર જજોનાં મન ધર્મભાવનાથી વાસિત તો નથી હોતાં, પણ બીજાની ધર્મભાવના સમજવા માટે તેઓનું મન open-ખુલ્લું પણ નથી હોતું. તેઓ તેમના પોતાના એકવાર બંધાઈ ગયેલા ખ્યાલો-અભિપ્રાયોથી ચાલતા હોય છે. તેમના પોતાના ધર્મ માટેના ખ્યાલો તો anti-religion (ધર્મવિરુદ્ધ) પણ હોઈ શકે. આપણા વકીલોએ કદાચ પૂરતી-વ્યવસ્થિત રજૂઆત ન કરી હોય, અથવા રજૂઆત વ્યવસ્થિત થઈ હોય પણ જજોના આવા mind-setના (માનસ ગોઠવાયાં હોવાના) કારણે આ બન્યું હોય, તેવું બની શકે. પરંતુ હવે લડત આપવાની ખાસ જરૂર છે. આમાંથી બહાર નીકળવા માટે સખત પરિશ્રમ અને કાયદાકીય લડત આપવાની તાતી જરૂરત છે. હવે તો Now or never (અત્યારે નહીં તો ક્યારેય નહીં) જેવી પરિસ્થિતિ છે. જો આપણે સારી લડત આપીશું તો જ રક્ષા કરી શકીશું.

કાયદાકીય લડત યોગ્ય રીતે અપાય તો જ કદાચ આ તીર્થની રક્ષા કરી શકો.

અત્યારે આપણે ત્યાં પણ ઘણાનું માનસ વ્યુદ્ગ્રાહિત છે. એવા કેટલાય જૈનો છે કે જે પ્રસંગે બોલે છે કે આ બધા propertyના (મિલકતના) ઝઘડા છે. શ્વેતાંબર અને દિગંબરો સમજી જાય તો કામ પતી જાય. આપણે અંદરોઅંદર ઝઘડ્યા એટલે સરકારે બધી દખલગીરી કરી. આ માનસ સૂચવે છે કે જમાનાવાદથી brain-wash (માનસિક ધોવાણ) એટલું બધું થયું છે કે સાચી વિચારધારા જૈનોમાં કે બીજા આર્યધર્મોના અનુયાયીઓમાં પણ રહી નથી.

વેટીકનને ક્રિશ્ચિયનોએ સાર્વભૌમ-sovereign status આપ્યું. (સાર્વભૌમ દરજ્જો આપ્યો.) તે ધર્મના followers (અનુયાયીઓ) ક્રિશ્ચિયનોને પોતાના ધર્મ માટે એટલી શ્રદ્ધા અને વિશ્વાસ છે કે અમારો ધર્મ sovereign status (સાર્વભૌમ દરજ્જો) ભોગવે તો કોઈ વાંધો નથી. તેથી કોઈ ગેરવ્યવસ્થા નહીં થાય. જ્યારે અહીં ભારતમાં ઘણો વર્ગ એવું માને છે કે ધર્મનો વહીવટ યોગ્ય રીતે જાળવવો હોય તો stateનું regulation (રાજ્યનું નિયમન) જોઈએ, રાજ્ય પડખે નહીં હોય તો આપણે આપણો વહીવટ બરાબર નહીં કરી શકીએ. અર્થાત્ અહીં જે તે ધર્મના જમાનાવાદી અનુયાયીઓ જ પોતાના ધર્મને પાંગળો માને છે. કેટલાય આવા જૈનો પણ છે, જે સરકારના આટઆટલા હસ્તક્ષેપ છતાં તેને આપણા વહીવટમાં દખલગીરીરૂપ નથી માનતા, પણ ઊલટા એવું માને છે કે સરકારનું/કાયદાનું protection (રક્ષણ) નહીં હોય તો આપણા ધર્મની વ્યવસ્થાને આપણે ટકાવી નહીં શકીએ. આ બતાવે છે કે અંદરમાં તેમને ધર્મ માટે કેટલો inferior (હલકો) અભિપ્રાય છે.

જૈનધર્મનું બંધારણ જગતમાં ઊંચામાં ઊંચું છે. આપણા ધર્મના બંધારણ સામે દુનિયાનું કોઈ બંધારણ ટકી શકે તેમ નથી. તમારી democracyની (લોકશાહીની) જેમ જૈન શાસ્ત્રો પણ ત્રણ wing (પાંખ) બતાવે છે. તમારે ત્યાં Democracyમાં ત્રણ Wing Pillar ગણાય- (i) Legislative, (ii) Executive, અને (iii) Judicial. (લોકશાહીમાં ત્રણ પાંખો થાંભલા સમાન ગણાય- (૧) ધારાસભા, (૨) કારોબારી અને (૩) ન્યાયતંત્ર.) તેમ આપણે ત્યાં પણ આગમોમાં આ ત્રણ Wingનું (પાંખોનું) વર્ણન છે. પ્રાયશ્ચિત્તશાસ્ત્રના નિષ્ણાત- ગીતાર્થો judicial wingમાં (ન્યાયતંત્રની

પાંખમાં) આવે. પ્રાયશ્ચિત્તનાં આગમો છે, જેને આપણે છેદગ્રંથો કહીએ છીએ. તેમાં અપરાધો અને તેના શુદ્ધિકરણ માટે પ્રાયશ્ચિત્ત તરીકે અપાતી આરાધના- જે કઠોર દંડરૂપે પણ હોય, તે બધાનું વર્ણન આવે. ધર્માચાર્યો જે સંચાલનમાં કુશળ હોય તે Executive Wingમાં (કારોબારીની પાંખમાં) આવે. ગીતાર્થોની સમિતિ તે Legislative Wingમાં (ધારાકીય પાંખમાં) આવે. આ આપણું Constitution (બંધારણ) છે. તેમાં બધાનું અલગ અલગ jurisdiction (કાર્યક્ષેત્ર) પણ બતાવ્યું છે. આવું સચોટ જે ધર્મનું બંધારણ છે, છતાં કમનસીબીની વાત એ છે કે તેનાથી અજ્ઞાત અનુયાયીઓને જ તેના ઉપર વિશ્વાસ નથી અને માને છે કે રાજના કાયદા વગર, સરકારના ટેકા વગર આપણો ધર્મ ટકી શકશે નહિ. ક્રિશ્ચિયન ધર્મમાં એવી કોઈ ઊંડી philosophy (તત્ત્વજ્ઞાન) કે એવા ઊંચા આચાર-વિચાર નથી, છતાં તેના અનુયાયીઓ માને છે કે It can become sovereign power. (તે સાર્વભૌમ સત્તા બની શકે છે.) વેટીકનને જો Sovereign Stateનો (સાર્વભૌમ રાજ્યનો) દરજ્જો આપવામાં આવ્યો ન હોત તો તેને U.N.O.માં seat (સંયુક્ત રાષ્ટ્રસંઘમાં બેઠક) પણ ન મળત અને તે વિના તેને આટલું International recognition (આંતરરાષ્ટ્રિય સ્વીકાર) પણ ન મળ્યું હોત. મને તેમની ઇર્ષા થતી નથી, પણ એ લોકોને તેમના ધર્મ અને ધર્મગુરુઓ ઉપર આટલી શ્રદ્ધા અને વિશ્વાસ છે તેવો આત્મવિશ્વાસ કેળવવાનું આર્યધર્મના અનુયાયીઓએ તેમની પાસેથી શીખવા જેવું છે તેમ જણાવવા માંગું છું. આની સામે આપણા આવા મહાન ધર્મ માટે આપણા કેટલાક અનુયાયીઓને લાગે છે કે આપણો ધર્મ વહીવટી સ્વાતંત્ર્ય માટે પણ લાયક નથી. ખરેખર, આવો ભાવ રાખવો તે ધર્મની મોટી આશાતના છે. આવું કોણ વિચારે ? જેને જૈન ધર્મ, તેના સિદ્ધાંતો, તીર્થંકરના શાસનની વ્યવસ્થામાં રહેલી in-built strength (આંતરિક તાકાત) પર વિશ્વાસ ન હોય તે, અન્ય કોઈ આવું વિચારી શકે નહિ.

**સભા :** એટલે કે તેમને Trust Actમાં શ્રદ્ધા છે, અને ભગવાને બતાવેલી વ્યવસ્થામાં વિશ્વાસ નથી, તેમ કહેવા માંગો છો ?

**સાહેબજી :** હા, કેમ કે તે માને છે કે સરકારી check and balance (સત્તાનાં નિયમન અને સંતુલન) ન હોય તો આ ધર્મોનું વ્યવસ્થાતંત્ર બરાબર

ચાલી ન શકે. તેની દૃષ્ટિએ આ ધર્મો અંદરથી એટલા weak (નબળા) છે કે સામાન્ય ધર્મસ્થાનકનો વહીવટ પણ તે સ્વતંત્ર રીતે કરી શકે તેવી તેમની તાકાત નથી.

જૈનો સંખ્યાબળમાં અત્યંત અલ્પ હોવાથી તેની પાસે ધાર્મિક સંપત્તિ અન્ય ધર્મોની તુલનામાં ઘણી ઓછી છે. Top most (સૌથી વધુ) ધાર્મિક સંપત્તિ અત્યારે વેટીકન (ક્રિશ્ચિયન ધર્મ) પાસે છે. વેટીકનના લાયબ્રેરીઓ ચલાવવાના, ચર્ચોના administration (વહીવટ) આદિના બજેટમાં કેટલાય દેશોનાં બજેટ ઘૂસી જાય. આટલાં મોટાં બજેટ છતાં surplus money (વધારાની રકમ) એટલા રહે છે કે international marketમાં (આંતરરાષ્ટ્રિય બજારમાં) તેઓ અબજો dollars invest (ડોલરનું રોકાણ) કરે છે. આટલું મોટું સંચાલન એ લોકો કોઈ એવા ઊંચા સિદ્ધાંત કે આચાર-વિચાર ન હોવા છતાં કરી શકે, અને આપણે આટલી deep philosophy (ઊંડું તત્ત્વજ્ઞાન) અને ઊંચી ધાર્મિક બંધારણીય વ્યવસ્થા છતાં આપણો પોતાનો વહીવટ પણ સરકારી નિયંત્રણ વગર નહીં કરી શકીએ, એવી જેમની સંઘ પ્રત્યેની અશ્રદ્ધા છે, એ જ એમનું મોટું પાપ છે. જૈન સંઘ જયવંતો છે. આપણને કોઈના માર્ગદર્શનની જરૂર નથી. આ તમારી સરકાર તો ૫૦ વર્ષથી આવી. તે અગાઉ પણ સદીઓથી કોઈ સરકારી તંત્ર કે કાયદાકીય સપોર્ટ વગર પણ, આ ધર્મ પ્રજાને નીતિઓ, સદાચાર શીખવતો, આધ્યાત્મિક માર્ગદર્શન આપતો આવ્યો છે. ભૂતકાળમાં આટલાં આક્રમણો વચ્ચે જેણે તમને ટકાવ્યા છે તેવા ધર્મ વિશે તમને કેમ આટલો અવિશ્વાસ છે તે જ સમજાતું નથી.

**સભા :** નીતિઓમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર ફેરફાર, જકાર, હકાર, મકાર વગેરે કર્યા જ છે ને ?

**સાહેબજી :** નીતિમાં કાળને અનુરૂપ ફેરફારો પણ ન્યાય અનુસારી હોવા જોઈએ, ગમે તેમ ન કરાય.

પ્રસ્તુતમાં ન્યાયની વાત એ છે કે જેમની સંપત્તિ હોય તે તેનો વહીવટ કરે. અત્યારે તો ધર્મના નામે દાન લઈ સંપત્તિ ઊભી થાય અને તેનો માલિક ધર્મના બદલે via trust (ટ્રસ્ટ મારફતે) સરકાર બને, અને ચેરિટી કમિશ્નર તેનું નિયંત્રણ કરે. વળી સરકારને જરૂરી લાગે તો ગમે તે ધર્મસ્થળોનો

ગમે ત્યારે વહીવટ કે માલિકી કબજે કરે. આટલું બધું અન્યાયી તંત્ર ગોઠવાયું છે, છતાં આપણી આંખ ન ઊઘડે તો કહેવું પડે કે આપણે ભયંકર ઊંઘમાં છીએ. દાન કોઈ વ્યક્તિ કરે ધર્મના નામે, અને એમાં સાવ irrelevant third party (અપ્રસ્તુત ત્રીજી વ્યક્તિ) ઘૂસી જાય છે, છતાં આપણા કોઈની આંખ ઊઘડતી નથી.

**સભા :** આ શિખરજીના વિવાદમાં દિગંબરો કયા પક્ષે છે ?

**સાહેબજી :** તેઓ સરકારના પક્ષે આપણી સામે બેઠા છે, પણ તેમના હાથમાં કશું આવ્યું નથી. તેમણે રતીભાર જમીન કે નવા હકો મેળવ્યા નથી, છતાં અફસોસની વાત છે કે તેઓ સરકાર સાથે બેઠા છે. પરંતુ તેમણે કાંઈ આખો પહાડ હજમ કર્યો નથી કે કોર્ટના જજમેન્ટથી કાંઈ મેળવ્યું નથી. દિગંબરો માટે પણ સમેતશિખર પહાડ પૂજનીય છે, છતાં અત્યારે તેમનું moral એટલું down (નૈતિક ધોરણ એટલું નીચું) ગયેલ છે જેથી તેઓ વિચારે છે કે આ પહાડ શ્વેતાંબર પાસે જાય તેના કરતાં સરકાર પાસે રહે તો સારું. શ્વેતાંબરના હાથમાં તો ન જ જવો જોઈએ.

**સભા :** તેમની leadership (નેતાગીરી) પણ શું તીર્થને થઈ રહેલા નુકસાનને સમજવા તૈયાર નથી ?

**સાહેબજી :** નથી સમજતા એ reality (હકીકત) છે. દ્વેષ અને અસહિષ્ણુતાને લીધે તેમનો આવો આક્રોશમય અન્યાયી approach (અભિગમ) હોય તેમ જણાય છે. તેમના પણ બધા જ ધર્મગુરુઓ કદાચ આવા ન પણ હોય. તેમનામાં પણ કોઈ કોઈ સમજતા હોય, પણ તેમનું ચાલતું ન હોય એવું પણ બને. પણ જેનો approach (અભિગમ) આવો છે, તેમના માટે તો મહાવીરના સંતાન તરીકે એ લાંછનરૂપ છે. જેમ કે તમારાં ઘરોમાં ઘણીવાર ભાઈ-ભાઈઓમાં કોઈ તકરાર ઊભી થાય, ત્યારે તમને થાય છે કે જો બહારનો ત્રીજો લઈ જાય તો ભલે, પણ આને તો ન જ મળવું જોઈએ, તેવું અત્યારે દિગંબરોમાં પકડાયું છે. આપણામાં તેવા ભાવો ન હોવા જોઈએ. તટસ્થતા ટકાવવાની છે. ધર્મના ક્ષેત્રમાં આવનાર દરેકે પોતાના ભાવોમાં ન્યાયની સમતુલા જાળવવાની છે, સાચી ધર્મભાવના ટકાવવાની છે. નહીંતર ખોટા આક્ષેપો અને અશુભ ભાવોથી ઘણો કર્મબંધ થશે.

**સભા :** આવો verdict (ચુકાદો) આવ્યો, તેમાં arguments (દલીલો) કરવામાં કાંઈ ખામી રહી ગઈ હોય તેમ લાગે છે ? હવે શું કરવાનું ?

**સાહેબજી :** જૂની બાબતમાં અગત્યની બાબત એક જ છે કે વકીલો પાસે religious background (ધાર્મિક પશ્ચાદ્‌ભૂમિકા) હોતું નથી, તેથી ધર્મના મુદ્દાઓ યોગ્ય રીતે સમજી શકતા નથી, તેને ન્યાય આપી શકતા નથી. આપણા જ વકીલ આપણો મુદ્દો યોગ્ય રીતે સ્વીકારવા તૈયાર ન થાય. તેઓમાં ધાર્મિક ભાવનાના contextમાં (પરિપ્રેક્ષ્યમાં) logic grasp કરી (તર્ક પકડી) શકે, એવી mentality (માનસિકતા) જ રહી નથી. આપણા મુદ્દાઓ આપણા વકીલોના માથામાં જ નાખતાં દમ નીકળી જાય છે. વકીલોને ધાર્મિક હકોની બાબતોમાં તૈયાર કરી તેમની પાસેથી કામ લેવું એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરું કામ છે. આટલા વખતથી વકીલો સાથે મસલતો કર્યા પછી કહું છું કે આ દુનિયામાં વકીલો જોડે માથાકૂટ કરવા જેવું બીજું કોઈ અઘરું કામ નથી; છતાં પણ આપણે તેમની પાસેથી જ કામ લેવાનું છે. આ બધી મુશ્કેલીઓ realમાં (હકીકતમાં) છે.

આપણે વકીલને કહીએ કે અમારાં શાસ્ત્રોમાં આમ લખ્યું છે. તો તે કહે કે It has no legal status. (તેને કાયદાકીય દરજ્જો નથી.) પરંતુ legal status (કાયદાકીય દરજ્જો) નથી, એટલે હજારો વર્ષ પહેલાં લખાયેલું શું નકામું થઈ જાય ? અને legal status (કાયદાકીય દરજ્જો) મેળવવા માટે શું આપણે શાસ્ત્રોને ત્યાં fact (સત્ય) પુરવાર કરી register (નોંધણી) કરાવવા જઈએ ?

**સભા :** સમેતશિખરનો આખો પહાડ પવિત્ર છે, આપણે માટે પૂજનીય છે, તેના આધારભૂત શાસ્ત્રના પાઠો યોગ્ય રીતે કોર્ટ સમક્ષ મૂક્યા નહીં ?

**સાહેબજી :** એ પુરાવા યોગ્ય રીતે ન મૂક્યા તેનું કારણ એ જ કે વકીલોને આપણા શાસ્ત્રના references (સંદર્ભો) બહુ અગત્યના લાગ્યા ન હોય. પરંતુ આખો પહાડ આપણી માલિકીનો છે, પવિત્ર છે, તેના પુરાવા તો મૂકવા જ પડશે.

**સભા :** નાની પાલખીવાલાને ચાણક્ય અને મનુસ્મૃતિના references (સંદર્ભો) કોર્ટમાં quote (રજૂ) કરતા મેં અનેક વખત જોયા છે અને તેઓ

તેમાં success (સફળ) પણ થયા છે.

**સાહેબજી :** ચાણક્ય અને મનુસ્મૃતિની જે વાતો આજની સરકાર માને છે, ત્યાં સુધી તમે quote કરો તો તે માને, બાકી તેને પણ તે reject (નામંજૂર) કરે. મનુસ્મૃતિની કેટલીય વાતોનો સરકાર છડેચોક ભંગ કરે છે. તેની ઘણી વાતો સ્વીકારશે જ નહીં. દા.ત. તેમાં સ્ત્રીનાં જે કર્તવ્યો લખ્યાં છે, તેમાંનું એક પણ કર્તવ્ય સરકાર માનશે ? અત્યારે trend જ anti-religion છે. (વલણ જ ધર્મવિરોધી છે.) કોર્ટો, ન્યાયતંત્ર અને તેના નિષ્ણાતો પાસે ધર્મ અને ધર્મવ્યવસ્થાને સમજવા માટે જે દિલ જોઈએ, જે પ્રકારની બુદ્ધિ જોઈએ, તે એમનામાં ક્યાંય દેખાતી નથી.

છેલ્લાં ૫૦ વર્ષમાં ધર્મના મુદ્દે લડાયેલા કેસોનાં જજમેન્ટ જોતાં લાગે કે ધર્મને એટલો criticise કર્યો છે, (ટીકા-નિંદા કરી છે,) તોડી પાડ્યો છે, તે વાંચતાં દુઃખ થાય. આ બધાનું મૂળ છે બંધારણ. જેમાં લખ્યું છે Governing powers of religion are vested in the State. (ધર્મનું શાસન કરવાની સત્તા રાજ્યહસ્તક છે.) આ વાતથી જ મૂળ પાયો બગડે છે. How to govern religion and the matters of vesting powers for its governance are described in detail in our scriptures. (ધર્મનું શાસન કઈ રીતે ચલાવવું, અને શાસનના અધિકારો કોને સુપ્રત કરવા તેનું ઊંડાણથી વર્ણન અમારા ધર્મશાસ્ત્રોમાં છે.) તે અવગણીને stateને (રાજ્યને) અમાપ સત્તાઓ અપાઈ છે. જેમ કે તમારું કુટુંબ-પરિવાર છે, તો તેને ચલાવવા માટે સંચાલનના નીતિ-નિયમો તમારા કુટુંબમાં જળવાઈ રહે ? કે બહાર જાય ? તેની જેમ ધર્મના સંચાલનના powers (અધિકારો) જે scripturesમાં (ધર્મશાસ્ત્રોમાં) જણાવેલા જ છે, તેના બદલે તે બંધારણમાંથી કાઢવાની વાત કરે છે. ધર્મના governing powers stateને (શાસકીય અધિકારો રાજ્યને) મળે ત્યાંથી જ બાજી બગડે છે. અરે ! ત્યાં સુધી બંધારણમાં કલમ છે કે ધર્મશાસ્ત્રોમાં પણ જે લખ્યું છે તે આજની સમાજસુધારણા માટે વાજબી છે કે ગેરવાજબી તે પણ સરકાર અને કોર્ટોએ નક્કી કરવાનું. અરે ! સમાજસુધારણાના નામે ધર્મશાસ્ત્રો પણ બદલવાનો અધિકાર બંધારણે રાજ્યને આપ્યો છે. છતાં તેઓ કહે છે કે અમે તમને ધાર્મિક સ્વાતંત્ર્ય આપ્યું. આમાં ધાર્મિક સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? ધર્મે જે નક્કી

કરવાનું છે તે ધર્મનો અબાધિત હક તેઓ સ્વીકારતા નથી. ધર્મના અબાધિત હકોમાં જ બંધારણ દ્વારા ગરબડ ઊભી કરાયેલ છે. બંધારણની કલમ ૨૫ અને ૨૬થી અપાતી ધાર્મિક સ્વતંત્રતા ખાલી નામની રહી. Regulation (નિયમન) એટલું છે કે ધર્મ આખો દબાઈ અંદરથી પાંગળો થઈ જાય.

મેં એક પત્રકારને કહેલું કે તમે લોકો અત્યારે western cultureના blind followers (પાશ્ચાત્ય સંસ્કૃતિના અંધ અનુયાયીઓ) છો, પણ તમારે પશ્ચિમના દેશો પાસેથી ખરેખર કાંઈ જાણવા જેવું, follow કરવા (અનુસરવા) જેવું કે શીખવા જેવું હોય તો તે એ છે કે એ લોકો પોતાના ધર્મને કેટલો મહાન માને છે ! તેમને પોતાના ધર્મ ઉપર કેટલું ગૌરવ, કેટલો આત્મવિશ્વાસ છે કે તેને sovereign status (સાર્વભૌમ દરજ્જો) આપી વિશ્વવ્યાપી બનાવ્યો ! જ્યારે અહીં ધર્મને નાની સરખી પણ સ્વતંત્રતા આપવાની વાત આવે તો ધર્મનો અનુયાયી વર્ગ પણ ના પાડે. અહીં ધર્મને નાની સ્વતંત્રતા આપવા રાજ્ય તૈયાર નથી. ધર્મ તેનો વહીવટ સરકારી regulation (નિયમન) વગર ચલાવી શકે તેવો અહીં રહેલા આપણા અનુયાયીઓને પણ વિશ્વાસ નથી. આ બતાવે છે કે તમારા unconscious mindમાં (સુષુપ્ત મનમાં) ગુલામીનો પડઘો કેટલો ઊંડો પડ્યો છે ! નહીંતર ધર્મના હક પર તરાપ આવે તો તમે કહો જ કે રાજ્ય ધર્મનું કાંઈ જ પડાવી ન શકે, અને ધર્મના હકનું કોઈ પણ ભોગે રક્ષણ કરવા તમે તત્પર જ હો.

**સભા :** ત્યાંની પ્રજા ઉપર તેમના ધર્મનો આટલો પ્રભાવ, અને અહીં આપણા ધર્મો ઉપર આટઆટલા અન્યાયો થવા છતાં આપણામાંથી જ કેમ તેનો કોઈ પડઘો પડતો નથી ?

**સાહેબજી :** કેમ કે તે લોકો તેમના ધર્મને dedicated (સમર્પિત) છે, જ્યારે તમારામાં સાત્ત્વિકતા, ખમીર ઓછું છે, તે તો દીવા જેવી સ્પષ્ટ વાત છે.

**સભા :** જેનામાં સાત્ત્વિકતા હોય તે શું કરે ?

**સાહેબજી :** જેનામાં હોય તે અવસરે બતાડે, પાછી પાની ન કરે. પાછું ગમે ત્યારે ગમે તેમ કરવાથી લાભ નથી. અત્યારે કાયદાકીય લડતનું

stage (તબક્કો) છે. Matter (દાવો) અત્યારે સુપ્રિમ કોર્ટમાં પડેલી છે. તેમાં કાયદાકીય દૃષ્ટિએ જે હકો લડીને માંગી શકાય તેમ છે, તે માટે પ્રયત્નો કરવા જેવા છે. તેમાં જો સફળ ન થઈએ તો agitation (આંદોલન) પણ કરવાનું આવે. તેના માટે પણ તૈયારી રાખવી પડે. હજુ અત્યારે કાયદાકીય લડતનું stage (તબક્કો) છે. Supremeનું stage (સુપ્રિમનો તબક્કો) હજુ બાકી છે. સુપ્રિમ કોર્ટના orderને (હુકમને) પણ overrule (રદ) કરી શકે તેવા powers parliament (અધિકારો સંસદ) પાસે છે. પણ તે વખતે પાર્લામેન્ટને હલાવવાની તાકાત તમારી જોઈએ. અત્યારે જે stage (તબક્કો) હોય તે અંગે વિચારવાનું આવે. આ તબક્કે હું આંદોલનની સલાહ આપતો નથી.

**સભા :** અત્યારે આ લડતમાં અમે શું યોગદાન આપી શકીએ ?

**સાહેબજી :** અત્યારે કાયદાકીય લડત આપવામાં તમે જે રીતે જેટલા પણ પૂરક બની શકો, તેટલા પૂરક બનો. Information provide (માહિતિનું પ્રદાન) કરી શકો છો, લેખો લખી શકો છો. Publicમાં (જનતામાં) સાચી માહિતી spread (પ્રસારણ) કરી favourable opinion (અનુકૂળ મત) ઊભો કરો. ધનથી દાન આપી શકો છો. છેલ્લે યથાશક્તિ તપ-જપ-ત્યાગ-સંયમ વગેરે દ્વારા વિઘ્નનિવારણ માટે, તીર્થરક્ષા માટે, સૂક્ષ્મનું બળ ઊભું કરી શકો. યોગદાન આપી શકો તેવા અનેક વિકલ્પો છે, પણ તમારી તૈયારી જોઈએ. દરેક પોતપોતાની શક્તિ, આવડત, સંયોગ પ્રમાણે વિકલ્પો વિચારે. અત્યારે યાહોમ કરીને કૂદી પડો, તેવું મારે નથી કહેવું; કારણ કે સરકારે આ તીર્થ તલવારથી લીધું નથી, પણ કાયદાથી લીધું છે. તેની સામે કાયદાથી લડત આપીને પાછું મેળવવાની વાત જ પ્રથમ કરવાની છે. જ્યારે રાજા ચડાઈ કરે ત્યારે physically (શારીરિક રીતે) પણ લડવું પડે. અત્યારે તો કાયદાકીય લડત આપવાની જ વાત છે. આમાં ધારીએ તો સારાં પરિણામ મેળવી શકીએ તેવા મુદ્દાઓ, વિચારો આપણી પાસે છે. હું હજુ optimistic (આશાવાદી) છું. અત્યારે આપણા તલસ્પર્શી મુદ્દા અને કેસની હકીકતોને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી ધર્મને properly represent (યોગ્ય રીતે રજૂ) કરી શકે તેવા સારા counsellorની (વકીલની) તજવીજમાં છીએ. શક્ય જે થઈ શકે તે કોર્ટમાં કરવાની તૈયારી છે. મારાથી બનતી બધી લડત

આપવાની મારી તૈયારી છે.

**સભા :** સુપ્રિમ કોર્ટની કઈ બેન્ચમાં આપણો કેસ જવાની સંભાવના છે ?

**સાહેબજી :** સુપ્રિમ કોર્ટની minimum (ઓછામાં ઓછી) બે જજની બેન્ચ સમક્ષ મેટર આવશે. હાઇ કોર્ટની full benchએ (ફુલ બેંચે) ચુકાદો આપ્યો છે, માટે સુપ્રિમ કોર્ટમાં પણ બે કે ત્રણ judgeની bench (જજની બેન્ચ) સમક્ષ matter (કેસ) આવશે.

હકીકતમાં ભારતના તમામ ધર્મો અને તેમના ધર્મગુરુઓને આની વ્યવસ્થિત જાણકારી, તેઓ બરાબર convince થાય (પ્રતીતિ કરે) તેવા આધાર-પુરાવા સાથે પહોંચાડવાની તાતી જરૂર છે. હું માનું છું કે કોઈપણ ધર્મના ધર્મગુરુ કે તેના અનુયાયીઓ એવું નહીં જ માનતા હોય કે ધર્મસ્થાનકો તેઓ ઊભાં કરે, જે પડાવી લઈ તેનો વહીવટ સરકાર કરે, અને તેની માલિકી પણ સરકારની થાય. તે દરેકને જરૂર તેની સામે વિરોધ જ હશે. બંધારણના Articles-૨૫ & ૨૬ના proper (કલમ ૨૫ અને ૨૬ના યોગ્ય) અર્થ, સરકાર અને કોર્ટોએ કરેલું તેનું અર્થઘટન, અને તે દ્વારા સરકારને મળતી અમર્યાદિત સત્તાઓની માહિતી કે જાણકારી ધર્મગુરુઓ સુધી પહોંચાડવામાં આવી જ નથી. ધાર્મિક બાબતોમાં સ્વરાજ પછી આટલાં વર્ષોમાં આશરે ૨૦૦ જેટલાં judgements (ચુકાદાઓ) આવ્યાં છે. તેમાં સરકાર/રાજ્ય સામે થયેલા કેસોમાં તો, રડ્યાખડ્યા કોઈ કેસને બાદ કરતાં લગભગ તમામ કેસોમાં, ધર્મ અને તેના અનુયાયીઓની કારમી હાર થયેલી છે. તેમાં કયા કાયદા, ન્યાય-નીતિને લાગુ પાડીને આવો ન્યાય તોળવામાં આવ્યો છે, તે જો પ્રજા સુધી પહોંચાડો તો ધર્મગુરુઓ અને તેના અનુયાયીઓની ઊંઘ હરામ થઈ જાય તેમ છે. ખરેખર તો ધર્મના ક્ષેત્રમાં આપણે અત્યાર સુધી અંધારામાં રહ્યા છીએ, જેનું એક કારણ પ્રજામાં એક એવી છાપ છે કે આપણામાં જ્યારે અંદરોઅંદર ઝઘડા કે વિવાદ થાય ત્યારે જ સરકાર protection (રક્ષણ કરવા) માટે હસ્તક્ષેપ કરે છે. પણ આ ૧૦૦% ભ્રામક માન્યતા છે; કેમ કે હકીકતમાં જ્યાં જ્યાં કબજો/વહીવટ લેવાયા છે, ત્યાં કોઈ judgementમાં (ચુકાદામાં) કોર્ટે એવું નથી કહ્યું કે dispute (વિવાદ-ઝઘડો) થયો, માટે સરકારે વહીવટ લીધો છે. કોર્ટો સ્પષ્ટ શબ્દોમાં જણાવે

છે કે "કાયદો જ બોલે છે કે સરકારને ધર્મસ્થાનકોનો કબજો અને વહીવટ લેવાનો અધિકાર છે. સરકાર લે તેમાં કાંઈ વાંધાજનક નથી." અરે ! તેનાથી આગળ જઈને એમ પણ કહે છે કે "આ તો સરકારની ફરજ છે." મોટા ભાગના મંદિરોના વહીવટના જજમેન્ટોમાં કોર્ટોએ સ્પષ્ટ લખ્યું છે કે To provide proper & efficient management is the duty of the Government. (યોગ્ય અને કાર્યક્ષમ વહીવટ આપવો એ સરકારની ફરજ છે.) કાયદાના preamble (પ્રસ્તાવના)માં પણ લખે છે કે સારું વહીવટી માળખું ચલાવવા આ બધાનો control, regulation અને registration કરવું (અંકુશ, નિયમન અને નોંધણી કરવી) કરવું તે સરકારની ફરજ છે. સરકાર આ બધા ઉપર દેખરેખ રાખે, તે પ્રજાના હિતમાં છે, આવી રીતે અત્યારે રજૂઆત કરાય છે. આ બધી વાતોથી મોટા ભાગનો ધર્મનો અનુયાયી વર્ગ, તેના વડાઓ અંધારામાં છે. કાશીવિશ્વનાથાદિ મંદિરોના વહીવટો ગયા. તેના judgementમાં proper (ચુકાદામાં યોગ્ય) વહીવટી માળખું આપવાની, સારો વહીવટ ચલાવવાની રાજ્યની ફરજ છે, અને તે પ્રજાના અને રાજ્યના હિતમાં છે, તેવી જ રજૂઆતો થઈ છે.

કોઈપણ મંદિર, દેરાસર, ઉપાશ્રય કે અન્ય ધાર્મિક સ્થાન, ટ્રસ્ટ કે સંઘનો કબજો/વહીવટ સરકારને જ્યારે અને જે રીતે લેવો હોય ત્યારે અને તે રીતે તે લઈ શકે તેવા અધિકારો તેની પાસે છે. તેમાં કાયદાકીય દૃષ્ટિએ તેને કોઈ રોકટોક-અટકાયત નથી. પછી દલ્લો ન દેખાય અને ન લે તે વાત જુદી છે. જ્યાં મોટી મિલકતોનો સંચય દેખાશે, ત્યાં સરકાર માથું મારશે. તેમાં મને એવું પણ કહેનારા મળ્યા છે કે આપણે મિલકતો ભેગી કરીએ ત્યારે સરકારની દાનત બગડે ને ? આ problems (પ્રશ્નો) ઊભાં થાય ને ? આપણે તો ધર્મ જ કરવો છે ને ? તેમાં પરિગ્રહ એકઠો કરવાની ક્યાં જરૂર છે ? પણ આ લોકોને ખબર નથી કે ધર્મસ્થાનકોના સંચાલન માટે ધર્મને ધર્મદ્રવ્ય તો અનિવાર્ય છે. ધાર્મિક સંપત્તિ એ ધર્મશાસનનો પાયો છે. તેને જો તમે પરિગ્રહ માનતા હો તો થાપ ખાઓ છો. તેને પરિગ્રહ કહેનાર મહાપાપ બાંધે છે.

**સભા :** નિધિ અને મૂડી વચ્ચે શું તફાવત ?

**સાહેબજી :** મૂડી વ્યાજે ફરતી હોય, ધંધામાં રોકાયેલી હોય, તેમાંથી

return (વળતર) મળતું હોય, જ્યારે નિધિ idle (બિનઉપજાઉ) પણ પડી હોય, પણ સુરક્ષિત હોય. ભૂતકાળમાં ઘણા સંપત્તિ-સોના આદિને નિધિ તરીકે જમીનમાં દાટી દેતા. ધર્મદ્રવ્ય માટે જિનાજ્ઞા છે કે જ્યાં સુધી યોગ્ય વળતર મળે તેમ હોય ત્યાં સુધી તેને નિધિ તરીકે મુકાય નહીં, અને જો મૂકે તો દેવદ્રવ્ય/ધર્મદ્રવ્યનો નાશ કર્યાનું પાપ લાગે. વ્યાજે મૂકવા કરતાં અન્ય યોગ્ય જગાએથી વધુ વળતર મળે તેમ હોય તો તેમાં પણ રોકાણ થઈ શકે. શક્ય એટલું maximum return (વધુમાં વધુ વળતર) સુયોગ્ય માર્ગે મેળવવું જોઈએ.

**સભા :** આ કાળમાં વધારે વળતર મેળવવું અઘરું, જોખમી છે.

**સાહેબજી :** વગર મફતના કાજી શું કામ થાઓ છો ? ધર્મદ્રવ્યનું રોકાણ ક્યાં કરવું કે ન કરવું તેની સ્વતંત્રતા તમારી પાસે છે જ ક્યાં ? બાકી આ કાળમાં ય વધારે return (વળતર) મેળવવાના મારી પાસે ૧૦૦ ઉપાયો છે. ધર્મદ્રવ્યને યોગ્ય વળતર માટે ક્યાં મૂકવું અને ક્યાં ન મૂકવું, તેનો નિર્ણય according to scriptures/tenets (જે-તે સંપ્રદાયનાં શાસ્ત્રો પ્રમાણે) જ થાય, પણ તેવી સ્વતંત્રતા સરકારે તમને આપી જ નથી. જો એ રીતે કરવામાં આવ્યું હોત તો જૈન સંઘ અત્યારે જૂના corpusથી (નિધિફંડોથી) જ માલદાર હોત. અત્યારે Governing powers (વહીવટના અધિકારો) આપણા હાથમાં છે જ નહીં, અને જો સ્વતંત્રતા હોત તો આવું થાત જ-નહીં. આપણા વડવાઓનો વારસો સાફ થઈ ગયો તેમાં મુખ્ય કારણ ધર્મનાં નાણાં સરકાર કહે ત્યાં જ મૂકવાં પડે છે તે જ છે. સરકારે આપણા બીજા ધાર્મિક અધિકારો તો છીનવ્યા જ છે, પરંતુ રોકાણના અધિકારો પણ આપણી પાસે નથી. અત્યારે આપણે ધર્મદ્રવ્યને પાપના ધંધામાં મૂકવું પડે છે. જે તે વખતે બજારમાં પ્રવર્તમાન દર કરતાં ઓછું વળતર મળતું હોય છતાં સરકારે નક્કી કરેલા તે મર્યાદિત સ્ત્રોતોમાં જ ફરજિયાતપણે રોકાણ કરવું પડે છે. બાકી તમે વિચાર કરો કે જૈન સંઘોએ ખાલી જમીનોમાં રોકાણ કર્યું હોત તોપણ આજે જૈન સંઘ ક્યાંનો ક્યાં હોત ! તમે કલ્પના પણ ન કરી શકો એટલી assets (મિલકત) હોત. તેના બદલે ઊલટા અત્યારે બાવા થઈ ગયા. કારણ સરકાર માથે દંડો લઈને ઊભી જ હોય. કેટલાય

પ્રકારે ધર્મનું શોષણ થયું છે. આજના કાયદા પ્રમાણે ટ્રસ્ટી જો જમીનમાં પૈસા રોકે તો તે સ્વયં ગુનેગાર ગણાય.

**સભા :** ટ્રસ્ટ બનાવવું એ શું ફરજિયાત છે ?

**સાહેબજી :** હા, ટ્રસ્ટ વિના ધર્મના નામે દાન પણ લઈ શકાતું નથી. સંઘના નામે તમે દાનની પહોંચ ફાડી શકતા નથી. ટ્રસ્ટ વગર તમે દાન લો તો તમને જેલના સળિયા પાછળ ધકેલી શકે. અત્યારે વ્યવહારમાં ભલે સંઘ બોલાય છે, પણ કાયદાની દૃષ્ટિએ બધો વહીવટ ટ્રસ્ટના નામે જ ચાલે છે. દાન લેવાય ધર્મના નામે, પણ તેની વ્યવસ્થા-વહીવટ ધર્મશાસ્ત્રો પ્રમાણે નહીં, પણ ટ્રસ્ટના-સરકારના કાયદાઓ પ્રમાણે જ કરવો પડે છે. તે અંગે અત્યારે તમારા હાથમાં કોઈ સત્તા છે જ નહીં. આ વાત બને તેટલી લોકો સુધી પહોંચાડવાની જરૂર છે. જૈન ધર્મ ઉપરાંત અન્ય ધર્મના અનુયાયીઓ અને તેમના ધર્મગુરુઓને પણ આ બાબતે જાગૃત કરવાની ખૂબ જરૂર છે. અન્ય ધર્મના અનુયાયીઓ અને ગુરુઓ પણ આ સાચી વાતોથી વાકેફ નથી, નહીંતર ભારતની ધર્મપ્રિય આર્યપ્રજા ઊકળી ઊઠે તેવી આ બાબત છે. કાયદાની કલમો એવી ગૂંચવાળી છે કે સામાન્ય વકીલ પણ તેના મર્મને સમજી ન શકે, તો પછી સામાન્ય પ્રજાની તો વાત જ શી કરવી ? બંધારણમાં Fundamental Rightsના chaptersમાં citizen (મૂળભૂત અધિકારોના પ્રકરણમાં નાગરિક) શબ્દ વાપર્યો, યાને કે ભારતના નાગરિકને આ મૂળભૂત અધિકારો છે, તેમ લખ્યું. જ્યારે ધાર્મિક સ્વાતંત્ર્ય આપતી કલમમાં તો citizen (નાગરિક) શબ્દથી પણ વિશાળ અર્થ સૂચવતા all persons (સર્વ લોકો) એવા wordings (શબ્દો) વાપર્યા છે. પરંતુ 'To all persons (સર્વ લોકોને એવું) લખ્યા પછી rights (અધિકારો) એવા આપે કે વાસ્તવમાં તમને કાંઈ મળે જ નહીં. Rights (અધિકારો) કેવા ? નામના જ. પછી લ્હાણી કરવામાં વાંધો જ નહીં ને ! પ્રથમદર્શી બધી દિલખુશ સ્વતંત્રતા દેખાય, પછી બીજી કલમ એવી નાખેલ હોય કે પેલી કલમના ૯૦% right (અધિકારો) બાદ કરી નાખે.

**સભા :** બંધારણના ઘડવૈયા શું કુટીલ હતા ?

**સાહેબજી :** બંધારણના ઘડવૈયાઓને ખબર હોય અને કર્યું હોય તો તેઓ કુટીલ ગણાય, કદાચ ખબર ન હોય અને બીજા કોઈ દેશના બંધારણમાંથી સીધેસીધું adopt (ગ્રહણ) કર્યું હોય તો છેતરાયા છે. તેઓને ખબર ન પણ હોય અને કોઈના (Britishersના-અંગ્રેજોના) હાથા બન્યા હોય તેવું પણ બન્યું હોઈ શકે. પરંતુ હકીકત એ છે કે ધાર્મિક સ્વાતંત્ર્ય એક હાથે આપ્યું અને બીજા હાથે લઈ લીધું છે.

મારી એવી અંતરની ઊંડી ઈચ્છા છે કે તમે બીજું કાંઈ ન કરી શકો તો છેવટે આ વાતોને જેટલી બને તેટલી વધુ ને વધુ લોકો સુધી પહોંચાડો. જો સામી વ્યક્તિને તમે convince ન કરી (સમજાવી ન) શકતા હો તો મારી પાસે બીજા પણ ઘણા convincing (પ્રતીતિકર) મુદ્દા છે, તે હું આપીશ.

સત્તા તરીકે તમારાં મંદિર લેવામાં સરકારને કોઈ આનાકાની, રોકટોક નથી, સરકારને અમર્યાદિત સત્તા, અધિકાર આપેલ જ છે, છતાં લઈ જ લેશે, તેવું મારે નથી કહેવું. આબુ કે રાણકપુરના દેરાસરમાં આજે એક નાનું સરખું પણ સમારકામ કરાવવું હોય તો તમે સરકારી મંજૂરી વિના કરાવી શકો એમ નથી; કેમ કે સરકાર તમને માલિક માનતી જ નથી. બધા પર સરકાર જ માલિકિયતનો દાવો રાખે છે. જો તમે માલિક હો તો તમારા ઘરમાં રીપેરીંગ કામકાજ માટે તમારે કોઈને પૂછવા જવું પડે ?

મેં એક વહીવટદારને પૂછેલું કે આબુ-પાલીતાણા વગેરે દેરાસરોની છાપાં વગેરેમાં advertisements (જાહેરાતો) આપતી વખતે સરકાર આપણી પેઢીની permission (પરવાનગી) લે છે ? જો permission (પરવાનગી) લેતા ન હોય તો તેનો મતલબ એ થયો કે તેની પર તમારી કોઈ માલિકી નથી, સરકાર તમારી માલિકી સ્વીકારતી નથી. તમારી પરમિશન સિવાય તમારી કંપનીની જાહેરાત કોઈ બીજો આપીને લાભ લે, તો તમે ચલાવી લો ? અહીં ચલાવો છો; કેમ કે આ તમારું છે, તેમનું નથી, તેવી તમને ખબર જ પડતી નથી. આપણી વસ્તુની જાહેરાત આપણને પૂછ્યા વગર કોઈ કેમ આપી શકે ? એટલે કહેવું જ પડશે કે સરકાર મોટે ભાગે બધા ઉપર પોતાની માલિકિયત માને છે. સરકાર જ બધા ઉપર આધિપત્ય ભોગવે

છે. સરકારને આખે આખો વહીવટ કબજે કરવો હોય તો કરી શકે તેવું પાયામાં માળખું છે. આમાંથી બહાર નીકળવા માટે બધા ધર્મો જાગે તો કામ થાય. અશક્ય કાંઈ નથી; કેમ કે પાર્લામેન્ટ ધારે તે કાયદો બદલી શકે છે, પણ તેના માટે જનજાગૃતિ જોઈએ. તે ક્યારે આવે ? ધર્મના અનુયાયીઓમાં તેની સભાનતા આવે, ધર્મો ઉપરનાં જોખમોનો ખ્યાલ આવે. ખાલી mass support (જૂથબળનો ટેકો) જુએ તો પણ પડઘો પડે. ૫૦ વર્ષે પણ જાગીને આ બાબતમાં જો આપણે કાંઈ કરી શકીએ તો ભારતમાં પ્રવર્તમાન-પ્રચલિત સર્વ ધર્મોની સેવા કર્યાનું મહાન પુણ્ય બંધાય. સર્વ ધર્મો સત્કાર્ય કરાવે અને સત્કાર્યની માન્યતા ફેલાવે તેને support (ટેકો) કરવાની જૈન તરીકે આપણી તૈયારી જોઈએ. સઘળા ધર્મોનાં સારાં કાર્યોને support (ટેકો) મળે તેવી આ સેવા છે. એમાં જૈનશાસનનું ગૌરવ વધશે. અવહેલનાનો તો સવાલ જ નથી. જગતમાં જેટલો ધર્મ પ્રવર્તશે, ધર્મમાર્ગ જેટલો વહેતો રહેશે, એટલી પ્રજા સંસ્કારી, સદાચારી અને સુશીલ બનશે. પરિણામે જગતમાં-માનવજાતમાં સુખ અને શાંતિ પ્રવર્તશે, અને જો માનવજાત વિકૃત થશે તો કોઈને સુખ અને શાંતિ નહિ મળે. આખી જીવસૃષ્ટિના હિતમાં ધર્મમાર્ગ વહેતો રાખવો જરૂરી છે, તેમ માનીને આ કાર્ય કરવા જેવું છે.

❋ ❋ ❋

- **રાષ્ટ્રભાવનાઓથી જો કપડાનો પણ રાષ્ટ્રધ્વજ અમૂલ્ય છે, તો ધર્મભાવનાઓથી ધર્મસ્થાનો પણ અમૂલ્ય જ છે. તેને મિલકત, forest કે land ના નામે આંચકી લેવાનું સરકારી કૃત્ય ધર્મભાવનાઓ પર કુઠારાઘાત સમાન છે.**
- **ધાર્મિક સ્વાતંત્ર્ય એ આપણો જન્મસિદ્ધ હક છે, તે કોઈ આપે અને આપણે લેવાની ચીજ નથી; છતાં વર્તમાનમાં બંધારણ હેઠળ આપણને મર્યાદિત ધાર્મિકસ્વાતંત્ર્ય અપાયું છે, અને અમર્યાદિત છીનવી લેવાયું છે.**

* રાષ્ટ્રભાવનાઓથી જો રાષ્ટ્રધ્વજ અમૂલ્ય છે, તો ધર્મભાવનાઓથી ધર્મસ્થાનો પણ અમૂલ્ય જ છે, તેને મિલકત, forest કે land ના નામે આંચકી લેવાનું સરકારી કૃત્ય આપણી ભાવનાઓ પર કુઠારાઘાત સમાન છે.
* કહેવાતા સ્વતંત્ર ભારતમાં આજે ધર્મો ખરેખર સ્વતંત્ર છે ? ધાર્મિક સ્વાતંત્ર્યનાં ગાણાં ગાનાર સરકારે ધર્મપ્રેમી પ્રજાના તન-મન-ધનના દીર્ઘકાલીન બલિદાનોથી નિર્મિત કેટલાંય શ્રેષ્ઠ પવિત્ર ધર્મસ્થાનો અને તેનો વહીવટ એક કલમની અણીએ છીનવી લઈ, તેની પવિત્રતા ખંડીત કરી પ્રજાનો દ્રોહ કર્યો છે.
* મંદિર, મૂર્તિ, ઉપાશ્રય, તીર્થસ્થાન, ધર્મદ્રવ્ય અને તેમનો વહીવટ આદિ ધર્મનાં આલંબનો ધર્મનાં અવિભાજ્ય અંગો જ છે, તેને ધર્મથી અલગ પડાય જ કેમ? સરકાર તેને ધર્મથી અલગ ગણી, આપણા ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકારમાંથી તેને બાકાત કરી તેમાં હસ્તક્ષેપ કરે છે, તે તમામધર્મો સાથે થતો ઘોર અન્યાય જ છે. ધર્મને વ્યવહારમાં ટકવા માટે તેના અંગોનો ધર્મ તરીકે સ્વીકાર કરવો જ પડે.
* ધાર્મિક સ્વાતંત્ર્ય એ આપણો જન્મસિદ્ધ હક છે, તે કોઈ આપે અને આપણે લેવાની ચીજ નથી, છતાં વર્તમાનમાં બંધારણ હેઠળ આપણને મર્યાદિત ધાર્મિક સ્વાતંત્ર્ય અપાયું છે.
* જે પ્રજામાં ધર્મનાં મૂલ્યોનો નાશ તે પ્રજાનો સર્વનાશ.


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૦૯૧૧૪૭૧

: મુદ્રક :
સૂર્યા ઓફસેટ
આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ
ફોન : (૦૨૭૧૭) ૨૩૦૩૬૬, ૨૩૦૧૧૨

Design by : ICON : 9833193320, 9920065067